
# દિવ્યચક્ષુ

રમણલાલ વ. દેસાઈ



# દિવ્યચક્ષુ

રમણલાલ વ. દેસાઈ

# ‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

*we share, we celebrate*

Ekatra Foundation

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ વીજાણુ પ્રકાશન-ebook-ના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ www.ekatrafoundation.org પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

## આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.

*

આ પુસ્તકના લેખકનો અને પુસ્તકનો પરિચય રમણ સોનીનાં છે એ માટે અમે તેમનાં આભારી છીએ.

*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve and spread Gujarati literature. For more information, Please visit: http://www.ekatrafoundation.org.

# સર્જક રમણલાલ વ. દેસાઈ

રમણલાલ વસંતલાલ દેસાઈ (૧૮૯૨-૧૯૫૪) : એમની નવલકથાઓમાં ગાંધીજીના વિચારો અને પ્રવૃત્તિઓનું ભાવનાશીલ નિરૂપણ કરવાથી 'યુગમૂર્તિ વાર્તાકાર'નું બિરુદ પામેલા ખ્ર્ એમની બૃહદ્ નવલકથા 'ગ્રામલક્ષ્મી' (ભાગ ૧થી ૪)માં સ્વાતંત્ર્ય-આંદોલનનો એ સમય બરાબર ઝિલાયેલો.

ર. વ. દેસાઈએ અનેક સામાજિક અને ઐતિહાસિક નવલકથાઓ લખી. ઉપરાંત વાર્તાસંગ્રહો આપ્યા, કાવ્યો અને નાટકો લખ્યાં, આત્મકથા અને પ્રવાસકથાઓ લખી, વિવેચન-ચિંતનનાં પુસ્તકો લખ્યાં. વળી, 'અપ્સરા' નામે, પાંચ ખંડોમાં, ગણિકાઓના જીવનનો વિસ્તૃત અભ્યાસગ્રંથ આપ્યો.

પણ એ ખૂબ લોકપ્રિય થયા તે રાષ્ટ્રીય ભાવનાવાદ સાથે જ આદર્શવાદી નાજુક પ્રેમસંબંધોને આલેખતી રુચિર નવલકથાઓને લીધે. એમનો મુખ્ય યશ નવલકથાકાર તરીકેનો.

ર.વ.દેસાઈ વ્યવસાયે વરિષ્ઠ સરકારી અધિકારી હતા.

*

## 'દિવ્યચક્ષુ'

દિવ્યચક્ષુ (૧૯૩૨) ર.વ.દેસાઈની લોકપ્રિય થયેલી ને સાહિત્યિક ગુણવત્તા પણ ધરાવતી વિશિષ્ટ નવલકથા છે. આ રસપ્રદ નવલકથા આઝાદીની લડતના દિવસોની ભૂમિકામાં હિંસા સામે અહિંસાનો, પ્રેમની તીવ્રતા સાથે જ સ્વાર્પણશીલતાનો, ધર્મનિરપેક્ષતાનો તથા અસ્પૃશ્યતા-ભાવને છોડતી માનવતાનો મહિમા કરે છે.

એમાં પાત્રોનું વૈવિધ્ય ઘણું છે : સ્વાર્થ, રૂઢિવશતા, માલિકીભાવ, હિંસા-ભાવ અને એમાંથી નીકળીને ત્યાગભાવ, ઉદારતા, અહિંસા અને પ્રેમ-સંવેદનમાં પલટાતાં પાત્રોની મોહકતા અને દૃઢતા આકષ૭ક બને છે.

આ નવલના રસાળ કથાપ્રવાહમાં આજે પણ  વહેવું ગમશે...

*

DESAI Ramanlal v.

DIVYACHAKSHU, Novel

R.R.Sheth & Co., Bombay-Ahmedabad

૧૯૯૨

૮૯૧-૪૭૩

ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ

શ્રી ર. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ મે, ૧૯૯૨

મૂલ્ય રૂ. ૬૩-૦૦

પ્રકાશક

ભગતભાઈ ભુરાલાલ શેઠ

આર. આર. શેઠની કંપની

મુંબઈ ૪૦૦ ૦૦૨ અમદાવાદ ૩૮૦ ૦૦૧

ટાઈપસેટિંગ :

ચંદ્રિકા પ્રિન્ટર, મિરઝાપુર રોડ

અમદાવાદ ૩૮૦ ૦૦૧

ઑફસેટ મુદ્રણ :

ચિરાગ પ્રિન્ટર્સ, સિટી મિલ કંપાઉન્ડ

રાયપુર દરવાજા બહાર

અમદાવાદ ૩૮૦ ૦૦૧

# મારી સ્વર્ગસ્થ પત્નીને

કે
તેનાં સ્મરણોને ?

નયનથી કરી પ્રિયને જુદાં,
લઈ જલાવવાં જો સ્મશાનમાં;
દગથી ઢોળવી અશ્રુ અંજલિ,
જીવન એમ આ જાય છે વહી.
નયનથી છબી લુપ્ત શું થતી?
હૃદય સત્ય તે ના સ્વીકારતું;
રડતું, ખોળતું, નેય થાકતું,
સુઈ જતું ફરી અશ્રુ ઢાળવા.
દિવસ વીતશે, વર્ષ યે જશે,
મુખ પરે વળી સ્મિત આવશે;
જગત જણશે દુઃખ તો ગયું,
પણ ન દુઃખના ઘાવ રૂઝતા.
સ્મરણ સ્નેહીનાં અંતરે છૂપ્યાં,
પ્રગટ તે થતાં મધ્ય રાત્રિએ;
ઉશીકું એકલું સાક્ષી અશ્રુની,
જગત જાણશે દુઃખ તો ગયું!

**રમણલાલ વ. દેસાઈ.**

# બીજી આવૃત્તિની પ્રસ્તાવના

'દિવ્યચક્ષુ'ની બીજી આવૃત્તિ બહાર પડે છે, અને તે આટલી ઝડપથીઃ મને સહજ નવાઈ લાગે છે. કારણો શોધતાં મને ત્રણ બાબતો ધ્યાનમાં આવે છે. એક તો હિંદના અપૂર્વ મંથનકાળનો મારી વાર્તામાં થતા સ્પર્શ તેને વધારે આકર્ષક બનાવતો હોય એમ ધારું છું. બીજું, મુરબ્બી બળવંતરાય ઠાકોર જેવા ગુજરાતી સઘન વિદ્વત્તા અને બલભર્યા સંસ્કારના એક પ્રતિનિધિએ આમુખમાં મારા પુસ્તકનો ઉલ્લેખ કરી જે મહત્ત્વ મને આપવાનું ઔદાર્ય બતાવ્યું છે તે કારણ પણ 'દિવ્યચક્ષુ'ની બીજી આવૃત્તિ થવામાં રહેલું છે એ હું ભૂલતો નથી.

ઉપરાંત ત્રીજું કારણ તો સ્પષ્ટ છે. ભાઈ મૂળશંકર મારાં પુસ્તકો પકડીને તેમના રૂપરંગમાં એવું સુંદર પરિવર્તન કરી મુકે છે કે તેમનો દેખાવ ગુજરાતના વાચકવર્ગનું પ્રથમ દર્શને જ આકર્ષણ કરે છે. શ્રી રવિશંકર રાવળ, શ્રી કનુ દેસાઈ અને શ્રી સોમાલાલ શાહ જેવા ગૂર્જર ચિત્રકારોનો સહકાર પણ તેઓ મેળવી શક્યા છે; અને પ્રકાશન એ પણ એક કલા અને સાહિત્યસેવાનું અગત્યનું અંગ છે એમ તેઓ પુરવાર કરે છે, 'દિવ્યચક્ષુ'ની પ્રથમ આવૃત્તિ પણ તેમણે જ બહાર પાડી; અને આ બીજી આવૃત્તિ તેમના સુંદર પ્રકાશનનું ફળ છે એમ કહેતાં મને હર્ષ થાય છે.

નવસારી, ૨૪ માર્ચ ૧૯૩૩

રમણલાલ વસંતલાલ દેસાઈ

# પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

'કૌમુદી'ના તંત્રી ભાઈ વિજયરાયે એક લાંબી વાર્તા તેમના સુપ્રસિદ્ધ પત્ર માટે લખવા મને જણાવ્યું અને દર માસે બે-ત્રણ પ્રકરણ લખવાની મને સગવડ મળશે એમ ધારી, મેં વાર્તા લખવાની હા પાડી. એમાંથી થયો 'દિવ્યચક્ષુ' વાર્તાનો ઉદ્‌ભવ.

પ્રથમ તો એકાદા વર્ષ સુધી ચાલે એવડી જ વાર્તા લખવાનો વિચાર હતો; પરંતુ દોઢેક વર્ષ પહોંચી એટલી બધી તે લાંબી થઈ ગઈ છે.

નાનપણમાંનો વાર્તાઓ વાંચવાનો શોખ મને રહ્યો નથી અને તેમાંયે લાંબી વાર્તા વાંચવી શરૂ કરતાં હવે બહુ કઠણ પડે છે. એટલે 'દિવ્યચક્ષુ' સરખી પોણાચારસો પાનાંની વાર્તા વાંચવાની ઘણા માણસો ધીરજ રાખશે કે કેમ એની મને તો શંકા જ છે. છતાં ભાઈ મૂળશંકરે 'દિવ્યચક્ષુ'ને સળંગ પુસ્તકરૂપે બહાર પાડવા ધાર્યું અને તેને સચિત્ર બનાવી તેના બાહ્યાકર્ષણમાં વધારો કરવા પ્રયત્ન કર્યો, એ તેમના મારા પ્રત્યેના સદ્‌ભાવનું પરિણામ છે અને તે માટે હું તેમનો આભારી છું.

એક કલાકાર ને નવલકાર હોવાનું ભાન મને હજી થતું નથી. કલાના આદર્શો કેટલા ઊંચા છે તેનો જ્યારે હું ખ્યાલ કરું છું ત્યારે મને લાગે છે કે મારી વાર્તાઓમાં કલા જોવા હું મથું તો તે મિથ્યાભિમાનના જ કારણે હોઈ શકે. મારી વાર્તા વાંચનારને ઠીક ગમી છે એમ સંતોષ લેવા હું કદી પ્રયત્ન કરું તો તુર્ત પશ્ચિમના અને પૂર્વના - ખાસ પશ્ચિમના - સમર્થ નવલકારી મારી

દૃષ્ટિ આગળ આવે છે અને મને મારા કદનું ભાન કરાવે છે. વિવેચકોએ મારી વાર્તાઓને આદર આપ્યો છે તેમાં વાર્તાઓની ખૂબીકરતાં વિવેચકોની ઉદારતા જ આગળ તરી આવે છે.

અલબત્ત, ગુજરાતી જીવન મને ઘણું ગમે છે. તેમાં થતા ફેરફારનું અવલોકન કરવામાં મને આનંદ થાય છે અને તેનાં જૂનાંનવાં રસથાળનોનો સ્પર્શ કરવો મને આહ્લાદક થઈ પડે છે. ગૂર્જરજીવનમાં રસ લેવાના મારા આછાપાતળા પ્રયત્નોમાંથી મારી વાર્તાઓનો જન્મ છે.

એ પ્રયત્નો સફળ છે કે ઊંચા પ્રકારના છે એમ પણ માનવાની ભૂલ હું નહિ કરું. ગૂજરાત હાલમાં તો શૂર જીવન જીવે છે અણે તેની શૌર્યકથા-Epic હજી લખાઈ નથી. ગૂજરાત જેવું જીવન જીવશે તેવું સાહિત્ય મળશે એમાં શક નથી; પરંતુદ તેનું મહાકાવ્ય વાણીમાં ઊતરતાં થોડો સમય વીતશે એમ લાગે છે. કારણ, આપણા સાહિત્યને કમનસીબે ‘રણલીલાના કોડ’ ભરી વીરાંગનાનું જીવંત આલેખન કરનાર અને મહાકાવ્ય રચાવાની શક્તિ ધરાવનાર આપણા એક - કે એકના એક ? - કવિએ નવીન જીવનમાં સહુથી પહેલાં ઝંપલાવી તે જીવનને સાથે દેવો મૂકી દીધો છે. નહિ તો આ જ દસકામાં આપણે નવા ગૂજરાતનું મહાભારત વાંચી શક્યા હોત.

તેમ થાય ત્યાં સુધી નવીન ગૂજરાતને નીરખવાના મારા સરખા નિર્બળ પ્રયાસો થયા કરશે. મારા આ પ્રયાસમાં જો કાંઈ પણ ગમે એવું તત્ત્વ હોય તો તે મારી કલાનું નહિ, પરંતુ કલાને ગમતે-અણગમતે ચારે પાસથી જાગૃત કરતાં વીર જીવનનું એ

તત્ત્વ છે. જે જે ખામીઓ છે તે તો મારી જ છે.

તેમાંય ગૂજરાતના પ્રખર સાહિત્યકાર શ્રીયુત બળવંતરાય ઠાકોર મારી કૃતિ ઉપર વિવેચન લખી મારું મહત્ત્વ વધારે છે એ તેમની અજાણ્યાઓ પ્રત્યેની ઉદારતાનું જ દૃષ્ટાંત છે. તેમની વિરુદ્ધ ટીકા કોઈ પણ લેખને માનભર્યું સ્થાન અપાવે છે તો તેઓ વખાણના બે બોલ કહે તે બદલ લેખકોમાં હું પણ દાખલ થાઉં છું એ સદ્‌ભાગ્ય છે.

જેવી છે તેવી વાર્તા રજૂ કરું છું.

નવસારી

ડિસેમ્બર, ૧૯૩૧

**રમણલાલ વસંતલાલ દેસાઈ**

# પ્રવેશક

બલવંતરાય કલ્યાણરાય ઠાકોર

(આ લેખ વાંચવા નવલકથા પૂરી થાય એ પછીનું પાનું જોવા વિનંતિ)

# પ્રકરણ : ૧ પ્રતિજ્ઞા

સ્વરાજ્યલાભપ્રતિ પૂરાત્મને ।
–શ્રીમદ્ ભાગવત

એક નાના ખુલ્લા મેદાનમાં નાનકડો ધ્વજ ઊડતો હતો. ધ્વજની આસપાસ વીસેક યુવકો નિયમિત વર્તુલમાં ઊભા હતા. તેમના મુખ ઉપર અપૂર્વ ગાંભીર્ય છવાયેલું હતું. સૂર્યોદયની તૈયારી હતી. યુવાવસ્થા પસાર કરી ગયેલા મધ્ય વયના એક તેજસ્વી પુરૂષ ચિંતનભર્યા મુખથી નાજુક મુખવાળા યુવકોમાં ભાત પાડતા હતા. યુવકોની આ માળાના મેરુ સરખા તેઓ લાગતા હતા.

એક યુવકે મીઠા બુલંદ સ્વરે ગાવા માંડયું. ગીતનું પ્રત્યેક ચરણ આખો સમૂહ ઝીલતો હતો :

હે...જંગ જામ્યો ! જાગજો !
શુભ શાંતિના સંગ્રામ ! ધારી કેસરભર્યાં પરિધાન!
હે વીર જાગજો !

હે...જંગ જામ્યો ! જાગજો !
નથી શસ્ત્ર કે નથી અસ્ત્રને ઝળકાવવા;
મૃત્યુભયે નથી દુશ્મનો ચમકાવવા;
દુશ્મનવિહોણા યુદ્ધમાં અર્પી તમારા પ્રાણ !
હે વીર જાગજો !

હે....જંગ જામ્યો ! જાગજો !
બહુ વેર ને બહુ ઝેર વિશ્વે વ્યાપિયા;
અસિ ખેલીને અગણિત શીર્ષો કાપિયાં;
બીજી ઝૂંટાઝૂંટની રમ્યા અનહદ ધરી અભિયાન !
હે વીર જાગજો !

હે...જંગ જામ્યો ! જાગજો !
થીજી ગયા નદ પ્રેમના વહેતા કરો !
સૂકાં રણો મહેરામણે લીલાં કરો !
કુરબાનીમાં ધરી શીર્ષ, ગજવો ગૂર્જરીનું નામ !
હે વીર જાગજો !

હે જંગ જામ્યો ! જાગજો !

સમૂહસંગીતની અસર દિલ ઉશ્કેરનારી છે. સહુના હૃદયમાં ઉત્સાહ ઊલટયો. પૂર્વના તેજસ્વી ઊંડાણમાંથી ઊંચકાઈ આવતા સૂર્યે ધ્વજ ઉપર એક કિરણ નાખ્યું. સૂર્યનો અને ધ્વજનો તેજસંબંધ બંધાયો.

વર્તુલના મેરુસ્થાનેથી તેજસ્વી જનાર્દન આગળ વધી ધ્વજ પાસે આવ્યા, ધ્વજને તેમણે ભાવપૂર્વક વંદન કર્યું અને ગંભીરતા પૂર્વક પ્રતિજ્ઞા લીધી :

'આ ધ્વજ સમક્ષ હું પ્રતિજ્ઞા લઉં છું કે સત્યની લડતમાં

હું સર્વદા અહિંસાનું પાલન કરીશ.'

પાછે પગલે સહજ ચાલી તેમણે પોતાનું સ્થાન લીધું. યુવકોએ એક પછી એક ધ્વજની સમક્ષ જઈ એ જ પ્રમાણે પ્રતિજ્ઞા લીધી. એક જ - છેલ્લો - યુવક આગળ ડગ ભરતાં અચકાયો. તેના મુખ ઉપર અશ્રદ્ધા અને અણગમો તરી આવેલાં દેખાયાં. વર્તુલમાં તે છેલ્લો હતો, પરંતુ તેથી જ જનાર્દનની જોડે એ ડાબી બાજુએ તેનું સ્થાન હતું. આગળ અટકતા આ યુવક તરફ સહુ જોઈ રહ્યા.

'અરુણ ! કેમ અટક્યો ?' જનાર્દને આર્જવભરી વાણીમાં પૂછ્યું.

'મારાથી પ્રતિજ્ઞા પળાશે ?'

'મારી ધારણા એવી હતી કે તું પ્રતિજ્ઞા લઈશ અને પાળીશ; પરંતુ તેમ ન બને તો પ્રતિજ્ઞા ન જ લેવી એ વધારે સારું છે. હું આગ્રહ નથી કરતો.' જનાર્દને જવાબ આપ્યો. અસંતોષનો સહજ થડકાર તેમની વાણીમાં હતો.

બેત્રણ યુવકોએ એકબીજા સામી અર્થભરી દૃષ્ટિ ફેંકી. અરુણ ક્ષણભર વિચારમાં પડ્યો; ક્ષણ વીતી અને તે મક્કમ પગલે આગળ આવ્યો,. આશ્ચર્યચકિત થઈ સહુએ તેની સામે જોયું. ધ્વજ પાસે ઊભો રહેલો અરુણ ઘેરા અવાજે બોલ્યો :

'આ ધ્વજ સમક્ષ હં પ્રતિજ્ઞા લઉં છું કે હું એક વર્ષ સુધી અહિંસાનું સંપૂર્ણ પાલન કરીશ.'

જનાર્દનના ગંભીર મુખ ઉપર સહજ સ્મિત પ્રગટ્યું. તેમણે કહ્યું :

'મને બહુ સારું લાગ્યું. અહિંસામય એક વર્ષ બીજાં વર્ષોને પણ ખેંચી લાવશે.'

અરુણ પાછો પોતાને સ્થાને આવી ગયો. યુવકોમાં સહજ આંખમિચકારા શરૂ થઈ અટકી ગયા. જનાર્દન કંઈ બોલવા જતા હતા એટલામાં સામે દેખાતા એક મકાનમાંથી એક યુવતી ઝડપથી ચાલી આવતી દેખાઈ. સહુ કોઈ એના તરફ જોવા લાગ્યા.

'કેમ રંજન ! શું છે ?' પાસે આવેલી યુવતીને જનાર્દને પૂછ્યું.

ધ્વજ સમક્ષ અહિંસાવ્રતના પાલનની લેવાયેલી પ્રતિજ્ઞા માત્ર પુરુષ-વર્ગને માટે જ હતી. સ્ત્રીઓ અહિંસક છે જ એ માન્યતાને અવલંબી જનાર્દને તેમને પ્રતિજ્ઞા લેવાના કાર્યમાંથી મુક્ત રાખી હતી.

જનાર્દન બહુ વિચિત્ર પુરુષ હતા. તેમના દેખાવમાં તેમ જ તેમના વર્તનમાં બહુ વિચિત્રતાઓ જોવામાં આવતી. તેમને ઓળખનારાઓ તેમને કોઈ વખત પૂરા અંગ્રેજી પોશાકમાં જોતા, તો કઈ વખત તદ્દન ગામડિયા વેશમાં પણ જોતા. તેઓ ઘણી વખત અણધાર્યા સ્થળે મળી આવતા. મહાદેવનું મંદિર હોય તેમાંથી તે નીકળતા જોવામાં આવે, અને મુસલમાનની મસ્જિદ હોય તેમાંયે દાખલ થતા જોવામાં આવે.

તેમના સંબંધે તરેહવાર અટકળો બંધાતી. કોઈ ધારતું કે જનાર્દન ખૂન કરી નાસી છૂટેલા ગુનેગાર છે; કોઈને એમ લાગતું કે તેઓ છૂપી પોલીસના માણસ છે, કેટલાકની માન્યત હતી કે તેઓ બૉંબ બનાવમારી ટોળીના આગેવાન છે; અને વધારે

વાચનનો ડોળ કરનાર કેટલાક એમ સૂચવતા કે તેઓ હિંદમાં બેદિલી ફેલાવનાર બૉલ્શેવિક સંઘના એક પગારદાર પ્રચારક છે.

ચારેક વર્ષ ઉપર શહેર બહાર નાનકડી મઢી બાંધી તેઓ પહેલાં રહ્યા ત્યારે તેમને કોઈ ઓળખતું નહિ. ચાર વર્ષમાં તરો તેમને શહેરમાં વસતાં આબાલવૃદ્ધ સહુ કોઈ ઓળખી ગયાં; એટલું જ નહિ પણ પાસેનાં ગામડાંના રહીશો પણ તેમને ઓળખતા થઈ ગયા.

શહેરની ઊજળી સુખવસતીના મહોલ્લામાં એક સાવરણો તથા એક પાવડો લઈ સાફસૂફી કરતા જનાર્દન ચારેક વર્ષ ઉપરના એક પ્રભાતે કોઈ સન્નારીની દૃષ્ટિએ પડયા.

'અલ્યા, ત્યાં સાફ કરે અને અહીં કચરો રહેવા દે છે ? આ અહીંથી કાદવ ઉપાડી લે !' બ્રહ્મમુહૂર્તે જાગેલાં એ સન્નારીએ જનાર્દનને હુકમ કર્યો.

'હા, બહેન ! એ જગાનો પણ વારો આવશે.' જનાર્દને જવાબ આપ્યો.

પેલી સ્ત્રીને જરા નવાઈ લાગી. સુધરાઈના પગારદાર ઝાડુ કાઢનાર કરતાં બહુ વધારે વિશુદ્ધ શબ્દોચ્ચારણે તેને જરા ચોંકાવી. વધતા જતા અજવાળામાં તેને લાગ્યું કે કોઈ સ્વચ્છ અને સુઘડ પુરુષ ભંગીનું કામ કરી રહ્યો છે.

'હવે તો ભંગી પણ સારું પહેરતા અને શુદ્ધ બોલતા થયા છે.' સ્ત્રીના હૃદયે સ્વગત ફરિયાદ કરી. હલકી કોમો ચોખ્ખું બોલે એમાં બીજાઓને શા માટે ખોટું લાગવું જોઈએ તે સમજાતું

નથી. તથાપિ હલકી કહેવાતી કોમોના આચાર કે ઉચ્ચારમાં થતો સુધારો ઊંચી ગણાતી કોમો સરળતાથી સહન કરતી નથી એ જાણીતી વાત છે.

સફાઈનું કામ રહેવા દઈ જનાર્દનને પોતાની નજીક આવતા નિહાળી પેલી સ્ત્રીએ તેમને ધમકાવવા માટે એક વાક્યાવલિ રચી કાઢી. હલકા લોકોની સાથે વાત કરવા માટે અમુક પ્રકારની તીવ્ર ભાષા જ વપરાય છે; પરંતુ તેમને ખરેખરા પાસે આવેલા જોતાં એ સ્ત્રીથી ધારેલાં વાક્યો બોલી શકાયાં નહિ. શું બોલવું તેના વિચારમાં ઊભેલી તે સ્રીને જનાર્દને કહ્યું :

'બહેન ! આ શેરી સાફ કરવામાં તમે મને મદદ ન કરો ?'

કાંઈ પણ જવાબ આપ્યા વગર તે સ્ત્રી ઘરની અંદર ચાલી ગઈ. જનાર્દને પોતાનું કામ ચાલું રાખ્યું.

બપોરે શેરીની બે-ચાર સ્ત્રીઓએ તે દિવસના સવારના પ્રસંગ વિષે સરખી જ વાત કરી.

બીજે દિવસે વધાર સ્ત્રી-પુરુષોએ જનાર્દનને કામ કરતા જોયા. એક સ્ત્રીને જનાર્દને કહ્યું :

'બહેન ! આ પાણી આમ ઢોળ્યું છે તેના કરતાં ફરતું ઢોળો તો કેવું?'

બીજી એક સ્ત્રી સાવરણી ઉપર કચરો ભરી નાખવા જતી હતી તેને જનાર્દને કહ્યું :

'એ કચરો આંગણામાં ન નાખશો; લાવો હું દૂર જઈ નાખી

આવું.'

એક ગૃહસ્થે કાગળો ફાડી બારીએથી શેરીમાં ફેંકવા માંડયા. સંક્રાંતિને દિવસે પતંગો ઊડતી હોય તેમ કાગળોના ટુકડા ચારે પાસ ઊડવા માંડયા.

બહુ ધીરજથી જનાર્દને એકેએક ટુકડો વીણી લીધો. પછી તેમણે બૂમ પાડી પેલા ગૃહસ્થને બારીએ બોલાવ્યા, ખિસ્સામાંથી દીવાસળીની પેટી કાઢી દીવાસળી સળગાવી પેલા કાગળો બાળી નાખ્યા, અને પગના જોડા વડે રાખોડી ઘસી નાખી તેમને કહ્યું :

'ભાઈ ! કાગળો આમ બાળી નાખો તો કચરો ઓછો ન થાય ?'

'તું કેમ ડાહ્યો થાય છે ? તારે શી પંચાત! અમને ફાવશે તે પ્રમાણે કાગળો ફેંકીશું !'

શેરીમાં કાગળો ગમે તેમ ફેંકવાનો પોતાનો હક જતો કરવા એ ગૃહસ્થ તૈયાર હતા કે નહિ તે તો એ ગૃહસ્થ જાણે; પરંતુ પોતાના કાર્યમાં સુધારો સૂચવનારા સહુ કોઈને પ્રથમ તો આવો જ જવાબ આપવાની પ્રત્યેક માનવીને વૃત્તિ થાય છે.

જવાબ સાંભળી જનાર્દન કાંઈ બોલ્યો નહિ. છતાં બીજે દિવસે શેરીમાં સ્વચ્છતા જણાઇ. અને એક માસમાં તો એ શેરીનું દરેકે દરેક આંગણું પાણીના છંટકાવ અને સાથિયાના સુંદર ચિત્રણથી સુશોભિત બની રહ્યું.

શહેરના બીજા કોઈ મહોલ્લામાં બાળક-બાળકીઓને જનાર્દન ભેગાં કરતા, અને તેમને સમજ પડે એવી કવાયતો અને કવાયતને

અનુકૂળ લયનાં સંગ્રામગીતો શીખવતા. નાનાં બાળકો ટુકડીઓમાં વહેંચાઈ જઈ સરઘસના રૂપમાં ગીતો ગાતાં શેરીઓમાં ફરતાં અને બાળકોની જંજાળથી કંટાળેલાં માતાપિતાના હૃદયમાં બળકોના વ્યવસ્થિત સમૂહ માટે સદ્ભાવ પ્રેરતાં.

પાસેનાં ગામડાંનાં પણ જનાર્દનની અવરજવર રહેતી. ઝૂંપડીના આંગણામાં કે મહોલ્લાના ચોગાનમાં ગામડિયા ખેડૂતોને ભેગા કરી તેઓ કંઈકંઈ રસભરી વાતો કહેતા. દુનિયામાં બનતા બનાવો અભણ લોકો સમજી શકે એવી ઢબે સમજાવતા, તેમના જીવનમાં રસ વધે એવી ઉજાણીઓ અને મેળાઓ યોજતા, અને ગામના રસ્તા, કૂવા, તળાવ અંગમહેનતથી દુરસ્ત કરાવી સીમના રક્ષણ માટે જુવાન ગામડિયાઓને તૈયાર કરતા.

જેમ જેમ જનાર્દનની ખ્યાતિ વધતી ચાલી તેમ તેમ તેમની વિરુદ્ધ વાતો કરનારા પણ વધતા ચાલ્યા. કોઈ કહેતું કે તેઓ દારૂના પીઠા પાસે ફર્યા કરે છે, અને લાગ જોઈ અંદર ઘૂસી જાય છે. એથી પણ વધારે ગંભીર આરોપ તેમની ઉપર મુકાતા. પતિત સ્રીઓના લત્તામાં તેઓ ઘણી વખત ફરતા જોવામાં આવતા; એટલું જ નહિ, પણ બેધડક પતિત સ્રીઓનાં અનીતિગૃહોમાં જતાં પણ તે પકડાયેલા એમ કહેનાર સંખ્યાબંધ માણસો નીકળી આવતા.

આથી લોકો તેમના નિકટ સંબંધમાં આવતા અટકતા. ડાહ્યા અને ગંભીર મનુષ્યો તિરસ્કારપૂર્વક તેમનાથી દૂર જ રહેતા; કેટલાકને તેમની વિચિત્રતાઓ ભયભરી લાગતી; અને ઘણો ભાગ તેમને અર્ધઘેલા રમતિયાળ અબધૂત ગણી સહી લેતા.

એમ છતાં તેમની આસપાસ પચીસ-ત્રીસ યુવકોનું એક મંડળ

જામી ગયું હતું; ત્રણેક યુવતીઓ પણ તેમની નિકટ સંબંધમાં આવી હતી. આ યુવકોમાંથી કોઈને તેઓ ગામડામાં ફેરવતા, કોઈની પાસે શેરીઓ સાફ કરાવતા, કોઈને શેરીનાં બાળકો સાથે રમવા યોજતા, કોઈની પાસે લેખો લખાવી મહોલ્લાઓમાં વહેંચાવતા અગર ગીતો રચાવી ગવરાવતા.

તેમની આવી પ્રવૃત્તિઓએ ધીમે ધીમે સત્તાધારીઓનું પણ ધ્યાન ખેંચ્યું. સત્તા એ મહા અદેખી શક્તિ છે. એ ગર્વિતાથી આયનામાં પડેલું પ્રતિબિંબ પણ સહ્યું જતું નથી. શેરીઓ સાફ રાખવાની સત્તા સુધરાઈને છે; અન્ય વ્યક્તિઓ એ કામ ઉપાડી લે તે સુધરાઈ શા માટે સહન કરે ? શિક્ષણ આપવાની સત્તા કેળવણીખાતાની પાસે છે; એક વ્યક્તિ લેખો લખી-લખાવી, અગર ગામડિયાઓને ભેગા કરી તેમની ઢબે વાતચીત કરી, જ્ઞાન વધારવાની જવાબદારી પોતાને માથે રાખવા જાય એ કેળવણીખાતાની સત્તાને કેટલું ઉશ્કેરનારું કહેવાય ? જાનમાલનું રક્ષણ કરવાની સત્તા પોલીસના હાથમાં છે; ગામડિયાઓ જાતે પોતાનું રક્ષણ કરતા થાય તો પોલીસની સત્તાનો કેટલો ઘટાડો થાય ? વ્યક્તિથી આવી સ્થાપિત સત્તાના ક્ષેત્રમાં દાખલ થઈ શકાય જ નહિ. વ્યક્તિએ તો સત્તાનો અમલ થવા દેવાનું સાધન બનવું જોઈએ. જનાર્દન આમ સત્તામાં ભાગ પડાવનાર બળવાખોર જેવો સત્તાધારીઓને દેખાવ માંડયો.

જનાર્દન અને જનાર્દનનાં કાર્યો ઉપર સત્તાધીશોએ નજર રાખવા માંડી. તે ક્યાં જાય છે, બોલે છે, એ બધી બાબતો નોંધાવા લાગી. આવી કાળજી પછી જનાર્દનનાં કાર્યોના હેતુનું અનુમાન ઝડપથી થઈ શકે એ સ્વાભાવિક છે. કોઈ ચક્રમ અર્ધઘેલો પુરુષ

પોતાનાં ઘેલાં સ્વપ્નો પ્રગટ કરવાનો લોભ સેવે છે એમ પ્રથમ તો અનુમાન થયું; વધારે વિચાર કરતાં કોઈ સ્વાર્થી પુરુષ લોકોને ભોળવી પૈસા ભેગા કરવા મથતો હોય એમ લાગ્યું; પરંતુ ટૂંકા અનુમાનો બાંધી સત્તાથી કદી બેસી રહેવાતું નથી. તેણે છેલ્લી હદ સુધીના અનુમાનની શક્યતા પણ લેવી જોઈએ.

અને તેના વિચાર કરતાં જ જનાર્દન એક મહાભયંકર ચળવળિયો અને બંડખોર જણાઈ આવ્યો. માનવીનું જ્ઞાન બે ઢબે વધતું આવ્યું છે : અનુભવોની પરંપરા ઉપરથી એક જ્ઞાન - એક માન્યતા - સિદ્ધ થાય, અગર એક જ્ઞાન - માન્યતા -હૃદયમાં ઝબકી ઊઠે તેની સિદ્ધ પ્રસંગોની શ્રેણી દ્વારા સાબિતી થતી જાય. જનાર્દનને ચળવળિયો માન્યા પછી તે માન્યતાને અનુરૂપ બનાવો એની મેળ ગોઠવાતા ચાલ્યા. સત્તાધીશોને ખાતરી થઈ કે જનાર્દન બંડખોર, વિપ્લવવાદી છે, અને તે પોતાના સિદ્ધાંતો અમલમાં મૂકવા માટે જ બધી પ્રવૃત્તિઓ કરી રહ્યો છે.

તેમાં વળી જનાર્દનના મંડળ તરફથી એક પત્ર બહાર પડવા માંડ્યું. એ પત્રમાં આવતા લેખો ધગધગતા અંગતાર સરખા દીપ્તિમાન અને દઝાડનારા હતા. પરસ્પરથી વિકસેલી, રાજ્ય તેમ જ પ્રજા એ બંને સંસ્થાઓના દોષ તરફ એ પત્ર સબળ પ્રહારો કરતું. પોતાની ટીકા પોતાના જ પક્ષ તરફથી થતી હોય તો પ્રજા ઉદારતાથી સહી લે છે, પોતાની વિસ્તૃત સંખ્યાને લીધે એ ટીકા દરેક વ્યક્તિ પરત્વે વહેંચાઈ ગયેલી માની દોષનો ભાર હળવો કરે છે. અને પછી તે ટીકા ભૂલી જાય છે; પરંતુ શાસનની મૂર્તિ સમું રાજ્ય પોતાની ટીકા ભાગ્યે જ સાંખી શકે છે. અતિતીવ્ર સ્વભાવનું એ પરિણામ છે. જે પોતાને સર્વશક્તિમાન

માને તે સહજ સર્વજ્ઞ હોવાનો દાવો કરે જ. એટલે પ્રજાપક્ષમાં ગણાતું પત્ર રાજ્ય માટે કાંઈ કહે એ રાજ્ય ચલાવનારને શૂળ ભોંકાયા સમાન લાગે એમાં નવાઈ નથી. આ કાંઈ વ્યક્તિદોષ નથી; સામુદાયિક માનસના લક્ષણ તરીકે તેને ગણી શકાય.

એટલે વખતોવખત સત્તાધારીઓ સાથે ઘર્ષણમાં આવવાના પ્રસંગો જનાર્દનને આવ્યા કરતા હતા. આજ કાંઈ મહત્ત્વનો બનાવ જનાર્દનના મંડળમાં બનવાનો છે એમ પોલીસ અધિકારીઓને ખબર પડી. વ્રતધારી વ્રત લેતાં પહેલાં અને પછી અજાણ્યે પોતાના કાર્યને અતિમહત્ત્વ આપી દે છે. ખાદી પહેરવી હોય અથવા રેંટિયો કાંતવો હોય તે જાણે હિમાલય ઉપર ચડવું હોય એવી ગંભીર, પોતાના મનથી છૂપી પરંતુ મુખ ઉપર તત્કાળ વાંચી શકાય એવી ચેષ્ટા તો કરે છે. સત્તાધારીઓ એ જ માપથી તેમની ગંભીરતા માપે છે, અને ખાદી પહેરનાર અગર રેંટિયો કાંતનાર જાણે બૉંબ બનાવતો ન હોય એમ સાવચેતીના ઈલાજો લે છે.

એક પોલીસ અધિકારીએ મકાનમાં પ્રવેશ કર્યો, અને મકાનનીક ઓસરી ઉપર બેસી કાંઈ લખ્યા કરતી રંજનને પૂછ્યું :

'જનાર્દન અંદર છે ?'

'તમારે શું કામ છે ?' રંજને પૂછ્યું.

'હું પોલીસનો માણસ છું. મારે જનાર્દનને મળવું છે.'

'તમે અહીં બેસો. હું પૂછી આવું.'

એટલું કહી રંજન ઝડપથી મકાનના પાછલા ભાગમાં થઈને યુવકોના ટોળા નજીક આવી. સહુ કોઈ વિચારમાં પડયા; સહુના

મનમાં પ્રશ્ન થયો : 'રંજન કેમ આટલી ઉતાવળથી આવતી હશે ?'

'જનાર્દને પૂછયું : 'કેમ રંજન ! શું છે ?'

'એક પોલીસ અમલદાર તમને મળવા માગે છે.' રંજનનો કંઠ તીણો પણ મધુર હતો. યુવકોમાંથી કેટલાકની આંખમાં ક્રોધ તગતગવા લાગ્યો. અણગમતું પોલીસખાતું રાજકીય ગુનાઓની તપાસમાં રોકાતું થયું ત્યારથી તે વધારે અણગમતું થઈ પડયું છે.

'એટલું જ ને ! ચાલ, આવું છું. આજથી આપણે અહિંસક બન્યાં છીએ; વાઘ-વરુની કોટડીમાંથી નીકળી મનુષ્ય બન્યાં છીએ. રાગદ્વેષ આપણામાં હોય જ નહિ. અરુણ ! તું મારી સાથે ચાલ.'

જનાર્દને બહુ જ શાંતિથી ઉચ્ચારણ કર્યું. અરુણની આંખ સળગી ગઈ હતી. તેના મુખ ઉપર સહુ કોઈ જોઈ શકે એટલી બધી લાલાશ તરી આવી. હિંસાનો મહાન ઉપાસક અરુણ આજે થોડી મુદતને માટે અહિંસક બન્યો હતો; પરંતુ આજ સુધી સેવાયલી વૃત્તિ મુખ ઉપર ચીતરાયા વગર રહી નહિ.

જનાર્દન, રંજન અને અરુણ ત્રણે જણાં આગળ ચાલ્યાં.

'જેમાં તેમાં અરુણ !' આછો અવાજ અરુણને કાને પડયો. અરુણે ધીમે ધીમે પાછળ આવતા અન્ય સભ્યો તરફ કતરાતી આંખે જોયું; એક-બે જણ હસ્યા.

'સ્વરાજ તો એ જ લેશે ને ?' માત્ર અરુણ સાંભળી શકે એવી ઢબે કોઈ બોલ્યું. નિંદા અને ટીકાના બાણ બ્રહ્માસ્ત્ર સરખાં સચોટ હોય છે; જેને લક્ષીને તે મૂક્યાં હોય તેને જ વાગે છે.

'હા હા, હું જ સ્વરાજ્ય લઈશ !' અરુણે પાછળ ફરી ગર્જના કરી. જનાર્દને શાંતિથી અરુણને ખભે હાથ મૂક્યો અને કહ્યું :

'આપણા પોલીસમિત્ર ખોટી થાય છે. સ્વરાજ્ય લઈશ ત્યારે તું માત્ર અરુણ રહ્યો નહિ હો; હિંદના તેત્રીસ કરોડમાં તું વહેંચાઈ ગયો હોઈશ.'

# ૨ મતભેદ

નથી અહીં વેરનું વેર લેવું,
... ... ... ... ... ... ...
અહીં રૂડું સ્નેહનું દર્દ સહેવું !
**– કલાપી**

પોલીસ અમલદારને જે સમય મળ્યો તેમાં તેણે ચારેપાસ નજર નાખી. ઓસરી ઉપર એક ગોળ મેજ અને આસપાસ ખુરશીઓ પડી હતી. મેજ ઉપર કાગળ અને ચોપડીઓ સિવાય કંઈ જ નહોતું. બેસીને જોવાય એટલું તેણે જોયું; પરંતુ એકે કાગળ કે એકે પુસ્તકને તેણે સ્પર્શ કર્યો જ નહિ. ફરવાની ટેવવાળા પોલીસ અમલદારથી લાંબો વખત એક જ સ્થળે બેસી રહેવાયું નહિ. તેણે ઊભા થઈ આમતેમ ફરવા માંડયું. પાસેની ખુલ્લી બારીઓમાંથી તેણે નજર નાખી. અંદરના મોટા ઓરડામાં માત્ર કામળા અને શેતરંજીની સાદી બિછાયત જોવામાં આવી. એ ઓરડાની ભીંતો ઉપર મઢેલી છબીઓ ટાંગી હતી. મહાસભાના પ્રમુખો, ધર્મ અને સમાજસુધારાના આગેવાનો, અન્ય લોકનાયકો અને વ્યાપારી વીરોની છબીઓ તેમાં હતી. સાથે સાથે રિપન, મિન્ટો અને હાર્ડિન્જ સરખા વાઈસરૉય તથા મોર્લે અને મોન્ટેગ્યુ સરખા સહૃદય હિંદ-મંત્રીઓની પણ છબીઓ તેના જોવામાં આવી. જગતના મહાપુરુષો અને ક્રાંતિકારોની પણ છબીઓ નજરે પડી.

પરંતુ અમલદારે અંદર પ્રવેશ કર્યો નહિ. પોલીસ અમલદારો સઘળા રાક્ષસો હોતા નથી. ગુના કરનાર સરળતાથી ગુનો કબૂલ કરી દેતો હોય તો પોલીસના કહેવાતા અત્યાચારોને અવકાશ રહે નહિ. ગુનેગારો પ્રામાણિક બને તો પોલીસની જરૂર પણ ન રહે. એ જ્યારે બને ત્યારે ખરું; પણ તેથી કાંઈ પોલીસના રાક્ષસીપણાનો બચાવ થાય નહિ, અને તેવો બચાવ કરવાની સઘળા પોલીસ અમલદારની વૃત્તિ હોય પણ નહિ.

અંદરના ભાગમાંથી જનાર્દન, રંજન અને અરુણ બહાર આવ્યાં. ઓરડાની અંદર દૃષ્ટિ ફેંકતા પોલીસ અમલદારને જનાર્દને કહ્યું :

'ઓહો નૃસિંહલાલ ! તમે છો કે ? આવો સાહેબ. બેસો. શું કામ પડ્યું ?'

પોલીસ અમલદાર નૃસિંહલાલ ખુરશી ઉપર બેઠા. સામે જનાર્દન અને તેમની જોડે રંજન બેઠાં. અરુણ પાછળ ઊભો રહ્યો.

'તમારું ખાસ કામ પડ્યું છે. આપણે બે જ જણા એકલા હોઈએ તો કેવું ?' નૃસિંહલાલે કહ્યું.

નૃસિંહલાલની ઊંમર જનાર્દન સરખી જ લાગતી હતી. તેના પોશાકને લઈને જે દમામ તેનામાં દેખાય તે કરતાં વધારે દમામનો ઉમેરો કરવાની તેણે તજવીજ કરી નહિ. મારકણા પોશાકમાં પણ તેના મુખ ઉપર ભલમનસાઈની રેખાઓ દેખાતી, અને કઠોરતાભર્યા પોલીસના ધંધામાં લાંબો વખત યશસ્વી રીતે ગાળ્યા છતાં સંસ્કારહીન પશુતાનો તેનામાં સંપૂર્ણ અભાવ હતો.

'શા માટે ? મારી પાસે કોઈથી કશું છુપાવવા સરખું છે જ નહિ. આપને હરકત ન હોય તો એ બંને જણ ભલેને અહીં રહ્યાં !' જનાર્દને જણાવ્યું.

નૃસિંહલાલે સહજ વિચાર કર્યો અને પછી તેઓ બોલ્યા :

'ઠીક. હું તમારી સાથે વાત કરવાની આગળ ઉપર તક લઈશ. હાલ તો આપના આ સ્થળની મારે તપાસ કરવાની છે.'

'તપાસનો હુકમ ક્યાં છે ?' અરુણે કડકાઈથી પૂછયું.

'આપણે હુકમની શી જરૂર છે ? નૃસિંહલાલ મારા મિત્ર છે. એમને ન બતાવાય એવું અહીં કશું નથી.' જનાર્દને કહ્યું.

'પણ અત્યારે એ કાંઈ મિત્ર તરીકે આવ્યા નથી.' અરુણ બોલ્યો.

નૃસિંહલાલે અરુણ તરફ ધારીને જોયું; બાળકોના નિષ્કારણ ગુસ્સાને ઉદારતાથી નિહાળતા એક વડીલની દૃષ્ટિ તેમાં હતી. તેમણે કહ્યું :

'મારી પાસે હુકમ છે જ. હુકમ વગર હું શા માટે આવું ?'

નૃસિંહલાલે હુકમ કાઢી અરુણના હાથમાં મૂક્યો. હુકમ વાંચતાં તેના અંગેઅંગમાં ક્રોધ વ્યાપી ગયો. ક્રોધના આવેશમાં તે અક્ષર પણ બોલી શક્યો નહિ. મેજ ઉપર એ હુકમને તેણે પછાડયો અને નૃસિંહલાલે તે ઉપાડી લીધો. જનાર્દનના ધ્યાનની બહાર આ કાંઈ રહી શકે જ નહિ. તેમણે પ્રેમાળ વાણીથી કહ્યું :

'અરુણ ! આજનું વ્રત ભુલાય નહિ. હો ! ક્રોધ એ હિંસાનું

મુખ્ય અંગ છે.'

અરુણે કાંઈ જવાબ ન આપ્યો; પરંતુ તેના મુખ ઉપર એવા ભાવ પ્રગટી નીકળ્યા કે જાણે અહિંસા અને અક્રોધને જહાનમમાં નાખવાનો શાપ તે આપતો હોય.

'આપ મારું મકાન તપાસી શકો છો.' જનાર્દને કહ્યું.

'ઠીક, તમે મારી સાથે ચાલ.' નૃસિંહલાલે કહ્યું. તેમણે તત્કાળ મેજ ઉપર પડેલા કાગળો અને પુસ્તકો તપાસવા માંડયા. તપાસમાં નામોની એક યાદી તેમના હાથમાં આવી. તેમણે પૂછ્યું :

'આ શું છે ? એમાં કોનાં નામ છે ?'

'એમાં લખ્યું જ છે. મારા મંડળના સભ્યોનાં નામ એમાં છે.'

નૃસિંહલાલે નામો વાંચ્યાં. એક નામ આવતાં તેઓ ચમક્યા.

'કંદર્પ ? એ કોણ ?' તેમણે પૂછ્યું.

'આપના ચિરંજીવી.' જનાર્દને કહ્યું.

નૃસિંહલાલે નામો વાંચી રહી પુસ્તકો તપાસ્યાં.

પુસ્તકોમાંથી ત્રણેક તેમના ધ્યાનમાં આવ્યાં : 'ક્રાંતિવાદીની ફિલસૂફી', 'જગતના ક્રાંતિકારો', 'કાર્લ માર્ક્સનો સામ્યવાદ'. ત્રણે પુસ્તકો અને પેલી યાદી નૃસિંહલાલે જુદાં કાઢ્યાં.

ત્યાંથી બંને જણ અંદર ગયા. અરુણ તથા રંજન એ સ્થળે એકલાં રહ્યાં.

અંદર લટકાવેલી છબીઓ જોઈ નૃસિંહલાલ જરા હસ્યા અને બોલ્યા :

'છબીઓનો આવો શંભુમેળો કેમ કર્યો છે ?'

'આપ બરાબર ધારીને જુઓ, એ શંભુમેળો નથી. એમાં તો મેં હિંદુસ્તાનનો વર્તમાન ઈતિહાસ ગોઠવ્યો છે.' જનાર્દને કહ્યું.

'એ કેવી રીતે ?'

'જુઓ. અહીં રાજા રામમોહનરાયથી શરૂ કરી મેં સઘળા વર્તમાન ધર્મસુધારકો ગોઠવ્યા છે. તેમનાથી શરૂ થયેલી આ સંસારસુધારકોની શ્રેણી. ધર્મસુધારણા અને સંસારસુધારણા ઘણી વ્યક્તિઓમાં એકરૂપ બની ગયાં હતાં. અહીં વ્યોમેશ બૅનરજી, લાલમોહન અને દાદાભાઈથી મહાસભાની રાજકીય પ્રવૃત્તિનો ચીલો ચાલ્યો. લોકમાન્ય ટિળક આગળ બે ચીલા પડી ગયા. કાઝી શાહબુદ્દીન સયાણી અને તૈયબજીમાં મુસલમાનોની ભરતી તમે જોઈ શકશો.'

'પણ આ અંગ્રજોની છબીઓ શા માટે ?' નૃસિંહલાલે પ્રશ્ન કર્યો.

અંગ્રજોનો ઉપકાર હું તો ભૂલી શકીશ નહિ; હિંદ પણ નહિ ભૂલે. વેડરબર્ન અને કૉટનને બાજુએ મૂકીએ તોપણ અંગ્રેજ અમલદારોમાં આ રિપન અને આ હાર્ડિન્જ જેવા હિંદીઓના શુભેચ્છકો હતા; તેમની અસર જેવીતેવી નહોતી.'

'પણ તમે તો ખુદીરામ બોઝની છબી પણ લટકાવી છે !'

'તેણે કરેલા ખૂનનો બચાવ હિંસાવાદીથી ન જ થાય; પરંતુ દેશના ઉદ્ધારની લાગણી તેનામાં છલકાતી હતી એમ કોણ નહિ કહે ?'

'અને ગાંધીજીની છબી અહીં રાખવાનું શું કારણ ?' પોલીસના માણસો પણ વાતચીત કરતાં "ગાંધીજી" અગર "મહાત્મા ગાંધી" કહેતાં અચકાતા નથી. પ્રજાનો અને તેમનો એ નામના ઉચ્ચારણમાં એકમત છે.

'ગાંધીજી એ હિંદની વર્તમાન પ્રવૃત્તિઓનો સરવાળો છે. ધર્મ, સમાજ અને રાજ્યસુધારણાનાં શિખરો ઊંચાઈની હરીફાઈ કરતાં કરતાં ગાંધીજીમાં એકતા પામી ગયાં છે.' જનાર્દને જવાબ આપ્યો.

નૃસિંહલાલના ધ્યાનમાં એ સઘળું આવ્યું કે નહીં તે જાણવા જનાર્દને તેની સામે જોયું. તેને કાંઈ સમજાયું નહિ. બંને જણ ત્યાંથી છૂટી પટાંગણમાં ગયા. ત્યાં એક નાનો ધ્વજ ફરફરતો નૃસિંહલાલે જોયો.

'પેલી ધજા શાની છે ?'

'એ અમારો ધ્વજ છે.'

'તમે જરૂર રાજદ્રોહના ગુનામાં આવી જશો.'

'શા માટે ?'

'યુનિયન જૅક સિવાય બીજો ધ્વજ કેમ ચડાવાય ?'

'દેશી રાજ્યોમાં યુનિયન જૅક ક્યાં હોય છે ?'

'એ રાજ્યો તેટલા પૂરતી છૂટ પામેલાં છે.'

'અરે, આપણા દેશમાં તો મંદિરે મંદિરે ધજા ચડાવાય છે. જ્યાં જ્યાં પવિત્રતા જુઓ ત્યાં ત્યાં ધ્વજ ફરકાવી શકો.' અને જરા હસીને જનાર્દને ઉમેર્યું : 'એટલું જ નહિ, પણ તમારા તાડીનાં પીઠાં ઉપર ધજા ફરકે છે, પછી યુનિયન જૅક માટે આવો દુરાગ્રહ કેમ ?'

'એ કાંઈ ચાલે નહિ.' એમ કહી નૃસિંહલાલ ધ્વજ તરફ આગળ વધ્યા, સાથે જનાર્દન પણ હતા.

પાસે જઈનેદ ધારીધારીને તેમણે ધ્વજ નિહાળ્યો. સફેદ ધ્વજ સૂર્યના પ્રકાશમાં ચળકતો ઊડી રહ્યો હતો. એ નિર્જીવ વસ્તુમાં પવન જીવ મૂકતો જણાતો હતો ? કે કોઈ જીવંત ભાવના તેમાં મૂર્તિમંત થઈ રહી હતી ?

'આ ધ્વજ નવો રોપ્યો લાગે છે.' નૃસિંહલાલે કહ્યું.

'હા. પોલીસ અહીં થતી દરરોજની ફરફારી ધ્યાનમાં રાખે છે એ હું જાણું છું.' જનાર્દને કહ્યું.

'આજે રોપવાનું કારણ શું ?' નૃસિંહલાલે પૂછયું.

'અમારા મંડળમાં કોઈ લોહીના લાલ રંગને પસંદ કરતું હતું. કોઈ ક્રોધના કાલા રંગને માન આપતું હતું. આજ સહુએ ભેગા મળી નિશ્ચય કર્યો કે અહિંસાનો શુદ્ધ સાત્વિક શ્વેત રંગ સહુએ પૂજવો. એટલા માટે આ ધ્વજ રોપ્યો અને અહિંસાની પ્રતિજ્ઞા લીધી.' જનાર્દને ધ્વજનું રહસ્ય સમજાવ્યું.

'આજે તમે બધા એટલા જ કામ માટે ભેગા થયા હતા ?'

'બસ, એટલા જ માટે.'

'નૃસિંહલાલે અશ્રદ્ધાથી જનાર્દન સામે જોયું. મંડળના યુવકો બે-ત્રણ ટોળામાં આમતેમ ફરતા મકાનની અંદર ચાલ્યા જતા દેખાયા.

'આ ધ્વજ મારે લઈ જવો પડશે.' જરા રહી, વિચાર કરી, નૃસિંહલાલે કહ્યું.

'ક્યાં ?'

'મુદ્દામાલ તરીકે પોલીસની તપાસમાં.'

'એ તમારો મુદ્દામાલ અહીં કાયમ રહેશે જ.'

'અહીં રખાય નહિ; પોલીસકચેરીમાં એને લઈ જવો પડે.'

'એ ધ્વજ અહીંથી ખસે નહિ. હા, તમારી પોલીસકચેરી ઉપર તે ચડાવવો હોય તો જુદી વાત છે.'

'હં.' નૃસિંહલાલ ધ્વજને પોલીસકચેરી ઉપર ચડાવવાનું સૂચન સાંભળી હસ્યા. તેમણે ચારે પાસ જોયું; ખિસ્સામાંથી એક સિસોટી કાઢી તેને જરા ઉછાળવા લાગ્યા.

'કેમ પોલીસના માણસો બોલાવવા છે ?' જનાર્દન સિસોટીને સારી રીતે ઓળખતા હતા. 'તમારે તેમ કરવાની જરૂર નથી. તમે બધી ચીજો અહીંથી લઈ જઈ શકશો; પરંતુ ધ્વજ સિવાય. ધ્વજની બાબતમાં ગુનો થતો હોય તો અમે આવીને ગુનો કબૂલ

કરીશું.'

'પણ અમે ધ્વજ ઉપાડી જઈએ તો તમે શું કરો ?' નૃસિંહલાલ બોલ્યા.

'અમે શું કરીએ ? અમારામાં શક્તિ હોય ત્યાં સુધી ધ્વજ લેવા ન દઈએ.'

'પણ તમે તો અહિંસક છો એમ કહો છો ને ?'

'જરૂર.'

'અહિંસા સાથે તેનું રક્ષણ કેવી રીતે કરી શકો ? હું સમજી શકતો નથી. તમે બળ વાપરવાના એ ચોક્કસ.'

'તમને સમજ નહિ પડે. તમે એ ધ્વજને એક વખત ઉપાડી જુઓ; પછી અહિંસા તેનો કેમ બચાવ કરે છે તે તમે જોશો.'

'ભલા માણસ ! આ શો ધંધો માંડયો છે ? નાહક સારા માણસોનાં છોકરાંને ફટવો છો, ઘરમાં કલેશકંકાસ ઘાલો છો અને અમને ઊંચા જીવમાં રાખો છો !' નૃસિંહલાલે જનાર્દનને ઠપકો આપ્યો.

જનાર્દન હસ્યા અને બોલ્યા :

'હું કોઈને નોતરતો નથી, જેની ઈચ્છામાં આવે તે મારા કાર્યમાં સામેલ થાય.'

'તો પછી સીધેસીધી વાતો કરો ને ? આકાશ હાથમાં લેવાનો લોભ પણ શા કામનો ? ઠીક છે; થોડુંઘણું બોલો, થોડુંઘણું માગો

પણ આ સ્વરાજ્યની વાતનો અર્થ શો ?'

'નૃસિંહલાલ ! એ આકાશ અંગ્રેજોના હાથમાં ગયું તો અમારા અને તમારા હાથમાં કેમ નહિ આવે ? અને સ્વરાજ્યથી બીવાનું કારણ શું ? દાદાભાઈ જેવા ઋષિનો એ મંત્રોચ્ચાર છે. અને તમારા અંગ્રેજ સત્તાધીશોએ સ્વરાજ્યના હક્કનો સ્વીકાર કર્યો છે, પછી તમે શા માટે બીઓ છો ?'

જનાર્દનને આમ બોલતા સાંભળી નૃસિંહલાલના મુખ ઉપર સહજ વ્યાકુળતા જણાઈ. બેવફાઈનું પોતે શિક્ષણ લેતા હોય એમ તેમના મનમાં ગભરાટ થયો. તેમને લાગ્યું કે હિંદનું વાતાવરણ અને આવા નીડર પુરુષોનાં વચન પોતાનું મન કદાચ ફેરવી નાખશે.

'ચાલો, તમારી ધજા આજે નહિ લઈએ; પેલી ચોપડીઓ અને યાદી એટલું જ લઈ જઈશું. તમારામાંથી કોઈએ મારી સાથે આવવું પડશે.' ઝડપથી નૃસિંહલાલ બોલ્યા.

'ઠીક; મને હરકત નથી, ચાલો.' કહી જનાર્દને આગલ ચાલવા માંડયું. નૃસિંહલાલ પણ તેમની સાથે ચાલ્યા.

વચલા ખંડમાં બધા યુવક સભ્યો ભેગા મળ્યા હતા. ત્રણ-ચાર જણ ઓસરી ઉપર રંજનની આસપાસ ઊભા રહ્યા હતા. ત્રણ-ચાર જણ હસતી હતી તે જનાર્દનને આવતા જોઈ ધીમી પડી.

'રંજન ! કેમ આટલું બધું હસે છે ? શું થયું ?' જનાર્દને પૂછ્યું.

'આ અરુણભાઈ અને વિમોચન એક કવિતા સંબંધમાં લડતા હતા, તેમને મેં છોડાવ્યા.' કહી રંજન ફરી હસી પડી.

'અરુણ ! તું આપણા મંડળનો મંત્રી છે. આ ભાઈની સાથે તારે જવું પડશે. તેઓ જે પૂછે તેનો જવાબ આપજે.' જનાર્દને કહ્યું.

'હા, મારી મોટરમાં ચાલો.' પોલીસ અમલદાર નૃસિંહલાલે કહ્યું.

'સારું, કહી અરુણ જવા તૈયાર થયો. આજે લીધેલા વ્રતની જનાર્દને તેને ફરીથી યાદ આપી.

'જગ્યા હોય તો હું પણ આવું. સુશીલાબહેનના ઘર આગળ મારે ઊતરી જવું છે.' રંજને કહ્યું.

આમ આવી છૂટથી પારકી - પોલીસની - મોટરમાં જવા માગણી કરનાર ઉચ્છ્ખંલ દેખાતી યુવતીની ધૃષ્ટતા તરફ નૃસિંહલાલ જોઈ જ રહ્યા.

એટલે રંજને ધાર્યું કે મોટરમાં જવાની પોતાને રજા મળી છે. ચોપડીઓ અને યાદી લઈ ત્રણે જણ ત્યાંથી ચાલતાં થયાં.

જનાર્દનની આંખો સ્થિર બની ગઈ. તેમની જે સ્થળે દૃષ્ટિ પડી હતી તે સ્થળ તેઓ જોતા નહોતા. તઓ ચમકતું દ દૃશ્ય આંતરદૃષ્ટિ વડે જોતા હતા. એ દૃશ્યની ચારે પાસ કાળાં વાદળાં ઝઝૂમતાં હતાં. સ્વરાજ્ય અને અહીંસાનું તેજસ્વી સ્વપ્ન, આકળા યુવકો અને તેમના ભેગી યુવતીઓ ! સૂર્યના તેજનો પાર નથી. એકાદ ઘેરી વાદળી એ બધાય તેજને હરી લે ત્યારે ?

ભયંકર પ્રયોગ ! પણ કયો પ્રયોગ ભયંકર નહોતો ? ઈતિહાસ જુઓ કે વિજ્ઞાન; માથું કાપી હાથમાં રાખ્યા સિવાય પ્રયોગ જ થાય નહિ !

# ૩ પિતાનું વાત્સલ્ય

રૂડી રીતથી રાખતા રાજી રાજી,
ભલા, કેમ આધાર ભૂલું પિતાજી !
**–દલપતરામ**

નૃસિંહલાલે રંજનને પહેલી બેસાડી; જોડે અરુણને બેસાડયો; અને અરુણની સાથે પોતે બેસી ગયા. નૃસિંહલાલ પુષ્ટ હતા. રંજન પાતળી નહોતી; ઉપરાંત તેને ફેલાઈને બેસવાની ટેવ હતી. રંજનને જરા પણ અડકાય નહિ એવી કાળજી રાખી સંકોચાયા કરતા અરુણને લાગ્યું કે મોટરમાં પણ આગગાડીની માફક સ્ત્રીઓ માટે જુદાં ખાનાં રાખવાની જરૂર છે ! સ્ત્રી-પુરુષોના સંસર્ગને વધારતા આ યુગમાં અરુણનો સંકોચ જૂની ઢબનો કહેવાય.

‘અરુણભાઈ ! મેં તો એમ સાંભળ્યું છે કે મૅજિસ્ટ્રેટ તમારા મિત્ર છે.’

રંજનને અને અરુણને બહુ લાંબો પરિચય ન હતો. છ-આઠ માસ ઉપર એક લાંબા સમયથી ચાલ્યા કરતા રાજકીય મુકદ્દમાનો નિકાલ આવ્યો; તેમાં પચીસેક યુવકોને સજા થઈ અને દસેક યુવકો છૂટી ગયા. રાજ્યને ઉથલાવી નાખવાના કાવતરામાં સામેલ

થવાનો સહુ ઉપર આરોપ હતો. આ આરોપીઓમાંથી કોઈએ પોતાનો બચાવ કર્યો જ નહિ; એટલે કાગળો ઉપરથી અનુમાન બાંધી તથા પોલીસ અમલદારોની જુબાનીઓ ઉપર આધાર રાખી ન્યાયાધીશને ચુકાદો આપવો પડયો. ન્યાયાધીશે બચાવ કરવા માટે આરોપઓને ઘણા સમજાવ્યા; પરંતુ તેમણે હઠે ભરાઈ પોતાનો બચાવ કર્યો જ નહિ. ગૂંચવણમાં આવી પડેલા ન્યાયાધીશે ન્યાય કરવા બહુ જ પ્રયત્ન કર્યો; અને અંતે પોલીસની મરજી વિરુદ્ધ તેમણે દસ આરોપીઓને છોડી દીધા અને પચીસને ઓછીવધતી સજા કરી.

છૂટી ગયેલા આરોપીઓમાં અરુણ પણ હતો. અરુણના પિતા સરકારી નોકરીમાં સારો દરજ્જો ભોગવતા હતા. ઉત્તમ વિદ્યાર્થી તરીકે પંકાયલા અરુણને નોકરીમાં દાખલ કરી દેવાની તેમને તીવ્ર ઈચ્છા હતી; અને પોતાની લાગવગથી તેઓ અરુણને સારી જગ્યા અપાવી શક્યા હોત, પણ અરુણે સરકારી નોકરી કરવાની ચોખ્ખી ના પાડી.

ભણી રહીને ફર્યા કરતો અરુણ ત્રણેક વર્ષમાં તો એક ભયાનક રાજદ્રોહી કાવતરામાં સંડોવાયો. તેના પિતાએ હજારો રૂપિયા ખરચી નાખ્યા, ચિંતા અને રખડપટ્ટીમાં લોહીનું પાણી કરી નાખ્યું. બચાવ કરવાની અને વકીલોની સલાહ લેવાની એકેએક આરોપીઓએ ના પાડી છતાં અરુણના પિતાએ વકીલોની પૂરતી સલાહ મેળવી. અરુણ વિરુદ્ધ પુરાવો મળી શક્યો નહિ એટલે તે છૂટી ગયો.

અરુણ કોઈ પણ ચોક્કસ કાર્યમાં રોકાઈ જાય એવી તેના

પિતાને ઘણી ઈચ્છા હતી. સરકારી નોકરી મળવાની આશા નહોતી છતાં મહામહેનતે સહકાર્ય ખાતાની અર્ધસરકારી નોકરી તેના પિતાએ તેને માટે ખોળી કાઢી. એ ખાતાના નવા ઉપરી એક નવા યુરોપિયન હતા. અરુણના પિતાએ તેમની પાસે નોકરી કરી તેમની મહેરબાની મેળવી હતી. અરુણને ઠેકાણે પાડી દેવાની પોતાની તીવ્ર ઈચ્છા તેમણે સાહેબને જણાવી. એકમાર્ગી ચળવળિયા અગર ભાવનાશીલ યુવકો સહકાર્ય ખાતામાં સારું કામ કરી શકે એવી માન્યતાવાળા સાહેબે અરુણને મુલાકાત માટે બોલાવ્યો.

અરુણ સાહેબની પાસે ગયો; સાહેબે ભાવપૂર્વક તેને બોલાવ્યો. ખાદીનાં વસ્ત્ર પહેરેલા અરુણને નિહાળી સાહેબે કૃપાભર્યું સ્મિત કર્યું.

'તમે મારા ખાતામાં નોકરી કરશો ?' સાહેબે પૂછ્યું.

'હા જી ! હું કોઈ પણ ખાતામાં નોકરી કરવા માટે રાજી છું.' અરુણે જવાબ આપ્યો. રાજદ્રોહી તરીકે પ્રખ્યાત થયેલા એક યુવકને આમ સરળતાથી નોકરી સ્વીકારવાની હા પાડતો સાંભળી સાહેબે બે ક્ષણ ધ્યાનથી તેની સામે જોઈ રાખ્યું. અરુણની આંખમાં અંગારની લાલાશ પ્રગટી અલોપ થઈ જતી સાહેબે જોઈ.

'તમારા પિતા આ સાંભળી ખુશ થશે. વળી તમે દેશસેવાની ધૂનવાળા છો એટલે મારા ખાતામાં તમને લોકહિતનું કામ કરવાની પૂરી તક મળશે.' સાહેબે જણાવ્યું.

'મારાથી બનતું હું કરીશ.'

'પગાર તો તમને શરૂઆતમાં સો રૂપિયાનો મળી શકશે. છ માસમાં હું તમને દોઢસો અપાવીશ. એટલુંયે તમારા પિતાને

લઈને થઈ શકે. બાકી તમારો પૂર્વ-ઈતિહાસ જોતાં તમને આ ખાતામાં રાખી પણ ન શકાય.'

'હું તો સાહેબ ! નિર્દોષ ઠરી ચૂક્યો છું. વળી પગારનો મને બિલકુલ મોહ નથી. મારી જરૂરીયાતના પ્રમાણમાં તો મને એથી અરધી રકમ આપશો તોયે બસ છે.'

'નહિ, તમારી લાયકાત વધારે પગારની છે. તમે તો અર્થશાસ્ત્ર લઈને એમ. એ. થયા છો ને ?'

'હા જી.'

'તમને વિદ્યાપીઠે ચાંદ પણ આપ્યો છે, ખરું ?'

'હા સાહેબ ! અને આપને હરકત ન હોય તો હું આપને મારા ભવિષ્ય વિષે પણ પૂછું ?'

'બહુ સારી નોકરી કરો તો પંદરવીસ વર્ષમાં તમને ચારસોપાંચસોનો પગાર ખુશીથી મળી શકે.'

'ઓહોહો ! અને સિવાય કાંઈ ?' સાહેબના મુખ સામે તાકીને અરુને પૂછ્યું.

'તમને રાવબહાદુરનો ઈલકાબ મળે. એ તો જેવા સંજોગો !'

'પણ સાહેબ ! હું બહુ ઊંચી જાતની નોકરી કરી બતાવું તો છેવટે મને આપની ખુરશી મળે કે નહિ ?'

સાહેબ જરા ચમક્યા; આ શાંત છોકરો વધારે પડતું બોલે છે એમ તેમને લાગ્યું. તેમણે કહ્યું :

‘એ તો સનદી શાહી પસંદગીની જગ્યા છે.’

‘એટલે મારાથી ખાતાના મુખ્ય અધિકારી ન થવાય, ખરું ?’

‘કદી ન થવાય.’ સાહેબે ચોખ્ખો જવાબ આપ્યો.

‘તો મારાથી એ નોકરી પણ ન થાય ! હું વાઈસરૉય ન થઈ શકું, ગવર્નર પણ ન થઈ શકું. એ તો ઠીક; પણ હું ખાતાનો ઉપરીયે બની ન શકું એ જુલમ ક્યાંનો ?’

સાહેબ ગુસ્સે થઈ ગયા હતા. તેના કરતાં વધારે ટટાર થઈ તેમણે કંઠસ્થાની ઉદ્‌ગારો કાઢ્યા :

‘આજે તમને ખાતાના ઉપરી બનાવે તો કાલે તમે ગવર્નરની જગ્યા માગશો અને પરમ દિવસે વાઈસરૉયની ખુરશી ઉપર નજર નાખશો !’

‘તેમાં તમારું શું જાય ? અમે શું કારકુનો અને મદદનીશો થવા માટે જ સરજાયા છીએ ?’ અરુણે જવાબ આપ્યો.

‘મારી ઓરડી છોડી એકદમ બહાર ચાલ્યા જાઓ !’ સાહેબે હુકમ કર્યો અને બીજી વાત બંધ કરી.

અરુણ જરા હસ્યો અને બોલ્યો :

‘અને આપ મારો દેશ છોડી એકદમ ચાલ્યા જાઓ, એમ હં આપને કહું તો ?’

સાહેબે ગુસ્સાથી મેજ ઉપર હાથ પછાડ્યો; પરંતુ એટલામાં અરુણ તો ઓરડીના બારણા સુધી પહોંચી ગયો હતો.

અરુણના પિતા અંગ્રેજોને ખાસ વખાનારા હતા. અંગ્રેજો નિયમિત અને નિષ્પક્ષપાત હતા એમ તેઓ માનતા અને અંગ્રેજોની ખંત અને વ્યવસ્થા સંબંધી ઉચ્ચ અભિપ્રાય આપ્યા કરતાં તેઓ કદી થાકતા નહિ. અરુણનો મત જુદો હતો. અર્થશાસ્ત્રના ઊંડા અભ્યાસે તેને શીખવ્યું કે અંગ્રેજો સ્વાર્થી છે. ઈતિહાસે તેને બતાવ્યું હતું કે અંગ્રેજો સંતનો સમાજ નથી; હિંદ ઉપર આવેલાં અનેક ધાડાં સરખું એ પણ એક ધાડું આવી હિંદને કબજે કરી બેઠું છે.

પોતાના અભિપ્રાયમાં તેને સંપૂર્ણ વિશ્વાસ બેઠો. અંગ્રેજોનાં સત્કૃત્યોમાં પણ તે અંગ્રેજોની ખામી જોવા લાગ્યો. બીજાં ટોળાં તો હિંદવાસી બની હિંદ ઉપર રાજ્ય કરતાં; પરંતુ અંગ્રેજોનું ટોળું તો હિંદવાસીઓને છેટે રાખી ગૌરવર્ણનો પડદો બાંધી બેઠું છે. હિંદના ભલા માટે તેમના તરફથી થયેલા અને થતા પ્રયત્નોમાં તે માત્ર દંભ જ નિહાળતો. હિંદને રાજકીય વિષયમાં પ્રગતિમાન કરવાની અંગ્રેજોની ઈંતેજારીમાં તે માત્ર વર્ણગર્વ - Racial Pride - જોતો. ધીમે ધીમે રાજ્ય કરતી કોમ પ્રત્યે તેના મનમાં એક જાતની વૈરવૃત્તિ જાગૃત થઈ. તેમને તાબે રહી નોકરી કરવામાં તેને ગુલામગીરીનો ભાસ થયો. ઊંચી જગ્યાઓ માટે હિંદવાસીઓની લાયકાત જ્યાં સુધી સ્વીકારાય નહિ ત્યાં સુધી નોકરીનો વિચાર પણ અશક્ય લાગ્યો.

તેમાં બંગભંગ સમયના ક્રાન્તિકારી મંડળોના ખ્યાલે તેને આકર્ષ્યો, અને ક્રાંન્તિને જ તે પોતાનું ધ્યેય માનતો થઈ ગયો. ગાંધીજીના અહિંસાત્મક અસહકારને તે હસી કાઢતો. રેંટીયામાં તેને રસ પડયો નહિ. યુરોપીય દેશોમાં ફતેહ પામતો ક્રાન્તિવાદ તેને હિંદ માટે વાસ્તવિક લાગ્યો. એ ક્રાન્તિ હિંદમાં કેવી રીતે

ફળીભૂત થાય એનો વિચાર કરતાં તેને તેના સરખા જ ધ્યેયવાળા યુવકો મળી ગયા અને છૂપું મંડળ સ્થાપ્યું.

એ મંડળની પ્રવૃત્તિઓ કોઈના જાણવામાં આવી ન હતી. તેમણે બૉંબ બનાવ્યા હતા કે રેલવેના પાટા તોડી નાખ્યા હતા એ વિષે કશો જ પુરાવો મળી આવ્યો ન હતો. છતાં ક્રાન્તિવાદનાં પુસ્તકો પરદેશની ટપાલમાં આવતાં એક-બે વખત પકડાંયા તે ઉપરથી આખી ટોળી ફિતૂરી કાર્યક્રમ ગોઠવી રહી છે એવો આરોપ તેમના ઉપર મૂકવામાં આવ્યો, અને બચાવ ન કરવાના આગ્રહને લીધે ઘણા જણ ઉપર તે સાબિત પણ થયો.

અરુણ છૂટી ગયો. તેને માટે તેના પિતાએ કરેલી નોકરીની તજવીજ તેણે નિષ્ફળ બનાવી. તેના પિતાને અતિશય ક્રોધ ચઢયો; પુત્રને તેમણે સખત ઠપકો આપ્યો :

‘અરુણ ! આ તું શું લઈ બેઠો છે ? આમાં તારી બહુ આબરૂ વધે છે એમ તું માને છે ?

પિતાએ કહ્યું.

‘હું ક્યાં આબરૂ મેળવવા કશું કરું છું ?’ અરુણે જવાબ આપ્યો.

‘ત્યારે બીજું શું ? ચાર દેવાળિયાં વર્તમાનપત્રોએ વખાણ કર્યાં એટલે ભાઈ ફુલાઈ ગયા. હું નહિ હોઉં તે વખતે તારું શું થશે એનો કાંઈ ખ્યાલ છે?’

અરુણે કશો જવાબ આપ્યો નહિ. પિતાની મરજી વિરુદ્ધ તેણે વર્તન કર્યું હતું પરંતુ પિતાની સામું બોલવાનિ તેણે સ્વપ્ને પણ

ધારણા રાખી નહોતી. પિતાના વાત્સલ્યની તેને પૂરી કિંમત હતી. પિતાના વાત્સલ્યમાં ઘેલછા હતી. અરુણની નાનીમોટી માગણીઓ તેઓ સ્વીકારતા હતા. અને ઘણી વખત લાડમાં એ માગણીઓ ઉપરાંત વધારે આપીને તેઓ પુત્રને સંતોષતા. પુત્રે એ લાડનો અત્યાર સુધી ઉત્તમ બદલો વાળ્યો હતો. પિતાનું તેણે સર્વદા માન સાચવ્યું હતું, અને વિદ્યાભ્યાસમાં તે યશસ્વી નીવડયો હતો. પુત્ર સારી નોકરી કરશે. પૈસો મેળવશે અને લોકમાં પ્રતિષ્ઠા પામશે એવું સ્વપ્ન સેવતા પિતાને પુત્રની નોકરીમાટેની આનાકાનીથી ખેદ થયો. ધીમે ધીમે ઠેકાણે આવી જશે એમ ધારણા રાખતા પિતાએ એ જ પુત્રને રાજદ્રોહી મુકદ્દમામાં સપડાયેલો જોયો, અને તેમનામાં વાર્ધક્ય એકદમ આવી ગયું. મહામુસીબતે આરોપમાંથી છૂટેલા પુત્રને માટે આખી નોકરીની વસીલાનો ઉપયોગ કરી જગા ખોળી આપી ત્યારે પુત્રે કૃપાળુ યુરોપિયન અધિકારીનું જ અપમાન કર્યું ! જીવનમાં પહેલી વાર તેઓ ઠપકો આપવા બેઠા.

અરુણ જવાબ આપ્યો નહિ એટલે હવે કયા મુદ્દા ઉપર તેને ધમકાવવો એની પિતાને સમજ પડી નહિ. તેમણે બહુ વિચાર કરી એક છેવટનો પ્રહાર નક્કી કરી નાખ્યો હતો, અને તે છેવટે જ - ન છૂટકે ઉપયોગમાં લેવાનો હતો; પરંતુ પુત્રને ઠપકો આપવા કદી ન ટેવાયેલા પિતાએ પુત્ર તરફથી કશો જવાબ ન મળવાથી ગૂંચવાઈ એ છેવટની ધમકી એકદમ આપી દીધી :

'અરુણ ! હું તને છેવટની વાત સંભળાવી દઉં છું. જો તું તારી આ ધૂન ચાલુ રાખીશ તો હું તને એક પાઈ પણ હવે આપવાનો નથી !'

'તે હું ક્યાં માગું છું ?' અરુણે નરમાશથી પણદૃઢતાપૂર્વક કહ્યું.

વત્સલ પિતાને લાગ્યું કે પોતે નાહક છેલ્લે પાટલે જઈ બેઠા; એકદમ આમ નહોતું કહેવું જોઈતું. ચાર દિવસ સમજાવીને પછી આમ કહ્યું હોત તો શી હરકત હતી ? શી ઉતાવળ હતી ? પુત્રની લાગણી નાહક દુખવી. તેઓ અત્યંત ખિન્ન થઈ ગયા. તેમનાથી આગળ કાંઈ જ બોલાયું નહિ. હવે શું કરવું અને શું બોલવું તેની કાંઈ સમજ ન પડવાથી તેઓ ત્યાંથી બીજા ઓરડામાં ચાલ્યા ગયા.

# ૪ કૃષ્ણકાન્ત

ગોરો આવ્યો
શું શું લાવ્યો ?

અરુણ વિચાર કરતો બેસ રહ્યો. નોકરે આવી તેના હાથમાં એક વિઝિટિંગ કાર્ડ મૂક્યું તેટલામાં અનેક વિચારો તેને આવી ગયા. તેના વિચારોનું એક કેંદ્ર હતું : પિતાને પ્રસન્ન રાખીને દેશસેવા કેમ થાય ?

કાર્ડ જોતાં જ તે બોલી ઊઠ્યો :

'અરે અંદર બોલાવ ! જલદી !'

અને આવનારની રાહ જોઈ બારણા ભણી જોતો બેઠો. બે-ત્રણ મિનિટમાં બારણામાંથી એક વ્યક્તિ અને વાક્યોએ સાથે પ્રવેશ કર્યો.

'હેલો, હેલો ! ઓલ્ડ બૉય ! કૉંગ્રેચ્યુલેશન !'

એ વાક્યો ઉચ્ચારનાર વ્યક્તિએ બહુ જ સફાઈવાળો અંગ્રેજી પોશાક પહેર્યો હતો. વિલાયતમાં રહેતા ફરંદા શોખીન અંગ્રેજી યુવાનને પણ એ શૈલીમાંથી કંઈક શીખવાનું મળે એવો ખામીરહિત એ પોશાક હતો. અંગ્રેજી પોશાક શરીરમાં ભારે ચપળતા પ્રેરે છે

અને અનહદ સ્વાસ્થ અર્પે છે. બહુ ઝડપથી એ વ્યક્તિએ અંદર આવી, હાથ લાંબો કરી, અરુણના હાથને પકડી હલાવી નાખ્યો. પછી પાસે પડેલી ખુરશી ઉપર જરા પણ સંકોચ વગર બની શકે એટલા વિસ્તારથી બેસી શીંગડા જેવી સિગાર પીવા માંડી.

દરમિયાન તેમની પાછળ આવેલા એક સાદા દેખાવના સજ્જનને તેમણે ઈશારાથી જ ખુરશી બતાવી. તેના ઉપર તેઓ બેઠા. તેમણે માત્ર એક ધોતિયું પહેર્યું હતું અને એક ધોતિયું ઓઢ્યું હતું.

‘કૃષ્ણકાન્ત ! તમારે કાર્ડ મોકલવાની જરૂર હોય ?’ અરુણે જણાવ્યું.

‘અલબત્ત, અલબત્ત, એ પદ્ધતિ તો ખાસ રાખવો જેવી છે. કોઈના ઘરમાં ખબર આપ્યા વગર ઘૂસવું, એ જંગલીપણું દૂર કરવું જોઈએ.’ મોંમાં સિગાર રાખીને બોલી શકાય એવી ભારે કુનેહ કૃષ્ણકાન્તે મેળવી હતી. તેઓ અનુકૂળતા પ્રમાણે અંગ્રેજી તેમ જ ગુજરાતી ભાષા બોલતા હતા. કૃષ્ણકાન્ત અરુણના બનેવી થતા હતા. તેમના સિદ્ધાંતોમાં કાંઈ વાંધો લેવા જેવું ન લાગ્યાથી કાર્ડ વગર ગૃહપ્રવેશ કરાય કે નહિ એ પ્રશ્ન વિષે અરુણે ચર્ચા કરી નહિ અને પૂછ્યું :

‘મને સાની મુબારકબાદી આપો છો ?’

‘કેમ ? તમે કેસમાં નિર્દોષ ઠરી છૂટી ગયા એ ઓછી ખુશીની વાત છે ?’ કૃષ્ણકાન્તે જણાવ્યું.

‘તમારો પત્ર મળ્યો હતો.’

'પત્ર બસ ન કહેવાય. મારે રૂબરૂ આવવું જોઈતું હતું. ચુકાદાને દિવસે જ હું કોર્ટમાં આવવાનો હતો; પરંતુ મારી મિલમાં તકરાર ઊભી થઈ એટલે મારાથી આવી શકાયું નહિ.'

'બહેન આવી હતી.'

'અમે બંને સાથે જ આવત. હા, આ ભાઈનું હું ઓળખાણ કરાવું. એનું નામ જનાર્દન. અમારા શહેરના એ ગાંધીજી છે !' જરા હસી કૃષ્ણકાન્તે કહ્યું.

'હું તો એ મહાત્માની ચરણરજ છું. જગતમાં બીજો ગાંધી છે જ નહિ.' જનાર્દને કહ્યું.

અરુણે જનાર્દનનું નામ સાંભળ્યું હતું; તેમની પ્રવૃત્તિઓ વિષે તેને થોડીઘણી માહિતી પણ હતી. પરંતુ અહિંસાને કાયરોની ફિલસૂફી તરીકે તથા રેંટિયાને અશક્ત ડોશીઓના ચિહ્ન તરીકે તે લેખતો હોવાથી અરુણે આ ગાંધીજીના અનુયાયીની પ્રવૃત્તિઓ તરફ વધારે ધ્યાન આપ્યું નહોતું. જનાર્દનને ભાળી અરુણની જિજ્ઞાસા જરા વધી. તેમના દેહ ઉપર કાયરતાનાં ચિહ્નો નહોતાં, મુખ ઉપર અશક્તિની પણ છાપ દેખાઈ નહિ. તેમનું સ્વચ્છ મુખ અને આરોગ્યભર્યો દેહ જોયા પછી ગાંધીજીના અનુયાયીઓમાં અરુણે કલ્પેલી નિર્માલ્યતા, ચિંતા, ભૂખમરો અને ગમગીનીની છાપ ભૂલભરેલી હતી એમ તેને લાગ્યું. અરુણે જનાર્દનને નમસ્કાર કર્યા અને કૃષ્ણકાન્તે કહ્યું :

'એમનું નામ તો સાંભળ્યું હતું. આજે રૂબરૂ મળાયું તેથી બહુ આનંદ થયો. હવે મારી ઓળખાણ કરાવો.'

'તમારી ઓળખાણ કૃષ્ણકાન્તભાઈએ પહેલેથી જ કરાવી હતી. તમારા ઉપર કેસ ચાલતો ત્યારથી નામે તો તમને ઓળખું. મુંબઈથી પાછા ફરતાં કૃષ્ણકાન્ત તમને મળવા અહીં ઊતરી જવાના હતા. હું સાથે હતો એટલે મને પણ તમને મળવાની ઈચ્છા થઈ.' જનાર્દને કહ્યું.

'બહુ સારું થયું. મારા ઉપર ઉપકાર થયો. પણ તમે બંને ક્યાંથી સાથે થઈ ગયા ?' અરુણે પૂછ્યું :

'અમે એકબીજાના દુશ્મનમિત્રો છીએ.' હસીને કૃષ્ણકાન્તે કહ્યું.

'હું કોઈની દુશ્મનાવટમાં માનતો નથી. મિલના મજૂરો અને કૃષ્ણકાન્તની વચ્ચે બક્ષિસ-Bonu-ના દર સંબંધી તકરાર પડી; તે પતાવવા મને વચ્ચે રાખ્યો. સમાધાનની શરતો કોઈ સારા ધારાશાસ્ત્રી પાસે ઘડાવવાની કૃષ્ણકાન્તની ઈચ્છા હોવાથી મને તેઓ સાથે લઈ ગયા હતા.' જનાર્દનને જણાવ્યું.

અરુણે આ મજૂરોની તકરાર વિષે વર્તમાનપત્રોમાં વાંચ્યું હતું. મૂડીવાદનો તે કટ્ટો શત્રુ હતો. સમાધાનની શરતો સંબંધી કેટલીક વાત ચાલી; મિલમાલિકોની સ્વાર્થપરાયણતાનો ઈશારો પણ થયો; તેમના સારા અંશો વિષે પણ સહજ વિવેચન થયું. પછી કૃષ્ણકાન્તે વાદવિવાદ અટકાવવા પૂછ્યું :

'Where's old man ?'

અરુણ સમજ્યો કે પોતાના પિતા માટે આ પ્રશ્ન પુછાયો છે. અંગ્રેજી ભાષાના સારા અભ્યાસને પરિણામે અને જીર્ણ થઈ ગયેલા આર્યજીવનમાં અંગ્રેજી જીવનનો ચમકારો દાખલ કરવાની

મહેચ્છાએ યુવકોની વાણીમાં બેફિકરાઈનો ઝોક, ચબરાકીભરી બેઅદબીની આછી છાયા અને તિરસ્કારરહિત વ્યંગ દાખલ કરવા માંડયાં છે. વાક્ચાલાકી - Smartness - તરીકે એ પ્રથાનું માન ધીમે ધીમે વધતું જાય છે. કૃષ્ણકાન્ત પૂરી અંગ્રેજી ઢબના હિમાયતી હતા. તેમના દેખાવ અને વાણીમાં એ ચાલાકી એક ગુજરાતીમાં જેટલી વધારેમાં વધારે ઊતરે એટલી તેમણે ઉતારી હતી.

'હું ખબર કહેવરાવું છું; ઘરમાં જ છે.' અરુણે જવાબ આપ્યો.

'તમારે મારી સાથેક આવવાનું છે; સુરભિએ ખાસ કહેવરાવ્યું છે. એકાદ અઠવાડિયું સાથે રહેવાશે.' કૃષ્ણકાન્તે આગ્રહ કર્યો અને એ આગ્રહમાં અરુણની બહેન સુરભિનો આગ્રહ પણ ઉમેર્યો.

બહેનને મળવાની અરુણની ઇચ્છા થઈ; પરંતુ જૂના રિવાજોને જતા કરતા યુગમાં પણ બહેનને ઘેર જઈ રહેતાં ભાઈને સંકોચ થાય છે. વળી કૃષ્ણકાન્તની રહેણી બહુ જુદા પ્રકારની હતી; તેની સાથે અરુણને રહેવું ફાવે એમ નહોતું.

'હમણાં તો ક્યાં આવું ?' અરુણે નામરજી બતાવી.

'એ ચાલવાનું નથી. આજે જ નીકળવું છે.'

'મારી પણ તમને વિનંતી છે. તમારો પરિચય વધશે તો મને લાભ છે.' જનાર્દને કહ્યું.

અરુણના પિતા ત્યાં આવ્યા. કૃષ્ણકાંતે પોતાને નમસ્કાર કરતાં જાણે ફાવતું ન હોય એવી રીતે નમસ્કાર કર્યા. જનાર્દનની ઓળખાણ કરાવી. બંને જણે અરુણને સાથે લઈ જવા આગ્રહ કર્યો. અરુણનુ મન દુખવ્યાનો ચણચણાટ ભોગવતા પિતાએ

અરુણને તેની મરજી પ્રમાણે કરવા જણાવ્યું. બહેનને મળાશે અને જનાર્દનની જાણીતી થયેલી પ્રવૃત્તિઓ જોવાનો લાભ મળશે. એવી ધારણાથી છેવટે અરુણે જવાનું કબૂલ કર્યું.

'That's a goodboy sport !' કહી ઊભા થઈ કૃષ્ણકાંતે અરુણનો વાંસો થાબડયો. થોડાક કલાક ત્યાં રહી ત્રણે જણ નીકળ્યા. વચમાં અરુણના પિતાએ કૃષ્ણકાંતને એકાંતમાં બોલાવી અરુણને લાગેલી દેશસેવાની ધૂન છોડાવવા બનતો પ્રયત્ન કરવાની વિનંતી કરી.

'મારે ત્યાં થોડો વખત રહેશે એટલે બરાબર ઠેકાણે આવશે. એણે સોસાયટી બરાબર જોઈ નથી. એ જોશે એટલે દેશબેશનું બધું-humbug તૂત ભૂલી જશે.' કૃષ્ણકાંતે આશ્વાસન આપ્યું.

# ૫ પ્રથમ પરિચય

ચોળી ચણિયો પાટલીનો ઘેર;
સેંથલ સાળુની સોનલ સેર;
... ... ... ... ... ...
અંગ આખોયે નિજ અલબેલા
સાળુમાં ઢાંકતી રૂપની વેલ.

**–ન્હાનાલાલ**

મોટા વેપારી શહેરને ઘણાં સ્ટેશનો હોઈ શકે. કૃષ્ણકાંતની મિલોવાળા બાગમાં એક સ્ટેશન રેલવેવાળાઓએ ખાસ બનાવ્યું હતું. અને ત્યાં અવરજવર વધી પડવાથી તેને કાયમ કરી વિસ્તાર્યું હતું. ઘણાં માણસો મુખ્ય સ્ટેશન છોડી આ સ્ટેશનનો ઉપયોગ કરતાં હતાં.

જનાર્દન સાથે હતા એથી કૃષ્ણકાન્તે અરુણને તેના પિતાની ઈચ્છા પ્રમાણે ગાડીમાં કશી સલાહ આપી નહિ. સ્ટેશનને ગાડી પહોંચી કૃષ્ણકાન્તે રેશમી રૂમાલ ખિસ્સામાંથી બહાર કાઢી હલાવ્યો. પ્લૅટફોર્મ ઉપર અત્યંત સુશોભિત પહેરવેશમાં સજ્જ થયેલી એક યુવતીએ સામો રૂમાલ હલાવ્યો, અને ગાડી ઊભી રહેતાં જ ડબ્બામાં ચડી જઈ તેણે કૃષ્ણકાન્તને ગાલ ઉપર ચુંબન કર્યું.

અરુણ આંખો ફાડી જોવા લાગ્યો. એકાંતમાં પણ ચુંબન થઈ શકતાં હશે કે કેમ તેની મોટી શંકા ધરાવનાર, અને એ શૃંગારચેષ્ટાને ચિત્રોમાં જ પ્રગટ થતી દેવકથા કે દંતકથા તરીકે માનનાર અરુણ તેનું જાહેરમાં થતું પ્રદર્શન નિહાળી આભો બની ગયો. જનાર્દને અરુણની ગૂંચવણ જોઈ સ્મિત કર્યું.

'જો રંજન ! આ સુરભિના ભાઈ.' કહી કૃષ્ણકાન્તે અરુણનું ઓળખાણ રંજન સાથે કરાવ્યું. અરુણે કૃષ્ણકાન્તની નાની બહેન રંજનનું નામ સાંભળ્યું હતું. અને ક્વચિત્ તેને જોઈ પણ હતી; પરંતુ પરિચિત સ્ત્રીઓની નામાવલિ લાંબી બનાવવાનો અરુણને ધખારો ન હોવાથી, અને રંજને અવનવો પોશાક ધારણ કરેલો હોવાથી તે રંજનને ઓળખી શક્યો નહિ.

'ઓહો ! અરુણભાઈ કે ? મેં તો ઓળખ્યા પણ નહિ.' રંજને મસ્તકને એક બાજુએ જરા ઢાળ્યું અને દેહમાં અવનવી સ્ફૂર્તિ અને ડોલન લાવી તેણે અરુણની સાથે હાથ મેળવવા પોતાનો હાથ લંબાવ્યો. પોલીસના લાઠીપ્રહારથી શૂન્ય બની ગયેલા સ્વયંસેવક સરખા શૂન્ય અરુણે યંત્રવત્ પોતાનો હાથ લંબાવ્યો.

'ખુશીમાં છો ને ? ભાભી તો રોજ તમને યાદ કર્યા કરે છે.' આવક બની ગયેલા અરુણને ફરી બોલવાની રંજને તક આપી. 'હા'નો ન સમજાય એવો કાંઈ ઉદ્ગાર અરુણે કાઢ્યો; પરંતુ તેની અટલી ગયેલી જીભ હજી ગતિમાન થતી નહોતી.

'સુરભી કેમ ન આવી ?' કૃષ્ણકાન્તે પૂછ્યું. પત્નીનું નામ ન દેવાની કઢંગી પ્રથા અદશ્ય થતી ચાલી છે. કૃષ્ણકાંતના જેવી ત્વરાથી એ જૂની પ્રથા નાબૂદ કરવામાં આવે તો એકાદ દસકામાં

એ હિંદુ શીલમર્યાદાનું પ્રકરણ દંતકથા અગર પ્રાચીન રિવાજોની ઉપહાસકથા પણ બની જાય.

'એમની તબિયત સારી નથી. ફરવાનો જરાય શોખ એમને નથી.' રંજને જવાબ આપ્યો. રંજને જનાર્દનને જોઈ તેમને પણ છટાથી નમસ્કાર કર્યા. કોની સાથે હાથ મેળવાય અને કોને નમસ્કાર થાય એ વિષે હજી આપણા સમાજમાં નિયમો ઘડાયા નથી. અનુકૂળતા પ્રમાણે બંને પ્રકારો ઉપયોગમાં આવે છે એ જ ઠીક છે.

ગાડીમાંથી ઊતરી સ્ટેશન બહાર નીકળી ચારે જણ મોટરકાર પાસે આવ્યાં. રંજન ઝડપથી મોટરકારના આગલા ભાગમાં બેસી ગઈ, અને અરુણને તેણે પોતાની પાસે બોલાવ્યો.

'અરુણભાઈ ! તમે મારી સાથે બેસી જાઓ, ભાઈ અને જનાર્દન અંદર બેસશે.' રંજને કહ્યું.

રંજનની છટાથી અંજાઈ ગયેલા અરુણે ત્રણે જણની સામે બેબાકળી આંખે જોયું. અને આગલા ભાગમાં રંજન પાસે બેઠો. કાર હાંકનાર ક્યાં બેસશે તેની સહજ શંકા તેને થઈ આવી; પરંતુ એ શંકા તત્કાળ નિર્મૂળ થઈ.

'હું તો મારા આશ્રમ સુધી ચાલી નાખીશ.' જનાર્દને કહ્યું.

'ના ના; ગાડી છે પછી શા માટે ચાલવું ?' કૃષ્ણકાન્તે કહ્યું.

'મારે એક બાજુએ જવું અને તમારે બીજી બાજુએ. તમને અડચણ પડશે.'

'પાંચ મિનિટ આમ કે આમ. હું તમને ઝડપથી લઈ જઈશ.' રંજને કહ્યું અરુણને હવે સમજાયું કે કાર રંજન ચલાવવાની છે.

જનાર્દન અને કૃષ્ણકાન્ત અંદર બેસી ગયા, અને રંજને કાર ચાલુ કરી.

મોટરકારમાં બેસવાની કોને લાયકાત છે અને કોને નહિ એ મોટરકારમાં બેસતાં બરોબર પરખાઈ છે. લબાચા જેવો ઢીલો - કારના દરેક ઉલાળા સાથે ઊછળતો, બારણું અગર બેઠક પકડી રાખવા મથતો ગભરાયેલો માણસ બેઠેલો જોવામાં આવે તો ખસૂસ જાણવું કે એ મોટરગાડીમાં પહેલી જ વાર બેસે છે. જોઈએ તે કરતાં વધારે ચાલાકી બતાવતા, મૂખ ઉપર સહજ હર્ષ દર્શાવતા અને બીજા આગળ દબાઈને બેસવાની તૈયારી બતાવનાર મનુષ્યને જુઓ તો જરૂર માનજો કે એ પારકી ગાડીમાં બેઠેલો છે. માલિકનું સ્વાસ્થ અપૂર્વ હોય છે. બેસનારની મુખમુદ્રા અગર હસ્તછટા માત્રથી તમે કહી શકશો કે આ રહ્યો મોટરકારનો માલિક !

અરુણને આવી ગાડીઓથી અપરિચિત તો ન જ કહી શકાય; પરંતુ તે રંજન જેવિ ઝબકતી યુવતીથી તો અપરિચિત જ હતો. તેણે રંજન ભણી જોયા વગર રંજનની મૂર્તિ કલ્પનામાં ખડી કરી. તેના પોશાકની વિગત તેણે તપાસી. અંગ્રેજી પોશાક તો એ નહોતો જ; છતાં તે અંગ્રેજી પોશાકનું ભાન કેમ કરાવતો હતો ? હાથ વધારે ઉઘાડા હતા તેથી? કોણ જાણે ? બંગાળી ઢબનો પણ તે ન કહેવાય; જોકે કાંઈ પણ ખૂલતાપણામાં બંગાળી છાયા લાગતી હતી. દક્ષિણી ઘાટ પણ નહોતો; જોકે કેટલાંક

અંગ ચપસીને આવેલા વસ્ત્રો તેવો ખ્યાલ આપતાં હતગાં. પારસી છટા પણ ન કહેવાય; જોકે સાડીની કાળજીભરી અવ્યવસ્થાને લીધે છૂટા છેડાથી તેવો કદાચ ભાસ થાય. ત્યારે એણે શું પહેર્યું હતું? ગુજરાતી લઢણમાં બધી જાતના પોશાકની છાયા રંજને આણી હતી કે શું ?

મોટર એકએક અટકી. સામે એક નાનું મેદાન દેખાતું હતું; પાસે એક નાનું મકાન હતું. જનાર્દન ત્યાં ઊતરી ગયો. બધાંએ તેમને નમસ્કાર કર્યા. અરુણને ઉદ્દેશી તેમણે કહ્યું :

'તમે ક્યારે મળી શકશો ?'

'મારે તો અહીં કશું કામ નથી. આપનો આશ્રમ જોવાની લાલચે તો હું આવ્યો છું.'

'કાલે રાહ જોઉ ?'

'હા જી, કાલે જરૂર આવીશ.'

'હું કારમાં સાથે લઈ આવીશ.' રંજને જણાવ્યું : જનાર્દન છૂટા પડયા અને કાર રંજને પાછી વાળી પૂરી ઝડપથી ચલાવવા માંડી.

અરુણે ફરી રંજનનો વિચાર કરવા માંડયો. જેવો પોશાક અવનવો, તેવો દેખાવ અવનવો ! સો વર્ષ ઉપરની કોઈ ગુજરાતણ રંજનને એકાએક મોટર ચલાવતી જુએ તો તેને ઓળખી શકે ખરી ? તેને એમ લાગે ખરું કે રંજન એક ગુજરાતણ છે ? આવી છટા, આવી સફાઈ, આવી છૂટ તેનાથી સમજી શકાય ખરાં ? જગતભરમાં ચાલી રહેલી ક્રાન્તિનું રંજનના દેખાવમાં

પ્રતિબિંબ પડતું તો નહિ હોય ? એ જ પ્રતિબિંબ હોય તો ક્રાંતિ કેટલી મોહક કહેવાય ? શા માટે હિંદમાં ક્રાંતિની ભાવના પ્રસરતી નથી ?

'તમને મોટરકાર ફેરવવાનો શોખ છે કે ?' રંજને અરુણ સામે જોયા વગર જ અરુણને પૂછ્યું. અરુણના વિચાર અટકી ગયા. પ્રશ્ન પોતાને પુછાયો હતો કે કેમ તેની ખાતરી કારવા અરુણે રંજનની સામે જોયું. પ્રશ્નનો જવાબ ન મળવાથી ચાલતી ગાડી તરફનું ધ્યાન ખસેડી લઈ એક ક્ષણ રંજને અરુણના ભણી જોયું.

'મને પૂછ્યું ?' અરુણે ગૂંચવાઈને પ્રશ્ન કર્યો.

'હા.' હસીને રંજને કહ્યું. તેના હાસ્યમાં પણ કાંઈ નવીન મીઠાશ અરુણને દેખાઈ. હા કહી, હસીને રંજને નજર પાછી ગાડીના માર્ગ સામે લઈ લીધી પ્રકાશિત તારો ખરે અને પાછળ પ્રકાશની રેષા દોરાય એમ મધુર હાસ્યની એક રેષા દોરાયેલી અરુણને દેખાઈ.

'મને મહાવરો નથી.' અરુણે જવાબ આપ્યો.

'હું તમને ચાર દિવસમાં શીખવી દઈશ.' રંજને અરુણ સામે જોયા વગર જ કહ્યું.

તેજસ્વી યુવતીની સાથે પહેલી જ વાર વાતચીત કરનારને ભારે સંકોચ પણ થાય અને ન સહેવાય એવો ઉત્સાહ પણ આવે. રંજન સાથે વાતચીત કરવાની તેને ઈચ્છા થઈ; પરંતુ વાતચીતનો યોગ્ય વિષય તેને જડયો નહિ. જીવનમાં પહેલી જ વાર તેને લાગ્યું કે દરેક સ્થળે દેશસેવાની વાત થઈ શકે નહિ.

ક્રાંતિની ફિલસૂફીની પણ જીવનમાં મર્યાદા હશે. આ બે પ્રશ્નો સિવાય વાતચીત કરવા માટે તેની પાસે કશી તૈયારી નહોતી.

'તમને તો કેદખાનાનો પણ અનુભવ છે, નહિ ?' થોડી વારે રંજને પાછું પૂછ્યું. આ વખતે તેણે સામું જોયું નહિ. અરુણને ખાતરી થઈ કે આ પ્રશ્ન તો પોતાને જ પુછાયો છે. પોતાના પ્રિય વિષય સંબંધમાં બોલવાનું મળશે એમ ધારી તેને ન સમજે એવો આનંદ થયો. તેણે ઝટ જવાબ આપ્યો :

'હા.'

પરંતુ એથી આગળ શું કહેવું તેનીક પાછી તેને ગૂંચવણ પડી. આજે તેનાથિ નહિ જ બોલાય એમ લાગ્યું. રસ્તામાં કેટલાક ઓળખીતાઓની મોટરો પસાર થતી ત્યારે રંજનની સામે ઘણી ટોપીઓ ઊંચકાતી અને રૂમાલો ફરફરતા. રંજન દરેક તરફ મીઠાશભર્યા સ્મિતનો ટુકડો ફેંક્યે જતી. અરુણને જરા સ્વભાન આવ્યું. પોતાની તરફ ફેંકાયેલો સ્મિતનો ટુકડો પણ સ્મિતની પરબ માંડી બેઠેલી આ યુવતીના સામાન્ય ટુકડાઓ જેવો જ કેમ નહિ હોય ?

'કેટલો વખત રહ્યા ?' થોડી વારે પાછું રંજને પૂછ્યું.

'કેસ ચાલ્યો ત્યાં સુધી; એકાદ વર્ષ.' અરુણે કહ્યું.

અને એક વિશાળ બગીચામાં મોટરે પ્રવેશ ક્ર્યો. અરુણે જાણ્યું કે પોતાની બહેનનું ઘર આવ્યું. પગથિયાં આગળ મોટર અટકી. ત્રણે જણાં અંદરથિ ઊતર્યાં.

'ચાલો હું ભાભી પાસે લઈ જાઉં.' કહી રંજન અરુણને લઈ

સહજ આગળ ચાલી. એક ઓરડામાં બંનેએ પ્રવેશ કર્યો. એક સોફા ઉપર આડી પડેલી યુવતીએ ધીમે રહીને તેની સામે જોયું, અને તેનામાં એકાએક ચાંચલ્ય આવી ગયું. તે ઊઠીને સામે આવી.

'ભાઈ ! તમે ક્યાંથી ?' સુરભિએ અતિશય ભાવથી પૂછ્યું.

'તને મળવાને. પણ તું કેમ આવી થઈ ગઈ છે ?

અરુણે પ્રશ્ન કર્યો.

'કાંઈ નહિ, ભાઈ ! અમસ્તું જ.' કશી ઊંડી વેદના છુપાવતી હોય તેમ સુરભિએ જવાબ આપ્યો.

'કેમ અરુણ ? રસ્તામાં રંજને તો તમારું માથું ખાઈ નાખ્યું !' પાછળથી કૃષ્ણકાન્તે પ્રવેશ કરી પૂછ્યું.

# ૬ સ્થિતિનાં જંતુ

દિનને દીનાનાથે અજવાળાં આપિયાં,
અંધારી કેમ કીધી રાતલડી રે ?
વીજલડી હો !
**–ન્હાનાલાલ**

રંજન સ્ટેશને જઈ આવી એટલે તેણે મોં ધોઈ વાળ સમારવા જ જોઈએ. પોતે મોટરમાં બેસે કે પગે ચાલે, રસ્તા એસ્ફાલ્ટના બનાવેલા હોય તોપણ ધૂળ ઊડયા સિવાય રહે જ નહિ એવી તેની માન્યતા વિરુદ્ધ કોઈથી કાંઈ જ કહી શકાય એમ નહોતું. ધનિકોને ચોખ્ખાઈ ઘણી જ ગમે છે. કારણ કે મરજી પ્રમાણે ચોખ્ખાઈ રાખવાની તેમને સગવડ હોય છે. વડીલોના ઉત્તેજનથી રંજનને ચોખ્ખાઈની એટલી બધી ચટ આવી હતી કે ઘરમાં બેઠે પણ બબ્બે કલાકે 'ટોઈલેટ' કર્યા સિવાય તેને ચાલતું નહિ. એટલે તે ઊઠી, અને 'ભાભી ! હું હમણાં આવું છું.' કહી ત્યાંથી ચાલી ગઈ.

કૃષ્ણકાન્ત સુરભિની પાસે એક ખુરશી ઉપર બેઠા, અને તેના હાથ ઉપર પોતાનો હાથ તેમણે મૂક્યો. તબિયત જોવાનો જ કૃષ્ણકાન્તનો અભિનય હતો; પરંતુ સુરભિના મુખ ઉપર સંકોચ દેખાયો.

'કેમ ? તારે તબિયત સુધારવી નથી, ખરું ?' કૃષ્ણકાન્તે સુરભિને પૂછ્યું

'મને શું થયું છે ?' સુરભિએ બાજુએ જોઈ જવાબ આપ્યો.

'જો, તને ગમે એટલા માટે તારા ભાઈને લાવ્યો છું. એક અઠવાડિયામાં જો તારું વજન વધ્યું નથી તો...' કૃષ્ણકાંતની સિગાર હોલવાઈ જતાં તેમણે દીવાસળીની એક સુંદર ચળકતી પેટી કાઢી દીવાસળી ઘસી સિગાર પાછી સળગાવી. દરેક કામમાં આવડતનો હાથ જુદો જ પડે છે ફરફર ફર્યા કરતા વીજળીના પંખા નીચે બેઠેલા કૃષ્ણકાંતે સફાઈથી સળીની જ્યોત સાચવી પોતાની સિગાર સળગાવી.

'તો શું ?' સુરભિએ પૂછ્યું.

'તો પછી જોઈ લેજે.' હસીને કૃષ્ણકાન્તે કહ્યું.

રાત પડી હતી. શીતળ ભૂરો પ્રકાશ વીજળીના દીવામાંથીક આવતો હતો. અરુણ હજી સ્વસ્થ બની શક્યો નહોતો.

'અરુણ ! વહેલા જમી લેવું છે કે મારી સાથે ? આજે મેં કેટલાક મિત્રોને ખાણા માટે બોલાવ્યા છે.' કૃષ્ણકાન્તે કહ્યું. આ જમાનામાં આખા જગતની સાથે મહેમાનોને પણ ઘણી સ્વતંત્રતા મળે છે. પોતાની જ સાથે પોતાની જ ઢબે તેમને જમાડવા યજમાનો આગ્રહ રાખતા નથી.

'ભાઈ તો મારી સાથે જમશે.' સુરભિએ કહ્યું.

'Please yourself-તું ખુશી થા.' કહી કૃષ્ણકાન્ત ઊઠ્યા.

'ખાણાની વ્યવસ્થા જોઈ હું પાછો આવું છું.' કહી સુરભિ સામે સહજ હસી કૃષ્ણકાન્ત ઓરડીની બહાર ગયા. સિગારની આછી ધૂમ્રવલ્લી અને કડક મીઠાશભરી વાસ તેમની પાછળ રહી ગઈ.

ભાઈ અને બહેન એકલાં પડયાં થોડી ક્ષણ એકબીજા સામે તેમણે ટગરટગર જોયા કર્યું. અને એકાએક સોફાના હાથા ઉપર માથું મૂકીક સુરભિ ડૂસકે ભરાઈ ગઈ.

ભાઈબહેનના વહાલ સરખો નિર્દોષ સંબંધ જગતભરમાં બીજો નથી. બાળકના નિષ્કારણ હાસ્ય સરખું અકલંક, મિત્રોની મૈત્રી સરખું આકર્ષક, વિયોગી દંપતી સરખું વિહ્વળતાપ્રેરક અને પિતા-માતાના વાત્સલ્ય સરખું સ્વાર્થરહિત વહાલ ભાઈબહેન વચ્ચે જ હોઈ શકે.

અરુણ સુરભિની પાસે ગયો. ક્ષણભર ઊભો રહ્યો. અને તેને મસ્તકે હાથ મૂક્યો.

'બહેન !'

માનવીની ભાષાનો પવિત્રમાં પવિત્ર શબ્દ અરુણે ઉચ્ચાર્યો. રડતી બહેને મસ્તક ઊંચક્યું અને આંસુભરી આંખે ભાઈ સામે જોયું.

'કેમ આમ કરે છે ?' અરુણે વહાલથી પૂછયું.

સુરભિએ લૂગડાના છેડા વડે આંસુ લૂછી નાખ્યાં, અને જરા હસી જવાબ આપ્યો :

'કાંઈ નહિ, ભાઈ ! એ તો અમસ્તું. તમને જોઈને કોણ

જાણે કેમ કાળજું ભરાઈ આવ્યું. તમે આવ્યા એ મને ગમ્યું.'

સુરભિએ ઉત્સાહ લાવીને વાત કરવા માંડી; પરંતુ અરુણના મનમાં ખાતરી થઈ કે કોઈ પણ કારણથી સુરભિનું હૃદય દુઃખાયલું જ રહે છે. ભાઈબહેન વચ્ચે બે વર્ષનો ફેર હતો. સાથે રમેલાં ભાઈબહેન વચ્ચે ઊંડી સમજદારી હોય છે. તે બીજા સંબંધોમાં ભાગ્યે જ હોઈ શકે. ભાઈ પોતાના મનનું દુઃખ સમજી ગયો એમ ધારી ભાઈના મનમાં એ ડંખ વધારે સાલે નહિ એ માટે સુરભિએ ઘણી ઘણી આનંદપ્રેરક વાતો કરવા માંડી. વાતો કરતાં બંને જણાં ખૂબ હસતાં - નાનપણ જાણે પાછું આવ્યું હોય તેમ.

છતાં અરુણ બહેનનાં આંસુ ભૂલી શક્યો નહિ. સુરભિના ઘરમાં પાર વિનાનો વૈભવ હતો. કૃષ્ણકાન્ત ગર્ભશ્રીમંત હતા. તેમના દાદાના સમયથી તેમના કુટુંબમાં જાહોજલાલી શરૂ થઈ હતી. તેમના પિતાએ તે સાચવી અને વધારી. કૃષ્ણકાન્ત પણ સારું ભણ્યા અને પોતાના ધંધા ઉપરાંત સાહિત્ય, કલા, રાજ્યસુધારણા, સમાજસુધારણા એ બધા વિષયોમાં રસ લેતા થયા. તેમણે યુરોપ-અમેરિકાની મુસાફરી કરી હતી, અને તેમને સારાસારા યુરોપિયન અધિકારીઓ સાથે મૈત્રી હતી. ન્યાતજાતના ભેદને ન સ્વીકારતા યુરોપિયનો હિંદમાં આવે છે ત્યારે પોતાની જુદી ન્યાત ઊભી કરે છે એ કદાચ આ દુર્ભાગી દેશની અસરને લીધે જ હશે; પરંતુ એટલું તો ખરું જ કે તેમના સમાજમાં દેશીઓને તેઓ જરા પણ ભેળવતા નથી. એટલે યુરોપિયન ક્લબના એક જ દેશી સભાસદ હોવાનું માન કૃષ્ણકાન્તને મળ્યું એ ઉપરથી જ તેમનું યુરોપીય સમાજમાં કેટલું માન હતું તે સહજ જણાઈ આવે એમ છે.

તેમના પિતાની એવી માન્યતા હતી કે શિક્ષણની કલા યુરોપિયનો જેવી જાણે છે તેવી હિંદવાસીઓ જાણતા નતી. એટલે નાનપણથી જ તેમણે પોતાનાં બાળકો માટે આયા (નર્સ) તેમ જ શિક્ષકમિત્ર (Companion) તરીકે યુરોપિયનોને જ રાખ્યાં હતાં. આથી એમની પ્રતિષ્ઠા વધી એટલું જ નહિ પણ બાળકોને સ્વચ્છતાની અને વ્યવસ્થાની ઘેલછા લાગી. પહેરવેશને જીવનમાં મહત્ત્વનું સ્થાન અપાયું અને અંગ્રેજી ભાષાની વાક્પટુતા એકાએક આવી ગઈ. નાનાં ચાર-પાંચ કે છ-સાત વર્ષનાં બાળકોની ભાષા સ્વાભાવિક મીઠી હોય છે; અને એટલી ઉંમરે ભલભલા ગ્રેજ્યુએટોને ગભરાવે એવી ચબરાકીથી અંગ્રેજી ભાષા બોલવામાં આવે ત્યારે તેની મીઠાશ હજારગણી વધી જાય છે. 'બાપા' કે 'બા' જેવા ગામઠી ઉચ્ચારોને બદલે ડેડી, પપ્પા, મમ્મી, મા - ગુજરાતી 'મા' નહિ પરંતુ ઇંગ્લિશ Mamaનું ટૂંકું રૂપ - એવાં વહાલાં લાગે એવાં સંબોધનો સાંભળી પિતાનું હૃદય હર્ષથી ઊછળતું. 'ડેન્સ લિટલ બેબી' કે 'હોમ' જેવી કવિતાઓ ખરા ઉચ્ચારો સાથે નાનો કૃષ્ણકાન્ત કે બાળકી રંજન બોલે ત્યારે પિતાને એમ લાગતું કે અંગ્રેજી શિક્ષણ પાછળ ખર્ચેલો પૈસો પ્રમાણ પડયો છે; અને એ બાળકોને 'ગુડ મૉર્નિંગ'થી શરૂ કરી દસ-દસ મિનિટ કે પા-પા કલાક સતત અંગ્રેજો અગર અંગ્રેજોનાં પ્રતિબિંબો સાથે વાત કરતાં સાંભળે ત્યારે હર્ષઘેલા પિતાને લાગતું કે પોતાની સાત પેઢીનો ઉદ્ધાર થઈ ગયો છે.

આ ઢબમાં ઊછરેલાં કૃષ્ણકાંત અને રંજન સહુનું ધ્યાન ખેંચે એમાં આશ્ચર્ય ન કહેવાય. ત્રણ પેઢીની શ્રીમંતાઈએ કૃષ્ણકાંતને અતિશય ઉદાર બનાવ્યો હતો. તેની ઉદારતાનો લાભ લેનાર સહુ

કોઈ લાભ લીધા પછી તેને ઉડાઉનું વિશેષણ લગાડતા. ધનપ્રાપ્તિ ઘણી વખત યંત્ર સરખી નિયમિત અને સરળ બની જાય છે. નિયમિત રીતે થયા કરતા સૂર્યોદયને માટે જેટલી આપણે મહેનત કરવી પડે છે. તેટલી જ મહેનત કૃષ્ણકાંતને તેમના ધનોપાર્જન માટે કરવી પડતી. પિતા તથા પિતામહે ચાલુ કરેલું ચક્ર ફર્યા જ કરતું હતું; એ ચક્ર ફર્યા કરે છે એટલું ક્ષણ બે-ક્ષણ જોવા પૂરતું જ કૃષ્ણકાંતને હવે કામ રહ્યું હતું. એટલે મિત્રો અને સમાજોમાં તે પોતાનો ઘણો સમય ગાળી શકતો.

તેને કલેશ અગર કંકાસ જરા પણ પસંદ નહોતાં. સુખમય સરળ જીવન ચાલ્યું જાય એ જ તેનું ધ્યેય હતું. સુરભિની સાથે તેનાં લગ્ન થયાં. સુરભિ અને તેના પિતાને સ્વાભાવિક રીતે લાગ્યું કે આથી વધારે સારું ભાગ્ય કોઈ હોઈ શકે નહિ. અરુણ પણ જાણતોહતો, સુરભિનું જીવન અતિશય સુખમય છે. પોતાના ઘરની વાત કરતી સુરભિ સદા પ્રફુલ્લ થતી. અરુણે ભયંકર બાજુ પસંદ કરી હતી. તથાપિ પોતાની વહાલી બહેન સુખ-આનંદમાં રહે છે એ જાણી તેને પણ સંતોષ થયો હતો. એટલે આજે સુરભિને આંસુ ઢાળતી જોઈ તેનું હૃદય દુખાયું. બહેન એ પ્રસંગ ભુલાવવા માગતી હતી છતાં એ ન ભૂલી શક્યો.

એક નોકરે આવી નમ્રતાથી કહ્યું :

‘સાહેબ શીશીઓ મંગાવે છે.’

‘જા જા, શીશીવાળો આવ્યો છે તે ! ચાલ્યો જા અહીંથી !’ સુરભિએ એકાએક મિજાજ ખોઈ નોકરને ધમકાવ્યો. આ નોકર ભારે પગારનો રસોઈયો હતો. અંગ્રેજી ઢબનું ખાણું બનાવીને

પીરસવાનું હોય ત્યારે જ તેની પાસે કામ લેવામાં આવતું. તે મોંઘો હતો; ધમકાવવા માટે સર્જાયલા નોકરોમાં તે જ એકલો ધમકીથી પર ગણાતો.

મોઢું ચડાવી નોકર ચાલ્યો ગયો.

'તું આવી ચીડિયણ ક્યાંથી બની ગઈ ? એને શીશી કેમ ન આપી ?' અરુણે પૂછ્યું. સુરભિનો સ્વભાવ ચીડિયો નહોતો એ અરુણ જાણતો હતો.

'ભાઈ ! એને શીશીઓની લત લાગી છે !' સુરભિના બોલમાં ભારે દર્દ હતું.

'કોને !' જરા આશ્ચર્યથી અરુણે પૂછ્યું.

'તે તમે સમજો.'

'કૃષ્ણકાન્તને ?'

સુરભિએ કાંઈ જવાબ આપ્યો નહિ. અરુણ પણ કાંઈ બોલ્યા વગર થોડી વાર બેસી રહ્યો. તે જાતે નિર્વ્યસની હતો; જગતની ભારે ગરીબીમાં વ્યસનને સ્થાન હોવું ન જ જોઈએ એવી તેની માન્યતા હતી; જોકે તેણે ઘણા ગરીબોને વ્યસનમાં સપડાયલા જોયા હતા; પરંતુ તે ગરીબ અને તવંગરના દોષ વચ્ચે સર્વદા એક ભારે ભેદ નિહાળતો. ગરીબોના દોષ દયાપાત્ર છે. જ્યારે તવંગરના દોષ ધિક્કારપાત્ર છે. ગરીબનું પાપ એ ન છૂટકાનો અકસ્માત છે, તવંગરનું પાપ એ જાણીજોઈને આદરેલો અત્યાચાર છે.

અરુણના ક્રાંતિવાદમાં તલવારની ધાર સરખું નિયમન હતું; પરંતુ એ નિયમનમાં ધર્મની ભીરુતા નહોતી. પાપપુણ્યની વ્યાખ્યા સમયાનુસાર ફરતી રહે છે. પ્રભુને ન ગમે એ પાપ એમ નહિ. પણ જગતમાં વસતા દરેક માનવબંધુને દુ:ખદાયક થઈ પડે એ પાપ, એમ તે ધારતો હતો. ગાંધીવાદમાં પરાક્રમરહિત દૈન્ય ઉપરાંત ધર્મઘેલછા હતી એ પણ તેના ગાંધીવાદ પ્રત્યેના અણગતમાનું એક મુખ્ય કારણ હતું. એટલે મદ્યનિષેધની પ્રવૃત્તિ સમાજને ઉપકારક છે એટલું જ માનીને એ બેસી રહેતો. મદ્યપી એ પાપની મૂર્તિ છે એમ તે નહોતો માનતો. માનવી પોતાની વૃત્તિઓને ક્યાં સુધી તૃપ્ત કરી શકે તેના સિદ્ધાંતની ગૂંચવણ વિચારતો અરુણ બહેનની સામે જોતો બેસી રહ્યો.

ધીમે ધીમે હસતે મુખે કૃષ્ણકાન્તે ઓરડામાં પ્રવેશ કર્યો. સુરભિએ મોં ફેરવી લીધું. કૃષ્ણકાંત ખરેખર સારો માણસ ન હોત તો પોતાની પત્નીએ કરેલા આવા ખુલ્લા તિરસ્કાર બદલ એ શું કરત એ હિન્દુ સમાજમાં કોઈ પણ સમાજમાં - અજાણ્યું નથી. પરંતુ કૃષ્ણકાંતે આગળ આવી મુખમાં જરા પણ ફેરફાર કર્યા વગર પૂછ્યું :

'સુરભિ ! પેલી શીશીઓ તેં મૂકી છે ?'

'તમને કોણે કહ્યું ?'

'બટલરે.'

'હા, મેં મૂકી છે. કેમ શું છે ?'

'અત્યારે કાઢી આપ ને ! ડિનરમાં જોઈશે.'

'હું એક પણ શીશી કાઢી નહિ આપું. તમે શું માંડયું છે ?'

'Don't be silly, કમિશનર અને કલેક્ટર ડિનર ઉપર આવવાના છે અને તું ન કાઢી આપે એ ચાલે !'

'ગમે તે છો ને આવે ! દારૂ વગર ચાલે જ નહિ એવું શું છે ?'

'હા...હા...હા...' કૃષ્ણકાન્ત જરા મોટેથી અંગ્રેજીક ઢબે હસ્યા. હસવાની પણ જુદી જુદી અનેક ઢબ હોય છે એ કોઈથી ભુલાય એમ નથી.

'જો ને અરુણ ! આ સુરભિ શીશીમાં જે કાંઈ ભરેલું હોય તેને દારૂ જ માને છે. તું કહીશ તો કદાચ માનશે કે એ

દારૂ નહિ પણ લિક્યૉર્સ છે. As good as sharbat.'

સારામાં સારો છેલ્લી ઢબનો ઉચ્ચાર કર્યાથી શબ્દના અર્થમાં ફરે શી રીતે પડે એ અરુણને સમજાયું નહિ. સુરા કહો, શરાબ કહો કે લિક્યૉર કહો, પણ તેનો અર્થ તો એક જ થશે. અલબત્ત, નશાનું પ્રમાણ ઓછુંવધતું હોવાને કારણે કેટલાક પ્રકારના મદ્યનો સભ્ય યુરોપીય સમાજમાં નિષેધ નથી એ વાત અરુણ જાણતો હતો.

તે ગમે તેમ હોય. અરુણ મદ્યમીમાંસાનો અભ્યાસી નહોતો. એટલે જાણકારને સહજ સમજાય એવા ભેદભાવની તેને ગમ નહોતી. તેને માત્ર એટલું જ લાગ્યું કે સુરભિ જક કરતી હતી એ વાસ્તવિક નહોતું. અને છાનીછપની રીતે આખી રાત ખુલ્લી રહેતી અંગ્રેજી દારૂની દુકાનોમાંથી ગમે તે પીણું લાવવા માટે કૃષ્ણકાન્તને પૈસાની, માણસની કે વાહનની ખોટ નહોતી. અરુને

કહ્યું :

'કાઢી આપ ને વળી !'

જે વસ્તુનો પોતાને ભારેમાં ભારે કંટાળો આવતો હતો તે વસ્તુ કરવા ભાઈ આગ્રહ કરતો હતો એ સુરભિને ગમ્યું નહિ. મુખ ઉપર કંટાળો દર્શાવી જરા અટકી સુરભિ ઊઠી, અને કબાટ પાસે જવા લાગી. કૃષ્ણકાન્તને સુરભિની આંખ લુખ્ખી લાગી; પત્નીની આંખ વહાલથી ઊભરાતી જોવા ઈચ્છતા કૃષ્ણકાન્તે કહ્યું :

'નહિ, નહિ. તને ન ગમે તગો રહેવા દે ! Please your self.' એટલું કહી તે ઓરડામાંથી ચાલ્યો ગયો.

બહેન અને બનેવી વચ્ચેના વૈષમ્યમાં કોનો વાંક હશે તેનો વિચાર કરતાં અરુણનું ધ્યાન આછી સુવાસ તરફ ખેંચાયું. સુવાસ ફેલાવતાં સાદાં પણ મનોહર રીતે વીંટાયલાં કપડાંમાં રંજને પ્રવેશ કર્યો. તરવરાટની મૂર્તિ સમી રંજને ઝડપથી સૂરભિ પાસે ઊભા રહી અરુણને કહ્યું :

'અરુણભાઈ ! આવો. હું તમને એક મોટા સાક્ષર સાથે ઓળખાણ કરાવું.'

'કેમ આ કપડાં પહેર્યાં છે ? ડિનરમાં જવું નથી ?' સુરભિએ રંજનને પૂછ્યું.

'ના રે ! હું તો તમારી સાથે જ જમીશ. મને એ ધાંધલ ફાવતું નથી.' રંજને જવાબ આપ્યો.

રંજનને ધાંધલ ન ફાવે એ નવાઈની વાત હતી. સવારમાં

જાગે ત્યારથી તે રાત્રે સૂએ ત્યાં સુધી - કદાચ ત્યાર પછી નિદ્રામાં પણ - ધાંધલ વગર રહી ન શકતી રંજનનું આ કથન પણ બીજા કોઈ ધાંધલની તરફેણમાં જ હશે એમ અરુણને લાગ્યું. ધનવાનોની ખાલીખમ જિંદગી આવાં - ડિનર -સરખાં જ - ધાંધલોથી ઊભરાયલી રહેતી હોવી જોઈએ !

'કેમ, ચાલશો ને ?' રંજને અરુણને પૂછ્યું.

'મને સાહિત્યમાં બહુ સમજ પડતી નથી.' અરુણે કહ્યું.

'હરકત નહિ; સાહિત્યમાં બહુ સમજની જરૂર નથી.' કહી રંજન હસી.

'કોણ આવ્યું છે ?' સુરભિએ પૂછ્યું.

'વિમોચન.'

'એ તો ડિનર ઉપર આવ્યા હશે !'

'હા. પણ જરા વહેલા આવ્યા, મને મળવા માટે.' રંજને કહ્યું, અને ન સમજાય એવું સ્મિત કર્યું.

'ત્યારે તો બીજા કોઈને શા માટે બોલાવો છે !' સામુ સ્મિત કરી સુરભિએ પૂછ્યું.

'એમસ્તો. તમને સમજ નહિ પડે ! ચાલો અરુણભાઈ !'

અરુણ ઊભો થયો અને રંજનની પાછળ ચાલ્યો. રંજન ઊભી રહી અને અરુણની સાથે અડોઅડ ચાલવા લાગી. અરુણ પોતાને સુધરેલા વિચારનો માનતો હતો, છતાં તે સંકોચાયો.

'આટલું બધું પાસે ચાલવાની જરૂર હશે ખરી ?' તેણે પોતાના જ મનને પ્રશ્ન પૂછ્યો.

# ૭ સાક્ષર

ભાષાને શું વળગે ભૂર ?
જે રણમાં જીતે તે શૂર.
**અખો**

રંજનનો ઓરડો રંજન સરખો જ તેજસ્વી, સ્વચ્છ અને છટાદાર હતો. વીજળીના દીવાની સુંદર રંગની રોશનીને લીધે ઓરડાનું વાતાવરણ અપાર્થિવ લાગતું હતું. નાટકના તખ્તા ઉપર દેવભૂમિ કે પરીસ્તાન બતાવવામાં આવે અને નાટકના રસિયાઓ તે જોઈને જેમ 'અ હા હા હા !' પોકારી ઊઠે, તેમ રંજનના ઓરડાની પ્રકાશવ્યવસ્થા જોનારને પણ તેવો જ ઉદ્‌ગાર કાઢવાનું મન થતું. શુષ્ક અરુણ પણ પ્રથમ તો ઝંખવાયો.

પગ ઉપર પગ નાખી, ખરશીની પીઠ ઉપર પોતાની પીઠનો સંપૂર્ણ ભાર મૂકી, ખુરશીના હાથા ઉપર મૂકેલા હાથને તર્જની વડે લમણા સાથે ટેકવી, વિચારમાં ઊંડા ઊતરી ગયેલા સાક્ષર વિમોચનનું રંજને અરુણને ઓળખાણ કરાવ્યું.

'વિમોચન. કવિ, - કે સાક્ષર ? શું કહું ?' ઓળખાણ કરાવતાં રંજને વિમોચનને જ પૂછ્યું.

'જે કહેશો તે !' ધ્યાનસ્થ વિમોચને જાગૃત થઈ જણાવ્યું.

નિરભિમાની સાહિત્યકારોને કવિ કહો કે સાક્ષર કહો તેની દરકાર નથી હોતી. બેમાંથી ગમે તે ઉપાધી ચલાવી શકે એવી સાદાઈ તેમણે કેળવી હોય છે.

અરુણે વિમોચનને નમસ્કાર કર્યા, વિમોચને ભાવપૂર્વક નમસ્કાર ઝીલ્યા. 'વેંત નમે તેને હાથ નમીએ' એ જૂના વિવેકસૂત્રને સાક્ષરો કદી ભૂલતા નથી. અલબત્ત, પહેલું સામાએ વેંત નમવું જોઈએ !

'તમે નામ તો સાંભળ્યું જ હશે.' રંજને અરુણને પૂછ્યું. વિમોચન સ્વસ્થતાભર્યું સ્મિત કરી રહ્યા. તેમનું નામ કોઈએ સાંભળ્યું ન હોય એવું કદી બને જ નહિ. એમ તે સ્મિતમાં વંચાતું હતું.

સરસ્વતીના વધતા જતા ઉપાસકોની સંખ્યા યાદ રાખવાનું કામ કઠણ છે એમ કહેનાર પ્રજાને સાક્ષરો ઘડતા નથી. છેલ્લામાં છેલ્લા રૂપગુણમાં નહિ; પરંતુ સમયને અનુલક્ષીને છેલ્લામાં છેલ્લા સાક્ષરનું નામ ન જાણનાર મનુષ્ય સમયના પ્રવાહ સાથે વહેતો નથી એમ કહેવામાં અડચણ નથી. વિમોચનનું નામ અરુણે સાંભળ્યું હતું એમ કાંઈ ઝાંખી સ્મૃતિ તેને થઈ આવી. એ નામ ક્યાં અને શા પ્રસંગે સાંભળ્યું હતું તે અરુણથી નક્કી થઈ શક્યું નહોતું. બૅંકમાંથી નાણાં ઉચાપત કરનાર કારકુન તરીકે, કે કેદખાનું તોડી ભાગી ગયેલા કેદી તરીકે, અથવા કોઈ રૂપવતીનું નાક કાપનાર પ્રિયતમ તરીકે કે એવી જ કોઈ વર્તમાનપત્રોમાં નિત્ય આવતી રસભરી વાર્તાના નાયક તરીકે, વિમોચન નામ સાંભળ્યું હતું કે કેમ તેની ચોક્કસાઈ તે કરી શક્યો નહોતો. માત્ર એ નામ કોઈ ઝઘડાના મધ્યબિંદુ તરીકે હતું એટલું તેને યાદ હતું. તે કવિ છે

અને સાક્ષર છે એમ રંજને કહ્યું એટલે તે ચોક્કસપણે જવાબ આપી શક્યો.

'હા; મેં વિમોચનનું નામ સાંભળ્યું છે.'

વિમોચનનું સ્વસ્થ સ્મિત સકારણ નીવડ્યું. રંજને તેને પૂછ્યું :

'અને આ અરુણભાઈનું નામ તમે પણ સાંભળ્યું હશે.'

'એ ભાઈના આવતાં પહેલાં તમે મને તેમનું ઈતિવૃત્ત કહ્યું હતું તે ઉપરથી તેમને જાણું' વિમોચને જવાબ આપ્યો.

'તે પહેલાં નહિ ?'

'ના. રાજકીય બાબતોમાં હું બહુ લક્ષ આપતો નથી.' વિમોચને કારણ જણાવ્યું. સાક્ષરોની પરિચયમર્યાદા વાસ્તવિક રીતે જ મર્યાદિત હોય છે. સાહિત્ય સિવાયની અન્ય અપવિત્ર વાતનો સ્પર્શ થતાં કાચબાના અંગની માફક તેઓ પોતાની સ્મૃતિ સંકોચી લે છે.

અરુણે વિમોચન સામે ટગરટગર જોયા કર્યું. કાંઈ કહેવા જતાં તે અટકી ગયો હોય એમ રંજનને ભાસ થયો.

આરામથી બેઠેલા સાક્ષર વિમોચન જરા ટટાર બેઠા. તેઓ દૂબળા હોવાથી લાંબા લાગતા કે લાંબા હોવાથી દૂબળા લાગતા હતા તે તેમની લંબાઈ-પહોળાઈનં માપ ફૂટપટ્ટીથી લેવાય નહિ ત્યાં સુધી ચોક્કસપણે કોઈ કહી શકે એમ નહોતું. સાક્ષરોમાં પણ જુદી જુદી ભાત હોય છે. કોઈ ઊંચા હોય છે તો કોઈ નીચા હોય છે; સ્થૂલ દેહ તેમ જ સૂક્ષ્મ દેહની યોગપ્રસિદ્ધ પ્રતીતિ પણ

તેઓ કરાવી શકે છે; તેમ જ કાવ્યના વીર, રૌદ્ર, હાસ્ય, કરુણ વગેરે વિધવિધ રસની પ્રેરક મુખછટાઓનું પણ તેમનામાં દર્શન થઈ શકે છે. આમ હોવાથી કોઈ પણ સાક્ષર-સંમેલન ફૂલગૂંથણી સરખું રમ્ય અને મનોહર બની રહે છે.

પરંતુ રસવર્ધક વૈવિધ્યની અને સાક્ષરત્વની કોઈ અદ્ભુત એકતા વ્યાપી રહી હોય છે. સાક્ષર કાળા હોય કે ગોરા હોય, ઊંચા હોય કે નીચા હોય, જાગતા હોય કે ઊંઘતા હોય, હસતા હોય કે લડતા હોય, તથાપિ સાક્ષરત્વનો કોઈ અનુપમ ઓપ તેમના મુખ ઉપર ચમકતો હોય છે, અને તે ઉપરથી ‘આ રહ્યા સાક્ષર !’ એમ રાતના અંધારામાં પણ કોઈ માણસ કહી આપે એમ છે.

‘પણ આજકાલ તો રાજકીય બાબતો જ મહત્ત્વની થઈ પડી છે.’ રંજને વાત આગળ લંબાવી.

‘એમ ભલે લાગે, પરંતુ રાજકીય પ્રશ્નોનું મહત્ત્વ ક્ષણજીવી છે.’ વિમોચને અભિપ્રાય આપ્યો.

‘શા ઉપરથી કહો છે ?’ અરુણથી રહેવાયું નહિ.

‘એમાં વિવાદને અવકાશ જ નથી. સ્વયંસ્ફુટ સત્ય છે.’

‘મારાથી ન સમજાયું.’

‘શેક્સપિયર જીવે છે. એલિઝાબેથ અને તેના રાજ્યપ્રસંગો આપણે ગોખીએ છીએ છતાં ભૂલી જઈએ છીએ. સાહિત્યનું જીવન લાંબું કે રાજ્યનું ?’

'તમારા સાહિત્યના વિવેચકો પણ સાહિત્યને સમયના રમકડા તરીકે ઓળખાવે છે. એલિઝાબેથનો યુગ ન હોત તો શેક્સપિયર થયો ન હોત.'

'એ ચર્ચાનો અંત આવે એમ નથી. મહાપુરુષોને સમય ઘડે છે કે સમયને મહાપુરુષ ઘડે છે ? છેલ્લો જવાબ કોણ આપી શકે ?'

'એ ચર્ચામાં જ રાજકીય પ્રશ્નોનું ચિરંજીવી મહત્ત્વ છે.'

'રાજકીય પ્રશ્ન ચિરંજીવી ? ચિરંજીવી કહો તો તે માત્ર સાક્ષરનો અક્ષરદેહ ! બીજું બધું જ અલ્પજીવી !'

'હું તો સાક્ષર કે અક્ષર કોઈને ન ઓળખું. ચિરંજીવી કાંઈ પણ હોય તો તે પ્રજાનો લશ્કરદેહ ! અને લશ્કર એટલે રાજ્ય !'

સાક્ષરી યુદ્ધને અંત નથી. તેનું યુદ્ધ ઉપસ્થિત કરનારે જગતના સુખનો પ્રથમ વિચાર કરવાનિ જરૂર છે. રંજનને કદાચ સૂઝી આવ્યું હશે કે આ યુદ્ધનો દાવાનળ જગતભરમાં પ્રસરી જશે, એટલે તેણે વાત બદલવા પ્રયત્ન કર્યો અને વિમોચનને પૂછ્યું :

'તમારું નવું કાવ્ય કોને અર્પણ કર્યું ?'

'તમને જ.'

'મેં તો ના પાડી હતી.' જારા ઉગ્રતા દર્શાવી રંજને કહ્યું.

'તેથી તો મેં માનસિક અર્પણ કર્યું છે.'

રંજન હસી : 'તમારા જેવા કવિઓને આ માનસિક રસ્તો

સારો જડયો છે !'

'એમ માનસવ્યાપારમાં જ જીવીએ છીએ.' કવિએ જવાબ આપ્યો, અને રંજના સ્મિતભર્યા મુખ સામે તેઓ જોઈ રહ્યા.

'શાનું કાવ્ય છે !' મેજ ઉપર મૂકેલું એક સુંદર પૂંઠાવાળું નાનકડું પુસ્તક વિમોચને રંજનને આપ્યું એટલે અરુણે પૂછ્યું. તેને લાગ્યું કે આ સાક્ષરની પ્રથમ મુલાકાત હવે વધારે મિષ્ટ બનાવવી જોઈએ.

'પુષ્પનો પ્રાણ !' વિમોચને જવાબ આપ્યો. શબ્દના ઉચ્ચારણમાં કવિ-સાક્ષર પ્રાણ તરી આવતો હતો.

'પછી એ પ્રાણ રહ્યો કે ગયો ?' અરુણથી રહેવાયું નહિ, એટલે તેણે પૂછ્યું.

રંજન ખડખડાટ હસી. કવિ-સાક્ષર વિમોચન પોતાનાં કાવ્યો વિષે હાસ્યપ્રેરક વાક્યો સાંભળવા જરા પણ ટેવાયા નહોતા. વીરરસ તેમને સાધ્ય નહોતો એમ કહેવાય એવું નહોતું. કારણ તેમણે વાંકી ભ્રૂકુટિ કરી જાહેર કરી દીધું કે અરુણની અને તેમની વચ્ચે હવે સુલેહની આશા નથી.

હાથીની સાઠમારી નિહાળી પ્રસન્ન થતી કોઈ ગર્વભરી રાજકુમારી સરખી રંજન આ બંને પુરુષોને અથડાતા જોઈ જરા પ્રસન્ન થઈ. તેણે 'પુષ્પનો પ્રાણ' ઉઘાડી અરુણને આજ્ઞા કરી :

'સાંભળો. હું આમાંથી એક કાવ્ય વાંચું.'

કાવ્યો હવે ગાવા માટે હોતાં નથી, વાંચવા માટે જ હોય છે.

શાળાઓના શિક્ષણે કાવ્યો વાંચવાની પ્રથા પાડી છે, અને કવિ ન્હાનાલાલે 'ગુંજન'ની સંભાવના આપી કાવ્યો ગાવાની જૂની પ્રથાને મૃતપ્રાય બનાવી દીધી છે. રંજને એક કાવ્ય વાંચવા માંડયું :

સુમન કહું કે કુસુમ કહું ?

પરિમલગૃહ કે પુષ્પ કહું ?

ઓ ફૂલ !

શા મૂલ !

અય ગુલ !

દિય ઝુલ !

જો પુકારે દર્દી બુલબુલ !

આ મધુર ગુલગુલાટ અને બુલબુલાટ આગળ વધત; પરંતુ એક માણસે બારણા ઉપર ટકોરા મારી, અંદર પ્રવેશી વિમોચનને કહ્યું :

'સાહેબ આપને બોલાવે છે.'

'ઠીક ત્યારે, રંજન ! હું જાઉં છું. સવારે મળીશ.' વિમોચને જણાવ્યું.

'સવારે તો હું અરુણભાઈની સાથે જવાની છું.'

'ક્યાં ?'

'જનાર્દનના આશ્રમમાં, પણ સાંજે હું ઘેર જ રહીશ અને

આજ રાતમાં જ તમારું કાવ્ય વાંચી જઈશ.'

'સારું, સાંજે અભિપ્રાય જાણવા આવીશ.' કહી વિમોચને અરુણ સામે જોયા સિવાય ઓરડો છોડયો.

# ૮ સામીપ્ય

યોગીઉરે કંટક આ હશે શું ?
આ રાગ ત્યાગી ઉરમાં રહ્યો શું ?
બુદ્ધિ મહીં આ દિલનો ઝરો શું ?
પાષાણમાં રોપ ઊગ્યો હશે શું ?

**કલાપી**

સવારમાં ઊઠીને ચારે જણે નાસ્તો લીધો. અંગ્રેજી ઢબની ચા એકલી પિવાતી નથી; તેની સાથે બિસ્કિટ, ટોસ્ટ, કેક વગેરે હોવાં જ જોઈએ. જેને જેમ ફાવે તેમ બેસીને એ ચા પી શકાય નહિ; સફેદ વસ્ત્ર પાથરેલા મેજની આસપાસ ગોઠવેલી ખુરશીઓ ઉપર પગ નીચે મૂકી બહુ ટટાર નહિ એવી ઢબે બેસવું જોઈએ. સામું મેજ આરામ લેવાનું સાધન છે એમ માની તેના ઉપર કોણી ટેકવવાની ભૂલ કદી તેમાં થવી ન જોઈએ.

એ ઢબમાં ચાના પ્યાલા ઘરના કોઈ ગુપ્ત ખૂણામાંથી ભરાઈ ભરાઈને બહાર આવતા નથી. ચા, દૂધ અને સાકર જુદી જુદી ઠરી ચૂકેલી સુશોભિત આકૃતિવાળાં કાચનાં વાસણોમાં મેજ ઉપર મુકાય છે, અને જેને જે જોઈએ તે તેમાંથી લઈ શકાય છે. પ્યાલાની નીચે મૂકવામાં આવતી રકાબી એ ચા ભરવાનું તળાવ

નથી એમ સહુથી પ્રથમ જ્ઞાન થવાની જરૂર છે. પ્યાલો એ પાંચે આંગળીએ પકડવાની વસ્તુ નથી, તેમ તેની દાંડી એ આંગળીએ ટીંગાડવાનું વર્તુલ નથી એ ખાસ સમજવું જોઈએ, આસપાસનાં પચીસ ઘર ગાજી ઊઠે એવા સુસવાટા સાથે ચા પીવાની ટેવ જેને હોય તેને અંગ્રેજી ઢબની ચા પીવાનો અધિકાર નથી એમ સિદ્ધ થઈ ચૂક્યું છે. પ્યાલા; રકાબી અને ચમચાના કિણકિણાટ સિવાય બીજો અવાજ થાય નહિ એ પ્રમાણે ધીમે ધીમે રમતે ઘૂંટડે ચાનું પાન લંબાવવું જોઈએ. નાની નાની રમૂજી વાતચીતનો પ્રવાહ આદિથી અંત સુધી ચાલ્યા જ કરવો જોઈએ. પુરુષોએ બનતા સુધી અંગ્રેજી ઢબમાં વસ્રો - અથવા ઉપવસ્રો - જો પોતાનું જ ઘર હોય તો - પહેરેલાં હોવાં જોઈએ; પરંતુ હિંદમાં કોઈ પુરુષે દેશી ઢબનાં વસ્રો પહેરેલાં હોય તો હવે તે નભાવી લેવા જેટલું સ્વદેશાભિમાન વધી ગયું છે.

રંજન ધારતી ત્યારે છટાદાર વાર્તાલાપ કરી શકતી : વર્તમાન સમય બહુશ્રુતપણું માગી લે છે. છાપ પાડવી હોય તો ઘણી વાત જાણવી જોઈએ, અને કહેવી જોઈએ. તેણે ઘણી વાતો કરી. કૃષ્ણકાંતમાં પણ એ આવડત હતી જ. યુરોપીય સમાજમાં ફરેલો માણસ તેની સ્વસ્થ, સંકોચ રહિત અને સહજ સ્વભાવની ઝાંખી કરાવતી વાતચીત ઉપરથી તરત ઓળખાઈ આવે છે.

‘ભાઈ ! અંગ્રેજો વિષે અરુણભાઈના વિચારો બદલાય ખરા કે નહિ?’ વાતમાં ને વાતમાં રંજને પૂછ્યું.

‘કદાચ ન બદલાય. હું માનતો હતો કે જો અરુણ યુરોપની મુસાફરી કરે અગર અહીંના યુરોપીય સમાજમાં ફરે તો તેના

વિચારો બદલાય. એ માટે તો હું એને અહીં લાવ્યો છું; પરંતુ મેન હવે શંકા પડે છે.' કૃષ્ણકાંતે કહ્યું.

'ત્યારે અરુણભાઈ ખરા અને તમે ખોટા, નહિ ?'

'એમ પણ બને.'

અરુણ આ વિષયની વાત અહીં થશે એમ ધારતો નહોતો. પોતાના ક્રાંતિવાદ વિષે કૃષ્ણકાંતને ખબર હતી જ. કૃષ્ણકાંત મૂડીવાદના પૂતળારૂપ હતા. તેને નવાઈ લાગી : શા માટે કૃષ્ણકાંત અરુણના વિચારો તગરફ ઢળતા હતા ! ગઈ રાતે જ તેમણે યુરોપીય અમલદારને ખાણું આપ્યું હતું. તે ચા પીતાં પીતાં જરા અટક્યો અને વિચારમાં પડયો.

'તમે તો કાંઈ ખાતા જ નથી !' રંજને અરુણને ટોકી વિચારમાંથી જાગૃત કર્યો. અરુણે એક બિસ્કિટ ઉપાડયું.

'હા...પણ તેમ ચાની વિરુદ્ધ હશો !' રંજને પૂછયું.

મહાત્માજીએ દેશસેવાના આદર્શમાં એટલો બધો ફેરફાર કરી નાખ્યો છે કે દેશસેવકમાં સહુ કોઈ સંપૂર્ણતા જોવાને જ ઈચ્છે છે. બાર-પંદર વર્ષ ઉપર વિદેશી વસ્ત્રો પહેરી સ્વદેશીના લાભ સમજાવવાનું બની શકતું હતું; સાહેબનાં કપડાં પહેરી અંગ્રેજોને માર્મિક ચાબખા મારનારને હર્ષપૂર્વક સાંભળી શકતો; ખાસ સલૂન જોડાવી મુસાફરીની મોજ કરતા દેશસેવક, વકીલ કે લક્ષાધિપતિ મિલમાલિકને હિંદના ગરીબ બિચારા ખેડૂતોનું કરુણાજનક વર્ણન કરવાનો સંપૂર્ણ હક્ક હતો; પરંતુ હવે તે સમય રહ્યો નથી. દેશસેવક કહેવરાવનારને તલવારની ધાર ઉપર રહેવું પડે છે.

ધોળી ટોપી પહેરનાર ચા પીએ તોપણ લોકોને તે ખૂંચે છે, તે બીડી પીએ તો તેના તરફ ઉત્પન્ન થયેલો પૂજ્યભાવ ઓછો થઈ જાય છે. અને ઘણી વખત લોકો મોઢે ચડીને પણ કહે છે :

'કેમ ભાઈ ! ધોળી ટોપી પહેરો છો ને ચા-બીડી છોડતા નથી ?'

વળી એ મહાપુરુષનો વિરાટ પડછાયો આખા દેશ ઉપર ચડી રહ્યો છે. દેશોન્નતિના કોઈ પણ પ્રશ્ન ઉપર વાત નીકળતાં હિંદીની તરફેણમાં અગર અંગ્રેજોની વિરુદ્ધમાં બોલનાર ગમે તે વ્યક્તિ હોય તોપણ તેને ગાંધીજીનો અનુયાયી ધારવામાં આવે છે. પૂર્વના નેતાઓ ખૂણે પડી ગાયા છે, ને પ્રજાના સ્વીકૃત નેતાઓ સઘલા ગાંધીજીના અનુયાયી બની ગયેલા છે. એટલે 'નવજીવન' હાથમાં રાખી ફરતો ખાદીધારી ગામડિયો અગર સભાઓ ધ્રુજાવતો શહેરી ગ્રેજ્યુએટ ગાંધીજીની વ્યાપક મૂર્તિ ખડી કરે છે.

અરુણને એ મહાપુરુષની આવી વ્યાપકતા ગમતી નહિ. ગાંધીજી એક સમર્થ પુરુષ અને ત્યાગી લોકનેતા છે એમ તે અવશ્ય માનતો; પરંતુ તેમના અહિંસાના સિદ્ધાંત અને સંયમની અતિશયતામાં તે વિસારે પાડવા યોગ્ય ધર્મભાવનાના પુનરાવતારની કલ્પના કરતો. તે પોતે દેશસેવક હતો - પરંતુ ગાંધીપંથનો નહિ, એમ માનવા સર્વદા આતુર રહેતો. ગાંધીયુગથી આગળ વધેલો સામ્યવાદી પોતે છે એમ તેની માન્યતા હતી; ગાંધીજીને સામ્યવાદની ફિલસૂફી બરાબર સમજાતી નથી એમ તે ધારતો.

'હું ચાની વિરુદ્ધ હોઉં એમ શા ઉપરથી માન્યું ?'

'કારણ ઘણા દેશસેવકો ચા પીએ છે અને ચાની વિરુદ્ધ બોલે છે.'

'મને તો સુખનો શોખ છે. હું ગાંધીમતનો નથી.'

'ત્યારે કોઈ સારી નોકરી કેમ ન સ્વીકારી ?'

'રાજ્ય આપણું નહિ ત્યાં સુધી આપણને પૂરું સુખ નહિ મળે.'

'ગાંધીજી પણ એ જ કહે છે ને ?'

'મારો અને તેમનો માર્ગ જુદો છે. તેઓ માત્ર મરવામાં માને છે; હું મારીને મરવામાં માનું છું.' અરુણ જરા ખંચાયો. તેને લાગ્યું કે ગાંધીજી સાથેનો પોતાનો મતભેદ દર્શાવવામાં તેણે મિથ્યાભિમાન બતાવ્યું હતું. તઓ સમગ્ર જગતું ધ્યાન ખેંચતા મહાપુરુષ છે, અને પોતે ક્ષણજીવી - થોડા દિવસની વાહવાહ ભોગવી ભુલાઈ જનારો યુવક માત્ર છે. જ્યાં સુધી હિંસાત્મક ક્રાંતિવાદનો વિજય ન થાય ત્યાં સુધી કોઈની પન સરખામણી ગાંધીજી સાથે કરવાનું અશક્ય છે.

પરંતુ એ અશક્ય પરિસ્થિતિ તેને સર્વદા બળ અને પ્રેરણા આપ્યા કરતી હતી. વિજય મળશે તો તે અહિંસાને નહિ, હિંસાને જ, એમ તે ખાતરીપૂર્વક માનતો હતો.

તેનું વાક્ય સાંભળી કૃષ્ણકાંત તેની સામું જોઈ જરા હસ્યો અને બોલ્યો :

'That's it.'

આ બધી વાતચીતમાં સુરભિ કાંઈ રસ લેતી નહિ. જગતમાંથિ

આનંદ શોષાઈ ગાયો હોય એમ સારામાં સારો દેખાવ પણ તેનામાં ઉત્સાહ પ્રેરતો નહિ. માત્ર તેને આજે સહજ નવાઈ લાગી. કેવળ યુરોપિયનોનાં જ વખાણ કરનાર કૃષ્ણકાંત આજે પોતાના ભાઈની તરફેણમાં કેમ બોલતા હશે ?

ચા પીવાનો લાંબો વિધિ પૂરો થયો એટલે રંજને અરુણને સંભારી આપ્યું કે જનાર્દનને ત્યાં જવાનો સમય થયો છે. અરુણ તૈયાર હતો. દરેક નાનામોટા કાર્યને જુદાં જુદાં કપડાં હોવાં જોઈએ એવી માન્યતાનો તે ભક્ત નહોતો. ગાંધીયુગમાં ઉત્પન્ન થયેલી અનેક સરલતાઓમાં પોશાકની સરલતા બહુ ઉપયોગી થઈ પડે છે. ખર્ચ અને છટાની અનેક મુશ્કેલીઓ ઊભી કરતો પોશાક, અમલદાર અને અમલદારની ઓથ શોધતા સભ્ય અને સન્માનપાત્ર રાજ્યભક્તો સિવાયની સઘળી પ્રજા માટે હવે જરા પણ વિકટ રહ્યો નથી. ધોળું ધોતિયું, ધોળું પહેરણ અને ટોપી : એટલામાં આ યુગની આખી વસ્ત્રમીમાંસા સમાઈ જાય છે.

અરુણને ગાંધીમત સાથે અહિંસા સંબંધમાં વિરોધ હતો. તથાપિ એ મતમાં રહેલા શુભ અંશો સ્વીકારવા તે તૈયાર રહેતો. ખાદીની તેને ઘેલછા લાગી નહોતી; તકલી અને રેંટિયાની શક્તિમાં તેને શ્રદ્ધા નહોતી; છતાં પરાધીન ગરીબ દેશને માટે પ્રજાએ ઝીલેલી ગાંધીજીની વસ્ત્રભાવના તેને સ્વીકારવા સરખી લાગી હતી. એટલે હિંદમાં ઊભરાતા ખાદીધારી માનવસાગરનું તે પણ એક બિંદુ બની ગયો હતો.

અરુણને તો માત્ર માથે ટોપી જ મૂકવાની હતી - ઘણી વખત પોતાની સહજ જુદાઈ બતાવવા તે ટોપી પણ પહેરતો નહિ;

પરંતુ રંજનથી ચા પીતી વખતનાં કપડાં સાથે બહાર નીકળી શકાય એમ નહોતું. તેણે મોટર તૈયાર કરવા હુકમ કર્યો અને નવીન કપડાં પહેરવાની તૈયારી કરી.

કપડાં પહેરી તે બહાર નીકળી અને અરુણ તેના તરફ જોઈ જ રહ્યો. ગઈ કાલનાં ઝાકઝમાળ કિંમતી રેશમી કપડાંનાં ફૂલકાં, સઢ અને વળ આજે અરુણની નજરે પડયાં નહિ. તને બદલે સફેદ બાસ્તા સરખાં ધોળાં કપડાંમાં રંજન સજ્જ થઈ હતી. અલબત્ત, ગઈ કાલના પોશાક કરતાં આ ધોળો પોશાક વધારે સંયમભર્યો હતો; પરંતુ એ સાદા પોશાકમાં પણ કાંઈ અવનવી છટા અરુણે નિહાળી. કિંમતી પોશાક કરતાં આ સાદો પોશાક તેને ઓછો શોભતો નહોતો.

'ત્યારે એ છટા શાની ? કપડાંની કે દેહની ?' અરુણે પહેલી જ વાર રંજનને ધારી નીરખી.

'સ્વદેશી મિલનાં કપડાં તો હું ઘણી વખત પહેરું છું. પણ ભાઈસાહેબ! તમારી ખાદી નથી પહેરતી. શરીરમાં વાગે છે.' રંજન બોલી. પોતાના સાદા પોશાકથી જ અરુણ વિસ્મય પામ્યો હતો એ તેમણે સમજી લીધું હતું. શરદુત્સવમાં જરીકિનાખાબ, નાટકમાં આછા રંગભર્યું રેશમ અને ભાષણમાં ધોળું મલમલી સૂતર એમ ત્રિવિધ વેશ ધારણ કરનાર લક્ષ્મીસંપન્ન લલનાઓ વર્તમાન જાહેરજીવનનું એક જીવંત ચિત્ર છે ! - કે હતું ?

'હું પણ ખાદીનો આગ્રહ રાખતો નથી. સ્વદેશી વસ્ત્ર હોય તો બસ છે.' અરુણે જણાવ્યું.

બંને મોટરમાં બેઠા. અરુણ મોટરના એક ખૂણામાં ભરાયો - મોટરના ખૂણા ભરાવા માટે રચાયલા ન હોવા છતાં - તેણે સંસ્કારી તેજસ્વી યુવતીઓ જોઈ હતી; પરંતુ તે આટલી નિકટમાં નહિ. એકાંતમાં સ્ત્રીઓ ભય ઉપજાવી શકે છે એ તેણે પહેલી વાર જાણ્યું. તેણે બોલવા માટે બે-ત્રણ પ્રયત્નો કર્યા, પણ તે નિષ્ફળ ગયા. કાંઈ મૂર્ખાઈ ભરેલું પોતાનાથી બોલાઈ જવાશે એવી તેને બીક લાગ્યા કરી.

રંજન પણ શાંત હતી. તેના મુખ ઉપર સ્વમાનભર્યું સ્મિત હતું. સવારમાં તેને પરિચિત સ્ત્રી-પુરુષો બહુ મળ્યાં નહિ; છતાં તેનો ચહેરો તો હસમુખો જ હતો. આકશમાં તારા ઝગમગ થયા કરે તેમ રંજનના મુખ ઉપર સ્મિત ઝગમગ થયા કરતું અરુણને લાગ્યું.

એક યુરોપિયન જોડું સામેથી ચાલતું આવતું હતું. રંજને રૂમાલ કાઢી હવામાં હલાવ્યો. ગોરાં સ્ત્રી-પુરુષે જોયું - ન જોયું કર્યું. મોટર હાંકનારે મોટરની ગતિ ધીમી પાડી અને યુરોપીય સ્ત્રીપુરુષની પાસે મોટર ઊભી રાખી.

'ગુડ મૉર્નિંગ !' રંજને પેલા યુરોપીય યુગલને સંબોધી કહ્યું.

પુરુષે આડુંઅવળું જોયું; સ્ત્રીએ જૂઠાણાભર્યું સ્મિત કરી જવાબમાં ડોકું એક બાજુ નમાવ્યું, અને બંને આગળ ચાલ્યાં ગયાં.

રંજનનું સ્મિત ઊડી ગયું. તેના મુખ ઉપર અતિશય લાલાશ તરી આવી. તેની રમતિયાળ આંખ સખત બની. મોટર આગળ ચાલી.

Monkey Brand !' ધીમેથી તે બબડી.

'એ કોણ હતાં ?' હવે અરુણથી બોલી શકાયું.

'અહીંના કલેક્ટરસાહેબ અને એમનાં મડમ !'

'કેમ કોઈ થોભ્યું નહિ ? કલેક્ટર કાલે તો તમારે ત્યાં જમવા આવ્યા હતા !'

'એમને અને ભાઈને જરા બોલાચાલી થઈ, એટલે તેઓ આમ અપમાન કરીને અણગમો બતાવે છે!'

'શાની બોલાચાલી થઈ ?'

'તમારા સંબંધમાં.'

'મારા સંબંધમાં ? હું તો જમવામાં હતો નહિ.'

'છતાં તમારા વિષે ચર્ચા ચાલી હતી.'

'એ કેવી રીતે ?'

'હસતાં હસતાં ભાઈએ કહ્યું કે, "સરકારના એક શકદારને તો મેં સંઘર્યો છે." એટલે તેમણે પૂછપરછ કરી. ભાઈએ બધી વિગત કહી, એટલે કલેક્ટરસાહેબ કહે કે "તમે એવા શકદારને ઝડપથી દૂર કરો." ભાઈએ ના કહી એટલે તેઓ જરા ગુસ્સે થયા. કોણ એની દરકાર કરે છે !'

અરુણ વિચારમાં પડી ગયો; હું પોતે પોતાના એક નજીકના સંબંધીને મુશ્કેલીમાં નથી નાખતો ?

ગુનેગારને કેદમાં પણ સ્થાન હોય; શકદારને રાજ્યમાં ઊભા રહેવાનું પણ સ્થાન ન મળે ! અને શક શી બાબતનો ? દેશસેવાનો ? શું ઈચ્છાવાયોગ્ય ; દેશદ્રોહ ? કે રાજ્યદ્રોહ ?

# ૯ અહિંસા

જગજગનાં અંધારાં વામશે,
હો ! આવશે એવાં કો દેવનાં તેજ :
ઉરઉરનાં અંધારાં વામશે,
હોં ! આવશે એવાં કો બ્રહ્મનાં તેજ :

**–ન્હાનાલાલ**

મોટર અટકી અને અરુણની વિચારમાળા તૂટી.

‘આશ્રમ આવી ગયો.’ રંજને કહ્યું.

આશ્રમ એ ભવ્ય ઇમારત નહોતી; નાની કુટિરોની એક શ્રેણી હતી. એમાં પાસેનું મકાન જરા મોટું ઓસરીવાળું હતું. તેમાં એક ઓરડા હતો. એક-બે નાની ઓરડીઓ અને છૂટીછૂટી બેઠા ઘાટની બંગલીઓ આશ્રમની મર્યાદામાં દેખાતી હતી. પાછળ નાનું મેદાન હતું. છૂટાંછવાયાં ફૂલઝાડ અને લીમડાનાં વૃક્ષો લીલોતરીની ભાત પાડતાં હતાં.

અરુન અને રંજન પાસેની ઓસરી પર ચડયાં. માત્ર ધોતિયું પહેરી એક ધાબળા પર બેઠેલા જનાર્દન બંનેને આવતા જોઈ ઊભા થયા.

'આવો, આવો. હું તમારી જ રાહ જોઉં છું.' હાથમાં પુસ્તક હતું તે પાસેના એક નાના મેજ ઉપર મૂકી આગળ આવી જનાર્દને કહ્યું.

'જરા વાર થઈ ખરું ?' રંજને નમસ્કાર કરી પૂછ્યું.

'હરકત નહિ. હું ક્યારનો રાહ જોયા કરું છું કે હજી વીજળી કેમ ચમકી નહિ.'

અરુને રંજનની સામે જોયું. રંજને હસીને જવાબ આપ્યો :

'જનાર્દન મને વીજળી કહે છે.'

અરુણને એ ઉપનામ ખરું લાગ્યું. એણે સંમતિદર્શક સ્મિત કર્યું. મેજ ઉપર જનાર્દને મૂકેલા પુસ્તકને ઉદ્દેશી પૂછ્યું :

'આપ કયું પુસ્તક જોતા હતા ?'

'પુષ્પનો પ્રાણ.'

'વિમોચનનું ? આપની પાસે ક્યાંથી ?'

'હમણાં જ મને એ પુસ્તક આપી ગયો.'

'વિમોચન શું અહીં છે ?'

'હા, પોતાનાં સંગ્રામગીતો બધાંને સમજાવે છે.' જનાર્દને કહ્યું.

પોતાનાં ગીતો અન્યને મુખે ગવાતાં સાંભળી કયા કવિને હર્ષાશ્રુ નહિ આવ્યાં હોય ? પોતાનાં કાવ્યો જગતના માનવીઓ મુખપાઠ કરે એવા સાત્ત્વિક લોભ વગરનો કવિ હજી જગતમાં

અજાણ્યો જ છે.

'તમને એ પુસ્તક કેવું લાગ્યું ?' રંજને જનાર્દનને પૂછ્યું.

કોઈ પણ પુસ્તકને ખરાબ કહેવાનો સમય હવે રહ્યો નથી. ખરાબ છે એમ કોઈ કહે તોપણ તેના લેખની કદી ખાતરી થતી નથી. રેલગાડીમાં વેચાતી 'માનિતી મેના' કે 'શોખીલી શેઠાણી' ના ઉત્સુક વાચકો પણ હોય છે જ, એટલે તેની વિરુદ્ધ ટીકા કરનારને તેના લેખક ગર્વપૂર્વક ગાડી ભણી આંખ કરવા કહી શકે છે. 'પુષ્પના પ્રાણ' સરખી ઉચ્ચ કૃતિ માટે બેમત શી રીતે હોઈ શકે ?

'પુસ્તક સારું છે.' જનાર્દને કહ્યું.

'કશી ખામી નથી ?'

'એ તો સાહિત્યકારો કહી શકે.'

જનાર્દન જરા અટક્યા. વિમોચનના પુસ્તકની ખામી કહેવાથી રંજનને ખોટું લાગશે કે કેમ તેનો તેમણે ક્ષણભર વિચાર કર્યો. 'આપણે તો ખરું કહેવાના.' એમ અભીમાનપૂર્વક જણાવી સામા માણસને ભાલા જેવાં વેણ સંભલાવનાર અપ્રિય, અસ્પૃશ્ય, ખરાબોલાઓના વર્ગમાં બેસવાની જનાર્દનની તૈયારી નહોતી. એટલે અચકાતે અચકાતે એમણે જણાવ્યું :

'એકંદરે પુસ્તક ઘણું આશાજનક. માત્ર જરા diffuse --ગરગરા પોતવાળું, verbose - શબ્દકાળ અને grip - ભારે આકર્ષણ વગરનું.'

'હાલની લગભગ બધી કવિતાઓ જેવું, નહિ ?' અરુણે આકા વર્તમાન કાવ્યસાહિત્યની ટીકા કરી.

'આ વિમોચન આવે. હવે તું અને તે બંને જણાં પુસ્તકને સારી રીતે સમજો. હું અરુણને આશ્રમ બતાવી આવું.' વિમોચનને દૂરથિ આવતો જોઈ જનાર્દન બોલ્યા, અને અરુણને લઈ પાસેના ઓરડામાં ગયા.

વિમોચનની પાછળ બીજા પણ આશ્રમવાસી યુવકો આવતા હતા. આશ્રમના સાત્ત્વિક અને સંયમી વાતાવરણમાં તેઓ રહેતા હતા, સુકુમાર સ્રીલાવણ્યને જોઈ તેઓ આંખો મીંચી દેતા નહિ. જગત જીવશે ત્યાં લગી સ્રી-પુરુષનાં આકર્ષણ ચાલુ રહેશે. આશ્રમનિવાસ અને ત્યાંનો સંયમ તેને ઉચ્ચતર, સૂક્ષ્મતર અને વધારે અપાર્થિવ બનાવશે એ વાત ખરી; પરંતુ આંખનાં જાદુઈ અંજન સમૂળાં લુછાઈ જવાનો ભય તો નથી જ.

'અરુણ ! હવે તું શુ કરવા ધારે છે?' આશ્રમના જુદા જુદા વિભાગો બતાવતાં જનાર્દને સહજ પૂછ્યું.

અરુણે ચમકીને જનાર્દન સામે જોયું. આશ્રમ જોઈને તે પણ પોતાના ભવિષ્યનો કાર્યક્રમ ઘડતો હતો.

'હજી કાંઈ ચોક્કસ નથી. પણ હું બનારસ જોઉં કે પછી કલકત્તા.' અરુણે છેવટે કહ્યું.

'ત્યાં જઈ શું કરીશ ?'

'મારા કેટલાક મિત્રો ત્યાં મળી આવશે.'

'એટલે ગુજરાત તને અપાત્ર લાગે છે ? ગુજરાતમાં બૉંબ નહિ બની શકે એવી તને ભીતિ છે ?' જનાર્દને પૂછ્યું. જનાર્દનની આંખો તેજસ્વી બની ગઈ હતી; અરુણના હૃદયનું ઊંડાણ તે ખોળતી હતી.

'ગુજરાતમાં ગાંધી છે ત્યાં લગી કશું થાય નહિ.' અરુણ બોલતાં બોલી ગયો; પરંતુ તેને લાગ્યું કે જનાર્દન સરખા જાણીતા અહિંસક રાજદ્વારી પુરુષ પાસે ગુજરાતની હિંસક શક્તિ વિષે બોલવું ઠીક થતું નથી. તેણે વાતને સહજ પલટો આપ્યો :

'પણ હું બૉંબ બનાવીશ એવું શા ઉપરથી ધાર્યું ?'

'તારી ઉંમરે હું પણ એનાં જ સ્વપ્ન સેવતો.' આંખમાં રમૂજ લાવી જનાર્દને કહ્યું

'હું સ્વપ્ન સેવતો નથી.'

'સ્વપ્ન ખરા પાડવા મથે છે, નહિ ?'

અરુણે કાંઈ જવાબ ન આપ્યો. જનાર્દને આશ્રમનું નાનું પણ સુસજ્જ પુસ્તકાલય બતાવ્યું. અરુણે પુસ્તકો જોવા માંડ્યા. ઈતિહાસ, રાજકીય વિષય અને સામાજિક અવલોકનના કિંમતી ગ્રંથો તેના જોવામાં આવ્યા.

'પૂરતો અભ્યાસ કર્યા સિવાય હું કોઈને બોલવા કે લખવા દેતો નથી.' જનાર્દને કહ્યું.

'એ તો વાસ્તવિક છે.'

જનાર્દને નકશા બતાવ્યા : 'જો આ જર્મન યુદ્ધ પહેલાંની

પૃથ્વી અને આ તે પછીની. કેટલો ફેરફાર !'

'એ ફેરફાર અહિંસાથી તો નથી થયો ને ?' કટાક્ષમાં અરુણે પૂછ્યું.

જનાર્દન હસ્યા : 'અહિંસાથી થા ફેરફાર જોવા છે ? એ ફેરફાર જોયા પછી તું અહિંસામાં માનીશ ?'

'મારી ખાતરી થયા વગર નહિ.'

'અલબત્ત, ખાતરી તો થવી જોઈએ; તું તો ભૌતિક વિજ્ઞાનનો માનતો હોઈશ, આધ્યાત્મિકને નહિ.'

'અધ્યાત્મજ્ઞાનનો ઉપયોગ હશે, પણ મને દેખાતો નથી. આત્મા એક છે, અમર છે; તે હણાતો નથી : એ બધું જ્ઞાન મને નિરુપયોગી લાગે છે. આપણને દુર્બળ બનાવી દે છે.'

'ત્યારે તેને આપણે બાજુએ મૂકીએ. જો હું તને થોડાં ચિત્રો બતાવું. આ શું છે ?' એક મોટું આલબમ કાઢી તેમાંથી પહેલું પાનું ઉઘાડી જનાર્દને અરુણને પૂછ્યું.

'પ્રાથમિક - જંગલી મનુષ્ય. વાનરની પેઢી અહીં બરાબર સમજાય છે.' જરા હસીને અરુણે જણાવ્યું.

'એ શું કરે છે ?'

'એ કાંઈ અહીંસા શિખવાડતો નથી ! પથ્થરનો ભાલો લઈને કોઈ રાક્ષસી જાનવરની પાછળ દોડે છે, અને તેની પાછળ બીજું કોઈ ભયાનક જાનવર પડયું છે.'

'હિંસાનો પદાર્થપાઠ, નહિ ? હવે પાનું ફેરવ. શાનું ચિત્ર છે ?'

'કોઈ જાંબુવંતીની પાસે એ તમારો પ્રાથમિક મનુષ્ય બેઠો છે.'

'એ બિચારાં કદરૂપાં માનવીને ભલે તું હસે, પણ એ બંને એકબીજાને તો કદરૂપાં નથી લાગતાં ને ?'

'ના રે ! કોઈ રોમાંચભરી નવલનાં નાયક-નાયિકા સરખાં પ્રેમી લાગે છે !'

આજનાં સુધરેલાં યુવક-યુવતી દસ હજાર વર્ષ પછીના અતિ વિકસિત માનવીને કદાચ જાંબુવાન અને જાંબુવંતી સરખાં જ લાગશે તો ? ઠીક; અહીં કાંઈ હથિયાર દેખાય છે કે ?'

'પેલું દૂર નાખી દીધેલું છે. ખોરાક તો તૈયાર પડયો છે; અને પ્રેમીઓ પરસ્પરને જમાડવા આતુર દેખાય છે.'

'આ જગતની પહેલી અહિંસા પુરુષ અને સ્રી પરસ્પરના સામીપ્યમાં હથિયાર છોડે છે. હવે કહે : અહિંસાનું પાલન ન થયું હોત તો ત્રીજું ચિત્ર બનાવી શકાત ?' પાનું ફેરવી જનાર્દને ત્રીજું ચિત્ર બતાવ્યું.

અરુણને વધારે રમૂજ પડી. તેણે એ ચિત્ર જોઈ કહ્યું :

'આ તો પ્રાથમિક માનવીનો પરિવાર !'

'હિંસા તો ન હોય ને ? ભાલા-તલવારથી વીંધી-કાપીને બાળઉછેર નથી થતો ને ?'

'તેમ હોય તો બાળકો ઊછરે કેમ ?'

'ત્યારે એ અહિંસાનું બીજું પગલું. આપણે આગળ ચાલીએ. જો પાછી તારી હિંસા બતાવું. આ બે ટોળાં જોયાં ?' આગળનું ચિત્ર જનાર્દને અરુણને બતાવ્યું. પરસ્પરને પીંખી નાખતાં જંગલી માનવીઓનાં બે નાનાં ટોળાં ચિત્રમાં દેખાતાં હતાં. કોઈ માનવી મૃત્યુ પામ્યો હતો, કોઈ માનવી છેલ્લો શ્વાસ લેતો હતો; કોઈ વળી ઘવાઈને નીચે પડયો હતો, અને બીજા એકમેકની સામે ખૂનખાર યુદ્ધ કરતા હતા.

'આ પણ અહિંસા ?' અરુણે પૂછયું.

'આ અહિંસાનો જ માર્ગ. તેં તો સમાજશાસ્ત્રનો અભ્યાસ કર્યો હશે. આ બે ટોળાં કેમ લડે છે તે કહીશ ?'

'એ ચિત્ર નીચે જ લખ્યું છે કે ખોરાક અને સ્રી પ્રાપ્ત કરવાં.'

'એક નાના કુટુંબના ઉછેરમાં હિંસા નહોતી. બે કુટુંબ થયાં એટલે પરસ્પર અથડાયાં. અલબત્ત, એ હિંસા કરવા પ્રવૃત્ત થયાં; પરંતુ એ હિંસાનું નિવારણ કેમ થયું તે તને બતાવું ?' એમ કહી તેમણે બીજું પાનું ઉઘાડયું, વધારે મોટું ટોળું બેઠેલું હતું. સંખ્યબંધ સ્રીઓ એ સ્થળે હરતીફરતી હતી અને નાનાં બાળકો જંગલી રમતો રમતે રમતે પોતાનાં જંગલી માતાપિતાનું અણઘડ વાત્સલ્ય આકર્ષતાં હતાં.

'આ બે ટોળાંના યુદ્ધને પરિણામે બંને ટોળાં ભેગાં થઈ ગયાં. એક ટોળાની પુત્રીઓ બીજા ટોળામાં જઈ માતા બની ગઈ. એ વ્યવહાર બંને ટોળાંને ભેગાં ન કરે તો બીજું શું કરે ? જો આ

મોટો માનવસમૂહ રચાયો ! અહિંસાનો ત્રીજો ક્રમ !'

આમ આખી ચિત્રમાળામાં અહિંસાને અનુલક્ષીને જગતના વિકાસનો ઇતિહાસ આલેખ્યો હતો. એટલું તો ખરું જ કે જગતના ઇતિહાસનું સમગ્રદર્શી અવલોકન કરવામાં આવે તો માનવજાત વિકાસના કોઈ મહાપ્રવાહનાં ઊંચાંનીચાં મોજાં સાથે હેરિયાં લેતી આગળ વધ્યે જાય છે એક સહજ જણાઈ આવશે. કુટુંબ, કબીલો, ગોત્ર, ન્યાત, જાત અને છેવટે પ્રજા કે રાષ્ટ્રની ધીમે ધીમે વધતી જતી સીમાઓ સ્વીકારી સંસ્કારવર્ધનનો ભૌતિક અને માનસિક સાધનોથી વધુ અને વધુ સજ્જ થતી માનવજાત એકતા પ્રાપ્ત કરતી ચાલી આવે છે. માનવીએ કુટુંબ બનાવ્યું. અને કુટુંબમાંથી હિંસા દૂર કરી; કબીલો રચી હિંસાને કબીલાપાર કરી; ગોત્ર, ન્યાત અને જાતની ઘટના થતાં જે તે સમુદાયમાંથી હિંસાનો બહિષ્કાર કર્યો. પ્રજાજૂથ - રાષ્ટ્રનું ઘડતર ઘડાતાં હિંસાને રાષ્ટ્ર બહાર કરી. એક જ કુટુંબના કુટુંબીઓ પોતાના ઝઘડા મટાડવા હિંસાનો આશ્રય લેતા નથી; જો કોઈ હિંસાનો આશ્રય લે તો તે કુટુંબનો ગુનેગાર બને છે. એક જ રાષ્ટ્રના પ્રજાજનો પરસ્પરની તકરાર મટાડવા તલવારો ઉછાળતા નથી; અને જો કોઈ ભૂલેચૂકે તલવાર ઉછાળે તો તે આખા રાષ્ટ્રનો - આખી પ્રજાનો દ્રોહી બને છે. હિંસાને રાષ્ટ્ર બહાર હાંકી કાઢવા જેટલી પ્રગતિ આજના માનવીએ સાધી છે.

ચિત્ર દ્વારા આવું કાંઈ સિદ્ધ કરવા જનાર્દન પ્રયત્ન કરતા હતા. ચિત્રો આકર્ષક હતાં, અને તેમની ગોઠવણી પાછળ રહેલી અહિંસાની ફિલસૂફી અરુણને ગમી ખરી - જોકે એટલા ઉપરથી તેની અહિંસા ઉપર શ્રદ્ધા ચોંટી હતી એમ કહી શકાય નહિ.

અહિંસાને હસી કાઢવાની વૃત્તિ તેને વારંવાર થઈ આવતી.

'હિંસાને રાષ્ટ્ર બહાર કરી એટલે જગતમાંથી હિંસા ઓછી થઈ ગઈ, ખરું ? ઈસુનાં પેલાં ચાર યાદગાર વર્ષો ભૂલી ગયા હશો ! - ઓગણીસસો ચૌદથી ઓગણીસસો અઢાર !' અરુણે કરડાકીમાં જણાવ્યું.

'જ્યારે તું નાનકડા વિદ્યાર્થી તરીકે એ યુદ્ધની વાત લોકોને મોંએ સાંભળતો અગર ગુજરાતી પત્રો વાંચતો ત્યારે હું એ જર્મન યુદ્ધની વચમાં જ ફરતો હતો. હું એ કેમ ભૂલું ?'

'ત્યારે તો એ હિંસાની કમકામાટીમાં અહિંસાના પૂજક આપ કેમ ન બન્યા હો ?'

'એમ હોય તોયે શું ખોટું ? જગતમાં હિંસાને પોષનારાં જે તત્ત્વો હતાં તે ઘણાંખરાં એમાં બળીને ખાખ થઈ ગયાં.'

'મને ન સમજાયું.'

'જો આ આગનાં ચિત્રો, જર્મન યુદ્ધનું એક પરિણામ શું દેખાય છે ?'

'રશિયાનો ઝાર, જર્મનીનો કૈસર અને તુર્કસ્તાનનો સુલતાન અદૃશ્ય થઈ ગયા.'

'એટલે શું તે તને સમજાયું ? હિંસાને પોષનારી વ્યક્તિગત રાજ-સત્તાનો અંત આવ્યો. રાજા એ રાજ્યનો અંતિમ માલિક નથી એ બહુ વખતથી સમજાયેલી સંભાવનાં સિદ્ધ થઈ. છત્રપતિના નાટકનો એ છેલ્લો અંક.'

'પણ તેથી શું ? અહિંસા ક્યાં આવી ?

એક ચિત્ર આગળ કાઢી જનાર્દને કહ્યું :

'જો, અહિંસા અહીં આવી.'

'એ તો રાષ્ટ્રસંઘ - League of Nations નું ચિત્ર !'

'એટલે રાષ્ટ્રધર્મનું મિથ્યાત્વ ! હિંસાને માટે સંપૂર્ણ સાધનો તૈયાર રાખી ઝૂકી પડેલા રાષ્ટ્રને પૂછ કે તમારી હિંસા તમને શું આપ્યું ?'

'જીતેલાં રાષ્ટ્રને વિજય આપ્યો.'

'વિજેતા રાષ્ટ્રોને બોલવા દે. તેમને વિજય મળ્યો હોત તો આ રાષ્ટ્રસંઘની કલ્પના ઊભી જ ન થાત. એક બાળક સમજી શકે એવી દલીલ હવે સમજાઈ કે બે વ્યક્તિઓના ઝઘડા મસલતથિ કે લવાદીથી પતી શકે તો રાષ્ટ્રના ઝઘડા પતાવવા સમશેર ચમકાવવાની કાંઈ જરૂર ? બે કોમોની તકરારનો નિકાલ એક અદાલત કરી શકે. અને એ અદાલતોના ચાલકોને બે રાષ્ટ્રની તકરાર ઉકેલવા માણસો કેમ ખોવાં પોસાય ? રાષ્ટ્રોનાં મિથ્યાભિમાન ગળી ગયાં છે, રાષ્ટ્રો પરસ્પર સંકલિત થઈ રાષ્ટ્રસીમા ઓળંગી - humanity - માનવમહારાષ્ટ્ર બનવા મથી રહ્યાં છે, અને એ મંથનમાં જ હિંસાને આપણે જગતપાર કરી દઈશું - આજ નહિ તો સૈકા પછી.'

જનાર્દનની આંખો ચમકચમક ચમકી રહી. પ્રેરણા પામતા ફિલસૂફ કે જગતની વ્યવસ્થા તોડી ઘેલછામાં ધસતા માનવીની આંખમાં જ એ ચમક દેખી શકાય. એક ઘેલા બુદ્ધે બે હજાર

વર્ષ ઉપર બાંગ પુકારી હતી કે અહિંસા પરમ ધર્મ છે; હિંદ, ચીન, જાપાન અને મધ્ય એશિયાએ એ બાંગ ઉપાડી લીધી. આજ એક ઘેલો ગાંધી પુકારે છે કે અહિંસા પરમ ધર્મ છે. એનો તો ધર્મમાં જ ઉપયોગ થાય ને ? ગાંધી કહે છે કે 'ના; એકલા ધર્મમાં નહિ; જીવનના એકએક ભાગમાં.' રાજપ્રકરણમાં પણ ? 'હા; કેમ નહિ ? ધર્મ એટલે ક્રિયાકાંડ નહીં, ધર્મ એટલે આખું જીવન.'

આ બંને ભેખધારી શું ઘેલા હશે ? જગતને કોણ હલાવી શકે ? ડાહ્યા વામનજીઓ કે ધગધગતી ઘેલછાભર્યું કોઈ વિરાટ માનવ સત્ત્વ ? જગત જવાબ આપે છેઃ ઘેલછા એટલે પ્રગતિ, વહેતાં પાણી. ડહાપણ એટલે સ્થિરતા - હલનચલનનો અભાવ - ભરાઈ રહેલાં પાણી. સુધરેલાં રાષ્ટ્રોએ તો ઝાંખું ઝાંખું જોઈ લીધું છે કે હિંસા મિથ્યા છે. હિંસારહિત સાધનો રાષ્ટ્રો વચ્ચે કેમ ન યોજાય ? અને તેમણે અહિંસાના વિજયનો વાવટો રાષ્ટ્રસંઘ ઉપર જાણ્યેઅજાણ્યે ચડાવી દીધો; હિંસા વગર રાજ્યો--રાષ્ટ્રોના ઝઘડા પતાવવાની બાંગ પુકારી; વિચાર-સંસ્કૃતિએ એક નવી ફાળ ભરી.

અરુણે જનાર્દનની આંખનો ચમકારો દીઠો. જેની આંખમાં એ ચમક દેખાય તે ભયથી ભલો બનેલો ન હોય. જનાર્દન હસી કાઢવા જેવો - ન છૂટકે જાહેર જીવનમાં પડેલો - અશક્તિમાન સાધુ નહોતો.

'આ ચિત્રો કોણે કાઢ્યાં ?' અરુણે આ નવીન ચિત્રમાળાથી પ્રસન્ન થઈને પૂછ્યું.

'રંજન અને પુષ્પા બેએ મળી કાઢ્યાં છે.' જનાર્દને જવાબ

આપ્યો.

રંજનને તો અરુણ ઓળખતો હતો. પુષ્પા કોણ હશે ? તેને પૂછવાનું મન થયું. વાત કરતી વખતે નામોચ્ચારણ સાથે નાની વિવેચનનોંધ થઈ શકતી હોય તો ઘણી ભેદી કલ્પનાઓ ઓછી થાત; પરંતુ એવી સગવડ બની શકતી નથી. અને અણઓળખ્યા નામનું ઓળખાણ પાડવા પ્રયત્ન થઈ શકતો નથી - ખાસ કરી સ્રીવાચક નામ આવે ત્યારે. પુષ્પા કોણ છે તે પૂછવાનું અરુણે માંડી વાળ્યું.

'ચિત્રો ઘણાં ખરાં સારાં છે પણ હજી મને અહિંસ રુચી નહિ. તમે સ્વતંત્ર રાષ્ટ્રોની વાત કરી; પરંતુ બીજાની તાબેદારીમાં પડેલી પ્રજાને અહિંસા શો લાભ કરે ?' અરુણે પૂછ્યું.

'હવે આ સ્થળ ક્યાં સુધી જોવું છે ?' પાછળથી રંજનનો અવાજ આવ્યો. 'આશ્રમવાસીઓ તમારો પરિચય માગે છે. બધાંને મળો તો ખરા !' રંજન ધીમેથી ઓરડામાં આવી. જનાર્દને ચિત્રમાળા બંધ કરી અને કહ્યું :

'અરુણ ! તું બનારસ જાય તે પહેલાં એક માસ અહીં રહે તો કેવું ?'

'બનારસ કેમ જાઓ છો ?' રંજને પૂછ્યું.

'એને સંન્યાસી બનવું છે.' જનાર્દને જવાબ આપ્યો.

રંજન કાંઈ બોલી નહિ; તેણે એક ક્ષણ અરુણ તરફ ધારીને જોઈ લીધું.

# ૧૦ સ્થિતિનો પલટો

કરું છું હું યત્નો તુજ તરફ પાછો ઊડી જાવા,
છતાં એ ઈચ્છું ત્યાં શિથિલ થઈ પાંખો ખરી પડે ?
ફરી શુદ્ધિ દેવા મુજ રમણીને યત્ન કરતાં,
ચિરાતું આ હૈયું અરર ! મૃદુ તારા રુદનથી !

**કલાપી**

'તમે બનારસ જવાના જ છો ?'

'મારો વિચાર છે; હજી નક્કી નથી.'

'અમારી સાથે કાશ્મીર આવો તો ?'

'કાશ્મીર જોવાનું મન તો છે.'

'તો બનારસ પછી જજો.'

જનાર્દનનો આશ્રમ જોઈ, આશ્રમના સભ્યો સાથે ઓળખાણ કરી પાછા ફરતાં અરુણ અને રંજન વચ્ચે મોટરમાં વાતચીત થઈ.

અરુણે આખો દિવસ વિચાર કરી બનારસ જવાનું માંડી વાળ્યું. તેના સાથીઓ હજી વીખરાયલા હતા. તેની સંગઠિત

સંસ્થા છિન્નભિન્ન થઈ ગઈ હતી. બનારસ તથા કલકત્તા ઉપર પોલીસની કરડી આંખ રહ્યા જ કરતી. પોતે શકદાર હતો જ; આમે તેની હિલચાલ ઉપર દેખરેખ રહેતી હતી; તેમાં જો આવાં જાણીતાં સ્થળોએ જઈ તે વસે તો જરૂર તેના કાર્યમાં હરકતો નાખવા પોલીસ ચૂકે નહિ. પોતે થોડા માસ શાંતિથી બેસી રહી દેશનું વાતાવરણ સમજી-વિચારી ક્રાંતિની કોઈ અસરકારક યોજના ઘડી કાઢે તો કેવું ?

જનાર્દનની સંસ્થા અહીં પગભર થયેલી જ હતી. તેની પાસે સાધનો હતાં. કાર્ય કરનારા ઉત્સાહી સભ્યો હતા; સંસ્થાનું એક વાજિંત્ર પણ હતું. એને જ ઉપયોગમાં લઈ લેવાય તો કેવું ? અહિંસાની મોળી, મરદાનગીરહિત સંભાવનાને બદલે હિંસાત્મક વિપ્લવની ભાવના નવીન યુગનું વધારે આકર્ષણ કરશે જ. અને જનાર્દનની અસર ઓછી કરી પોતે સહુને પોતાના માર્ગ તરફ સહજ વાળી શકશે. એ લાભ શા માટે જતો કરવો ?

આની વિરુદ્ધ દલીલ પણ તેણે ઓછી કરી નહોતી. છતાં પણ જનાર્દનની સંસ્થામાં જોડાઈ એ જ સ્થળે રહેવાના નિશ્ચય ઉપર તે છેવટે આવ્યો. સાંજે કૃષ્ણકાંતે તેને પોતાની સાથે ક્લબમાં આવવા જણાવ્યું; પરંતુ અરુણે ના પાડી. યુરોપિયનોની ક્લબમાં અમુક પોશાક વગર જવાય જ નહિ એવો નિયમ તેનાથી પાળી શકાય એમ નહોતું, એટલે કૃષ્ણકાંતની સાથે જવા કરતાં ઘરમાં જ બેસી સુરભિ સાથે વાતો કરવાનું તેણે પસંદ કર્યું.

વિલાયતમાં સિવડાવેલાં અને ફ્રાન્સમાં ઈસ્રી કરાવેલાં કપડાં પહેરી કૃષ્ણકાંત ક્લબમાં ગયો. તે ઘણુંખરું જરા મોડો જતો.

સમય હોય તો સહજ ટેનિસ રમી પછી બિલિયર્ડની બાદશાહી રમતમાં તે ગૂંથાતો.

જ્યારે જ્યારે તે ક્લબમાં જતો ત્યારે તેની આસપાસ મિત્રોની ઠઠ ભેગી થતી. ઊંચી ક્લબમાં 'ડ્રિન્કસ' - પીણાં વગર ચાલે જ નહિ, એવો કાયદો થઈ પડેલો લાગે છે. કૃષ્ણકાંત પોતાની ઉદારતાનો લાભ બધાંને આપતો. ઘણી વખત તે બધાંના 'ડ્રિન્કસ'નું ખર્ચ પોતાને માથે જ વહોરી લેતો. ઉદાર માણસને મૂર્ખ ગણવામાં આવે છે. અતિ ઉદારતાના ગેરલાભ ઘણા જ છે. અને કારણ વગર ખર્ચાળ બનેલા ઉડાઉ માનવીનો પૂરતો લાભ લઈ, પાછળથી તેને મૂર્ખ કહેવામાં કાંઈ બહુ ભૂલ થતી નથી. પ્રશ્ન એટલો જ કે ઉડાઉપણું અને કંજૂસાઈ એ બે અવગુણોમાંથી કયો અવગુણ વધારે ખરાબ ? પોતાના સુખને બાજુએ મૂકી, પોતાના સ્વત્વને સાંકડું બનાવી પરાયા માનવીઓને પોતાના બનાવનાર ઉડાઉ સ્વભાવ સારો કે પોતાની જ સાડાત્રણ હાથની કાયામાં તેને ઘેરી રાખનાર કંજૂસ સ્વભાવ સારો ?

અભિપ્રાય આપવો મુશ્કેલ છે. જેને જે ઠીક લાગે તે ખરું. માત્ર માનવીના વિકાસની દૃષ્ટિએ જોતાં અવગુણોમાં ઊંચનીચનો ભેદ પડી શકે છે. એ વિકાસને વધારે અનુકૂળતા, ઉદારતા કે કંજૂસાઈ આપે એનો નિર્ણય માનસશાસ્ત્રીઓ આપી શકે. જગત ઉડાઉ તરફ સમભાવ દર્શાવે છે, કંજૂસ તરફ નહિ જ.

ઉદાર કૃષ્ણકાંત આજે ક્લબમાં ગયો ત્યારે તેની આસપાસ યુરોપિયન મિત્રોનું ટોળું ભરાયું નહિ. ઘણા તો જાણે તેને ઓળખતા જ ન હોય એમ પોતપોતાની રમત કે વાતમાં ગૂંથાયલા જ રહ્યા.

જે બે-ચાર જણે તેની સામે જોયું તેમણે જાણે અડધું ઓળખાણ હોય તેમ આછું હસી તેની તરફથી આંખ પાછી ખેંચી લીધી. બિલિયર્ડ રમવામાં તેનો સાથીદાર હતો તેણે પોતાનું નામ છેકાવી નાખ્યું; અને ત્યાર પછીના બે માણસોએ રમત રમવી જ નથી એમ જણાવી દીધું.

કૃષ્ણકાંતને લાગ્યું કે તેનું પોતાનું અપમાન થાય છે : અજાણપણામાં નહિ; પરંતુ ગોઠવણી પ્રમાણે, કૃષ્ણકાંત સરળ, ઉદાર અને ખોટું ન લગાડે એવો મોજી સ્વભાવનો ગણાતો હતો. તેને કોઈ સાથે તકરાર કે ઝઘડો ભાગ્યે જ થયાં હશે. વાતચીત કે વાદવિવાદમાં કટુતાનો સહજ પણ અંશ જણાવા માંડે કે વાતચીત બંધ કરતો; કોઈનું પણ દિલ દુખાય એ તેને ગમતું નહિ. આવી પ્રકૃતિને લીધે તેને સહુની સાથે મૈત્રી જ હતી.

પરંતુ આવું, ધારીને કરવામાં આવતું અપમાન તે સહી શક્યો નહિ. ક્લબના એકના એક હિંદી સભ્યને કાઢી મૂકવાનું કાંઈ કાવતરું રચાય છે એમ તેને લાગ્યું. તેને ભાન થયું કે કૃષ્ણકાંતને વ્યક્તિત્વનો આવો મૂક તિરસ્કાર કરીને યુરોપિયનો કૃષ્ણકાંતને તેનું રાજદ્વારિ હલકું કદ તેના ધ્યાન ઉપર લાવવા મથે છે. સભ્યતાપૂર્વક તિરસ્કાર કરતાં - વગર બોલ્યે અપમાન કરતાં યુરોપિયનોને બહુ સારી રીતે આવડે છે.

કૃષ્ણકાંત ક્રોધે ભરાયો. યુરોપિયનોના નિત્ય સહવાસથી તેને ગેરફાયદા સાથે એક વિશિષ્ટ ફાયદો થતો હતો. તેને મન યુરોપિયન દેવ નહોતો; પૂજવા યોગ્ય માનવશ્રેષ્ઠ નહોતા; મહેરબાની બતાવવા માટે જ સર્જાયેલા મુરબ્બી નહોતા. યુરોપિયનો

પોતાના કરતાં જરા પણ ચડિયાતા છે એમ તેને સ્વપ્ને પણ ખ્યાલ આવ્યો નહોતો. આવું વર્તન નિહાળી તે કેમ ભભૂકી ન ઊઠે ? તે સેક્રેટરી પાસે ગયો. અને થોડા માણસો સાંભળે એમ મોટેથી બોલ્યો : What the hell do you mean by treating in this abominable way ? What's the idea ?'

સેક્રેટરીએ જવાબમાં ખભો હલાવી હાથ ચત્તા કરી આંગળાં ફેલાવ્યાં. આ અભિનય એવું સૂચવે છે કે આ ચેષ્ટા કરનારની કશી જવાબદારી છે જ નહિ; જવાબદારી સામા માણસની છે. અને તે તેણે જાણવું જોઈએ. યુરોપિયનો અગર તેના અભિનયનું અનુકરણ કરવાની આતુરતાવાળા હિંદીઓને આવો ચાળો કરતાં જોયા સિવાય તેની સમજ પડે એમ નથી.

વાતચીત જરા આગળ લંબાતાં કૃષ્ણકાંતને ખબર પડી કે એક રાજદ્વારી શકદારને પોતે આશ્રય આપ્યો હોવાથી આખી ક્લબના સભ્યો તેનાથી નાખુશ હતા. એ નાખુશી બતાવવાનો પ્રયોગ આજે ચાલતો હતો.

એક કાગળ ઝડપથી લઈ કૃષ્ણકાંતે આ સંસ્થાનું રાજીનામું ઘસડી આપ્યું. અને સેક્રેટરીએ તેને શાંતિથી વિચાર કર્યા પછી કાંઈ પણ પગલું ભરવાની સલાહ આપ્યા છતાં, તે તેણે મેજ ઉપર પટક્યું. કોઈની સાથે કાંઈ પણ બોલ્યા વગર અને કોઈની સામે જોયા વગર પોતાની ટોપી ખીંટીએથી ઉઠાવી તે મકાનની બહાર નીકળ્યો. સહુની દૃષ્ટિ તેના પર પડી હતી; પરંતુ તેને કોઈની સામે જોવાની ફુરસદ નહોતી. વરઘોડા માટે શણગારાયલા હોય એવા ક્લબના ભભકાદાર નોકરેએ તેને સલામ કરી તે

પણ તેણે જોઈ નહિ. બહાર નીકળી મોટરમાં બેસી જોરથી તેણે બારણું બંધ કર્યું. મોટર ઝડપથી ચાલી.

સામાન્યતઃ અક્રોધી મનુષ્યનો ક્રોધ વધારે ઘેરો હોય છે. ઘરમાં પેસતાં તેણે હસતું મુખ રાખવા પ્રયત્ન કર્યો; પરંતુ એ પ્રયત્ન બહુ સફળ થયો નહિ. ઘરમાં આવીને પ્રથમ તે સુરભિની પાસે જતો. ફિક્કી, માંદગીના કિનારા ઉપર ઝઝૂમતી સુરભિને જીવનમાં રસ રહ્યો નહોતો. પતિની સાથેનો તેનો વ્યવહાર યંત્રવત્ બની ગયો હતો; કૃષ્ણકાંતના નિત્યવિવેકમાંથી સઘળી નવાઈ ચાલી ગઈ હતી.

પરંતુ આજે કૃષ્ણકાંતનો પગ જુદી જ રીતે પડતો લાગ્યો. સુરભિએ જરા ધારીને કૃષ્ણકાન્ત સામે જોયું. રસહીન બની ગયેલા રૂપાળા મુખમાં કંઈક રસભરી વિકૃતિ થયેલી સુરભિને દેખાઈ. સુરભિની જીવ વગરની આંખમાં જીવે પ્રવેશ કર્યો. કૃષ્ણકાંત પોતાની નિત્ય ઢબ મુજબ સુરભિની પાસે આવીને બેઠો, અને તેણે ભાવ બતાવી નિત્યક્રમ પ્રમાણે સુરભિના હાથ ઉપર હાથ મૂકી પૂછ્યું :

‘આજ કેમ છે ?‘

સુરભિ કૃષ્ણકાંતના સામું જોઈ રહી. કૃષ્ણકાંત ક્લબમાંથી આવે ત્યારે તેના મુખમાંથી જરાક કડક પણ મીઠી ખુશબો હંમેશ આવ્યા જ કરતી. એ ખુશબો સુરભિને અકારી થઈ પડી હતી. આજે તે અણગમતી મીઠી સુવાસ ક્યાં અદૃશ્ય થઈ હતી ? સુરભિના ખાલી બની ગયેલા જીવનમાં પ્રશ્ન ચમક્યો; એ પ્રશ્નનો જવાબ જાણે તે કૃષ્ણકાંતની આંખમાં ખોળતી હોય તેમ તેણે

કૃષ્ણકાંત સામે જોયા કર્યું.

કૃષ્ણકાંતને પણ આ અનુભવ નવો જ લાગ્યો. લગ્નનાં પ્રથમ વર્ષોની ઘેલછા ઘસાતાં નીરસ બનતા જતા તેના જીવનમાં પહેલી જ વાર તેજી આવતી જણાઈ. તેણે ફરી પૂછ્યું :

'કેમ બોલી નહિ ? શું જોયા કરે છે ? આજે કેમ છે ?'

'મને તો સારું છે; પણ તમને કેમ છે ?'

'મને શું થયું છે ?'

'કાંઈક થયું છે !'

'તને ભૂતભવિષ્યની ખબર ખરી ને ? અરુણ ક્યાં છે ?'

'હમણાં સુધી અહીં હતા. રંજનબહેન કાંઈ નવાં ચિત્રો બતાવવા તેડી ગયાં છે.'

'રંજનને કોઈ મળવું જોઈએ. એ તો અરુણનું માથું ખાઈ જશે મહેમાનને આરામ આપવો જોઈએ એનું પણ ભાન નથી..'

બહુ વાતોડાં સ્રી-પુરુષો પરસ્પરમાં શાની શોધ કરતાં હશે ?

કૃષ્ણકાંતે સુરભિના કપાળે હાથ ફેરવ્યો. બહુ દિવસે આમ બેઠેલી સુરભિના કપાળે તેણે હાથ ફેરવ્યો. તેમાં સુરભિને અને કૃષ્ણકાંતને બંનેને જરા નવાઈ લાગી. કાંઈ નવાઈભર્યો અનુભવ થયો.

અને ઝડપથી અંદર આવતી રંજન એક ક્ષણભર અટકી ગઈ. પતિપત્નીના સહજ સ્વાભાવિક સ્પર્શથી ટેવાયલી રંજનને

પણ આ દૃશ્યમાં સંકોચાવાની વૃત્તિ થઈ, પાછાં ફરવાની જરૂર ખરી કે નહિ એવો વિચાર આવતા પહેલાં તો કૃષ્ણકાંતે પૂછ્યું :

'રંજન ! અરુણ ક્યાં છે ?'

'એ આવે, આજનો દિવસ મળી લ્યો.' રંજન જવાબ આપી આગળ વધી. પાછળ ધીમે ધીમે અરુણે પ્રવેશ કર્યો.

'કેમ આજનો દિવસ ?' કૃષ્ણકાંતે પૂછ્યું.

'કાલથી આશ્રમમાં રહેવા જવાના છે.'

'કોણે કહ્યું ?'

'આ રહ્યા અરુણભાઈ ? પૂછી જુઓ.'

'કેમ અરુણ ! આ રંજન શું કહે છે ?'

'હું આશ્રમમાં રહું એ જ આપણને બધાને અનુકૂળ પડશે.' અરુણે કહ્યું.

'Nonsense ?' કૃષ્ણકાંતે ઉદ્‌ગાર કાઢ્યો.

'એમના રહેવાથી તમે મુશ્કેલીમાં મુકાઓ છો એમ એમનું ધારવું છે.' રંજને કહ્યું.

'મારી મુશ્કેલી એ મારા કરતાં પણ વધારે જાણે છે, ખરું ?'

'તમારે અને કલેક્ટર સાહેબને એમના વિષે વાત થઈ હતી ?'

'સાહેબ !' કલેક્ટરની સાથે જોડાયેલા એ સર્વમાન્ય શબ્દનો કૃષ્ણકાંતે તિરસ્કારપૂર્વક પડઘો પાડ્યો. 'એને કોણે કહ્યું?'

'મે.' રંજને ખરી હકીકત જણાવી.

'તારાથી બોલ્યા વગર રહેવાય જ નહિ ! મેં તને કહ્યું હતું કે તું કોઈને એ વાત કરીશ નહિ ! પણ તું છાની રહે તો તને રંજન કોણ કહે ?' કૃષ્ણકાંતે ટીકા કરી. અરુણ જોઈ શક્યો કે આમ ટીકાની પાછળ ભાઈબહેન વચ્ચે અનહદ હેત હતું. જેવી સુરભિ તેને વહાલી હતી તેવી જ કૃષ્ણકાંતને રંજન પણ વહાલી હતી.

'શું કરું ? મારાથી કહી દેવાયું. સવારે તમારા ક્લેક્ટરે મારું અપમાન કર્યું; અરુણભાઈ સાથે જ હતા એટલે મારાથી રહેવાયું નહિ.'

કૃષ્ણકાંતે વિગતવાર હકીકત પૂછી. રંજને તે કહી. કૃષ્ણકાંત હવે ખરેખર ગુસ્સે થયો. પોતાની સાથે તો ઠીક પણ પોતાની બહેન સાથે પણ એ લોકો સલૂકાઈભર્યું વર્તન રાખી શક્યા નહિ !

'હું પણ ક્લબમાંથી રાજીનામું આપી આવ્યો છું.' તેણે જણાવ્યું.

અરુણનો નિશ્ચય દૃઢ થતો ચાલ્યો. યુરોપીય સમાજમાં માનપૂર્વક ફરતા પોતાના બનેવીને પોતાને લીધે એ સમાજ બહિષ્કાર કરે એ અયોગ્ય લાગ્યું.

'આવું ન બને એટલા માટે અરુણભાઈ આશ્રમમાં રહેશે.' રંજને જણાવ્યું.

'Care a hang ! એમ કોઈના કહેવાથી નાસવાનું કારણ ?' કૃષ્ણકાંતે કહ્યું.

'પણ એમણે નાસી જવાનો નિશ્ચય જ કર્યો છે. એક નહિ તો બીજું કારણ તેણે શોધી જ રાખ્યું છે !'

'શું ?'

'બહેનને ઘેર ભાઈથી રહેવાય નહિ !' રંજને કહ્યું.

'You old idiot ! સોશ્યાલિઝમની તો વાત કરે છે, અને હજી આવી પુરાણી ભાવના પકડી રહ્યો છે ?' હસતે હસતે કૃષ્ણકાંતે અરુણને કહ્યું.

સોશ્યાલિઝમમાં પણ ભાઈ-બહેન તો રહેશે જ ને ? માનવજાતના એ મહાપવિત્ર સંબંધની સાથે અનેક નાજુક ભાવનાઓની સૃષ્ટિ રચાઈ છે. આર્થિક અને રાજકીય બંધારણના ગમે તેવા પલટા એ સૃષ્ટિને બદલી શકશે નહિ. બહેનનાં બાળકો પણ ! તેમનું કાંઈ જ ન લેવાય પછી બહેનને ઘેર ભાઈથી કેમ રહેવાય ?

અરુણને લઈ કૃષ્ણકાંત હસતો હસતો ત્યાંથી કપડાં બદલવા ગયો. અરુણને સમજાવવા માટે તે ઈચ્છતો હતો; એવી જૂની ભાવના પાછળ ઘેલો ન બનવા તે કહેતો હતો.

રંજન પણ ઊઠી ઊભી થઈ. જતે જતે તેણે સુરભિનો હાથ પકડ્યો અને તે હસી.

'કેમ રંજનબહેન ! કેમ હસો છો ?'

'વાહ રે ! તમે તો કાંઈ બહુ love કરતાં લાગો છો !'

'અમસ્તાં ખોટું ન બોલો ! હું તો કાંઈ જાણતી નથી.'

'હું અહીં આવી ત્યારે શું કરતાં હતાં ? કોઈ કપાળે હાથ ફેરવે તેમાં આટલું બધું સારું લાગતું હશે, ખરું ?'

'જાઓ અહીંથી; તોફાની !' કહી સુરભિએ રંજનના હાથ ઉપર ટાપલી મારી. રંજન ત્યાંથી હસતી હસતી ચાલી ગઈ.

સુરભિ વિચાર કરવા લાગી. 'એ શું થઈ ગયું ? કેટલે દિવસે મારું હૃદય પકડયું ? શાથી ?'

# ૧૧ આશ્રમવ્યવસ્થાની ગૂંચવણો

પાપની લાલચોથી ન લોભાય,
મોહનાં ને સ્નેહના ભેદ પાળે,
કામ ને રસાનન્દને ભિન્ન પરમાણે
... ... ... .... .... ...
.–ન્હાનાલાલ

કૃષ્ણકાન્તનો અતિશય આગ્રહ છતાં અરુણ આશ્રમમાં જ રહેવા માટે ગયો. ઝાકઝમાળ મહેલો અને બંગલાઓના એકવિધ જીવન કરતાં આશ્રમની સાંકડી ઝૂંપડીઓમાં તેને વધારે સ્વાતંત્ર્ય લાગ્યું.

ધીમે ધીમે આશ્રમના કાર્યમાં અરુણ ઓતપ્રોત થઈ ગયો. આશ્રમનું પુસ્તકાલય તેણે પોતાનું કરી લીધું. થોડા સમયમાં બધાં જ પુસ્તકો તેણે વાંચી નાખ્યાં; કેટલાંક મહત્ત્વનાં પુસ્તકોની તેણે ટૂંકી નોંધ પણ તૈયાર કરવા માંડી. જગતના મહાન લેખકો અને વિચારકો હજી અહિંસાને ઓળખ શક્યા નથી, એટલે તેનું વાચન તેને હિંસાના સિદ્ધાંતો તરફ જ ખેંચ્યા કરતું માત્ર મહાત્મા ગાંધીના લેખો અને જનાર્દન સાથેના વાદવિવાદમાં જ

તેને અહિંસા સંબંધિ વિચારો કરવાન મળતા.

યુવકો ઝડપથી સ્વપ્ન રચી શકે છે અને એ સ્વપ્નને જીવનમાં ઝડપથી ઉતારી શકે છે. ડહાપણ, વ્યવહાર, સંભાળ, સાવચેતી, ગણતરી, સલામતી એવા એવા વૃદ્ધત્વસૂચક ઓથારોથી તેમને ચમકાવવામાં આવતા ન હોય ત યુવાનો જરૂર નવું જગત ત્વરાથી રચે; પરંતુ એના એ જ યુવાનો એક દસકાની અંદર ડાહ્યા, શાણા અને વ્યવહારકુશળ બની જાય છે, અને પોતાનાં સ્વપ્નોને ફેંકી દે છે. ગઈ કાલનો જહાલ આજે મવાલ બની જાય છે. ટિળકના શબ્દેશબ્દને તાળીઓથી વધાવતો યુવક પાંચ-દસ વર્ષમાં તો ગાંધીજીથી ગભરાઈ જાય છે. યુવકોને જગત રચવા દેવામાં આવે તો શી અડચણ ? યુવકો ભૂલો કરશે જ; પરંતુ વૃદ્ધોયે ક્યાં ઓછી ભૂલો કરે છે ? અને યુવકોની ભૂલો તો જગતને આગલ વધારશે; વૃદ્ધોની ભૂલો માફક તે જગતની ગતિને અટકાવશે નહિ જ.

હિંદી યુવકોનું આજનું સ્વપ્ન હિંદની સ્વતંત્રતા ! એ ધ્યેય વિકાસનો ઇતિહાસ ચાળીસેક વર્ષથિ વધારે લાંબો નથી. નાનાનોટા અન્યાયો સરકારના ધ્યાન ઉપર લાવવાની શરૂઆતથી હિંદની સંપૂર્ણ સ્વતંત્રતાનો હક્ક જાહેર કરવા સુધીના રંગ એ ચિત્રપટ ઉપર આલેખાયેલા છે. રાજ્યકર્તાઓ પણ એ હક્કનો મુખસ્વીકાર કરતા થાય છે; માત્ર, એ સ્વાતંત્ર્ય ભોગવવાની લાયકાત હિંદવાસીઓમાં હજી નથી આવી એમ માની, હિંદીઓના ભલા ખાતર તેમને સ્વાતંત્ર્ય ભોગવવા દેતા નથી. આટલો તફાવત બંને વચ્ચે છે !

એ તફાવત ટાળવા ત્રણ રસ્તાઓ સૂચવાય છે : કાયદેસર

લડત, હિંસાત્મક લડત અને અહિંસાત્મક લડત. ત્રણે લડત તો ખરી જ. કાયદેસર લડત વૃદ્ધોને હાથ ગઈ; પરંતુ વૃદ્ધોના હાથમાંથી દેશની લગામ ચાલી ગઈ. યુવકો સ્વભાવે યુવકો - હિંસાનો આશ્રય ખોળે છે; પરંતુ અહિંસાનો વિશ્વવંદ્ય પયગંબર હિંસાનો બહિષ્કાર માગે છે. તે નવું યુદ્ધ બતાવે છે : દ્વેષનું નહિ, વૈરનું નહિ, પ્રેમનું યુદ્ધ. તે દેશભક્ત સૈનિકોને પૂછે છે :

'ભાઈ ! મરતાં આવડે છે ?'

જો સૈનિક જવાબ આપે કે 'ના મારતાં આવડે છે. મારતાં મરાય તો હરકત નહિ.' તો તેને એ કહે છે : ' ભાઈ ! તું પહેલો મરતાં શીખ, પછી મારા સૈન્યમાં આવ. મારનારનું મારે કામ નથી.'

હિંદી યુવાન ગૂંગળાઈ રહ્યો છે, ગૂંચવાઈ રહ્યો છે. મહાત્માનો સિદ્ધાંત હજી રાજકીય ફિલસૂફીમાં સ્વીકારાયેલો નથી. તે નવો લાગે છે. અહિંસાથી કોઈ દેશ સ્વતંત્ર થયો એમ સાંભળ્યું છે ? મહાત્મા કહે છે :

'નહિ સાંભળ્યું હોય તો હવે સાંભળીશ.'

અને એક મહાન તપશ્ચર્યાનો ક્રમ તે બતાવી દે છે. હજાર હજાર વર્ષની પરાધીનતામાં પાપ બાળવા માટે તલવાર-બંદૂક કામનાં નથી; એ બાળવા માટે તો અહિંસા, અસ્તેય, અક્રોધના પંચાગ્નિની જરૂર છે. અગ્નિમાં બીજાને બાળવાના નથી; પોતે બળવાનું છે; જેટલી ઝડપથી પાપ બળશે એટલી ઝડપથી હિંદ મુક્ત બનશે. જીવનમુક્તિ માટેનો એ પ્રયોગ સ્વદેશમુક્તિ માટે

પણ કેમ ઉપયોગમાં ન લેવાય ?

એ મહાત્મા તો ધૂણી ધિકાવીને બેઠો છે. બીતા, સંકોચાતા અનુયાયીઓ તેની આસપાસ વીંટળાઈ વળ્યા છે. ઝાંખું ઝાંખું તેમને જણાય છે કે પાપ બળી શકે છે અને વિશુદ્ધિના પ્રમાણમાં જીવન સ્વતંત્ર બને છે.

પરંતુ અગ્નિમાં હોમાવું એ મરવા કરતાં પણ મુશ્કેલ છે. મહાત્માનું અગ્નિસ્થાન નિહાળી બીજાઓ પણ હુતાશન પ્રગટાવવા મથી રહ્યો છે; પરંતુ એ આત્મવિશુદ્ધિના યજ્ઞમાં જાતે હોમાવા કરતાં, ગમે તેવો અગ્નિ પ્રગટાવી તેમાં વિરોધીઓને બાળવાનું કાર્ય વધારે સરળ લાગ્યા કરે છે.

જનાર્દનનો આશ્રમ અહિંસા અને હિંસાની વચ્ચે ઝોલાં ખાવા લાગ્યો. તેને પોતાને અહિંસામાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. તેણે હિંસાનો ઈતિહાસ બરાબર વાંચ્યો હતો. પશુબળ ઉપર આધાર રાખી નિર્ણીત થતા પ્રશ્નોના નિર્ણય અસત્ય અને ક્ષણજીવી છે એમ તે માનતો. હિંસાની ફિલસૂફીનો ટૂંકો સાર એટલો માનતો. આજે વ્યક્તિ પરત્વે એ સત્ય નથી. એ સિદ્ધાંત સત્ય મનાય તો પહેલવાન, ડાકુ અને ખૂની બહારવટિયા જ સાચના સરદાર ગણાય. પરંતુ શ્રેષ્ઠતાનું માપ પશુબળ ઉપર નથી એમ વ્યક્તિ પરત્વે સ્વીકાર્યા પછી પ્રજાઓ વચ્ચેની શ્રેષ્ઠતાનું માપ પશુબળ ઉપર કેવી રીતે આધાર રાખી શકે ?

આશ્રમના સભ્યોનું જીવન અતિશય સાદું રહે તેની જનાર્દન ખાસ કાળજી રાખતો. રાજકીય જાગૃતિ ગામડે ગામડે ફેલાય એ માટે તેણે પોતાના સાથીદારોની પાસે ગામડે ગામડે થાણાં નખાવ્યાં

હતાં; પરંતુ એ રાજકીય જાગૃતિ સાથે અનિયંત્રિતપણું અને ગોરાઓનો તિરસ્કાર દાખલ ન થવા દેવાની સૂચના કાર્યકર્તાઓને તે અચૂક આપતો. અંગ્રેજી રાજ્યશાસનમાં હિંદવાસીઓની ઉત્કૃષ્ટ બુદ્ધિ કુંઠિત બની જતી હતી, તેમની આશ-અભિલાષ અધૂરી રહી જતી હતી અને તેમની આર્થિક લૂંટ અખંડ ચાલ્યા જ કરતી હતી. એ સંબંધમાં અતિ કડક ટીકાઓ તેના પત્રમાં આવતી; પરંતુ સ્પર્શાસ્પર્શ, હિંદુ-મુસ્લિમ ઘર્ષણ, લગ્ન અને મરણના ખર્ચ, સ્રીઓની પરાધીનતા : એવી એવી હિંદી સમાજની મોટી નાની એબો માટે તે પોતાના હિંદવાસી ભાઈઓને મીઠું પાયેલા ચાબખા લગાવતો. તેની બધી કટુતા સંસ્થા, શાસન કે રિવાજ પરત્વે હતી; વ્યક્તિગત ટીકા તેણે કદી કરી નહોતી.

અરુણે જનાર્દનનો ઘણો ભાર ઓછો કર્યો. અરુણના લેખો ઉચ્ચ કોટિના બનવા લાગ્યા; તેનાં વ્યાખ્યાનો અસરકારક થવા લગ્યાં; તેની યોજનાઓ ફતેહમંદ બનવા લાગી. જનાર્દન ધીમે ધીમે આશ્રમની વ્યવસ્થા અરુણને સોંપતો ચાલ્યો. હિંસા અને વેરઝેર જરા પણ વધે નહિ એ જનાર્દન ખાસ લક્ષમાં રાખતો અને અરુણ તરફથી ભૂલેચૂકે એવા પ્રયત્નો થાય તો તે બેધડક અટકાવી દેતો. અરુણની શ્રદ્ધા હજી અહિંસા ઉપર ચોંટી નહોતી, તોપણ જનાર્દનને ખાતર તે પોતાનો હિંસાભર્યો ક્રાંતિવાદ આગળ ધપાવતો નહિ.

છતાં તેના લેખો, વ્યાખ્યાનો અને વિચારોમાં અહિંસાની સંપૂર્ણ નિર્મળતા આવી નહિ. જેમ અરુણને થતું તેમ બીજાઓને પણ થતું. સંસ્થા અને સિદ્ધાંત વિરુદ્ધ બેદિલી ઉત્પન્ન કરવા જતાં વ્યક્તિ અને તેના કાર્ય માટે તિરસ્કાર ઉત્પન્ન થાય એમ બનતું.

અમલદારશાહીનાં વગોણાં કરવા જતાં અમલદારોને રાક્ષસ જેવા ચીતરવામાં આવતાં. અહિંસાના પાલનની શિખામણ આપવા જતાં ગર્ભિત રીતે હિંસાની વૃત્તિ જાગૃત રહે એવી સ્થિતિ ઉત્પન્ન થતી.

પાપ અને પુણ્યની રેખાઓને નિશ્ચિતપણે દોરવી મુશ્કેલ છે. એક અબળાને પતિત બનતી અટકાવવા ખડગબહાદુરે ખૂન કર્યું એ પાપ કે પુણ્ય ? એક ઉચ્ચ હિંદુએ મંદિરમાં પ્રવેશ કરતા એક અંત્યજનું લાકડું મારી માથું ફોડયું એ પુણ્ય કે પાપ ? કયે વખતે હિંસા અહિંસામાં બદલાઈ જાય છે અને અહિંસા કડક હિંસાનું રૂપ ધારણ કરી લે છે, એ સમજતાં વાર લાગે છે. આશ્રમની અહિંસામાં હિંસાના અનેક ડાઘ લાગેલા જનાર્દને જોયા. અરુણ તેમાં કંઈક અંશે કારણભૂત હતો. જનાર્દનને દુઃખ થતું. તે અરુણને સમજાવતો, વારતો અને ડારતો. છતાં અરુણની કર્તવ્યભાવના અને દેશ-સેવાની આતુરતા એટલી ઊંચા પ્રકારની અને વિશુદ્ધ હતી કે જનાર્દનની ધારણા પ્રમાણે તેણે જનાર્દનને પ્રસન્ન કર્યા અને આખા મંડળનું મંત્રપદ બે-ત્રણ માસમાં તેણે સર્વાનુમતે ધારણ કર્યું.

અરુણના આવ્યા પછી આશ્રમનું વાતાવરણ તીવ્ર બની ગયું. આશ્રમનાં કાર્યોમાં પ્રથમ કરતાં જુદી જાગૃતિ આવી. જનાર્દનને રંજન અને પુષ્પા સાથે કાર્યને અંગે પરિચય થયેલો. એ પરિચય અરુણના આવ્યા પછી ઘણો જ વધી ગયો. ધીમે ધીમે આશ્રમમાં એક સ્રી વિભાગ પણ ખોલવામાં આવ્યો, અને રંજનની આગેવાની નીચે કેટલીક સ્રીઓ પણ દેશસેવાનું કાર્ય ઓછુંવધતું કરવામાં પ્રવૃત્ત થઈ.

સ્ત્રી-પુરુષનો સમુદાય જ્યાં ભેગો થાય ત્યાં ભય રહેલો છે એમ જગત માને છે. જગતને પણ જૂનો અનુભવ છે, એટલે તેની માન્યતામાં સત્યનો જરા પણ અંશ રહેલો નથી એમ કહેવું એ વધારે પડતું છે; પરંતુ એટલા જ કારણથી સ્ત્રીપુરુષને ભેગાં થતાં - સાથે કામ કરતાં અટકાવતાં એ હવે બની શકે એવું નથી. માનવી માનસિક નિર્બળતાનો સ્વીકાર કર્યા છતાં પણ, સ્ત્રી-પુરુષનબા સંયુક્ત કાર્યમાં જગતનું કલ્યાણ થવાનો એટલો બધો સંભવ છેકે તેમાં ભય રહેલો હોય તોપણ એ પ્રયોગ આદરવો જ રહ્યો. જગત આંખમિચકારો કરશે, ખુલ્લી મશ્કરી કરશે, ભારે વગોણું કરશે, અને તેમ કરવા માટે ખરો પુરાવો પણ કદાચ રજૂ કરશે. તોયે જાહેરજીવનમાં સ્ત્રીઓએ પુરુષોને સાથ આપવા માંડયો છે તે હવે અટકશે નહિ. પ્રભાતફેરીમાં એક યુવક અને એક યુવતી પ્રેમચેષ્ટા કરતાં પકડાયાં એવી લોકવાયકા ફેલાય તોય પ્રભાતફેરીનું મહત્ત્વ ઘટાડી નાંખવાની જરૂર નથી.

અરુણ અને વિમોચન વચ્ચેનો ઝઘડો વધી પડયો હતો. રંજન અરુણની સાથે ફરે એ તેને બિલકુલ ગમતું નહિ. વિમોચન રંજનને ચાહતો હતો; અને વિચિત્ર, ચંચળ રંજને વિમોચનનો પરિચય એટલો આવકાર્યા હતો કે જગતે એ બંનેને યુગલ તરીકે સ્થાપી દીધાં હતાં. પ્રેમ ઘણો અનુદાર અને કંજુસ છે. જેને તે ચાહે છે તેને તે બખીલની ચીવટથી કબજે રાખવા માગે છે. રંજનમાં ચીડવવાની ભારે શક્તિ હતી. તે જાણતી કે વિમોચન તેને ચાહે છે. સુંદર સ્ત્રીઓને ચાહનારાઓની જગતમાં ખોટ નથી; પરંતુ પ્રેમની પુષ્ટિમાં એકલું સાક્ષરત્વ ચાલી શકશે કે કેમ તેની અચૂક ગણતરી, એ હસતી અને હસાવતી ઉચ્છૃખંલ દેખાતી

છોકરી કર્યે જતી હતી કે શું ?

અરુણ તેની ભાભીનો ભાઈ હતો. ક્વચિત્ તેને જોયાનો પણ રંજનને ખ્યાલ આવ્યો. તેના ઉપર ચાલેલા કેસ ઉપરથિ તેના પ્રત્યે તેને એક જાતનું માન અને સહાનુભૂતિ ઉત્પન્ન થતાં હતાં. મુશ્કેલી વગર સરળ સુખભરી જિંદગી ગુજારનારને એવા વિચિત્ર કષ્ટસહન પ્રત્યે કુતૂહલ ઉત્પન થાય છે. એ જ અરુણને તેણે અકસ્માત્ જોયો એટલે સ્વાભાવિક રીતે તેનો પરિચય કરવાની રંજનને વૃત્તિ થઈ. પરિચય કરવો એ રંજન માટે મુશ્કેલ ન હતું. તેના પરિચયનો વિસ્તાર આમે ઘણો વિશાળ હતો. વિમોચનની પોતાની પ્રત્યેની કૂણી લાગણીઓનો ખ્યાલ લાવી તેને ચીડાવવા ખાતર અરુણના પરિચયને તેણે ઘણો પ્રકાશ આપ્યો.

વિમોચન-સાક્ષર-ની લેખમાળા સ્વીકારવા વર્તમાનપત્રો અને માસિકો તલપી રહેતાં હતાં. તેમણે એક ઊગતા કવિ તરીકે પોતાનું નામ પ્રખ્યાત કરી દીધું હતું. તેમનો દેખાવ છેક અનાકર્ષક નહોતો જ. માત્ર નાની વયથી સાહિત્ય સાથે તેમણે સંબંધ બાંધેલો હોવાથી સાક્ષરત્વનો ભાર તેમનામાં વધી ગયો હતો. એ ભાર તેમની આંખમાં, જીભમાં અને હલનચલનમાં પણ દેખાઈ આવતો. તેની વિરુદ્ધ કોઈએ વાંધો બતાવેલો ન હોવાથી એ ભાર તેમના સ્વરૂપનું એક મુખ્ય અંગ બની ગયો.

અરુણ માટે તેમને પ્રથમથી જ અણગમો થયો હતો. તેમાં રંજનનો સહવાસ વધી પડવાથી અરુણે એ સાક્ષરનો અક્ષમ્ય અપરાધ કર્યો હોય એમ તેમને લાગતું. ધીમે ધીમે અરુણની પ્રવૃત્તિઓ અને લેખો વિરુદ્ધ તેમણે જાહેર પત્રોમાં કડક ટીકા કરવા

માંડી. જનાર્દનના કાર્યને વખાણી, એ નવા આવેલા વિપ્લવવાદીને લીધે જનાર્દને શરૂ કરેલું કાર્ય નિરર્થક બનતું જાય છે. એમ તેમનાં લખાણો સાબિત કરતાં. આથી તે જનાર્દન અને તેમના આશ્રમ સંબંધ સાચવી રાખીને અરુણને વખોડવાનું કાર્ય છૂટથી કર્યે જતા.

કડક ટીકાનો કડક જવાબ મળે એ સ્વાભાવિક છે. આઘાતપ્રત્યાઘાતના નિયમ સરખું એ બનવું અનિવાર્ય પણ છે. અરુણ સામા જવાબો આપતો. અંગ્રેજી રાજ્ય ખરાબ છે એમ એક વખત દૃઢ થઈ ગયું. એટલે પગમાં કાંટો લાગે તોયે એને અંગ્રેજી રાજ્યની ખરાબ અસરના પરિણામ તરીકે માનવા આપણે લલચાઈએ છીએ. અસહકારીઓ માત્ર સોંઘી જાહેરાત જ શોધે છે એમ માન્યતા થઈ ગઈ તો પછી અહિંસાને ખાતર સામે મોંએ ગોળી ખાનાર અસહકારી પણ મરતી વખતે તાળીઓના ગડગડાટ જ સાંભળે છે એમ માનવા આપણે પ્રેરાઈએ છીએ. ટીકા કરવી એ સહેલું છેઃ ટીકાનો જવાબ આપવો એ તેટલું જ સહેલું અને તેથી વિશેષ રસમય છે.

જનાર્દનનો દાબ હોવા છતાં ટીકાઓની કટુતા વધતી ચાલી. પરિણામે હિંસાવૃત્તિ જાગ્રત થાય એમાં નવાઈ નહિ. વિમોચનને કાને અવાજ આવવા લાગ્યો : 'એ ચાંપલા ! તને ખોખરો કરવો પડશે !' અરુણને કાને સાદ પડવા લાગ્યો : 'એ બડાઈખોર ! જોજે કોઈ દિવસ રંગાઈ ન જા !'

જનાર્દને નિશ્ચય કર્યો કે અહિંસાનું વાતાવરણ પાછું સ્થાપિત કરવું; અહિંસાનું વ્રત જાહેરમાં આશ્રમવાસીઓ પાસે લેવરાવવું અને તેમ કરતાં ગમે તેવો ભોગ આપવો પડે તોયે તે અહિંસાને

ખાતર સહન કરવો !

તેણે દિવસ નક્કી કર્યો. અરુણે આવું વ્રત લેવાની પોતાની અશક્તિ જાહેર કરી. જનાર્દનને ખેદ થયો, દુઃખ થયું. તેણે અરુણને ફરી સમજાવ્યો; પરંતુ અરુણની વ્રત લેવાની તૈયારી જણાઈ નહિ. અરુણને ખોઈને પણ અહિંસાનું સ્થાપન કરવાની જનાર્દનને જરૂર લાગી; જનાર્દન સરખા પવિત્ર અને સત્પુરુષનો સમાગમ જતો કરવો પડશે, એ વિચારે અરુણ પણ ખિન્ન થયો.

અરુણ આશ્રમમાં રહેતો થયો એમ તેના પિતાએ જાણ્યું એટલે તેમણે એક સારી રકમનો મનીઓર્ડર તેના ઉપર મોકલી આપ્યો હતો. પુત્રને ઠપકો આપી ખેદ પામેલા પિતાને એમ લાગ્યું કે પુત્ર તરફની ફરજ બજાવવાની હજી બાકી રહે છે; પરંતુ પુત્રે એ મનીઓર્ડર પાછો વાળ્યો, અને અત્યંત વિવેકથી જવાબ આપ્યો કે પિતાએ જોઈએ તે કરતાં પોતાની વધુ કાળજી લીધી છે; પૈસાની હાલ તેને જરૂર નથી, અને પિતાને ચરણે પોતે જરૂર પડયે ગમે તે ક્ષણે આવશે.

આશ્રમ છોડતાં પૈસાનો પ્રશ્ન ઊભો થાય જ. તેની પાસે તો એક કોડી પણ નહોતી. ક્ષણભર તેને એ વિચાર ખટક્યો; પરંતુ ફીકરને પૈસાની શી તમા ? તેની ફકીરીએ વિજય મેળવ્યો, અને અહિંસાનું વ્રત ન લેવાથી જે જે મુશ્કેલીઓ ઊભી થાય તે સહન કરવા તેણે નિશ્ચય કર્યો.

વ્રતનો દિવસ આવી ગયો. આશ્રમવાસીઓ અને જનાર્દનનો સ્નેહ છોડી જવાનો પ્રસંગ આવ્યો. 'અહિંસાનો અખતરો કરી જોયો હોય તો ?' પરંતુ હિંસા દેશને મુક્તિ અપાવી શકશે ખરી

? જનાર્દનની સાથેના વાદવિવાદમાં અરુણને હિંસાની મર્યાદા પણ સમજાઈ ગઈ હતી.

વ્રત લેવા સંબંધી અરુણે શો નિશ્ચય કર્યો છે તે રંજને જાણવા માગતાં અરુણે કહ્યું :

'જે થાય તે ખરું. કાલે સમજ પડશે તેમ કરીશ.'

'એકાદ વર્ષ માટે તેવું વ્રત લો તો કેવું ? આજ ને આજ ખૂનામરકીક કરીને હિંદ સ્વતંત્ર થવાનું તો નથી જ ને ?'

રંજને જણાવ્યું.

'જોઉં; રાત્રે વિચાર કરી જોઈશ.'

# ૧૨ ધનો ભગત

દેવ ગયા ડુંગરે ને પીર ગયા મક્કે,
અંગ્રેજના રાજ્યમાં ઢેઢ મારે ધક્કે.
**–લોકોક્તિ**

જનાર્દને ધ્વજવંદનનો પ્રસંગ રચ્યો અને બધા આશ્રમવાસીઓને અહિંસાનું વ્રત લેવા આગ્રહ કર્યો. જનાર્દનને ભય હતો જ કે અરુણ આવું વ્રત નહિ લે અને આશ્રમ છોડશે. અલબત્ત, તે ધ્વજવંદનમાં સામેલ થયો, અને અહિંસાભર્યા જંગમાં જોડાવા ગવાયલા ગીતમાં તેણે પોતાનો સૂર પણ પૂર્યો. તથાપિ વ્રત લેવાનો વારો આવતાં તે અચકાયો. વ્રત લેવું ? લેવું પડે તોપણ કાયમનું વ્રત લેવા જેવી તેને અહિંસામાં શ્રદ્ધા ઉપજી નહોતી. જનાર્દને તેને સહજ ઉત્તેજ્યો, પરંતુ પ્રતિજ્ઞા પાળવાની પોતાની અશક્તિ તેને સમજાઈ, માત્ર એક અવાજ તેના કાનમાં એક વખત ગુંજ્યો હતો તે આ ક્ષણે ફરી ગુંજ્યો :

'એકાદ વર્ષ માટે તેવું વ્રત લો તો કેવું ?'

રંજને ગઈ કાલે રાત્રે જ પૂછ્યું હતું, આજે ફરી તે અવાજ તેના કાનમાં પડયો. અરુણ આગળ વધ્યો, ધ્વજને નમ્યો અને સહુને સાનંદાશ્ચર્યમાં નાખતી પ્રતિજ્ઞા ઉચ્ચર્યો :

'આ ધ્વજ સમક્ષ પ્રતિજ્ઞા લઉં છું કે હું એક વર્ષ સુધી અહિંસાનું સંપૂર્ણ પાલન કરીશ.'

રંજન સવારના પહોરમાં જ આશ્રમમાં આવી હતી. સ્રીઓએ વ્રત લેવાનું નહોતું, છતાં કોણે કોણે એ વ્રત ન લીધું તે જાણવાની તેને એટલી બધી ઈંતેજારી થઈ ગઈ હતી કે તેનાથી આવ્યા સિવાય રહેવાયું જ નહિ. તે આશ્રમમાં આવી, પરંતુ અરુણ વ્રત લેશે કે નહિ તેની તેને ખાતરી નહિ થવાથી તે ધ્વજ સમક્ષ ગઈ નહિ, અને કાંઈ લખવા બેઠી. તે લખે તે પહેલાં તો પોલીસ અમલદાર નૃસિંહલાલે આશ્રમમાં પ્રવેશ કર્યો.

કોઈ પણ ચળવળ તરફ શરૂઆતમાં વિરોધીઓ સૌમ્ય દૃષ્ટિ રાખે છે. નૃસિંહલાલે વધારે ધાંધલ કર્યું નહયિ. તેમણે ત્રણેક પુસ્તકો લીધાં અને આશ્રમવાસીઓના નામની એક યાદી લીધી. અરુણને આશ્રમના મંત્રી તરીકે જરૂરના જવાબો આપવા નૃસિંહલાલની સાથે જવાનું ઠર્યું. સહુની નવાઈ વચ્ચે રંજન પોતે જ માગણી કરી નૃસિંહલાલની મોટરમાં બેસી ગઈ. તેને રસ્તામાં સુશીલાના ઘર પાસે ઊતરવાનું હતું.

જનાર્દન ભારે કુતૂહલમાં પડયા. તેમને આછું દેખાઈ આવ્યું કે અરુણની પ્રતિજ્ઞા રંજનને આભારી હતી. રંજનની પાસે રહેવાનો મોહ કદાચ એ પ્રતિજ્ઞાના મૂળમાં રહેલો હોય તો ? યુવક અને યુવતીનાં સંમેલન પોતાના કાર્યને અણધારી દિશા તરફ ખેંચી જશે ત્યારે ? પરંતુ યુવક અને યુવતી - પુરુષ અને સ્રી - એમનું જ જગત બનેલું છે; એમને જ માટે જગતમાં બધી પ્રવૃત્તિઓ થાય છે, અને એમને જ સાધન તરીકે વાપરવામાં આવે છે. સ્રી

અને પુરુષ વગર એકે પ્રવૃત્તિ શક્ય છે ખરી ?

મોટરમાં કોઈ કશું બોલ્યું નહિ. રંજનને અને અરુણને નૃસિંહલાલ ઓળખતા હતા. નૃસિંહલાલના મનમાં વિચારો ઘોળાયા કરતા હતા : એક સારા અમલદારનો પુત્ર અરુણ અને એક સુખી મહાધનાઢ્ય સંસ્કારી ભાઈની બહેન રંજન શા માટે આવા આફતના માર્ગ તરફ વળે છે ? શા માટે પોતાનો જ પુત્ર એ તગરફ આકર્ષાય છે ? યૌવન એ શું મૂર્ખાઈ નથી ? કોઈ પણ ઠરેલ, ઉંમરે પહોંચેલો અનુબવી પુરુષ આવી સ્વપ્ન સરખી પ્રવૃત્તિઓમાં જોડાય ખરો ? હિંદની પ્રજાને એવું શું ભારે દુઃખ છે કે સરકાર વિરુદ્ધ કાંઈ બોલવું પડે ? લોકો સુખી છે; ખાય છે, પીએ છે અને પોતાનો ધંધો-રોજગાર કર્યે જાય છે. સરકાર પોલીસ રાખી લોકોનું રક્ષણ કરે છે. રેલગાડીઓ કાઢી લોકોને જવા-આવવાની સગવડ કરી આપે છે. નથી કોઈ પરદેશીઓના હુમલાનો ભય, નથી કાંઈ ભારે ચોરીચખારી : નસીબ જેને જેટલું આપે તેટલું તેને વગર દુઃખે મળે છે. પોતે પણ ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસની ભારે જગા ઉપર હંગામીપણે નિમાયા છે; થોડા વખતમાં કાયમ થઈ જશે. મોટર તો રાખી શક્યા છે. અંગ્રેજી રાજ્યમાં દુઃખ શું છે કે લોકોને રાજકીય ચળવળો કરવી પડે ? યૌવનની ઘેલછા સિવાય તેમને બીજું કાંઈ કારણ દેખાતું નહિ.

'પેલું ટોળું ઊભું છે ત્યાં જરા મોટર થોભાવજો.' રંજને નૃસિંહલાલને વિનંતી કરી અને તેમને વિચારમાંથી જાગૃત કર્યા.

'કેમ આટલા બધા લોકો ભેગા થાય છે ?' નૃસિંહલાલે

પૂછ્યું. ટોળું એ પોલીસનો બાહુ છે. એક મોટા સારા મકાનની નજીક બસો-ત્રણસો માણસો ભેગા થઈ ગયા હતા, અને બીજા વધારે માણસોની ભરતી થયે જ જતી હતી. ત્યાં આગળ મોટું ચોગાન હતું.

'તે તમારાથી ઘરમાં શી રીતે જવાશે ? આટલા બધા લોકો છે ને ? હું સાથે આવી જાઉં ?' અરુને પૂછ્યું.

સુશીલાનું ઘર આવ્યું હતું. એ ઘરની એક બાજુ ઉપર જ ટોળું જામ્યું હતું. શા માટે લોકો ભેગા થયા હતા તેની કોઈને ખબર પડી નહિ. પોલીસના અમલદાર તરીકે નૃસિંહલાલે પણ નીચે ઊતરવાની ઈચ્છા કરી ત્રણે જનાં ટોળાની નજીક આવ્યાં. ટોળાની બીજી બાજુએ એક-બે પોલીસના સિપાઈઓ બહુ ધીમેથી લોકોને વેરાઈ જવા જનાવતા હતા. ટોળું ભેગું થવાનું કારણ દૂર કરવા કરતાં ટોળાને - કાર્યને - દૂર કરવા પોલીસ જ્યારે ત્યારે મથે છે; તેમાં જ તેમની નિષ્ફળતા છે.

નૃસિંહલાલે એક પાછળ ઊભેલા મનુષ્યને પૂછ્યું :

'અરે, શું છે ?'

'મદારીનો ખેલ હશે.'

'આટલા બધા લોકો ?'

પેલા માણસે જવાબ આપ્યો નહિ. ટોળામાં શું થતું હતું તેની તેને ખબર નહોતી. અરુણ છેક અંદર ઘસી ગયો.

નૃસિંહલાલ રંજનની સાથે ધીમે ધીમે માર્ગ કરવા લાગ્યા.

તેમનો દમામદાર દેખાવ અને ઉચ્ચાર સાંભળી સૌ કોઈ તેમને માર્ગ આપવા લાગ્યા.

'કેમ બધા ભેગા થયા છો ?' બીજા એક-બે માણસોને ઉદ્દેશીને નૃસિંહલાલે પૂછ્યું. તે માણસો જવાબ દીધા વગર બાજુએ ખસી ગયા. ભેગા થનારાઓમાંના ઘણાને ખબર નહોતી કે પોતે શા માટે ત્યાં ભેગા થયા હતા.

'ચોર, ચોર !'

'મોર, મારો !'

'પકડો, પકડો !'

બે-ત્રણ મારકણા દેખાવના જુવાનિયાઓ ટોળામાં દાખલ થઈને બૂમો પાડી ઊઠ્યા. ચોર કોણ ? શા માટે મારવો ? કોને પકડવો ? એ પ્રશ્નનો ઉત્તર આપવા તેઓ બંધાયલા નહોતા. બસ, કારણ હોય કે ન હોય તોપણ માર મારવાની વૃત્તિ ઘણાઓના હૃદયમાં જોતજોતામાં જાગૃત થાય છે.

'કોને મારવો છે ?' નૃસિંહલાલે એ જુવાનોમાંથી એક જણને જોરથી પકડી પૂછ્યું. એ માણસ નૃસિંહલાલને ઓળખાતો લાગ્યો. ગુંડાવર્ગને કારણ વગર મારામારી કરવામાં મજાલેનાર વર્ગને - પોલીસ સાથે ભારે ઓળખાણ હોય છે. તે માણસે સલામ કરી કહ્યું :

'હજૂર ! કોઈ ગઠિયો લાગે છે.'

'નહિ, કોઈનું ખિસ્સું કાતર્યું છે. ખિસ્સાકાતરુ છે.' ત્રીજા

પ્રેક્ષકે ગુંડાની સમજ સુધારી. ગઠિયો અને ખિસ્સાકાતરુ એ બે ભિન્ન વ્યક્તિ છે એમ એ વર્ગીકરણપ્રિય પ્રેક્ષકને લાગ્યું.

પેલા ત્રણ ગુંડાઓ લોકોને ધક્કા મારી સાહેબ માટે જગા કરવા લાગ્યા, ભારે કોલાહલ મચી રહ્યો હતો. દરેક જણ કાંઈ ને કાંઈ બોલતું જ હતું. કોઈ હસતા હતા, કોઈ બૂમ પાડતા હતા, કોઈ ધક્કા મારી આગળ વધતા હતા, કોઈ ધક્કા મારી બહાર નીકળવા મથતા હતા. નૃસિંહલાલ તથા રંજનને ટોળામાં પ્રવેશતાં જોઈ સામી બાજુ બંદોબસ્ત રાખતા સિપાઈઓ એકદમ હોશિયાર બની ગયા.

'ચાલો મહેરબાનો ! ચાલતા થાઓ.' સિપાઈઓ મોટેથી બોલવા લાગ્યા. મહેરબાનોને ચાલતા થવાની વિવેકભરી વિનંતી સાથે વિવેકનો અંશ પણ ન દેખાય એવા જોરદાર ધક્કા મારી સિપાઈઓએ લોકોને ચાલતા થવાની ફરજ પાડવા માંડી, ભેગા થયેલા મહેરબાનો પણ એ રીતભાતને પાત્ર નહોતા એમ છેક કહેવાય નહિ. એક જગ્યાએથી ધક્કા ખાઈ તેઓ બીજી બાજુએ ટોળે વળતા. ટોળે વળવાનું કાંઈ કારણ હતું કે કેમ તેની જ લોકોને ખબર નહોતી.

'એ તો એક ઢેઢને માર્યો !' નૃસિંહલાલને માર્ગે આવતા એક માણસે નવી જ માહિતી આપી.

આખા ટોળાનો સર્જક પહેલાં મદારી હતો; મદીમાંથી તે ચોર થયો; ચોરનો ગઠિયો અને ગઠિયામાંથી ખિસ્સાકાતરુ નીકળી આવ્યો; એટલે સુધીનો વિકાસ સામાન્ય બુદ્ધિ સમજ પડે એવો હતો; પરંતુ ખિસ્સાકાતરુમાંથી ઢેઢ કેવી રીતે ધસી આવ્યો તે

સમજવું મુશ્કેલ હતું.

ટોળાના મધ્ય ભાગમાં નૃસિંહલાલ પહોંચી ગયા. અરુણ એક ચૌદપંદર વર્ષના છોકરાને પકડી ઊભો રહ્યો હતો. એ છોકરાને મારવા ધસી આવતા બે માણસોને તેણે રોકી રાખ્યા હતા; અને તેમની સાથે મોટેથી તે કાંઈ દલીલ કરતો હતો. તેના મુખ ઉપર ગુસ્સો રોકી રાખ્યાનાં સ્પષ્ટ ચિહ્ન દેખાતાં હતાં. છોકરાના મુખ ઉપર ક્રોધ માતો નહોતો; તે રડતો હતો અને કાંઈ બોલતો હતો. તેનાથી પૂરું બોલાતું નહોતું. પાસે જ બેસી રહેલા એક ડોસા તરફ તે વારંવાર હાથ કરતો હતો.

ગુંડાઓ તથા સિપાઈઓએ મળી સાહેબની આજુબાજુનું સ્થાન ખાલી કરી નાખ્યું. જ્યાં જ્યાં નૃસિંહલાલ તથા રંજન પહોંચ્યાં ત્યાં ત્યાં સત્તાનો પ્રભાવ લોકો માન્ય કર્યે ગયા. છોકરાને મારવા ધસી આવતા બે જણને સંભાળવા મથતા નૃસિંહલાલે ભાષાનું પ્રબળમાં પ્રબળ ઉચ્ચારણ સાંભળ્યું. શરીરમાં જેમ જોર તેમ ભાષામાં ગાળ. ગાળનું જીવનમાં રહેવું મહત્ત્વ વીરસરવા જેવું નથી.

‘સાલો ઢેઢ ! હરામખોર અડકે છે; અભડાવે છે અને પાછો સમો થાય છે. એનું ચામડું ચીરી નાખીશ !’

એક માણસ બોલતો સંભળાયો. આ ભયંકર બનાવનું રહસ્ય બરાબર સમજાય એ અર્થે નૃસિંહલાલે મોટેથી હુકમ કર્યો :

‘હઠાવો, બધાને અહીંથિ હઠાવો !’

બંને સિપાઈઓ અને ત્રણે મવાલીઓએ મળી લોકોને ધકેલ્યા. મવાલોનો ધક્કામુક્કી કરવાનો શોખ પૂરો થયો. તેમણે કેટલાક

લોકોને ઝાપટ્યા, કેટલાકને ઠોંસા માર્યા, કેટલાકને કોણીઓ મારી. હાંકી કાઢવાની ક્રિયા વધારે કડક બનતી જોઈ લોકો પણ ચકલાંની માફક વેરાઈ ગયા. જોતજોતામાં આ પાંચ માણસોએ ત્રણસો વ્યક્તિઓને વિખેરી નાખી.

અરુણે ટોળામાં દાખલ થઈ પૂછપરછ ન કરી; પરંતુ તે સીધો જ જ્યાં મારામારી ચાલતી હતી ત્યાં આવી પહોંચ્યો. બે માણસો એક છોકરાને ધડાધડ લપ્પડો અને ઠૂંસા મરતા હતા. નાનો બાળક જેવો લાગતો છોકરો માર સહન ન થવાથી ભાન ભૂલી સામો થયો. પરિણામની જરા પણ દરકાર કર્યા વિના તેણે મારનારનો હાથ પકડ્યો અને હાથે જોરથી બચકું ભર્યું. બચકાની વેદના અસહ્ય થઈ પડવાથી એક જણ બૂમાબૂમ કરવા લાગ્યો; બીજો માણસ બચકું છોડાવવા માટે છોકરાને વધારે સખ્તીથી મારવા લાગ્યો. આ ક્ષણે અરુણ અંદર આવી વચ્ચે પડ્યો. તેણે બળપૂર્વક બંનેને છૂટા પાડ્યા. આવડા નાના બાળકને બેહદ માર મારનાર એ બંને ક્રૂર રાક્ષસોને પકડી તેમનાં માથાં અફાળી ફોડી નાખવાનું મન અરુણને થયું. અને જોઆજે જ લીધેલી અહિંસાની પ્રતિજ્ઞા અકસ્માત્ યાદ આવી ન હોત તો તે જરૂર તે પ્રમાણે કરી પોતાના મનને સંતોષ આપત.

પરંતુ તેણે મનને સાવધ કરી વશ રાખ્યું. છોકરાને તેણે છોડાવી પોતાની પાસે લઈ લીધો અણે એક હાથે તેને પકડી રાખ્યો. ક્રોધે ભરાયલા બંને મનુષ્યોને લાગ્યું કે આ બાળકનો બચાવ કરવા આવેલ નવા માણસને પણ ઝૂડવો જોઈએ. છોકરાને ઝૂંટવી લેવા માટે તેમણે અરુણ ઉપર હલ્લો કર્યો; પરંતુ અરુણે તેમને અટકાવ્યા. ગુસ્સે થયા વગર મારવાનું બળ આવતું નથી

એ વાત ખરી છે; પરંતુ ગુસ્સે થયા વગર માર ખાઈ શકાય છે એનો તેને પ્રથમ અનુભવ થયો. બન્ને મનુષ્યોને પોતે ધારે તો મારીને ત્યાંથી નસાડી મૂકે એટલી અરુણમાં શક્તિ હતી; પરંતુ એ શક્તિનો તેણે ઉપયોગ કર્યો નહિ. તેણે તો માત્ર છોકરાને પકડી રાખ્યો અને છોકરા ઉપર ધસી આવી પ્રહાર કરવા મથતા એ બંને મનુષ્યોને માત્ર રોકી રાખ્યા. તેમ કરતાં તેને પણ એક-બે મુક્કા અને એક-બે ગડદા પડયા. પરંતુ અક્રોધના નિશ્ચયને લીધે એ પ્રહારો એવા તુચ્છ અને હાસ્યજનક લાગ્યા કે તેની સ્થિરતા ચળી નહિ. તેને વગર ગભરાયે સ્થિર ઊભેલો નિહાળી પેલા બંને માણસો હવે ધસતા અટક્યા, અને પ્રહાર કરવાને બદલે ગાળોનો આશ્રય લેવા લાગ્યા. અરુણને અક્રોધ - અહિંસા - નો પહેલો જ નવાઈભર્યો અનુભવ થયો.

એટલામાં નૃસિંહલાલ તથા રંજનને અરુણે જોયાં. નૃસિંહલાલે પેલા ગાળો બકતા માણસને બરાબર સાંભળવા આખા ટોળાને વિખેરી નખાવ્યું અને પછી તેમણે મોટા સાદે પૂછયું :

'કેમ એ ભામટા ! કેમ ગાળો બકે છે ? પીધેલો છે કે શું ?'

નૃસિંહલાલનો પોશાક તેમની અમલદારીને સ્પષ્ટપણે ઓળખાવતો હતો. પેલા બંને માણસો દબાયા. ગાળો બોલતા એક જણે જવાબ આપ્યો :

'અરે સાહેબ ! અમે તો બ્રાહ્મણો છીએ.' દારૂ પીધાનું તહોમત ન ખમાયાથી તેમણે પોતાનું બ્રહ્મણત્વ જાહેર કર્યું. 'બ્રહ્મણથી "પીધેલા" ન બનાય એવી માન્યતા ડગમગતી બનાવવા માટે બ્રાહ્મણો તરફથી બનતા પ્રયાસો થાય છે, છતાં જગત પોતાની

ઝંખના મૂકતું નથી. બ્રાહ્મણ નિર્વ્યસની રહે એમ જ તે ઈચ્છે છે.'

'બ્રાહ્મણ હો તો માગી ખા !' પોલીસની વાણીમાં અપશબ્દોનો ભંડાર ભરેલો હોય છે. નૃસિંહલાલ જેવા આગળ વધેલા અને પોલીસખાતામાં રહ્યા છતાં ભલા ગણાતા અમલદાર પણ ધારે ત્યારે એ વાણીનો ભંડાર ખુલ્લો મૂકી શકે છે. તેમણે બ્રાહ્મણને તેનો ધર્મ સૂચવ્યો. તેમની સુંદર ગિરા આગળ વધી :

'આમ મવાલીની માફક રસ્તા વચ્ચે કેમ મારામારી કરે છે ?'

'પણ આ ઢેડ અમને અડકે શા માટે ?' મારામારી કરવા માટે ઢેડનો સ્પર્શક એ અનિવાર્ય કારણ હોય એમ તે બ્રાહ્મણે દલીલ કરી.

'એવી ચટ હોય તો ઘેર જઈને નાહી નાખજે, પણ આ રસ્તા વચ્ચે કેમ હુલ્લડ કરે છે ? તને કેદમાં પૂરવો પડશે.'

કેદનો ભય ઘણો ભારે છે. કેદનો ભય ટાળવા માટે કેદથી ટેવાવું જોઈએ. ગભરાઈને પેલા બ્રહ્મણે જણાવ્યું :

'સાહેબ, સાહેબ ! અમારો કશો વાંક નથી. એક તો અમને અડકીને અભડાવ્યા, અને કહેવા ગયા ત્યારે આ બચકું ભર્યું. ઢેડનો જુલમ ઓછો છે ?'

'કયો છે એ ઢેડ ?' ફરિયાદી અને આરોપી બંનેને જરી પણ પક્ષપાત વગર સરખી ગાળોક દેવા ટેવાયલા પોલીસ અધિકારી નૃસિંહલાલે ઢેડની ખબર લઈ નાખવા ધાર્યું. અરુણને હાથે બાઝેલા હજી ડૂસકાં ખાતા છોકરા તરફ બ્રહ્મણોએ આંગળી કરી. નૃસિંહલાલ વિચારમાં પડયા. છોકરાનો પોશાક બહુ ઉજ્જવલ

નહોતો, પરંતુ તેમા અંત્યજ વર્ગની કશી જ વિશિષ્ટતા દેખાઈ નહિ. અંત્યજ કોમમાં પણ અત્યંત રૂપાળાં સ્રી, પરુષ અને બાળકો કોણે નહિ જોયાં હોય ? એ ખરું છે કે કેટલીક ચોખ્ખાઈનો અભાવ, પહેરવેશ અને રહેણીની અશિષ્ટતા તથા હલકાપણાનું જન્મસિદ્ધ ભાન અંત્યજ કોમને સહજ ઓળખાવી આપે છે; છતાં અણિશુદ્ધ મુખાકૃતિવાળા અને અંત્યજો જોનારની નજરે દેખાઈ આવે છે.

'કેમ અલ્યા, શું થયું ?' હજી રડતા છોકરાને નૃસિંહલાલે પૂછયું.

છોકરાથી ગુસ્સામાં અને રુદનમાં પૂરું બોલાયું નહિ.

'મારા દાદાને...પાડી નાખે...મેન મારે...હું જાણી જોઈને ક્યાં અડયો છું ?'

'હરામખોર ! જૂઠું બોલે છે ? મને જાણીજોઈને તું અડક્યો, અને કહેવા ગયા ત્યારે આ બચકું ભર્યું. જુઓ સાહેબ !' પેલા લડવૈયાએ પોતાનો ઘવાયેલો હાથ બતાવ્યો.

'ક્યાં છે તારો દાદો ?' નૃસિંહલાલે છોકરાને પૂછયું.

'આ રહ્યો, બાપા ! છોકરાની ભૂલ થઈ હોય તો હું એના વતીનો એમને પગે પડું છું. છોકરું છે; એની શી સમજ ?' જમીન ઉપર બેસી લાકડીને ટેકે અધ્ધર રહેલા એક વૃદ્ધે કહ્યું. નૃસિંહલાલની નજર તેના ઉપર પડી. એ વૃદ્ધ આંખે દેખતો નહોતો.

'આ તો ધનો ભગત ! અલ્યા તને લાગ્યું તો નથી ને ?' નૃસિંહલાલે આ વૃદ્ધ અંત્યજને ઓળખીને પૂછયું.

'કાંઈ નહિ, બાપા ! વાગ્યું હશે તો મટી જશે. પણ આ મારા દિકરાને ઢોરમાર માર્યો ! હલકી જાત પડયા, બાપા ! માર ખાવાને સર્જાયેલા છીએ; કાંઈ નહિ.' ધના ભગતથી બોલાઈ ગયું. તને વાગ્યા કરતાં તેના આ નાના બાળકને વાગ્યું એનું દુઃખ તેના હૃદયમાં વધારે થતું લાગ્યું.

'તારે ફરિયાદ કરવી છે ?' નૃસિંહલાલે પૂછ્યું.

'ના રે ના સાહેબ ! અમારે ગરીબને ફરિયાદ શી ? એ ભાઈને એવી સમજ પડી તો એમ; બે ગડદા ખાઈ લીધા. ભગવાન બધાનું ભલું કરો ! મારે ફરિયાદ કેવી ?'

'જાઓ, ચાલ્યા જાઓ અહીંથી બિચારા સુરદાસને હેરાન કરતાં શરમાતા નથી ?' નૃસિંહલાલે પેલા અંત્યજના સ્પર્શથી અપવિત્ર બનેલા બ્રાહ્મણોને કહ્યું.

'જાઓ !' એક સિપાઈ મોટેથી બોલ્યો.

'ચલાઓ !' એક ગુંડાએ સિપાઈને સહાય આપી. જુગાર કે મારામારીથી કોઈ દિવસ પકડાવાનો પ્રસંગ આવે ત્યારે ડેપ્યુટીસાહેબ થોડી મહેરબાની દાખવે એ અર્થે લાંબા વખતથી ખુશામત કર્યા કરતા ગુંડાઓ સાહેબનો બોલ ઝીલવા તત્પર હતા.

બંને બ્રાહ્મણો ચાલ્યા ગયા.

અરુણ પેલા વૃદ્ધનાં વાક્ય સાંભળી અશ્ચર્યમુગ્ધ બની ગયો. પોતાને મારનારનું પણ ભલું ઈચ્છનાર એ ઢેડમાં વધારે બ્રાહ્મણત્વ, કે સ્પર્શમાત્રથી અપવિત્ર બની એક અંધ, વૃદ્ધ અને બાળકને માર મારનાર બ્રાહ્મણોમાં વધારે બ્રાહ્મણત્વ ?

'બેટા ! છાનો રહી જા. હવેથી વધારે સંભાળજે. આપણને અડતાં અભડાય તેને અડવાનું કંઈ કામ ? એ એને રસ્તે, આપણે આપણા રસ્તે, લે આ લાકડી.' ધના ભગતે પોતાની લાકડી ધરી. એ લાકડી વડે પેલો નાનો છોકરો તેને દોરતો હતો.

'છોકરા ! તારું નામ શું ?' રંજને પૂછયું.

'મારું નામ કિસન.' છોકરાએ જવાબ આપ્યો.

'લે આ થોડા પૈસા.' રંજને પાંચ રૂપિયાની નોટ તેને આપવા માંડી, છોકરાએ હાથ લાંબો ન કરતાં પોતાના દાદાની લાકડી ઝાલી. તેણે રંજનને જવાબ આપ્યો :

'ના, બા ! અમે માગણ નથી.'

રંજન સાંભળી રહી. અસ્પૃશ્ય ગણાતી કોમમાં પણ આત્માગૌરવ તેને દેખાયું. એવા અંત્યજનો સ્પર્શ કરમ ન કરાય?

ધના ભગતને દોરીને કિસન આગળ ચાલવા માંડયો.

'ભગવાન ! મારા પ્રભુ ! બધાયનું સારું કરજે, નાથ !' દોરાતે દોરાતે ધનો ભગત બોલ્યો. તેના મનમાંથી ક્લેશ, શોક ઊડી ગયા. પોતાના બાળકને માર મારનાર પેલા બ્રાહ્મણ તરફ ઘડીભર તેને કટુતા આવી ગયેલી. તેનું નિવારણ કરવા પોતાને જ સંબોધી ધના ભગતે ચાલતાં ચાલતાં ગાવા માંડયું :

વૈષ્ણવ નથી થયો તું રે ! હરિજન નથી થયો તું રે !
શીદ ગુમાનમાં ઘૂમે...વૈષ્ણવ૦

હરિજન જોઈ હૈડું ન હરખે; રુચે ન હરિગુણ ગાતા
ચામદામ ચટકી નથી છટકી, ક્રોધે લોચન રાતાં...વૈષ્ણવ૦
.... .... .... ....
તુજ સંગે કોઈ વૈષ્ણવ થયો તો તું વૈષ્ણવ સાચો !
તારા સંગનો રંગ ન લાગે, ત્યાં લગી તું કાચો !...વૈષ્ણવ૦
.... .... .... ....
પરદુઃખી દેખી હૃદે ન દાઝે, પરનિંદા નથી ડરતો !
વહાલ નથી વિઠ્ઠલ શું સાચું, હઠે હું હું કરતો...વૈષ્ણવ૦
-દયારામ

રંજનને સુશીલાના મકાનમાં પહોંચાડતાં સુધી અરુણે ધના ભગતનું ધીમે ધીમે આછું સંભળાતું ભજન સાંભળ્યા કર્યું. મોટરમાં બેસી નૃસિંહલાલ તથા અરુણ ત્યાંથી ચાલ્યા. ધના ભગતે કરેલી વૈષ્ણવની વ્યાખ્યાનો અરુણને વિચાર આવવા લાગ્યો.

નૃસિંહલાલે વચમાં વાત કરી :

‘આ ઢેડ઼ લોકો પણ બહુ ફાટયા છે. બીજાને અડકવાનું એને કામ શું ?’

સ્પર્શાસ્પર્શની ભાવના આપણા હૃદયમાં એટલી ઊંડી ચોંટી ગઈ છે કે અસ્પૃશ્યતાને અઘટિત માન્યતા છતાં અંત્યજનો સ્પર્શ કરતાં આપણને સંકોચ થાય છે. નૃસિંહલાલને નોકરી અંગે સ્પર્શાસ્પર્શની છોછ ઘણી ઓછી થઈ ગઈદ હતી; તોપણ અંત્યજો બીજાને અડકવા ઈચ્છે, અને માનવી માનવી વચ્ચે સમાનતા સ્થાપવા મથે, એમાં તેમને અમર્યાદા થતી લાગી.

અરુણે સહજ સ્મિત કર્યું. તેના કાનમાં તો એક જ ઉચ્ચાર સંભળાયા કરતો હતો :

તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે, તો તું વૈષ્ણવ સાચો !

તારા સંગનો રંગ ન લાગે, ત્યાં લગી તું કાચો !

આચારની ઝીણામાં ઝીણી વીગતોમાં પવિત્રતા સ્થાપવા મથતા બ્રાહ્મણો અને વૈષ્ણવો, એ આચારની વિગતોને અભેદ્ય દીવાલો બનાવી દે છે એમાં કાંઈ ભૂલ નથી થતી ? જે સંગનો રંગ લગાડવાનો છે તેમાં દેહદેહને ખેંચી ખેંચી છૂટા પાડવામાં આવે તો કદી રંગ લાગી શકે ખરો ? દિવસમાં સો વખત નહાતો મરજાદી અને માર મારનારનું પણ ભલું ઈચ્છનાર ધનો ભગત, બેમાં કોણ મોટો વૈષ્ણવ ?

# ૧૩ પ્રવાહોનાં પ્રથમ ઘર્ષણ

સંધ્યાસમે અવનીનાં પટ ફોડી ફોડી,
જેવી ફુટે તિમિરની વિભુ મોજમાલા;
તેવા સરોવર તણા તટ તોડી તોડી,
તોફાની મસ્ત જલના ઊછળે ઉછાળા !

**ન્હાનાલાલ**

રંજન સુશીલાની પાસે ગઈ ત્યારે સુશીલા રડતી હતી. પુષ્પા તેની પાસે બેઠી હતી. રંજનને આવતી જોઈ સુશીલાએ આંખો લૂછવા માંડી. આંખો લૂછતે લૂછતે સુશીલાના કપાળે લાગેલું ગોપીચંદન પણ ભૂંસાઈ જવા લાગ્યું. બાજઠ ઉપર કાશ્મીરી ભરતવાળા ઊનના આસનને પાથરી તેના ઉપર સુશીલા બેઠી હતી. તેની પાસે બે-ત્રણ પુસ્તકો પડયાં હતાં અને થોડો પૂજાનો સામન પડયો હતો.

તેની સામે એક પાટલા ઉપર પુષ્પા બેઠી હતી. તેની જોડમાં એ જ પાટલા ઉપર રંજન લપાઈને બેસી ગઈ. સોડમાં સમાતાં સ્રીઓને જ આવડે. પુષ્પા અને રંજન લગભગ સરખી ઉપરનાં હતાં અને બંને વચ્ચે ભારે સહીપણાં હતાં. રંજને પુષ્પાનો પગ દબાવ્યો, અને સુશીલા કેમ રડે છે તેનું કારણ વગરબોલ્યે પૂછયું.

'પેલા ધના ભગતને અને કિસનને લોકોએ માર્યો તે જોઈને મોટીબહેન ક્યારની રડયા કરે છે.' પુષ્પાએ કહ્યું. સામી બારીએથી રસ્તામાં બનતા સઘળા બનાવો જોઈ શકાતા હતા. પુષ્પાનું વાક્ય સાંભળી સુશીલાની આંખમાં ફરી આંસુ ઊભરાયાં. રડતે ઘાંટે સુશીલાએ કહ્યું :

'લોકોય મૂઆ રાક્ષસો છે ને ! ભગતની આંખે દેખાતું નથી તોય એને માર્યો, અને પેલો ફૂલ જેવો કિસન !...' સુશીલાથી આગળ બોલાયું નહિ.

'તું ક્યાંથી એ ટોળામાં ભરાઈ ગઈ ? તુંય જબરી છે, બહેન !' પુષ્પાએ રંજનને કહ્યું.

'હું અહીં ન આવી હોત તો ઝઘડો અટકત શાનો ?' રંજને કહ્યું.

'તું ક્યાંથી બધાને લઈ આવી ? એક તો પેલા પોલીસ અમલદાર હતા; કોઈ કોઈ વખત આપણે ઘેર આવેલા મેં જોયા છે. પણ પેલું બીજું કોણ હતું ? કોઈ કૉલેજિયન છે? એ ન હોત તો કિસનને તો બધા મારી જ નાખત.' સુશીલાએ વધારે સ્થિર બનીને વાત કરી.

'એ જ અરુણભાઈ. મેં બેત્રણ વખત તને વાત નહોતી કરી ?' પુષ્પાએ બહુ ઉત્સાહથિ અરુણનું ઓળખાણ આપ્યું. તે ઉત્સાહ સુશીલાને ગમ્યો નહિ. અજાણ્યા યુવકોના પરિચયમાં યુવતીઓ વારંવાર આવે એ બિલકુલ ઈચ્છવા યોગ્ય ન ગણાય એવી સુશીલાની દૃઢ માન્યતા થઈ ગઈ હતી. મધ્યમ અને ઉચ્ચ

વર્ગની કન્યાઓને શાળામાં મોકલવી પડે છે. શાળાને અંગેની છૂટ મને-કમને સહી લેવી પડે છે. અને ભણતરના દોષ કાઢ્યા કરીને ભણતર ભણાવવું પડે છે. ‘છોકરી વંઠી જાય છે; ઘરકામની રહેતી નથી; ચાપચીપીથી કપડાં પહેરતાં શીખે છે મોટાની મર્યાદા રાખતી નથી.’ એવા એવા આક્ષેપો કરીને પણ માવતરો હવે દીકરીઓને ભણવા મોકલે છે; અને ભણતરને વખોડતાં છતાં પોતાની દીકરી અંગ્રેજી વાંચતી થાય, સારું ચિત્ર ચીતરી, ઊંચું ભરત ભરે અગર સારો ગરબો ગાય, તો માતાને આનંદ થયા વગર રહેતો નથી જ.

સુશીલાએ પોતાની નાની ઓરમાન બહેન પુષ્પાને એવા જ દ્વિમાર્ગી વિચારોના ખેંચાણ વચ્ચે ભણાવી હતી. રંજન અને પુષ્પાને શાળાનાં બહેનપણાં હતાં. રંજનના પિતા અને સુશીલા તથા પુષ્પાના પિતા શહેરમાં ધનાઢ્ય તરીકે પ્રખ્યાત હોઈ બંને વચ્ચે સારો પરિચય હતો; પરંતુ સુશીલાના પિતા ચુસ્ત ધાર્મિક વૃત્તિવાળા હતા અને રંજનના પિતા તદ્દન સુધારક વિચારના હતા, એટલે બંને વચ્ચે રહેણીકરણીની ભારે જુદાઈ હતી. પુષ્પા મોટી થતી ગઈ તેમ તેમ તેને શાળામાંથી ઉઠાવી લેવાની રોજ યોજના ઘડયા છતાં સુશીલાએ તેનું ભણતર આગળ વધવા દીધું. રંજન અને પુષ્પા વચ્ચેની મૈત્રી પણ વધી ગઈ હતી. અને જોકે રંજન જેટલી હરવાફરવાની છૂટ પુષ્પાને નહોતી, છતાં રંજનની સંગતનો ઓછોવધતો અંશ પુષ્પાને લાગ્યા વગર રહ્યો નહિ. પુષ્પાથી બધી સભાઓ કે મેળાવડામાં જવાતું નહિ; પરંતુ પોતાની મોટી બહેનને સમજાવીને, વીનવીને, તેનાથી જરા રિસાવાનો ડોળ કરીને કોઈ કોઈ વખત મેળાવડાઓમાં જવાની રજા પુષ્પા મેળવી શકતી.

રંજનની સાથે બધે ફરવાની પુષ્પાને છૂટ નહોતી; પરંતુ રંજનને ઘેર જવાની અને રંજનને પોતાને ઘેર બોલાવવાની સુશીલાએ તેને પૂર્ણ છૂટ આપી હતી.

સુશીલાને પણ રંજન માટે સદ્‌ભાવ હતો. એ બહુ બોલકણી, હસમુખી અને વાતોડી છોકરી સ્વતંત્ર વાતાવરણમાં ઊછરેલી હતી છતાં તે વાતાવરણના ભારે દોષથી મુક્ત હતી એમ સુશીલાને તેના નિખાલસ સ્વાભાવ ઉપરથી લાગતું; અને કોઈ કોઈ વખતે તે પોતે જ રંજનને બોલાવવા પુષ્પાને જણાવતી. રંજનમાં અભિમાન નહોતું એ તેનું ભારેમાં ભારે આકર્ષણ હતું. તે બધાની સાથે છૂટથી હળવી, મળતી, હાસ્યવિનોદ કરતી અને પોતાના રંગબેરંગી પોશાક અને રમૂજી સ્વભાવથી સર્વને પ્રિય થઈ પડતી. યુવકોની સાથે ભળવામાં પણ તેને સંકોચનો અનુભવ ન થતો. સુશીલા એ જાણતી હતી; અને તેના ભાવિ ગેરફાયદા સારી રીતે સમજતી હતી, તેથી પુષ્પાને શિખામણથી અને આછી ધમકીથી યુવકોના બહુ સંસર્ગમાં આવતી તેણે રોકી હતી. સુશીલાની કડક અને સ્વચ્છ કેળવણીને લીધે પુષ્પા થોડાબોલી, ગંભીર, માની અને અસ્પૃશ્ય બની ગઈ હતી; માત્ર રંજનને મળતાં તેનું હૃદય બંધનોથી મુક્ત થઈ જતું.

પુષ્પાને ચિત્રકળાનો ઘણો શોખ હતો. એ શીખવાનું તેને નિશાળમાં સાધન મળ્યું હતું. સંગીતની સાથે સ્વચ્છંદ આવે છે એવી જૂની માન્યતા હજી નષ્ટ થઈ નથી. સિતાર કે દિલરુબા લઈ બેસતી યુવતી સહુને ગમે છે; પરંતુ એ આવડત પોતાની પત્ની કે પૌત્રીમાં જોવાની સહુની ઈચ્છા જરા સંકુચિત રહે છે. પુષ્પાને પણ સંગીતના છંદમાં સુશીલાએ બહુ પડવા દીધી

નહિ. પરંતુ કલાભોગી હૃદય સંગીતને બદલે ચિત્ર તરફ વળ્યું. લાગણીની મીઠાશભરી કેળવની જેમ સંગીતમાં શક્ય હોય છે તેમ ચિત્રકળામાં પણ શક્ય હોય છે. પરંતુ સંગીતની મનોહર અસ્પષ્ટતા ચિત્રકળામાં ચાલતી નથી. ચિત્રકળા સ્પષ્ટ સ્વરૂપો માગે છે અને ઉપજાવે છે. પુષ્પાનું હૃદય મૂર્તિઓ ઘડતું, જ્યારે રંજનનું હૃદય સંગીતની રૂપેરી ચાંદનીમાં તર્યા કરતું. એટલે પુષ્પાને યહુવકોની અલગ રાખ્યા છતાં તેના હૃદયે યુવકોની કલ્પનાનાં રંગબેરંગી ચિત્રો ઓછાં નહોતાં ચીતર્યાં.

કૃષ્ણકાંતને ત્યાં જનાર્દનનો ઓછો અવરજવર હતો. મિલમજૂરોની ચળવળને અંગે તથા બીજાં સામાજિક કાર્યોને અંગે એ પરિચય વધી ગયો હતો. કૃષ્ણકાંત તદ્દન સાહેબલોક બની ગયા હતા. છતાં તેમના સ્વભાવનું સાલસપણું જનાર્દનને ગમી ગયું હતું. જનાર્દનના આશ્રમને તેમના તરફથી ક્વચિત્ સહાય થતી હશે એમ પણ લોકોની માન્યતા હતી. સાહેબશાહી કૃષ્ણકાંત અને જનાર્દનનો ઓછો પરિચય હજી લોકોમાં અને ખાસ કરીને તેના યુરોપીય મિત્રોમાં જાણીતો નહોતો થયો. અને જે કાંઈ સંબંધ દેખાતો તે માત્ર એક મજૂરોને ફટવનાર ચળવળિયા તથા મલિમાલિક વચ્ચેનો જ હતો એમ બધા સમજતા.

પરંતુ એ પરિચયમાંથી જનાર્દનને રંજનનો અને પુષ્પાનો સંબંધ થયો. રંજન અને પુષ્પાની ચિત્રકામની આવડતનો લાભ જનાર્દન પોતાના કાર્યને અંગે લેતા હતા. કોણ જાણે કેમ, પણ આશ્રમ સાથેના પુષ્પાના પરિચય વિરુદ્ધ સુશીલાને બહુ કહેવાપણું નહોતું. કદાચ એ સંસ્થા સુશીલાને ધાર્મિક સંસ્થા લાગી હશે !

ત્યાં પણ પુષ્પાથી ઘડી ઘડી જઈ શકાતું નહિ. માત્ર બીજી સંસ્થાઓ કે મેળાવડાઓમાં જવાનો વિરોધ જેટલી સખ્તાઈથી સુશીલા કરતી તેટલી સખ્તાઈથી આશ્રમમાં જવાનો વિરોધ તે નહોતી કરતી. એટલે પુષ્પાને પણ અરુણનો સહજ પરિચય થયો હતો. એ પરિચયની વાત એક-બે વખત પુષ્પાએ સુશીલા આગળ કરી ત્યારે સુશીલાએ તેને બિલકુલ ઉત્તેજન આપ્યું નહિ; અને એક વખત અરુણને પોતાને ત્યાં બોલાવવાની પુષ્પાએ બહેન પાસે આજ્ઞા માગી ત્યારે સુશીલાએ ઘસીને તેની ના પાડી.

આજે એ જ અરુણને સુશીલાએ ઓળખ્યો. તેને ઓળખાવતાં પુષ્પાએ વધારે પડતો ઉત્સાહ બતાવ્યો છે એમ પણ સુશીલાને લાગ્યું. છોકરીઓની આ ટેવ તેને બિલકુલ ગમતી નહોતી; એમાંથી જ અનર્થકારક પરિણામો આવે છે એમ તેની ધારણા હતી; પરંતુ જોકે પુષ્પાનો અરુણ પ્રત્યેનો ઉત્સાહ ગમ્યો નહિ. છતાં તેને પોતાને જ અરુણ પ્રત્યે કોઈ અકથ્ય ઉત્સાહ સ્ફુરી આવતો ભાસ્યો. તેણે ધના ભગતને અને કિસનને છોડાવ્યા હતા; છોકરો સારો તો ખરો જ.

‘તે તારે અરુણને અહીં બોલાવવા તો હતો ?’ સુશીલાએ ઠપકો આપ્યો.

પુષ્પાએ કહ્યું નહિ કે તેની એવી એક માગણીનો સશીલાએ પ્રથમ અસ્વીકાર કર્યો હતો ! માત્ર તેણે લાગ સાધિ ભવિષ્યને માટે સંમતિ મેળવી લીધી.

‘તને ગમશે તો અરુણભાઈને એક દિવસ બોલાવીશું. કેમ રંજન ?’ પુષ્પાએ રંજનની અનુમતિ માગી.

'એ ચાલ્યા ગયા હોત તો ન આવી શકત. પણ હવે તો એક વર્ષ સુધી અહીં રહેવાના છે એટલે આવી શકશે - ગમે ત્યારે.' રંજને કહ્યું.

સુશીલાએ પોતાનો પાઠ શરૂ કર્યો. પુષ્પા અને રંજન થોડીવાર ત્યાં બેસી રહ્યાં.

# ૧૪ અંત્યજવાસ

ધોવા બુરાઈને બધે,
ગંગા વહે છે આપની !
**કલાપી**

'અરુણ ! એ વાત તો તેં મને કરી નહોતી. તું પોલીસને શો જવાબ આપી આવ્યો તે જાણવા કરતાં, તું પેલા ટોળામાં અને પોલીસથાણામાં અહિંસક રહ્યો એ વધારે મહત્ત્વની વાત છે.'

નૃસિંહલાલની સાથે જતાં ધના ભગત અને કિસનને મારતા ઉચ્ચ હિંદુઓની આસપાસ ભેગા થયેલા ટોળાની હકીકત બેચાર દિવસે અરુણે જનાર્દનને કહી, અને ગુસ્સે થવાના પ્રસંગે ગુસ્સો દાબી શાંત રહેવાથી જે અકથ્ય માનસિક ઉચ્ચતા પોતે અનુભવી હતી તેનો પ્રામાણિક એકરાર અરુણે કર્યો, તેના ઉત્તરમાં જનાર્દને કહ્યું.

'અને ધના ભગતે પોતાને મારનારનું પણ ભલું ઈચ્છયું એ જોઈને તો મને એમ જ લાગ્યું કે એ અંત્યજને ગુરુપદે સ્થાપવો જોઈએ.' અરુણે કહ્યું.

'તારા ગુરુને આપણા સરઘસને મોખરે રાખજે.' જનાર્દને જરા હસીને કહ્યું.

'એ તો અંધ છે.'

'તું દોરજે.'

'પણ એ કબૂલ કેમ રાખશે ? એમને રાજકીય વિષયની ગમ ભાગ્યે જ હોય.'

'હું ભગતને ઓળખું છું. તું આવ્યો તે પહેલાં કોઈ કોઈ વખત હું ઢેડવાસમાં જતો ત્યારે એમનાં ભજન સાંભળતો, અંત્યજ સુધારણા માટે મેં એમને વાત કરેલી; પરંતુ એ તો એની ભક્તિમાં લીન છે, એને બીજી ગમ ન પડે. અને ગમ પડે તોપણ એવા આંખે લાચાર બનેલા વૃદ્ધને આપણાથી આગળ કરાય કેમ ?' જનાર્દનના હૃદયમાં રહેલો રાજકીય વિભાગ આવા અંધ, વૃદ્ધ અંત્યજને સરઘસને મોખરે રાખી લોકલાગણી પોતાની ચળવળ પ્રત્યે આકર્ષવા લલચાવતો હતો, છતાં તેના પ્રામાણિક વિભાગે તેમ ન કરવા સૂચવ્યું.

'અરુણ ! એ સરઘસ પોલીસ જરૂર અટકાવશે. મને કલેક્ટર આજ બોલાવ્યો હતો. સરઘસની હકીકત આપણા પત્રમાં પ્રસિદ્ધ થઈ છે, એટલે તેમણે મને ધમકી આપી છે. પોલીસને બળ વાપરવાની સત્તા છે. તેઓ ધક્કા મારશે, લાકડી મારશે, અગર ગોળી મારેશે. એ બધાય પ્રસંગમાં આપણે અહિંસા સાચવી શકીએ તો આપણો વિજય છે. Mob psychology - સંઘમાનસની રચનામાં અહિંસા અદ્‌ભુત પરિવર્તન કરિ દેશે.'

'આપણે બધાને સાવધાન કરવા પડશે. વિમોચને તો સરઘસને હસી કાઢનારા લેખો શરૂ કરી દીધા છે.'

'એની મરજીની વાત છે. આપણે મન હસી કાઢવાનો પ્રસંગ નથી. ધના ભગતને નિર્માલ્ય માની ઘણાયે હસ્યા હશે, પણ એ જો નિર્માલ્ય હોત તો એણે ગાળો દીધી હોત. મારનારને આશિહ આપનારનું માનસિક બળ આપણા બધાનેયે કરતાં વધારે હોવું જોઈએ.

'આજે આવશો ?' આપણે ભગતને મળી આવીએ. મને ફરી મળવાની ઈચ્છા છે. પેલા છોકરાને કેમ છે તે પણ જોઈએ.'

'બીજું કાંઈ કામ નથી. ચાલ જવું હોય તો.'

બંને જણા ધના ભગતને ત્યાં જવા તૈયાર થયા. બીજા આશ્રમ વાસીઓ પોતપોતાના કામમાં રોકાયેલા હતા. જુદે જુદે સમયે જુદાં જુદાં કપડાં પહેરવાની જંજાળ તેમને નહોતી. બંને આશ્રમના ઝાંપાની બહાર નીકળ્યા ત્યાં સામે મોટરમાં રંજન તથા પુષ્પા આવી પહોંચ્યાં.

'રંજન તો જ્યાં જઈએ ત્યાં સામેની સામે જ !' હસીને જનાર્દન બોલ્યા. અરુણ કાંઈ બોલ્યો નહિ. મોટર ઊભી રહી.

'ક્યાં જાઓ છો ?' રંજને પૂછ્યું.

'જ્યાં જઈએ છીએ ત્યાં સફળતા છે. શુકન બહુ સારાં છે.' જનાર્દને કહ્યું.

'શા ઉપરથી ?'

'સામી બે કુમારિકાઓ મળે છે ! બીજું શું જોઈએ ?'

ખરે, કુમારહૃદયની ભાવશુદ્ધિ અને તેનું નિર્દોષ સ્નેહાળપણું

જેની નજરે પડે તેને પવિત્ર બનાવે છે. એ જ હૃદય ભારેમાં ભારે ભોગ આપી શકે છે. હૃદયમાં કૌમારના ઉદાર અંશ ન હોય તો લગ્નનું સાહસ કેમ થઈ શકે?

'અમે તો તમને રોકવા આવ્યાં છીએ !' રંજને કહ્યું.

'કારણ ?'

'સરઘસમાં અમે પણ નીકળશું. વીસથી ત્રીસ સ્ત્રીઓ આવવા તૈયાર છે !'

'શું કહે છે ?' ગરબા અને લગ્નપ્રસંગોમાં પણ પુરુષોને પડખે રાખ્યા સિવાય બહાર ન પડી શકતી ગુજરાતણ સરઘસ જેવા તોફાની રાજકીય દેખાવમાં પોતે સામે થઈને જોડાવા માગે એ શું ઓછા આશ્ચર્યની વાત છે?

'હું ખરું કહું છું; હસતી નથી' એ વાક્ય રંજને હસતે હસતે કહ્યું.

'નહિ, બહેન ! એ જોખમમાં તમને હું ન ઉતારું. ઘણું કરીને કલેક્ટર એ સરઘસ અટકાવશે; અને ભોગજોગે કોઈને વાગે ત્યારે ?'

'અમને વાગશે તો અમે અમારી સારવાર કરી લઈશું. તમને વાગશે તોયે અમે સારવારના કામમાં આવીશું.'

'અંહં; જો, રંજન ! તું આવા કામમાં પડીશ તો કૃષ્ણકાંતને મુશ્કેલીમાં નાખીશ. અને પુષ્પા ! તારા પિતા તો તને આવવા જ ન દે. તેમને અમારા કામમાં વિશ્વાસ નથી. એટલે તમને

સરઘસમાં તો હું નહિ જવા દઉં.' જનાર્દને કહ્યું.

'ત્યારે અમે અમારું જુદું સરઘસ કાઢીશું. દેશની સેવા એકલા પુરુષો જ કરી શેક, ખરું ?'

'સરઘસ કાઢવામાં જ કાંઈ દેશસેવા સમાઈ જાય છે ?'

'ત્યારે આપ શા માટે સરઘસ કાઢો છે ?'

'એમાં તો ધ્વજ ફરકાવવાની છૂટનો સિદ્ધાંત રહેલો છે. અમારો અહિંસાનો વાવટો. સરકાર તેને ફરકાવવાની ના પાડે તો એ ના કેમ મનાય?'

'બરાબર. પણએ સિદ્ધાંતની લડત એકલા પુરુષો જ શા માટે કરે ?'

'આ રંજન તો બહુ કપરી છોકરી છે. જો બહેન ! હજી પુરુષો જ આ લડત માટે તૈયાર થયા ન હોય તો પછી સ્ત્રીઓને એમાં કેમ ભેળવાય ?'

'પુરુષો તૈયાર થયા ન હોય તો તે ખસી જાય, અને સ્ત્રીઓ તૈયાર છે તેમને માર્ગ આપે.'

'તારી સાથે દલીલ કરવી નકામી છે. હજી વચ્ચે ત્રણ દિવસ છે. અરુણ ! તું આ છોકરીઓ માટે કાંઈ યોજના ગોઠવી કાઢજે.'

'ક્યાં જશો ? જરૂર હોય તો હું આ ગાડી મોકલું.' રંજને જણાવ્યું.

'અમારે તો પેલા ધના ભગતને ઘેર જવું છે. અરુણ એમનો

શિષ્ય બનવા માગે છે.' હસીને જનાર્દને કહ્યું.

'ક્યાં રહેતા હશે ?' રંજને પૂછયું.

'હું જાણું છું ક્યાં રહે છે તે.' પુષ્પાએ પહેલી જ વાર શબ્દોચ્ચારણ કર્યું. રંજન અને જનાર્દન વચ્ચેની આખી વાતચીત દરમિયાન અરુણ અને પુષ્પા બંને વગરબોલ્યે એકબીજા તરફ જોયા કરતાં હતાં.

'પણ તું સાથે આવીશ તો તારે નહાવું પડશે. સુશીલાબહેન તને ઘરમાં નહિ પેસવા દે !' રંજને પુષ્પાના ઘરની ધર્મભાવના તરફ તેનું લક્ષ ખેંચ્યું.

'એમાં શું ! નાહી લઈશ.'

જનાર્દન એ સ્થળ જાણતા હતા; પરંતુ પુષ્પા સરખી પરમ વૈષ્ણવની દીકરી એક ઢેડનું મકાન જાણતી હતી એ વિચારે જનાર્દનના મનમાં જરા આશ્ચર્ય ઊપજ્યું.

અરુણ મોટરના આગળના ભાગમાં બેઠો. જનાર્દન પુષ્પાની સાથે બેસી ગયા. આખા શહેરને ચીરી છેવટના ગરીબ દેખાતા ભાગમાં મોટર આવી પહોંચી.

એ ગરીબ લત્તાનાં મકાનો નાં હતાં; પરંતુ સામસામાં મકાનોની વચ્ચે ધણો પહોળો માર્ગ રહેતો હતો. એ માર્ગના કેટલાક ભાગ ઉપર સૂતરની લાંબી દોરીઓ વીંટાળેલા લાકડાના કકડા જમીનમાં દાટેલ હતા. મકાનોનાં આંગણા લીંપીને સ્વચ્છ રાખેલાં હતાં. ઊંચી બ્રાહ્મણ-વાણિયાની શેરીઓમાં નજરે પડતો કચરો અને ડગલે પગલે અપવિત્ર બનાવતી પાનીની નીકો, એમાંનું કાંઈ આ

લત્તામાં દેખાયું નહિ. દસેક પર તો રંગીન ઇંટોરી હતાં અને તેમાં રહેનારાઓની આબાદી સૂચવતાં હતાં. ઘણાંખરાં ઘરની આગળ તુલસી વાવેલાં દેખાતાં હતાં.

'આ ઠીખ મહોલ્લો લાગે છે.' રંજન બોલી ઊઠી. શહેરની શેરીઓમાં ભોગજોગે જવું પડે તો મહા ત્રાસ પામતી રંજનને આ મહોલ્લો ગમ્યો.

'અહીં જ ધના ભગત રહે છે.' પુષ્પાએ કહ્યું.

મોટર ધીમી પડી. પાછળ નાનાં બાળકો દોડતાં હતાં. કેટલાંક બાળકોએ કાંઈ જ પહેર્યું નહોતું.; કેટલાંક બાળકોએ ઘૂંટણ સુધી પણ ન પહોંચે એવાં ચીંથરા કમરે વીંટાળ્યાં હતાં, કેટલાંક બાળકોએ તો ફક્ત માથે ટોપી કે ફાળિયું વીંટી માથા સિવાયના આખા દેહને નવસ્રો રાખ્યો હતો. તેમનાં શરીર કાળાશ પડતાં ધૂળવાળાં હતાં. આવો દેખાવ જોઈ રંજનને હસવું ન આવે એ કેમ બને ? પરંતુ હસતાં હસતાંયે તેની સૌદર્યાન્વેષી દૃષ્ટિએ જોઈ લીધું કે આ નવસ્રાં અને અર્ધવસ્રાં બાળકોમાંથી ઘણાંનાં મુખ કદરૂપાં તો નહોતાં જ. એ બાળકોને એક કલાક સાબુના પાણીમાં બોળી રખાય તો તેમના દેહનો ઘઉવર્ણો રંગ ઊઘડી આવે જરૂર !

'ધના ભગત અહીં રહે છે એ તું ક્યાંથી જાણૈ છે ?' રંજને પુષ્પાને પૂછ્યું.

'હું બે-ત્રણ વખત અહીં આવી હતી.' જરા અચકાઈને પુષ્પાએ કહ્યું.

'તું આવી હતી ? શા માટે ? જનાર્દનની જિજ્ઞાસા ઝાલી રહી નહિ; તેમણે પૂછ્યું.'

'એક વખત પંદરેક દિવસ સુધી ધના ભગત જણાયા નહિ એટલે મારે તપાસ કરવા આવવું પડેલું. એક વખત કિસન ઘણો માંદો થઈ ગયેલો, તે બહેને મને ડૉક્ટર સાથે મોકલી હતી.'

અરુણ અને જનાર્દન સાંભળી રહ્યા. પુષ્પાની બહેન સુશીલા એટલી ધર્મચુસ્ત ગણાતી હતી કે તે પોતાની બહેનને આમ કોઈક અંત્યજની ખબર લેવા મોકલે એ રંજનને તો બહુ જ નવાઈભર્યું લાગ્યું. જૂના વિચારવાળાં, રાતદિવસ નાઈધોઈ પાઠપૂજા અને દેવસેવામાં રહેનારાં સ્રી-પુરુષમાં આવી ધર્મ-ઉદારતા હોય એ તેને આજ સુધી અશક્ય લાગતું.

શેરીને છેવાડે આવેલા એક સાધારણ ઘર આગળ પુષ્પાએ મોટર ઊભી રખાવી. ઘર આગળ તુલસીક્યારાની આસપાસ એક મોટો માટીથી લીંપેલો ચોતરો હતો. એ ચોતરા ઉપર એકતારો વગાડી ભજન ગાતા ધના ભગતનાં નયનો જગતને ન નિહાળતાં, હૃદયમાં કાંઈ નિહાળતાં હોય એમ મીંચાયલાં હતાં.

ચારે જણ નીચે ઊતર્યાં અણે ધીમે રહી ચોતરા ઉપર બેસી ગયાં.

# ૧૫ પ્રભુભક્ત અને દેશભક્ત

તારિ કૃપાથિ વિભુ મૂક વદે જ વાણી;
તારી કૃપાથી ગિરિ પંગુ ચડે જ પ્રાણી !
**ભોળાનાથ**

ગગનોના ઘુમ્મટ બાંધ્યા ! પાથરણે પૃથ્વી માંડી !
શૂન્ય શિખરના સિંહાસને હો જી !
ઝળહળતી જ્યોતે બેઠા ! ટૂંકી છે નજરો મારી,
તલપું હું જોવા ઉજાસને હો જી ! -ગગનોના૦

સાયરનાં નીર રાજા ! ચરણો પખાળો તારાં,
મેઘના અભિષેક માથે વરસે હો જી !
ખોબામાં પાણી ધરી પામર હું ઊભો રાજા
ચરણે એ પાણી કેમ સ્પર્શશે હો જી ! -ગગનોના૦

સૂરજ ને ચાંદા કેરા દીવા અખંડ જ્યોત,
નવલખ તારાની દીપમાળા રે હો જી !
ઘરના તે ગોખે હું તો દીવો પ્રગટાવી બેઠો,
આરતીની આળપંપાળ રે હો જી ! -ગગનોના૦

વનનાં વન ખીલ્યાં ફૂલ્યાં, ચંદન મળિયાગરાં હો !
વિશ્વંભર અભરે ભરિયા રે હો જી !
તુલસીને પાને બેઠો રીઝવવા રાંક હું તો !
રેલાવો રાજ રહેમદરિયા રે હો જી ! -ગગનોના૦

ભજનની ધૂનમાં ધના ભગતને આસપાસનું ભાન રહ્યું નહોતું. ઝણઝણ ઝણઝણ વાગતો એકતારો ભ્તના કાયમ સૂર સાથે મળી જઈ ગીતના ગર્ભમાં રહેલા ભાવ તરફ સહુને ખેંચતો હતો. ધના ભગતનો સૂર મોટો અને મીઠો હતો. ભક્તિભાવને પોષતી ભજનની હલક સાંભળતાં નાસ્તિકોને પણ ભક્તિ પ્રગટે ! અગમ્ય છતાં સાદાં, ફિલસૂફીભર્યાં છતાં સહેલાં, શાસ્રીય અલંકારરહિત છતાં હૃદયંગમ ભજનો એ આપણી અખૂટ આધ્યાત્મિક મિલકત છે. શૂદ્રને બ્રાહ્મણ ભલે વેદ ન ભણવા દે ! વેદવેદાંત તો આપણા શૂદ્રોથી ગવાતાં ભજનોમાં સદાય ઊતરી આવેલું છે. ન્યાતજાત અને ધંધાને અંગે પડેલા હિંદસમાજના અનેકાનેક ભેદો માટે હિન્દુધર્મને વખોડવામાં આવે છે. પોતાના દોષ જોઈ શકાય એના જેવો ઉન્નતિનો બીજો માર્ગ નથી એ ખરું; પરંતુ એ સામાજિક કે ધાર્મિક દિવાલોને ભેદી આપણાં જ્ઞાન અને ભક્તિનાં કિરણો સમાજના પડેપડમાં પહોંચી ગયાં છે એ જાણવું હોય તો એકતારો, મંજીરાં અને કરતાલને નિહાળવાં બસ થઈ પડશે. દરેક કોમમાં ભક્ત હોય છે; દરેક કોમમાં ભજનમંડળી હોય છે, અને શાસ્રીય સંગીતનો ઘમંડ રાખતી બેચાર ઊચ્ચ કોમો સિવાય બીજી કોમોમાં એ ભજનમંડળીઓ હજી પણ જીવતી છે.

એ ભજનો સાર્વજનિક મિલકત છે. અંત્યજની મંડળી હોય કે કોળીની મંડળી હોય, પાટીદારની મંડળી હોય કે વાણિયાની મંડળી હોય, તોપણ એ ભજનો બધાયને ગાવાની છૂટ છે. એટલું જ નહિ, પણ મુસલમાન પીર કે ફકીરના મુખમાંથી પણ એ ભજનો સાંભળી શકાય છે. હિંદુમુસ્લિમ પ્રશ્નને ઝઘડાનો વિષય બનાવતી વર્તમાન કૃત્રિમતાએ સમજવું જોઈએ કે કબીર તથા મીરાંબાઈનાં અનેક ભાવવાહી અને જ્ઞાનગમ્ય ભજનો નિમાઝ પાળતા મુસલમાન ફકીરો બહુ આદરથી ગાય છે. અલખ, નિરંજન, ઈડા, પિંગળા, સુરતા, અગમગઢ, એવા એવા કૂટ પરંતુ સમાજની છેલ્લી સપાટી સુધી પહોંચી ગયેલા શબ્દોના ભાવ બહુ જ રસપૂર્વક એ મુસ્લિમ ભજનિકો અનુભવે છે અને શ્રોતાઓને અનુભવાવે છે. હિંદુઓએ મુસ્લિમ જીવનમાં એટલા ઊંડા ઊતરવાની શું જરૂર નથી ? હિંદુઓ પણ સૂફી હોય છે.

ગાતે ગાતે ધના ભગતની આંખ ભીની બનતી. જે પરમતત્ત્વને ઉદ્દેશીને તે ગાતો હતો તે પરમતત્ત્વને જાણે તે જોવા મથતો ન હોય એમ તેના મુખભાવ ઉપરથી જણાઈ આવતું. ખરે, એ તત્ત્વ નિહાળવા માટે આપણાં ચર્મચક્ષુ બંધ કરવાની જરૂર પડે છે. ધના ભગતનાં ચક્ષુ આપોઆપ બંધ થઈ ગયાં હતાં. પરમાત્માને નિહાળવાની એ સગવડ તો નહિ હોય ? અરુણને ગીતાવાક્ય યાદ આવ્યું :

‘દદ્દ્બાદ્બદ્ધ દ્દ્બદદ્બ હદ્બદ્ધ ઊદ્બફ્દ્બદ્ર’

‘દાદા ! બધાં આવ્યાં છે.’ આસપાસનું ભાન ભૂલેલા ભગતને કિસને આવી કહ્યું. નહિ તો તેના દાદા હજી ભજનની ધૂનમાં

મચ્યા જ રહેત.

‘આવો, આવો બા ! ભલે આવ્યાં. ભગતની આંખો તો ગઈ છે, એટલે એ કોઈને દેખતો નથી.’ ધના ભગતે આવકાર આપતાં પોતાની અશક્તિમાન અવસ્થા પણ જણાવી દીધી.

‘એ તો પુષ્પાબહેન છે, અને પેલા તે દિવસે આપણને જે છોડાવતા હતા તે છે.’ જેટલાંને કિસન ઓળખતો હતો તેટલાંને તેણે ઓળખાવ્યાં.

‘પુષ્પાબહેન તો પ્રભુનાં ભક્ત છે. મોટીબહેન શું કરે છે ? મારાથી નીકળાયું નથી. આ મારો કિસન તો તે દહાડે વાગ્યું ત્યારનો આકળો બની ગયો છે.’ ધના ભગતે કહ્યું.

‘આકળો ન બને તો નવાઈ. મનેયે એવો ગુસ્સો ચડયો હતો !’ રંજને કહ્યું.

‘એ બહેન કોણ ?’

‘મારી બહેનપણી છે. બહુ ભણેલી છે.’

‘બહુ સારું ! સુખી થાઓ, બહેન ! મારે ગરીબ ઘેર તમે બધાં ક્યાંથી ?’

‘તમે તો ભગત ! બહુ જ્ઞાની છો. અમારા આશ્રમમાં ન આવો ?’

જનાર્દને કહ્યું.

‘મને જ્ઞાન શું ? હું તો જ્ઞાની ઓનિ ચરણરજ ! હું આવીને

શું કરું ?'

'હમણાંના તમે જણાયા નથી. બે ભજન ગાશો તોયે બધા પવિત્ર બનશે.'

'અરે બાપા ! એ શું બોલો છો ? અમે હલકી જાત પડયા. બહુ બહુ તો વેગળે બેસી ભજન ગાઈએ; બીજું અમારું ગજું નહિ.'

કિસન તેના દાદા સામે જોઈ રહ્યો. શા માટે પોતાની જાતને હાથે કરીને તેઓ હલકી પાડતા હતા તે એને સમજાયું નહિ. અસ્પૃશ્યપણું પણ એક સમયે અસ્પૃશ્યોને અળખામણું નહોતું લાગતું. અરુણ અને જનાર્દન કિસન સામે જોઈ રહ્યા હતા. અરુણે પૂછયું :

'કિસન ! તાર દાદા કહે છે તે તને ગમતું નથી, ખરું ?'

'અરે એ તો ક્યારનો વિશ્વાસી બની ગયો હોત.' ધના ભગતે વચ્ચે જ કહ્યું.

એ ચોંકાવનારી હકીકત હતી. જે દિવસે કિસનને તથા ધના ભગતને બ્રાહ્મણોએ માર્યા તે જ દિવસથી બે ખ્રિસ્તી ધર્મગરુઓએ એ બંને જણને હિંદુ ધર્મ છોડી દેવાનો બોધ કર્યો. ધના ભગતને એ બોધની જરૂર નહોતી. નાનપણમાં અને મોટપણામાં તેમણે ઘણા પાદરીઓને સાંભળ્યા હતા; ઘણા અંત્યજોને ખ્રિસ્તી થઈ જતા તેમણે જોયા હતા. વળી ધના ભગત ઢેઢ હોવા છતાં તેમનાં ભજનોને લીધે ઘણા ઊંચા વર્ગના હિંદુઓમાં પણ તેઓ સન્માન - અંત્યજને દૂર બેસાડીને આપી શકાય એટલું - પામતા હતા.

તેમને ખ્રિસ્તી બોધની અસર થાય એમ હતું જ નહિ એમ પેલા બે પાદરીઓને લાગતાં તેમણે કિસનને લોભાવવા પ્રયત્ન કર્યો :

'જો તું હિંદુ રહ્યો એમાં તને શો લાભ મળ્યો ? તને તો કોઈ અડકતું નથી. ભૂલેચૂકે તારાથી અડકી જવાયું તેમાં તો તને અને તારા દાદાને માર પડયો. તારી જ જગ્યાએ કોઈ ખ્રિસ્તી હોત તો ? બ્રાહ્મણો તેને સલામ કરત અને તેની જોડે હાથ મેળવત.'

કિસનને વાત વિચારવા જેવી લાગી. સાહેબ-ટોપી પહેરતા ત્રણે ખ્રિસ્તીઓને હિંદુઓની સલામ ઝીલતા તેણે જોયા હતા, 'તું ખ્રિસ્તી બેન તો તને પહેરવાનાં સારાં કપડાં મળશે; ખાવનું પુષ્કળ મળશે; ચા, કૉફી, સોડાલેમન એ બધું મરજી માફક તરાથી પી શકાશે; રહેવાને બંગલા જેવું ઘર મળશે; સાહેબ લોકો તને ભણવાનું શીખવશે; અને તું પરીક્ષાઓ પાસ કરીશ એટલે એકદમ ભારે નોકરીએ તને ચડાવશે; પછી ગાડીઘોડા બેસવા મળશે, અને વખતે મડમ સાથે તારાં લગ્ન પણ થઈ જશે ! હિંદુ રહીશ તેમાં તું શું પામીશ ? પહેલું તો તને કોઈ પૂરું ભણવા જ નહિ દે; અને ભણીશ તોયે તને ઢેઢ તરીકે છેટે ને છેટે જ રાખશે. પૂરી પાધરી નોકરી પણ તને કોઈ નહિ આપે.'

આ ખરી હકીકત હતી. ભણવામાં કિસનને ઘણી હરકત પડતી હતી. પ્રાથમિક કેળવની તેણે શાળાના ઓટલા ઉપર બેસીને લીધી હતી. અંગ્રેજી શાળામાં પણ તેને વર્ગમાં છેલ્લો, એક અલગ પાટલી ઉપર બેસાડી રાખવામાં આવતો. શિક્ષકો પણ તેના તરફ અણગમો બતાવતા હતા. શાળામાં અસ્પૃશ્યના મિત્ર કોણ થાય

? અને કયા ઢેઢને ખ્રિસ્તી બન્યા સિવાય ઊંચો હોદ્દો મળ્યો ?

'આજે રાજ્ય કોનું છે ? ખ્રિસ્તીઓનું. જગત ઉપર મોટામાં મોટી સત્તા કોની ? ખ્રિસ્તીઓની. જર્મની, ઈંગ્લેન્ડ, ફ્રાન્સ અને રશિયા જગતના મોટા ભાગને કબજે રાખી રહ્યાં છે એ તેમના ખ્રિસ્તીપણાનો જ પ્રતાપ. એ દેશો કેવી ચડતી હાલતમાં છે ? જો આવી ચડતી કોઈ પણદેશે કરવી હોય તો તેણે ખ્રિસ્તી ધર્મ સ્વીકારવો જોઈએ. જાપાન અને ચીનમાં ઘણા લોકો ખ્રિસ્તી બની ગયા છે, અંદરખાનેથી બધા જ ખ્રિસ્તી છે. તમારે તમારી જાતનું અને દેશનું ભલું કરવું હોય તો સહુએ ખ્રિસ્તી જ થવું જોઈએ.'

કિસન જે થોડોઘણો ઇતિહાસ જાણતો તે ઇતિહાસે આ પાદરીના કથનને ટેકો આપ્યો.

'ઈસુ ખ્રિસ્ત મહાદયાળુ છે. આખી દુનિયાના પાપની સજા એણે પોતે ભોગવી અને પ્રભુ-પિતાની પાસે તેણે ખ્રિસ્તીઓનાં પાપની માફી મેળવી લીધી. જે ખ્રિસ્તી હશે તેને મૃત્યુ પછી સ્વર્ગ મળશે; બીજાને નહિ.'

દુનિયાના લાભ તથા દુનિયાપારના લાભ ખ્રિસ્તીધર્મ સ્વીકાર્યાથી જ મળી શકે છે એ દલીલમાં કિસનને કાંઈક સત્ય દેખાતું. હિંદુ ધર્મમાં રહ્યે અપમાન સહન કરવાનું હતું એ વાત નિર્વિવાદ હતી. એ સિવાય હિંદુ કહેવરાવવાથી જ અંત્યજને બીજું શું મળવાનું હતું ? હિંદુ સમાજના ઉપર તેને વૈરભાવ પ્રગટવા માંડયો. એક દિવસ તો આવેશમાં આવી જઈ તેણે ઈસુ ખ્રિસ્તની પ્રાર્થના પણ કરી કે તે જલદી કિસનને શરણે લઈ લે !

પરંતુ કિસનની એક મોટી મુશ્કેલી હતી. તેના દાદામાં તેને ઘણો જ વિશ્વાસ હતો. તેને પૂછ્યા વગર કશું જ ન કરવું એવો તેનો પ્રથમથી નિશ્ચય હતો. તેણે પોતાનું તોફાને ચડેલું હૃદય ભગત આગળ ખુલ્લું કર્યું :

'દાદા ! આપણે ખ્રિસ્તી થઈ જઈએ તો કેવું ?'

'ખ્રિસ્તી કહેરાવ્યે કાંઈ ખ્રિસ્તી બની જવાય છે ? અને શા માટે તને આવો વિચાર આવ્યો ?'

'હિંદુ લોકો તો આપણને અડકતા નથી, મારે છે, હલકા ગણે છે. એમાં રહીને આપણને શું મળવાનું છે ?'

'તને એમ લાગે, બેટા! પણ જો ને, જેને ભગવાન પ્રત્યક્ષ થાય તેને ઢેઢમાં ને બ્રાહ્મણમાં ભેદ રહેતો નથી. નરસિંહ મહેતાને નાગરવાડા કરતાં ઢેઢવાડામાં બેસવું વધારે ગમતું હતું.'

'પણ બધા એવું ક્યાં કરે છે ?'

'દીકરા ! ધરમ બદલ્યે કાંઈ મોટાઈ આવતી નથી. બધાય ધરમમાં એક જ વાત છે ! ભગવાનને ભજો અને સાચા રહો. બારપંદર વરસ ઉપર ખ્રિસ્તી જાતો વઢી ઊઠી અને એવી કાપાકાપી ને મારામારી ચાલી કે ઈસામસી ખ્રિસ્તીઓના નામ ઉપર સ્વર્ગમાં રોતા બેઠા હશે. બેટા! મને સુખી કરવો હોય તો તું એ વાત જ ન કરીશ. હું મરી જાઉ પછી ખ્રિસ્તી થવું હોય તો થજે.'

ધના ભગતની આ દલીલ સામે કિસનને કાંઈ જ કહેવાનું નહોતું. દાદાને દુઃખ થાય એવું પ્રાણાંતે પણ કરવાની તેને ઈચ્છા

નહોતી એટલે ખ્રિસ્તી ધર્મનો મોહ રહી ગયા છતાં કિસને એ વાત પડતી મૂકી.

આ હકીકત ધના ભગતે પોતાની સાદી ભાષામાં બધાંને જણાવી. અરુણને ધના ભગતનું મિથ્યા ધર્માભિમાન ખૂંચ્યું; ધનિકો અને ધર્મીઓ બંને જગત ઉપર જુલમ ગુજારનારા છે. એ તેની જૂની માન્યતા ફરી જાગૃત થઈ આવી.

જનાર્દને કિસનને આશ્રમમાં મોકલવાની ભલામણ કરી. ધના ભગતે કહ્યું.

કિસનની મરજી હોય તો ભલે આવે.‘

‘મારા દાદાને મૂકી હું ક્યાંય નહિ જાઉ.’ કિસને જણાવ્યું.’

પછી અંત્યજ લોકોની જાગૃતિ વિષે જનાર્દને પૂછપરછ કરી. ધના ભગતને પારકાની જાગૃતિ વિષે બહુ ઓછી માહિતી હતી. સ્વરાજ્યની ભાવના અંત્યજો સુધી ઊતરી છે કે કેમ એ વિષે જનાર્દને અંત્યજોમાં ફરી ઘણી માહિતી મેળવી હતી. એ વર્ગને અહિંસાત્મક રાજદ્વારી લડતમાં ઉતારવાની જરૂર તેને ઘણી લાગતી હતી. તેણે એ સંબંધમાં કરેલા પ્રયત્નો બહુ સફળ નહોતા થયા. આજ ધના ભગત જેવા અંત્યજોના એક પવિત્ર પુરુષને એ વિષે ફરી પૂછવાની તેન ઈચ્છા થાય એ સ્વાભાવિક હતું.

ધના ભગતે તો રાજદ્વારી પુરુષોને ન ગમે એવી વાત સંભળાવી :

'ભાઈ ! સ્વરાજ્ય કહો કે પરરાજ્ય કહો, કોનું રાજ્ય કાયમ રહ્યું છે? આપણાં રાજ્યો હતાં એ ચાલ્યાં ગયાં; ગોરાઓનું રાજ્ય છે એ યે એનો વખત આવ્યે ચાલ્યું જશે. મને ત એકે રાજ્યનો મોહ નથી. રાજ્ય મારા ભગવાનનું કે એમાં બધાયનું કલ્યાણ થાય !'

બધાનું કલ્યાણ થાય એવું રાજ્ય જ્યાં સુધી માનવી નહિ મેળવે ત્યાં સુધી રાજ્યચક્ર બદલાયા જ કરશે. ધના ભગતની રાજકીય સંભાવના સમગ્ર દુનિયાનાં રાજ્યોને નાલાયક નથિ બનાવી દેતી ?

ધના ભગતની રજા લઈ બધાં મોટરમાં બેસવા ગયાં તે વખતે જનાર્દને અરુણને પૂછયું :

'અરુણ ૧ દેશભક્તિ મોટી કે પ્રભુભક્તિ ?'

'પુરાવો તમારી પાસે જ છે. દેશભક્તિ જનાર્દનને ઉપજાવે છે, અને પ્રભુભક્તિ ધના ભગતને ઉપજાવે છે. એક finished product -સંસ્કારી વ્યક્તિ, બીજી crude - અધકચરી. એકમાં ખુલ્લો આત્મવિકાસ, બીજામાં tradition - પરંપરાગત માન્યતાનું ઘડેલું બેડોળ પૂતળું ! તમે જ કહો, શું મોટું ?'

'અરુણ ! તારી ભૂલ થાય છે. દેશભક્ત કરતાં પ્રભુભક્ત હરહંમેશ ચડિયાતો છે. દેશભક્તિ એ મર્યાદાભક્તિ છે; પ્રભુભક્તિ એ જગતભક્તિ - નિરવધિભક્તિ છે. દેશભક્તિની મર્યાદાઓ ઓળખી વિચારીને જ પેલા ગાંધીએ સ્વરાજ્યને રામરાજ્ય કહ્યું છે. પ્રભુભક્તિમાં દેશભક્તિનો ભોગ અપાય તો અડચણ નહિ -

એ દેખાતો ભોગ દેશભક્તિની અધૂરી વ્યાખ્યાને લીધે જ કદાચ કોઈ માને; પરંતુ દેશભક્તિમાં પ્રભુભક્તિનો કદી ભોગ અપાય નહિ; જનાર્દન કરતાં ધના ભગત મોટા જ મોટા !' જનાર્દને કહ્યું. ઘણી વખત વાતચીત કરતાં ઊંડા ચિંતનમાં ઊતરી જવાની જનાર્દનની ટેવ અરુણ જાણતો હતો. એ ચિંતકોની ભૂમિકા પૂરી સમજાતી ન હોવાથી આપણે તેમને ઘેલા ગણવા પ્રેરાઈએ છીએ. અરુણે જવાબ આપ્યો :

'હું નથી માનતો.'

'એક દિવસ માનીશ.'

રંજન અને પુષ્પા બધો વખત અરુણને જોયા કરતાં હતાં. બંનેને લાગ્યું કે તેઓ એકમેકને ઓળખી કાઢે છે. પુષ્પાએ એ વહેમ કાઢી નાખવા પૂછ્યું :

'રંજન ! કિસનનું મોં કોના જેવું છે ?'

'તારા જેવું !' હસીને રંજને જવાબ આપ્યો.

'જા જા ! મને તો જનાર્દન જેવો ભાસ લાગ્યો.'

'તારા મનથી અરુણભાઈ જેવું તો કોઈ હોય નહિ, ખરું ને ?'

'તારે હસવા સિવાય બીજો ધંધો શો છે ?'

મોટરમાં બેસી અંત્યજવાસની બહાર નીકળી મોટા માર્ગ ઉપર આવતાં જ વર્તમાનપત્ર વેચતા ફેરિયાની બૂમ બધાંએ સાંભળી :

'લક્ષાધિપતિ નાદાર ! કૃષ્ણકાંત ભાંગ્યા !'

# ૧૬ સંસ્કાર અને વ્યાપાર

જનોના આત્મામાં જીવન બસ કે ભાવમયતા,
અરે ! તે લૂંટીને જીવન ક્યમ લૂંટી લઈ જતા ?
**કલાપી**

'કૃષ્ણકાંત ભાંગ્યા ! સ્વરાજ્યનો મંત્ર. એકએક આનો.' ફેરિયાએ બૂમ મારવી ચાલુ રાખી એક આનામાં સ્વરાજ્યનો મંત્ર અને કૃષ્ણકાંતની નાદરી આપી દેતો ફેરિયો વર્તમાન જીવનની તટસ્થતાનો અદ્દભુત નમૂનો છે.

પરંતુ મોટરમાં બેઠલાં ચારે જણાંમાંથી કોઈ એવી તટસ્થતા સાચવી શકે એમ નહોતું. સહુએ રંજન સામે જોયું. રંજનના મુખ ઉપર અજાણપણું સ્પષ્ટ દેખાઈ આવ્યું. તેનાથી બોલાઈ ગયું :

'મને કશી ખબર જ નથી !'

મિલકતની સંસ્થાને અનર્થભરેલી માનતા અરુણ તથા જનાર્દન પણ આ સમાચાર સાંભળી આનંદ પામ્યા નહિ; ઊલટો તેમના મુખ ઉપર ક્ષોભ દેખાયો. માનવીના અંગત સંબંધો તેના સિદ્ધાંતોને કેવી રીતે બાજુએ મુકાવી દે છે તે આ ઉપરથી સહજ સમજાઈ આવે એમ છે. મોટર ઊભી રાખી અને અરુણે ફેરિયા પાસેથી છાપું વેચાતું લીધું.

છાપાના મુખપૃષ્ઠ ઉપર મોટે અક્ષરે લખ્યું હતું :

કૃષ્ણકાંત ભાંગ્યા !

બજારમાં આજે બહુ પાકે પાયે વાત ચાલે છે કે જાણીતા લક્ષાધિપતિ કૃષ્ણકાંતને ત્યાં માગનારાઓનો ભાર દરોડો પડયો છે. બધા લેણદારોને પહોંચી વળવું એમને માટે મુશ્કેલ છે,એમ અનુભવી શરાફો જણાવે છે. જો ખરેખર તેમ બનશે તો એ જાણીતા ધનાઢયને નાદારીમાં જવું પડશે.

વર્તમાનપત્રો ઝમકદાર ખબર આપવાના આવેશમાં માંદા માણસને મરેલા તરીકે ઠોકી બેસાડે છે. ‘વા વાયાથી નળિયું ખસ્યું’ એ આખાની પ્રખ્યાત પંક્તિઓ વર્તમાનપત્રોને ઉદ્દેશીને તો નહિ લખાઈ હોય ? કોઈ એમ કહે કે વેદાન્તી અખાને ત્રિકાળજ્ઞાન હતું, અને આ પંક્તિઓ લખતી વખતે અખાના મનમાં વીસમી સદીનાં પત્રો જ રમતાં હતાં, તો તેની સામે દલીલ કરવી મુશ્કેલ થઈ પડે એમ છે. નાદાર બનવાના સંભવમાં આવી પડેલા કૃષ્ણકાંત આખા ગામમાં નાદાર તરીકે ગવાઈ રહ્યા હતા એ વર્તમાનપત્રોનાં રસભર્યાં મથાળાં અને ફેરિયાઓની રસિક વાણીનો જ પ્રતાપ હતો.

એવો સંભવ પણ તેના સ્નેહીઓને આશ્વાસનભર્યો ન જ લાગે.

મોટર ઝડપથી કૃષ્ણકાંતના મહેલ તરફ દોડી. સંધ્યાકાળ થઈ ગયો હતો. કૃષ્ણકાંતનો બંગલો રોજ સરખો જ પ્રકાશિત હતો.

ચારે જણાં ઝડપથી ઊતરી બંગલામાં ગયાં. દીવાનખાનામાં પચાસેક માણસો ખુરશીઓ અને સોફા ઉપર બેસી આતુરતાથી અંદર અંદર વાતો કરતા હતા. ચાર નવાં માણસો આવેલાં જોઈ એ લોકોએ તેમની સામે ઝડપથી જોયું. પરંતુ કૃષ્ણકાંતની રાહ જોનારા એ સઘળા લેણદારો કૃષ્ણકાંતને ન જોતાં પાછા વાતોએ વળગ્યા.

દીવાનખાનામાં ડોકિયું કરતાં કૃષ્ણકાંત જણાયો નહિ એટલે જનાર્દન, અરુણ વગેરે ઘરમાં ગયાં. કૃષ્ણકાંતની ખાનગી ઓરડીને બારણે રંજને ટકોરો માર્યો.

'કોણ છે ? અંદર આવો.' કૃષ્ણકાંતનો અવાજ સંભળાયો. ચાર જણાં ઝડપથી અંદર દાખલ થયાં. કૃષ્ણકાંત આસાએશથી કીમતી સિગાર હાથમાં રાખી બેઠો હતો. તેની સામે ચિંતાગ્રસ્ત સુરભિ હાથ ઉપર ગાલ ટેકવી બેઠી હતી.

'ઓહો ! આ પણ એક ધસારો જ છે ! માગનારાં નથી એટલું ઠીક છે, ચાર જણાં ક્યાંથી ધસી આવ્યા ?

કહી કૃષ્ણકાંતે સિગારની રાખ આંગળીથી પાડી નાખતાં હસતે હસતે પૂછ્યું.

'આ પત્રવાળા શું લખે છે ?' રંજને ગભરાઈને પૂછ્યું.

'તેં વાંચ્યું ને ?' હસતું મુખ રાખી કૃષ્ણકાંતે કહ્યું.

‘હા. પણ એ ખરું છે ?’

‘ખરું છે.’

‘પછી શું થશે ?’

‘માગનારાઓને પૈસા આપી દેવા પડશે.’

‘એકદમ ક્યાંથી આમ થયું ?’

‘એકદમ કાંઈ નથી. છ માસથી આ બધી યુક્તિ ચાલે છે. હું શું જાણું કે કલેકટર સાથેનો અણબનાવ એ બધા ગોરાઓ સાથેના અણબનાવમાં ફેરવાઈ જશે ? આપણા ગોરા મૅનેજરે દગો કર્યો. પંદર લાખનો હિસાબ ખોટો લખ્યો અને દસ લાખની મશીનરી નવી મંગાવી તેમાં ગોટાળો કર્યો!’

‘તે એને પકડાવો ને ?’

‘પત્તો લાગે ત્યારે ને ? એક માસ ઉપર તે આપણી નોકરીમાંથી નિવૃત્ત થયો. પછી મને ખબર પડી.’

‘હવે શું કરીશું ?’

‘કાંઈ જ નહિ ! લોકોને બને એટલા પૈસા આપીશું. તારા મકાનમાં ભાડે રહીશું અને તું આપીશ તો તારી મોટર વાપરીશું.’ હસીને કૃષ્ણકાંતે કહ્યું અને મુખમાં સિગાર મૂકી હવામાં ધુમાડા વડે અક્ષરો કાઢવા માંડયાં.

‘એવું શું બોલો છો, ભાઈ ? મારું મકાન કયું અને મારી મોટર કઈ ? તમારું ન હોય એ કશું જ મારું છે નહિ ?’

કૃષ્ણકાંત કાંઈ બોલ્યા નહિ. અરૃણ અને જનાર્દન બંને ઊંડા વિચારમાં ઊતરી ગયા. તેમની સાથેનો કૃષ્ણકાંતનો સંબંધ ગોરા કલેક્ટરને રુચ્યો નહિ, અને એ સંબંધ તોડી નાખવાની તેની સલાહને કૃષ્ણકાંતે દઢતાપૂર્વક તિરસ્કારી કાઢવાથી ગોરા સમાજમાંથી કૃષ્ણકાંતને તેણે દૂર કર્યો.

જેમણે સ્વપ્રયત્ને સંપત્તિ મેળવી નથી તેમને સંપત્તિની કિંમત હોતી નથી. પેઢીધર ચાલ્યો આવતો વૈભવ ભોગવનાર વૈભવને સ્વાભાવિક હક્ક તરીકે ગણતો થઈ જાય છે. સૂર્ય નિત્ય ઊગે છે; આપણે તેને આપણા નિત્ય હક્ક તરીકે સ્વીકારી લઈએ છીએ, એમાં કાંઈ વિશેષ બનતું હોય એમ આપણે માનતા નથી, સૂર્ય ઊગશે કે કેમ એવો આપણા મનમાં પ્રશ્ન ઊઠતો પણ નથી, એવી ચિંતા આપણે કદી કરતાં નથી. ધનવાન પિતાના પુત્રો પોતાનાં ધનવૈભવ સૂર્ય સરખાં શાશ્વત માને છે. એ ધન નહિ હોય એવી તેમને કલ્પના પણ આવતી નથી. તેઓ ધનના રક્ષણમાં બેદરકાર બની જાય છે, અને તેમની ઉદારતા ઊડાઉપણાનું સ્વરૂપ ધારણ કરે છે. કૃષ્ણકાંતને એમ જ લાગ્યા કરતું કે તેના સઘળા નોકરો પ્રમાણિક છે, અને વ્યાપારના કામમાં બહુ ઊંડા ઊતરીને ચાલુ વ્યવહારમાં દાખલ કરવાની જરૂર નથી.

પરંતુ જેમણે મહેનત કરી પૈસો મેળવ્યો હોય છે તેમને પ્રત્યેક પૈસા પાછળનો પરિશ્રમ પૈસાની આસપાસ વીંટળાયેલો દેખાઈ આવે છે. પૈસાના અભાવમાંથી પૈસાનું અસ્તિત્વ તેમણે ઊભું કરેલું હોવાથી તેનું અશાશ્વતપણું તેમને દેખાઈ આવે છે, અને કંજૂસાઈની ગાળ સહી લઈને પણ તેઓ ધનની પૂરતી કાળજી રાખવા પ્રવૃત્ત થાય છે. કૃષ્ણકાંતના પિતાએ ધન-ઉપાર્જનમાં ભારે

મહેનત વેઠી હતી; અને જોકે તેમના સુધરેલા વિચારોને પરિણામે તેમણે પોતાનાં બાળકોને પાશ્ચિમાત્ય ઢબે ઉછેરવાનો મોહ સેવ્યો હતો, છતાં તેમના મનમાં સ્વપ્રયત્ન અને પરપ્રયત્નથી મેળવેલા ધન વિષે સ્પષ્ટ ભેદ વસતો હતો. એટલે પોતાનાં સંતોનોને માટે તેમણે સારી વ્યવસ્થા રાખી હતી. રંજન અને કૃષ્ણકાંતની મિલકત તેમણે જુદી પાડી દીધી હતી. એ ઉપરાંત પોતાની પુત્રવધૂ સુરભિ માટે પણ તેમણે કેટલીક સ્વતંત્ર આવકની વ્યવસ્થા કરી હતી. તેમની વ્યાપારી ઝીણવટે વ્યાપારની ખોટનો સંભવ સ્વીકારેલો હતો; એટલે સંતાનો માટે સ્વતંત્ર આવક કરી આપવા ઉપરાંત ખોટના પ્રસંગે બધી મિલકત દેવામાં ડૂબી ન જાય એ માટે તેમણે કેટલીક મિલકત કૃષ્ણકાંતને નામે, કેટલીક રંજનને નામે અને કેટલીક સુરભિના નામે કરી દીધી હતી. કૃષ્ણકાંતની શક્તિમાં તેમને અશ્રદ્ધા નહોતી. પુત્ર-પુત્રીના ઉચ્ચ શિક્ષણ અને સાહેબશાહી સંસ્કાર પ્રત્યે તેમને પક્ષપાત હતો. તેમ છતાં તેમના વ્યાપારી ડહાપણે આટલી વ્યવસ્થા સૂચવી હતી.

પિતાએ સ્થાપેલી કાર્યપ્રણાલિકા સરળતાથી ચાલ્યા કરતી જોઈ કૃષ્ણકાંતે વેપારની નાની નાની વિગતોમાં કાંઈ લક્ષ આપ્યું નહિ. ઘડી ઘડી હિસાબ તપાસવા, નોકરો વિરુદ્ધની ચાડીચુગલી સાંભળવી, આડતિયાઓમાં અવિશ્વાસ રાખવો, કારીગરો ઉપર સતત ચોકીપહેરો મૂકવો : એ બધું વેપારી ડહાપણ તેને નિરર્થક અને સજ્જનતાનું વિરોધી લાગતું હતું. અંગ્રેજી પુસ્તકોનું વાચન, યુરોપીય કલાનો શોખ અને યુરોપીય સમાજ સાથે માનભરી સરખાપણાની મૈત્રી - એમાં તેનું જીવન વહ્યા કરતું હતું. તેને કલેશ, કંકાસ, મહેનત, તકરાર અને એવી એવી કઠિનતાઓ

બિલકુલ ફાવતી નહિ. કોઈનું પણ ખોટું ઈચ્છવા જેવી કડવાશ તેણે કેળવી નહોતી. બાર મહિને નફાતોટાનો હિસાબ થતાં નફામાંથી પોતાની મિલમાં કામ કરનારાઓને વધારેમાં વધારે લાભ શી રીતે આપી શકાય એટલી જ બાબતમાં તે કાળજી રાખતો હતો.

કારીગરવર્ગનાં સુખસાધન વધારવા માટેની યુરોપની સઘળી પ્રવૃત્તિ તેની જાણમાં હતી. પોતાના કારીગરોને યુરોપિયન આદર્શ પ્રમાણે સુખી કરવા એ તેનો મનગમતો શોખ હતો. નફામાંથી શેરહોલ્ડરોને જ લાભ આપ્યા કરવા કરતાં કારીગરોનાં સુખસાધન તેમાંથી વધારવા પોતાના એજન્ટ તરીકેના હોદ્દાનો ઉપયોગ કરતો. તેણે મજૂરોની ચાલીઓ સુધારી દીધી; વચમાં વચમાં તેમને માટે બાગ અને રમતનાં મેદાનો બનાવ્યાં; મજૂરો માટે દવાખાનાં સ્થાપ્યાં અને છેલ્લે એક સુવાવડખાનું અને શાળા પણ સ્થાપન કર્યાં. કારીગરોને અપવાના 'બોનસ' પણ તેણે વધારે આકર્ષક બનાવ્યાં. તેની આવી યોજનાઓમાંથી તેને જનાર્દનનો સારો પરિચય થયો હતો,. કૃષ્ણકાંત જાતે અતિ-આધુનિક ઢબમાં રહેતો હોવા છતાં તેનું હૃદય કલુષિત નહોતું બન્યું કે તે સિવાયની ઢબમાં રહેનારનો તે તિરસ્કાર કરે.

યુરોપીય ક્લબમાંથી રાજીનામું આપી નીકળી ગયા પછી કૃષ્ણકાંતે અરુણ અને જનાર્દન સાથેનો સંબંધ હતો તે કરતાં વધારી દીધો. તે ઘણી વખત આશ્રમમાં જતો અને આશ્રમને ખુલ્લી રીતે સહાય આપતો. રાજકીય ચળવળમાં તેને રસ પડતો નહિ; પરંતુ અંગ્રેજોની તુમાખીભરી મોટાઈ સ્વીકારવી ન જોઈએ. એમ તો તે હવે કહેતો થઈ ગયો.

કૃષ્ણકાંતે ક્લબ છોડી, તથાપિ તેની પ્રતિષ્ઠા જેવી ને તેવી જ હતી. મેળાવડાઓ, મિજબાનીઓ, પાર્ટીઓ એ બધાંમાં તેનાં આમંત્રણ તો કાયમ જ રહ્યાં હતાં. એવા પ્રસંગોએ ખાસ કરીને તે દેશી ઢબનાં - અને બને તેટલાં ગાંધી શૈલીને મળતાં કપડાં પહેરતો શોખીન કૃષ્ણકાંત જે કપડાં પહેરતો તે એવી સરસ રીતે પહેરતો કે તેને દીપી ઊઠતા. કલેક્ટર, કમિશનર અગર ગોરા અમલદારો કે વ્યાપારીઓ એવા મેળાવડામાં ભેગા થઈ જાય તો તે ચાહીને તેમની ઉપેક્ષા કરતો, અને ન છૂટકે તેની મહત્તાને અંગે એક ટેબલ પર તેઓ આવી જાય તો યુરોપિયનોની હલકી પડે એવી કથનીઓ અને મશ્કરીઓ ઉપજાવી તેમને બાળતો. આમ ગોરાઓ સાથે થયેલા આ અણબનાવ તે જાણી જોઈને જાહેર કરતો.

કારકુનો બનાવવા ખાતર અંગ્રેજી કેળવણીની હિંદમાં સ્થાપના કરનાર અધિકારીઓએ સ્વપ્નમાં પણ ધાર્યું નહિ હોય કે એ જ કેળવણીના સંસ્કાર હિંદવાસીઓને અંગ્રેજોની બરાબરી કરવા પ્રેરશે. અંગ્રેજી કેળવણીના અનેક ગેરલાભ ગણાવી શકાય એમ છે; તોપણ રાજકીય ક્ષેત્રમાં એ કેળવણી મૃતસંજીવની બની ગઈ છે, એ વાત ભુલાય એમ નથી.

કૃષ્ણકાંતની મિલમાં બે-ત્રણ યુરોપિયન અમલદારો હતા. યુરોપીય વ્યાપારીઓ સાથે તેને ધંધા અંગેનો ગાઢ સંબંધ હતો. જનસમૂહની એક માન્યતા બંધાઈ ગઈ છે કે યુરોપિયનોમાં ઐવી નૈતિક ઉચ્ચતા અને કાર્યદક્ષતા રહેલાં છે કે જે હિંદીઓમાં ભાગ્યે જ જોવામાં આવે છે. તેમનો દોરદમામ, મહેનત, વ્યવસ્થા, નિયમિતપણું, પ્રભાવ પાડવાની કળા અને વાક્પટુતાથી અંજાઈ

તેમની નૈતિક ઉચ્ચતા સ્વીકારવા રેઢિયાળ બની ગયેલો હિંદવાસી લલચાય એમાં નવાઈ નથી. અંગ્રેજોના ઘણા ગુણ હિંદવાસીએ પોતાના જીવનમાં ઉતારવાની જરૂર છે. તેમની કાર્યશક્તિ, નિયમિતપણું અને અમુક અંશ સુધીની સચ્ચાઈ અનુકરણ કરવા સરખાં છે; પરંતુ તેમનામાં પણ નૈતિક સ્ખલનો નથી હોતાં એમ માનવાની ભૂલ તો ન જ કરવી જોઈએ. અમીચંદની છેતરપિંડથી શરૂ થયેલી કંપની સરકારના રાજ્યની રુશવત પ્રણાલિકા હજુ અટકી નથી. એની ખાતરી કરવી હોય તો કંઈક કલેકટરો અને તેમના ચિટનીસો તેમ જ કાંઈક પોલિટિકલ એજન્ટો અને તેમના દફતરદારોની વાત ઘડાયલા લોકો પાસેથી સાંભળવી જોઈએ.

કૃષ્ણકાંતને યુરોપીય સચ્ચાઈ ઉપર ઘણો જ વિશ્વાસ હતો. તેના યુરોપીય નોકરો લાંબા વખતથી તેના કારખાનામાં સારું કામ કર્યે જતા હતા. મજૂરોની સ્થિતિ સુધારવાના કૃષ્ણકાંતના વિચારોને તેઓ સહુ સમજપૂર્વક અમલમાં મૂકતા હતા. મિલના મૅનેજર અને મદદનીશ મૅનેજર બંને. યુરોપિયનો હતા. એક દિવસ મદદનીશ મૅનેજરે આવી કૃષ્ણકાંતને કહ્યું :

'આપ હિસાબ તપાસો તો બહુ સારું.'

'ઑડિટર્સ શું કરે છે ?' કૃષ્ણકાંતે પૂછયું.

'યંત્ર માપક હિસાબ તપાસે છે; પરંતુ એટલું બસ નથી. કોઈ દેશી નિષ્ણાત પાસે ફરી તપાસાવો.

કૃષ્ણકાંત હસ્યો.

'યુરોપિયન થઈને તમે દેશીઓને પસંદ કરતાં ક્યાંથી

શીખ્યા ?'

'હું ખરું કહું છું.'

'ઠીક; હું વ્યવસ્થા કરીશ.'

બીજે દિવસે કૃષ્ણકાંતે મૅનેજરને બોલાવ્યો. વાત કરતાં કરતાં તેણે કહ્યું :

'આપણો હિસાબ કોઈ બીજા ઑડિટર્સ પાસે તપાસાવીએ તો કેમ ?'

મૅનેજરે મોં ચડાવી કહ્યું :

'આપની મરજીની વાત છે; જોકે એવો બેવડો ખર્ચ કરવાની જરૂર મને તો જણાતી નથી.'

'ભૂલચૂકનો સંભવ હોય તો દૂર થાય.'

'મારી આટલી નોકરી દરમિયાન એવી ભૂલ થયેલી નથી. આપને યુરોપિયનો તરફ અણગમો આવ્યો છે એ હું જાણું છું. સારો રસ્તો એ છે કે અમારે નોકરી છોડી દેવી.'

'What do you mean ? મને ધમકાવો છો ?'

'હું કેટલાક વખતથી સાંભળ્યા કરું છું, કે દેશી અમલદારો લાવવા અને દેશી હિસાબ તપાસનારાઓ બોલાવવા ! એવા સંજોગોમાં મારથી કામ ન થાય.'

'તમારી આ ભૂલ છે. મને મારા યુરોપીય અમલદારોથી પૂર્ણ સંતોષ છે. અને દેશી ઑડિટર્સ પાસે હિસાબ તપાસાવવાની

સૂચના કોઈ યુરોપિયન અમલદાર તરફથી જ આવી હોય તો ?'

'એ કોણ હશે તે પણ હું જાણું છું, મિ. કૃષ્ણકાંત ! આ ઍસિસ્ટન્ટ સાથે મારાથી હવે કામ થઈ શકશે નહિ.' મૅનેજર અને તેના ઍસિસ્ટન્ટ વચ્ચે કેટલીકક હિસાબની બાબતોમાં તકરાર ચાલ્યા કરતી હતી. એટલે ઍસિસ્ટન્ટે જ કૃષ્ણકાંતને પોતાની વિરુદ્ધ ભંભેર્યાનું અનુમાન તે સહજ કરી શકે એમ હતું.

કૃષ્ણકાંતે સમાધાન કરાવવા પ્રયત્ન કર્યો; પરંતુ પરિણામ એ આવ્યું કે મૅનેજર અને તેમના મદદનીશ એ બંનેએ રાજીનામાં આપ્યાં. મૅનેજરે નોકરી છોડાવાની એટલી આતુરતા બતાવી હતી કે છેવટે તેને ઈનામ આપી છૂટો કર્યો. જે દિવસે તેને છૂટો કર્યો તે જે દિવસથી તે અદૃશ્ય થઈ ગયો. બીજે જ દિવસે ઍસિસ્ટન્ટ મૅનેજર હિસાબનો ગોટાળો કૃષ્ણકાંત આગળ રજૂ કર્યો અને દસ લાખની મંગાવેલી મશીનરી બાબત મૅનેજર કરેલી ઠગાઈ બહાર પાડી.

કૃષ્ણકાંત ચમખી ગયો. તેણે જોયું કે એજંટ તરીકે પોતાના કારભારમાં મિલને પચીસ લાખની ખોટ આવી હતી. અલબત્ત, લુચ્ચાઈ બીજાની હતી; પરંતુ એ લુચ્ચાઈ થતી અટકાવવાની જવાબદારી નૈતિક દૃષ્ટિએ કૃષ્ણકાંતની હતી. કાયદા પ્રમાણે તેને કાંઈ થાય તો તેમાંથી તે છૂટી શકે એમ હતું; પરંતુ તેણે આ ખોટની નૈતિક જવાબદારી માથે લઈ લીધી. અને માગનારાઓ તથા ભાગીદારેની એક સભા બોલાવી.

સભામાં તેણે બધી હકીકત સ્પષ્ટતાથી સમજાવી. મૅનેજર, હિસાબ લખનાર, હિસાબ તપાસનાર એ બધાંના કાવતરાનો

ઇતિહાસ કહ્યો. પોતાના એક સગાના રાજદ્વારી વિચારો માટે યુરોપીય સમાજે કરેલો પોતાનો બહિષ્કાર અને મિલ સાથે સંબંધ ધરાવતા યુરોપીય વ્યાપારીઓએ ઊભી કરેલી મુશ્કેલીઓનો તેણે ખ્યાલ આપ્યો. છેવટે પોતાની નૈતિક જવાબદારી સ્વીકારી લઈ હાલ પોતાની અંગત મિલકતમાંથી અડધી ખોટ પૂરી કરવા જણાવ્યું. અને બાકીની ખોટ પૂરવા તત્કાળ પોતાની પાસે સાધન ન હોવાથી પોતાની મિલકતો મિલ ખાતે ગીરો મૂકી ધીમે ધીમે ભરપાર કરવા સૂચના કરી.

કેટલાક યુરોપિયન લેણદારો અગર તેમની અસર નીચે રહેલા દેશી વેપારીઓએ આવા બેદરકાર એજંટને તેના સ્થાનથી દૂર કરવા જણાવ્યું; પરંતુ મિલના કામદાર-કારીગર વર્ગે તે પહેલાં જણાવી દીધું હતું કે

'જો કૃષ્ણકાન્તને ખસેડવામાં આવશે તો અમે હડતાલ પાડશું.' જરૂર હોય તો છ માસ સુધી વગર પગારે કામ કરી ઉદાર માલિકની ખોટમાં ભાગ લેવાનું પણ કૃતજ્ઞ કામદારોએ કબૂલ કર્યું.

તે જ દિવસે આખા ગામમાં આ વાત જાહેર થઈ ગઈ. પેપરોને જોઈતી સગવડ મળી એટલે સંધ્યાકાળે ફેરિયાઓ દ્વારા તેમણે એ વાતનો આખા ગામમાં ઢંઢેરો પિટાવ્યો.

કૃષ્ણકાન્તે રજૂ કરેલી યોજનાનો વિચાર કરી છેવટનો નિર્ણય કરવા માટે સહુને તેણે પોતાને ઘેર બોલાવ્યા હતા. મિલને ફડચામાં લઈ જવાની એક જણે સૂચના કરી હતી તે સંબંધમાં કૃષ્ણકાન્તે સ્પષ્ટપણે જણાવી દીધું કે સૂચના જો બધાને મંજૂર હશે તો પોતે પોતાની અંગત જવાબદારીનો સ્વીકાર કરશે.

# ૧૭ સ્નેહીઓનો સમુદાય

મૃદુ મીઠા અંશો નિજ હૃદયના ઉત્તમ બધા
સદાએ રેડાતા અનુકૂલ અને ઉત્તમ મહીં.
**કલાપી**

બધાને મળવાનો સમય કૃષ્ણકાંતે આઠ વાગ્યાનો રાખ્યો હતો; તે પહેલાં બધાં તેને ઘેર ભેગા થઈ ગયા હતા; પરંતુ અંગ્રેજી નિયમિતપણાથી ટેવાયેલો કૃષ્ણકાંત ઠરેલા સમય પહેલાં તેમને મળે એમ હતું નહિ. પોતાની પત્ની સુરભિને પણ તેણે છેક સાંજે જ હકીકત કહી. આફતની હકીકત સાંભળી સુરભિના હોશકોશ ઊડી ગયા. મિલકતની ચિંતા નહિ; પરંતુ મિલકતના માલિકની ચિંતા તેના હૃદયમાં ભભૂકી ઊઠી. વ્યસની પતિ તરફની બેદરકારી અને અણગમો ઊડી ગયાં. તેના મનની એકેએક વૃત્તિ પતિના દેહનીક આજુબાજુએ વીંટળાઈ ગઈ; અને પતિના રક્ષણ અર્થે કવચની માફક ઘટ્ટ બની ગઈ.

'મને એટલો જ શોક થાય છે કે બધી રકમ આજ ને આજ આપી દેવા જેટલી રોકડ રકમ મારી પાસે નથી.' કૃષ્ણકાંતે કહ્યું. યુરોપીય રહેણીની ચિબાવલાશે કૃષ્ણકાંતની ગૃહસ્થાઈ બિલકુલ ઘટાડી નહોતી.

'મારી પાસે થોડી રકમ છે, મારાં ઘરેણાં છે. વળી ભાઈ માટે મારા પિતાએ જે રકમ આપણને સોંપી છે તેનો હાલ ઉપયોગ કરો.' સુરભિએ કહ્યું.

'તારી કે તારા ભાઈની રકમ મારાથી લેવાય ?'

'શા માટે નહિ ? ભાઈની રકમ આપી દઈશું.'

'અને તારી રકમ ?'

'મારે શું કરવી છે ? મારું-તમારું જુદું ગણવાનું છે ?'

'મારા જેવા વ્યસની પતિ...'

સુરભિએ કૃષ્ણકાંતના મુખ ઉપર હાથ ઢાંકી દીધો અને તેનું વાક્ય પુરું કરવા ન દીધું. એવામાં બારણા ઉપર ટકોરા વાગ્યા. સુરભિ સામી બેસી ગઈ અને કૃષ્ણકાંતે ટકોરા વગાડનારને આવવા જણાવ્યું. રંજન, પુષ્પા, અરુણ અને જનાર્દન અંદર આવી પહોંચ્યાં. રંજને બધી હકીકત પૂછી અને કૃષ્ણકાંતે રંજનના ઘરમાં ભાડે રહેવાની મશ્કરી કરી ત્યારે તેને બહુ ખોટું લાગ્યું. રંજને કહ્યું :

'એવું શું બોલો છો, ભાઈ ! મારું મકાન કયું અને મારી મોટર કઈ ? તમારું ન હોય એ મારું છે જ નહિ !'

કૃષ્ણકાંત કાંઈ બોલ્યો નહિ. ઊંડા વિચારમાં પડી ગયેલા જનાર્દન અને અરુણને ભાઈબહેન વચ્ચેના આ વિશુદ્ધ સ્નેહે ચકિત કર્યાં. અંગ્રેજી કેળવની કે અંગ્રેજી રહેણી જન્મસિદ્ધ આર્યભાવનાને ઓગાળી નાખતી નથી એમ તેમને સ્પષ્ટ થયું. અને અંગ્રેજોના દેહમાં પણ આર્યરુધિર ક્યાં નથી વહેતું ?

અરુણ રંજન સામે જોઈ રહ્યો. પ્રથમ સંમેલન વખતે આછકલી પરંતુ અલબેલી લાગેલી યુવતીની ચિત્રવિચિત્ર છટા પાછળ કોઈ દર્શનીય હૃદય છુપાયલું તેને ઝાંખું દેખાઈ આવ્યું. વાદળાના ઢગલેઢગલા ઉપર સોનેરી રંગોળીઓ રંગી સંતાઈ રહેતી ચંદ્રીનું મુખ ક્ષણભરે આછું દેખાઈ જાય અને રસિક માનવી ત્યાં જોયા જ કરે, તેમ અરુણ આસપાસનું ભાન ભૂલી રંજન સામે જોઈ રહ્યો.

પુષ્પાએ અરુણ સામેથી નજર ખસેડી લીધી, અને માથે ઢાંકેલો વસ્ત્રનો છેડો વ્યવસ્થિત હતો છતાં તેને ફરી વ્યવસ્થિત કર્યો.

‘પાસે ટેલિફોનની ઘંટડી વાગી. કૃષ્ણકાંતે ખુરશી જરા ખસેડી ટેલિફોન હાથમાં લઈ વાત કરવા માંડી :’

‘હા જી, હું જ છું...બીજે ક્યાંઈ જવું નથી...અત્યારે જ નિકાલ આવશે...નારે ના...મને બિલકુલ ગભરાટ નથી...ઓહ, એમાં શું...આપને તકલીફ લેવાની જરૂર નથી...ખુશીથી...આપ પધારો... આપને મળ્યા પછી જ હું માગનારાઓને મળીશ...પુષ્પા અહીં જ છે. મને આશ્વાસન આપે છે....વગર બોલ્યે....હા હા હા !’

હસતે હસતે કૃષ્ણકાંતે ટેલિફોન નીચે મૂક્યો અને પુષ્પાને કહ્યું :

‘કાકા અહીં આવવા નીકળ્યા છે.’

પુષ્પા સમજી કે પોતાના પિતા આવે છે. બંને કુટુંબો વચ્ચેના સંબંધ જોતાં, આચારવિચારની વિરુદ્ધતા છતાં, આજને પ્રસંગે પુષ્પાના પિતા કૃષ્ણકાંત પાસે આવે એ જ વાસ્તવિક હતું.

‘ત્યારે આપણે હવે જઈશું ? કૃષ્ણકાંતે હવે કશી હરકત

આવશે નહિ એમ ખાતરી થાય છે.' જનાર્દને તરત જ અરુણને કહ્યું.

'જરા બેસીએ તો ? છેવટનું પરિણામ જાણીને જ જઈએ. હવે વધારે વાર નહિ લાગે.' અરુણે કહ્યું.

'હું જાઉં છું; તું બધી ખબર લાવજે.' કહી જનાર્દને ઊભા થવા માંડયું.

'કેમ આજે આટલી બધી ઉતાવાળ આવી છે ?' રંજને પૂછ્યું.

'હું ભૂલી ગયો. એક જણને અત્યારે જ આશ્રમમાં મળવાનો વખત ઠરાવ્યો છે.' જનાર્દને કહ્યું.

'તે ફરી આવશે.'

'ના ના, મારે જવું જોઈએ.' જનાર્દને અત્યંત અધીરાઈ બતાવી કહ્યું.

'મહાત્મા ચા-કૉફી તો પીશે નહિ. રંજન ! પેલી ફળની રકાબી આપ. પછી જવા દઈએ.' કૃષ્ણકાંતે કહ્યું.

જનાર્દનના મુખ ઉપર કોઈ દિવસ ન દેખાયેલો અણગમો અત્યારે બધાંને દેખાઈ આવ્યો. ન છૂટકે ફળના એકબે કટકા ખાધા. નીછે મોટરનું ભૂંગળું વાગ્યું અને જનાર્દન ચમકી ઊઠ્યા, ઊભા થયા અને ઉતાવળમાં એકસામટી બધાંની રજા માગી ઝડપથી તેઓ ઓરડીની બહાર નીકળ્યા.

'મારી મોટરમાં એમને મોકલું.' કહી રંજન જનાર્દનની આગળ ઉતાવળી ઉતાવળી ગઈ.

પુષ્પાના પિતા અને જનાર્દન દાદરા ઉપર સામસામા મળ્યા. જનાર્દને મુખ ખસેડી ઝડપથી નીચે ઊતરવા માંડયું.

'પધારો; ભાઈ આપની રાહ જુએ છે.' પાછળથી આવતી રંજને કહ્યું. અને તે જનાર્દનને મોટરમાં બેસાડવા નીચે ઊતરી ગઈ.

પુષ્પાના પિત ધનસુખલાલ ધોતિયું, અંગરખું અને પાઘડી પહેરેલાં, વૃદ્ધાવસ્થામાં પણ તંદુરસ્ત લાગતા. જૂની ઢબના ગુજરાતી દેખાઈ આવતા હતા. કૃષ્ણકાંતે તેમની સામે જોઈ ન આવડતા હોય તેવા નમસ્કાર કર્યા, અને તેમને એક મોટા સોફા ઉપર બેસાડી પોતે તેમની ખુરશી ઉપર બેઠો.

'છેવટે હું કહેતો હતો એમ જ થયું ને ? તારા બાપાને મેં ના પાડી હતી અને તને પણ મેં એક-બે વખત કહ્યું હતું કે ગોરાઓને બહુ લાંબા વખત સુધી સંઘરશો નહિ. એમને લાંબો વખત રાખ્યા કે એ જ માલિક થઈ પડવાના.' ધનસુખલાલે કહ્યું.

'હા જી ! આપે મને એક વખત કહ્યું હતું ખરું.' કૃષ્ણકાંતે જવાબ આપ્યો.

'પણ તમારે જ બધાને સાહેબ બનવું.' એટલે શેના માનો ? ચાલ, હવે જે થયું તે થયું. મેં મિલમાં તપાસ કરાવી ત્યારે તું નહોતો એટલે મેં અહીં તપાસ કરી.

'બહુ સારું કર્યું આપ પધાર્યા તે.'

'હવે તારો બધો સાહેબશાહી વિવેક જવા દે ને ? બાપદીકરાને કોણ જાણે શીય લત લાગી હતી ! કહે, શું બન્યું ?'

કૃષ્ણકાંતે આ જૂની ઢબના તોછડી ભાષા બોલવા ટેવાયલા વડીલ શુભેચ્છકને ટૂંકાણમાં બધિ હકીકત કહી, અને માગનારાઓ અને સંબંધકર્તાઓની નીચે બોલાવેલી સભા વિહે જણાવ્યું. કૃષ્ણકાંતે સ્વીકારેલી જવાબદારીની હકીકત સાંભળી ધનસુખલાલે કડવું મોં કર્યું અને છેવટે બોલ્યા :

'તમને કશું જ આવડતું નથી. "વેલ" એન "યુ સી" બોલ્યા એટલે તમારા મનથી તમને રાજ્ય મળી ગયું ! પણ આવી જવાબદારી લેતા પહેલાં મને તો પૂછવું હતું ?'

'નૈતિક જવાબદારી તો ખરી જ !' કૃષ્ણકાંતે કહ્યું.

ડોસા જરા પ્રસન્ન થયા. સાહેબ બની ગયેલાઓમાં પણ ધર્મનો કાંઈક અંશ રહેલો છે એમ તેમને લાગ્યું. ઘડિયાળમાં આઠના ટકોરા થયા.

'ત્યારે હું હવે નીચે જાઉં.' કૃષ્ણકાંતે નીચે જવાનો સમય થતાં કહ્યું.

'હું આવું તો હરકત છે ?' ધનસુખલાલે પૂછયું.

'હરકત શાની ? પધારો.'

રંજન ત્યાં આવી બેસી ગઈ હતી. જતે જતે ધનસુખલાલે તેને પૂછયંઃ

'રંજન ! પેલા દાદર ઉપર મેં જોયા એ કોણ હતા ?'

'આશ્રમવાળા જનાર્દન.'

'એમ કે ? મેં ક્યાંઈ જોયા હશે !' ધનસુખલાલે ચાલતાં ચાલતાં ભૂતકાળમાં દૃષ્ટિ ફેંકી.

બંને જણ નીચે સભામાં ગયા. બધા જ એકીટસે કૃષ્ણકાંતની રાહ જોઈ બેસી રહ્યા હ તા. એક પાસ ડોકું નમાવી સફાઈભરી સલામ કૃષ્ણકાંતે બધાયને કરી અને સિગારનો ધુમાડો કાઢવા માંડયો. ધનસુખલાલે તેની પાસે જ બેસી હાથની ઝાપટ મારી ધુમાડાને દૂર કરવ માંડયો.

'Oh ! I beg your pardon, કાકા !' કૃષ્ણકાંતે સિગાર હોલવતે કહ્યું.

# ૧૮ ધનસુખલાલની વાણી

કડવા હોયે લીમડા, શીતળ તેની છાંય
બાંધવ હોય અબોલડા, તોય પોતાની બાંધ.
**લોકોક્તિ**

'હવે બેગી પાર્ડન ! આપણે કામ શરૂ કરો ને !' ધનસુખલાલ અંગ્રેજી ભાષામાં ક્રિયાપદને ગુજરાતી વળોટમાં લાવી બોલ્યા.

બે-ત્રણ માગનારાઓએ જુદી જુદી યોજના બતાવી. એ બધી યોજનાઓમાં કૃષ્ણકાંતને દૂર કરવાની સ્પષ્ટ કે અસ્પષ્ટ યુક્તિ રહેલી હતી. ધનસુખલાલ સીધા વિચાર અને સીધી વાત પસંદ કરતા હતા. તેમનાથી આ યુક્તિ સહી શકાય નહિ. તેઓ બોલી ઊઠ્યા :

'આ તમે બધા ભેગા મળ્યા છો તે ભીખ માગવાના છો. "સ્કીમ"નું મોટું નામ આપી કૃષ્ણકાંતને ખસેડવો છે, અને પછી જવાબદારી તેના માથે નાખવીછે ! કૃષ્ણકાંત કહે છે તે કબૂલ ન હોય તો જાઓ, તમને ફાવે તે કરી લેજો ! કચેરીઓ ઉઘાડી છે.'

માગનારાઓ આરસપરસ વાતો કરવા લાગ્યા. કૃષ્ણકાંત અને તેની બહેન રંજન એ બંનેની મિલકત ઉપર તેમની આંખ હતી. માગનારાઓ દબાણ કરશે તો કૃષ્ણકાંત પોતાની બહેનની

મિલકતનો પણ ઉપયોગ કરશે એમ સ્વાભાવિક રીતે તેઓ ધારતા હતા; પરંતુ ધનસુખલાલે પોતાની કડક ભાષામાં માગનારાઓની યોજનાઓનો અસ્વીકાર કર્યો.

કૃષ્ણકાંત વધારે સભ્યતાભરી વાણીમાં સમજ પાડવા લાગ્યો. પરંતુ ધનસુખલાલને એવી નિરર્થક મીઠાશ ગમી નહિ. તેમની પ્રતિષ્ઠા, તેમની ઉંમર અને તેમના સ્વભાવે તેમની ભાષામાં તોછડાઈ ઉમેરતાં તેમણે કહ્યું.

'જવા દે ને બધી પીંજણ ! સો વાતની એક વાત ! અડધી ખોટ અત્યારે જ પુરાય; બાકીની ધીમે ધીમે. અને તે ક્યારે? કૃષ્ણકાંતના હાથમાં બધી વ્યવસ્થા રહે ત્યારે !'

આ ઉપરથી કૃષ્ણકાંતની વ્યવસ્થા કરવાની અશક્તિ વિષે એક-બે જણ બોલવા લાગ્યા. ધનસુખલાલે તેમને અટકાવ્યા :

'રાખો રાખો હવે ! તેમ બંને જણ શાં કૂંડાળાં કર્યાં છે, તે બધાને જાણવું હોય તો હું તમને કહી બતાવું ! અહીં બેઠેલાઓમાં કેટલાક શાહુકારો છે તે કહેવાની જરૂર નથી. કૃષ્ણકાંત નાદારી બોલતો નથી, એને વિધવાઓના પૈસા ખાવા નથી, અને ખોટા ચોપડ રાખવા નથી, અને કોઈની માફક ખોટા દસ્તાવેજો ઊભા કરવા નીથ.' જેની આવી ખ્યાતિ હતી તેની તેની સામે બરાબર નજર રાખી ધનસુખલાલે બધાને ડરાવ્યા.

પાછળથી અરુણ બોલી ઊઠયો :

'જે ખોટ કૃષ્ણકાંતથી ઠરાવેલી મુદતમાં નહિ પુરાય તે ખોટ તેમનાં બહેન પૂરી કરી આપવાનું માથે લે છે.'

ધનસુખલાલ અને કૃષ્ણકાંતે પાછળ જોયું. અરુણ, રંજન, પુષ્પા તથા સુરભિ આવીને ત્યાં બેસી ગયાં હતાં. અને આ બધી વાતચીત સાંભળતાં હતાં, તે તેમણે હમણાં જ જાણ્યું.

'બેસો, બેસો હવે ! તમને કોણે ડહાપણ કરવાનું કહ્યું ?' ધનસુખલાલે અરુણને ધમકાવ્યો.

અરુણ એવા ઝીણાં અપમાન સહન કરી શકે એવો નહોતો, તેને અને ધનસુખલાલને જરા પણ પરિચય નહોતો. ધનસુખલાલના સ્વભાવથી જરા પણ ટેવાયેલો ન હોવાથી તે તતડી ઊઠ્યો. :

'આ રંજનગૌરી કહે છે તે હું કહું છું.'

'એ તો કહે; એનામાં અક્કલ નથી. પણ સાથે તમારામાંયે...'

'કાકા ! એ તો સુરભિના ભાઈ છે.' કૃષ્ણકાંતે ધનસુખલાલને બોલતા અટકાવી કહ્યું.

'ગમે તે હોય ! જરા સમજ....'

'અરુણ ! Don't you mind kaka's tongue. He doesn't mean anything!' ડોકું પાછળ ફેરવીને કૃષ્ણકાંતે કહ્યું.

પરંતુ અરુણને વધારે ગુસ્સો ચડ્યો. ધનવાન ગણાતો ડોસો પોતાને આમ ધમકાવી જાય એ એને જરા પણ રુચ્યું નહિ. તે કાંઈ બોલવા ઊઠ્યો; પરંતુ રંજને તેનો હાથ ઝાલી પાછો બેસાડ્યો. સ્ત્રીના સ્પર્શથી લાચારી અનુભવતા અરુણનો ગુસ્સો અચાનક ઊતરી ગયો. રંજનના હસ્તસ્પર્શમાં અરુણે કોઈ એવું અદ્ભુત માધુર્ય અનુભવ્યું કે ગમે તેના ગમે તેવા અપરાધને પણ

ક્ષમા કરવા તૈયાર થાત.

'કાકા કહે તેમાં ખોટું ના લગાડાય, અરુણભાઈ ! કેમ ખરું ને પુષ્પા' રંજને અરુણને બેસાડયા. પછી ધીમે રહીને કહ્યું.

પુષ્પા પોતાના પિતાની અસભ્ય વાણીથી શરમાતી અપ્રસન્ન ચિત્તથી આ ઝપાઝપી જોતી હતી. તેણે રંજનને કશો જવાબ આપ્યો નહિ,

છેવટે બધા લેણદારો એક નિશ્ચય ઉપર આવી ગયા. ધનસુખલાલની ધમકી, કૃષ્ણકાંતનું પ્રામાણિકપણું અને તેના સંબંધોઓની તેને સહાય આપવાની તૈયારી નિહાળી, માગનારાઓએ કૃષ્ણકાંતની યોજના કબૂલ રાખી. મિલના ચાલકોએ માગનારાઓની ઇચ્છા પ્રમાણે ઠરાવ કર્યો અને કૃષ્ણકાંતે પોતાની મિલકત ખોટમાં નાખી ગરીબી સ્વીકારી. ભાગીદારો અને માગનારાઓને ખાડામાં નાખી એક ધંધામાંથી બીજા ધંધામાં અને બીજા ધંધામાંથી ત્રીજા ધંધામાં વાનરફાળ ભરી વ્યાપારી આલમમાં આગળ ને આગળ રહેતા વ્યાપારવીરોની માન્યતા પ્રમાણે તો કૃષ્ણકાંતે મૂર્ખાઈ જ કરી હતી; પરંતુ તેને પોતાને મન તો તેણે એક વિજય મેળવ્યો હોય એટલી દઢતા ઉત્પન્ન થઈ.

કૃષ્ણકાંતે સઘળાની સાથે વિવેકથી જરા જરા વાત કરી અને માગનારાઓ વિદાય થયા. ધનસુખલાલથી આ બધો વિવેકમાં થતો સમયનો વ્યય સહન થયો નહિ. કૃષ્ણકાંતને તેઓ ઘડી ઘડી કહેતા : 'હવે બધાને રસ્તે પાડ ને !'

અને કેટલાક માગનારાઓને પણ તેઓ કહેવાને ચૂકતા નહિ

કે 'હવે ક્યાં સુધી ટલ્લા ખાધા કરશો ? રસ્તે પડો ને !'

જગતમાં બધા જ વિવેકી અને સભ્ય બની જાય તો જગતની કૃત્રિમતા ઘણી વધી જ પડે. તોછડાઈનો આરોપ સહન કરીને ખરું કહી દેનાર સ્વભાવનું અસ્તિત્વ છે એ જ સારું છે; નહિ તો માનવી એવો સુંવાળો બની જાત કે તેનાથી જરા પણ કટુતા સહન થાત નહિ.

બધા ચાલ્યા ગયા એટલે ધનસુખલાલના મુખ ઉપર પ્રસન્નતા દેખાઈ આવી.

'અલ્યા કૃષ્ણકાંત ! ઠાકોરજીએ તને સારી બુદ્ધિ સુઝાડી. પૈસો તો આવે ને જાય; પણ હાથે કરીને પૈસો ફેંકી દેવાનો મોકો દર વખત મળતો નથી. હું હવે જોઉં છું જરા પણ મૂંઝાઈશ નહિ. જરૂર પડયે હું છું.'

'જરા રહીને જ જજો; હું કાંઈક ચોખ્ખું બનાવરાવું.' કૃષ્ણકાંતે કહ્યું.

'સાહેબલોક ઘરમાં ચોખ્ખું શું ? મારે તો દેહ વટાળવો નથી. તેં કહ્યું એટલે પહોંચ્યું. ચાલ પુષ્પા.'

'પુષ્પા ભલે બેઠી, હું પછી મોકલી દઈશ.'

'તારા વિવેકમાંથી તું ઊંચો નહિ આવવાનો ! ઠીક, તારી મરજી.'

'હું પણ હવે જઈશ.' અરુણે કહ્યું.

'તારે શી ઉતાવળ છે ?' કૃષ્ણકાંતે પૂછ્યું.

'જનાર્દન ઊંચો જીવ કરતા હશે. તેમને પરિણામની ખબર કરું.'

'ચાલો, આવવું હોય તો. હું મારી ગાડી તમારી બાજુએથી લઈશ. તમે ક્યાં રહો છો ?' ધનસુખલાલે પૂછ્યું. થોડીવાર ઉપર અરુણને પોતે ધમકાવતા હતા એ હકીકત તેઓ ભૂલી ગયા હતા.

'એ તો આશ્રમમાં રહે છે.' રંજને કહ્યું.

'શાના આશ્રમ ! અને શાનાં તૂત આ બધાં ! સ્નાનસંધ્યા અને પૂજાપાઠનું નામ નહિ તોયે કહેવાના આશ્રમ !' હસીને ધનસુખલાલ બોલ્યા. હિંદુધર્મના કર્મવિભાગને બાજુએ રાખી જે કાંઈ કરવામાં આવે એ હિંદુધર્મની વિરુદ્ધ જ હોય એમ તેમને લાગતું.

'હું તો ચાલ્યો જઈશ; ગાડીની જરૂર નથી.' અરુણને હજી આ કડવાબોલા વૃદ્ધ પ્રત્યે સદ્‌ભાવ ઉત્પન્ન થયો નહોતો.

'હવે ચાલો ને, મારા ભાઈ ! ગાડી છે પછી પગ ઘસતા જવાનું કાંઈ કારણ ? ચાલો ચાલો !' કહી ધનસુખલાલે અરુણને ખભે હાથ મૂકી તેને સહજ ખેંચ્યો.

કૃષ્ણકાંત હસ્યો. અરુણને લાગ્યું કે આ વૃદ્ધની જીભ અને હૃદય વચ્ચે છેટું રહેલું છે. એ કાંઈ અપવાદ છે ? બધાયને એમ જ હોય છે ! સંસ્કારનવીન સંસ્કારનો ઓપ હૃદય ઉપર વળ ચડાવી જીભમાં સાકરની મીઠાશ મૂકે છે; ધનસુખલાલની જીભમાં કરવત હતી; પરંતુ તેના હૃદય ઉપર વળ ચડયો જણાતો નહોતો.

'હા જી ! આવું છું.' કહી અરુણે ગાડીમાં જવાનું કબૂલ

કરી ધનસુખલાલની વાણીના ચાબુકથિ બચવા પ્રયત્ન કર્યો.

'ત્યારે હુંયે જાઉં તો ?' પુષ્પા બોલી ઊઠી. ઘણું જ ઓછું બોલતી યુવતીને વધારે રોકવાની જરૂર નહોતી. તેને રોકી હોત તોપણ તે રોકાત કે કેમ એ પ્રશ્ન હતો. પિતાની સાથે પુત્રી શા માટે ઘેર ન જાય ?'

પરંતુ રંજનને એમાં જુદું જ કારણ દેખાયું. જતે જતે પુષ્પાના કાનમાં તેણે અમૃત રેડયું :

'અરુણભાઈની જોડે જ બેસજે, હોં !'

કતરાતી આંખે રંજન તરફ નિહાળી પુષ્પાએ પોતાનો ક્રોધ વ્યક્ત કર્યો. આપણા મનની વાત કોઈ જાણી ન જાય એ આપણને ગમતું નથી. એ ગમતું હોય એમ પણ બને; પરંતુ એ વાત જાણી ગયાનું કોઈ જાહેર કરે તો આપણને નથી જ ગમતું. માત્ર કેટલીક વાત એવી મિટ્ઠી હોય છે કે તે કોઈ જાણી જાય અને જાહેર કરે તોય તે આપણને ગમ્યા જ કરે ! તેને માટે ખોટો રોષ દેખાડવો એટલું જ બસ છે. સૂર્યને હળવે હળવે બાથમાં લઈ સંતાઈ જતી સંધ્યા ચૂમતી પકડાય ત્યારે તે કેવી લાલચોળ બની જાય છે.

ત્રણે જણ મોટરમાં જવા નીકળ્યાં. ધનસુખલાલ જાહેર કામમાંથી લગભગ નિવૃત્ત થઈ ગયા હતા. ક્વચિત જ તેઓ લોકોના સંસર્ગમાં આવતા. વળી તેમની રહેણી બહુ જ જૂની ઢબની હતી એટલે નવીન પ્રવૃત્તિઓમાં સ્વાભાવિક રીતે જ આવી જતી રહેણીની છૂટછાટ તેમને જરા પણ અનુકૂળ પડતી નહિ.

તેમણે અરુણને પૂછ્યું :

'તમે આશ્રમમાં રહીને શું કરો છો ?'

પુષ્પાના હૃદયમાં ગભરાટ ઉત્પન્ન થયો. પિતાની વાણી અરુણને અનુકૂળ નહિ જ પડે તે જાણતી હતી. વાત લંબાય નહિ એવી તે ઈશ્વર પ્રત્યે મૂંગી પ્રાર્થના કરવા લાગી.

'બની શકે એટલાં દેશસેવાનાં કામ કરીએ છીએ.'

'અરે તમારી દેશસેવા ! કમાવું ધમાવું મૂકીને આ ધુમાડે બાચકા કેમ ભરો છો ?'

'આપ ધારો છો એવું નિરર્થક કામ અમને નથી લાગતું.'

'કહો ત્યારે, તમે આશ્રમ કાઢીને શું મોર માર્યો ?'

આ પ્રશ્નનો ઉત્તર આપવાનું કામ ગમે તેવા પીઢ દેશસેવકને પણ ભારે થઈ પડે એવું છે. આશ્રમો સ્થાપનાર, વ્યાખ્યાનો કરનાર, જાગૃતિ વિશિષ્ટ સ્વરૂપમાં દર્શાવી શકશે ? એક દિવસમાં પંદર વ્યાખ્યાનો આપ્યાં એમ સ્વમહત્ત્વપૂર્વક કહેનાર દેશસેવકને કોઈ એમ પૂછે કે વ્યાખ્યાનોએ શું કર્યું. તો કાંઈ માપી શકાય - દેખી શકાય એવું પરિણામ તે બતાવી શકશે ?

'અમે એક છાપું ચલાવીએ છીએ.' અરુણે કહ્યું.'

'એવાં તો કંઈક ચીંથરાં નીકળે છે.'

'એમાં અને બીજાં ચીંથરિયાં પાત્રોમાં બહુ ફેર છે.' પુષ્પાથી બોલાઈ ગયું.

'ઠીક હવે, ચાર જડબાતોડ વાક્યો વધારે લખતા હશો, અગર સરકાર વિરુદ્ધ કાંઈ કાંઈ કાનફોડિયા લેખો લખતા હશો. પણ એથી રંધાયું શું ?'

'લોકોમાં રાજદ્વારી જાગૃતિ આવી જાય છે; સરકારને લોકોનું કહેવું સાંભળવું પડે છે; અને પોતાની રાજ્યનીતિ વિરુદ્ધ તીખી ટીકા થાય એ અર્થ પોતાનાં કાર્યો સાચવીને કરવાં પડે છે....'

'તે તમારા છાપા વગર એ બધું ન થાત ?'

અરુણને હસવું આવ્યું. પોતાની સેવા વગર દેશને જાણે ચાલતું જ ન હોય એવો આડંબર કરનાર સેવકો પણ તેના જોવામાં આવ્યા હતા. વળી દેશસેવોની છાપ વગરના મનુષ્યો પ્રત્યે તુચ્છપણું દાખવતા કાર્યકર્તાઓને નમ્રતા શીખવવા માટે ધનસુખલાલની સાથે વાતચીતમાં રોકવાની કેટલી આવશ્યકતા છે, તેનું પણ હાસ્ય પ્રેરતું ભાન તેનામાં ઉત્પન્ન થયું.

'અમારું છાપું અકસ્માત છે. અમારું હોત કે બીજાનું; પણ છાપા વગર એ બધું બની તો ન શકત ને ?' અરુણે કહ્યું.

ધનસુખલાલ હસ્યા. આ દલીલે તેમના ઉપર કાંઈ બહુ અસર કરી નહિ. જરા રહીને તેમણે પૂછ્યું :

'કાંઈ ભણ્યાગણ્યા છો કે એમ ને એમ જ ?'

અંગ્રેજી ભણતરનો મોહ તજવા ઈચ્છતા યુગમાં પણ અંગ્રેજી ભણતર માટે પક્ષપાત રહેલો દેખાય છે. રાષ્ટ્રવાદીઓમાં પણ એ પક્ષપાત દેખાય તો પછી બીજાઓમાં તે હોય એની શી નવાઈ ?

વળી રાષ્ટ્રસેવાને જીવનકાર્ય તરીકે સ્વીકારવાની ગોખલેની પ્રણાલિકાને સમગ્ર હિંદભરમાં ફેલાવી વ્યવસ્થિત દેશસેવાસંઘોની સ્થાપનાઓ પ્રેરનાર મહાત્મા ગાંધીનો કાર્યક્રમ વગર-ભણેલાનો ઉપયોગ કરવા મથે છે, ત્યારે ઘણાને એમ લાગે છે કે બીજા માર્ગમાં નિષ્ફળ નીવડેલાઓને દેશસેવાના બહાના નીચે આશ્રય મેળવવાને એથી સારો માર્ગ જડી આવે છે. લોકોમાં કજિયાદલાલ તરીકે ઓળખાતા ગૃહસ્થો ખાદી પહેરી પરદેશી માલનો બહિષ્કાર કરવા લોકોને સમજાવે, અગર પહેલાં પીઠામાંથી પકડાયેલો બિનધંધાદારી દારૂનું 'પિકેટિંગ' કરવા પગાર લે, ત્યારે રાષ્ટ્રવૃત્તિમાં ખામી ખોળનારાઓને ટીકાનું સારું સાધન મળી જાય છે. ધનસુખલાલના પ્રશ્નમાં અંગ્રેજી ભણતરનો મોહ અને રાષ્ટ્રસેવાસંઘની દુર્બળ બાજુ જોવામાં પડતી મજા સ્પષ્ટ દેખાઈ આવતાં હતાં.

'ભણ્યો છું. સાધારણ.' અરુણે કહ્યું.

'મૅટ્રિક થયા હશો.'

'એથી વધારે.'

'બી.એ. છો ?'

'ના જી; એમ. એ.'

ભણતરની છાપ નિહાળી ધનસુખલાલનો તિરસ્કાર ઓછો થયો.

'નોકરીમાં કેમ ન જોડાયા ?'

સરકારી નોકરી એટલે ભણેલાઓનું સ્વર્ગ ! નોકરીમાં પ્રવેશ

પામનારનું જ ભણતર સફળ થયું હોય એમ સહુને લાગે છે.

'કોઈ રાખતું નથી.' જરા હસતાં હસતાં અરુણે કહ્યું.

'એમ તે હોય !'

'એમ જ છે. મારે લાયક તો નોકરી જોઈએ જ ને ?'

'એક વખતે જે મળી ત લઈ લેવી હતી. ધીમે ધીમે આગળ વધાત.'

'તમારે વાઈસરૉય તો નહોતું થવું ને ?' સહજ કરડાકીમાં ધનસુખલાલે પૂછ્યું.

'એ જ થવું હતું. એની આશા રાખી એટલે મને ઊભો પણ રહેવા ન દીધો.'

'એવી ઘેલી માગણી કરો એ ચાલે ?'

'એમાં ઘેલું શું છે ?'

'શા માટે નહિ ?'

'અંગ્રેજો વગર આપણું ચાલે એમ જ નથી.'

'આપ સાહેબશાહીથી વિરુદ્ધ છો ! આપણા ઘરમાં જેને દાખલ કરવા માગતા નથી તે સાહેબશાહીને દેશમાં કેમ રહેવા દેવાય ?'

ધનસુખલાલ આ સાંભળી ચમક્યા. પાઠપૂજા કરતા અને દેવમાં અડગ શ્રદ્ધાભક્તિ રાખતા પવિત્ર પુરુષો પણ ચુસ્ત હિંદુ

રહીને એમ જ માને છે કે અંગ્રેજો વગર હિંદુસ્તાનને ચાલે એવું નથી. પરંતુ સાહેબોને સોંપી દીધા પછી સાહેબોના પડછાયા મંદિરોમાં અને ઘરમાં જરૂર પડશે એ સત્ય તેઓ ભૂલી જાય છે.

ગાડી અટકી. આશ્રમ આવ્યો. અરુણ ઊતરી ગયો. તેણે નમસ્કાર કર્યા.

'કોઈ વખત મળજો. !' ધનસુખલાલે અરુણને કહ્યું.

'હા જી !'

મોટર પાછી ફરી. ધનસુખલાલે પુષ્પાને પૂછ્યું :

'આ જ લોકો સરઘસ કાઢવાના છે કે ?'

'હા.'

'તને મન હોય તો એકાદ વખત જજે - જોકે મને તો એ બધા વેશ પસંદ નથી.'

# ૧૯ ફરી સળગેલી ચિનગારી

પ્રણયકલહે વહે આંસુ
ચૂમી ચાંપે હૃદય સ્વામિન્ !
અરે એ એક ક્ષણ માટે
જીવનનાં દાન ઓછાં છે !

સહુ ગયાં એટલે કૃષ્ણકાંત, સુરભિ અને રંજન એ ત્રણે જણ ઘરમાં રહ્યાં. રંજન કૃષ્ણકાંતને ઘણી જ વહાલી હતી. બહેન સારામાં સારું પહેરે, સારામાં સારું ઓઢે અને સારામાં સારું ભણે એ જોવાની ભાઈની અતિશય કાળજી રહેતી. બહેનની ઉદારતા આજે નિહાળી કૃષ્ણકાંતને સંતોષ થયો કે તેને માટે લીધેલી કાળજી નિરર્થક નીવડી નથી. રંજનને ખભે હાથ મૂકીને દાદર ઉપર તે વગર બોલ્યે ચડવા લાગ્યો.

સુરભિ પાસે જ હતી. તેને ઓછું આવ્યું :

'શા માટે મારે ખભે હાથ મૂકી એ ઉપર ન જાય ?'

તત્કાળ તેને પોતાના વર્તનનું સ્મરણ થઈ આવ્યું. મંદિરાના અભ્યાસી પતિને અપવિત્ર ગણી કાઢી તેના સ્પર્શથી પોતે દૂર રહેવા મથતી હતી. દેહસ્પર્શ એ ઘણી વખતે હૃદયસ્પર્શનું મૂર્ત સ્વરૂપ છે. શું તેનું અને કૃષ્ણકાંતનું હૃદય પરસ્પર અડકતું બંધ

થઈ ગયું હતું ?

ઝડપથી સુરભિનો હાથ લંબાયો; એ હાથે પતિના હાથને પકડી લીધો. ઊંડા વિચારમાં ઊતરી ગયેલા કૃષ્ણકાંતે એ હાથની બાજુએ જોયું, અને સુરભિને નિહાળી સ્મિત કર્યું.

એક-બે પગથિયાં આગળ ચડી તેણે રંજનને ખભેથી હાથ લઈ લીધો.

'કેમ ભાઈ ! આમ ? મને થાક નહિ લાગે.' રંજન બોલી ઊઠી.

'પણ મારા બે હાથ હું રોકું તો પછી ચડતાં શી રીતે ફાવે ?' કૃષ્ણકાંતે જવાબ આપ્યો.

'હા...એમ છે કે ? ભાભી તો એવાં અદેખાં છે ! સારું, એમનો હક્ક વધારે એટલે એમનો હાથ ઝાલીને ચાલો !' રંજને કહ્યું.

'ના ના, રંજનબહેન ! એમ નહિ. મારા મનમાં કે...' સુરભિ જરા શરમાઈને બોલવા ગઈ તેને અટકાવી રંજને કહ્યું :

'તમારા મનમાં શું છે તે હું જાણું છું; કહેવાની જરૂર નથી. આ હું આઘી ખસી. હવે બસ ?'

'રંજન ! ધનસુખકાકા આમ આપણને જુએ તો ?' વાત પલટી નાખવા કૃષ્ણકાંતે પૂછયું.

'મારી જ નાખે ! તે દિવસે એમને ઘેર એક જ સોફા ઉપર આપણે બેઠાં હતાં ત્યારે કેવા લડયા હતા ? "એક જ સોફા ઉપર બેઠા સિવાય તમે ભાઈબહેન છો એમ બધા જાણે

શી રીતે ?" એમ એમણે મોઢે જ કહ્યું.'

'અને તે દિવસે મેં સુરભિનું નામ દીધું ત્યારે કેવા ખિજાયા હતા ? "બહુ થયું હવે ! સુરભિ સુરભિ શું કર્યા કરે છે ? નામ દીધા વગર નહિ ચાલતું હોય ! બહુ વહાલ ચૂઈ જાય છે તે !" બરાબર ?' કૃષ્ણકાંતે હસતાં હસતાં ધનસુખલાલની નકલ કરી.

સુરભિ વિચારમાં પડી. સ્નેહચેષ્ટાની ભારેમાં ભારે સ્વતંત્રતા ભોગવવા છતાં એ કૃષ્ણકાંતનો સ્નેહ જાળવી શકી હશે કે કેમ ? આવો હસમુખો, મોજીલો, ઉદાર અને રસજ્ઞ પતિ સહજ મદ્યપાનની ટેવ રાખે તેથી તે પ્રેમને માટે અપાત્ર બની જવા જોઈએ ?

પોતાના અત્યાર સુધીના વર્તનમાં સુરભિ કાંઈ ભૂલ કરતી હતી એમ તેને જ લાગ્યું. આપણા સંબંધીઓ પાસેથી આપણે સંપૂર્ણતા ઈચ્છીએ છીએ - નહિ, સંપૂર્ણતા હક્ક કરીને માગણીએ છીએ, એ શું વધારે પડતું નથી? અલબત્ત, દોષ એ દોષ જ છે, અને સંબંધ જેમ વધારે નિકટ તેમ આપણે સંબંધીમાં ઓછું દૂષિતપણું માગીએ છીએ. પતિ અને પત્ની વચ્ચેના સંબંધ કરતા વધારે નિકટપણું હજી માનવજાતે વિકસાવ્યું નથી. તેથી જ પતિનો અને પત્નીનો સહજ દોષ અસહ્ય થઈ પડયો લાગે છે. બહાર રખડવાની ટેવવાળો પતિ ઘરમાં કેમ વધારે વાર બેસતો નથી એવા વિચાર કરી કેટલી પત્નીઓ સુકાઈ જાય છે ? પરંતુ ઘરમાંથી બહાર ન નીકળતાં ચોવીસે કલાક સામો બેસી રહેનાર પતિ ઘરકૂકડી મટી એકાદ કલાક પણ ઘરમાંથી ખસે એવી પ્રાર્થના કરનાર પત્નીઓ પણ ઓછી નથી હોતી ! હસમુખી, બોલકણી

પત્ની પાડોશીઓ, મિત્રો, ઓળખીતા - વગર - ઓળખીતા સહુની સાથે વાતમાં રોકાઈ ખમીસનાં બટન ભરવી આપવામાં ઢીલ કરે ત્યારે પતિને એવી જ પ્રાર્થના કરવી પડે છે કે તેની પત્ની સાતે વાર મૌનવ્રતનો અંગીકાર કરે ! પરંતુ મહામુસીબતે એક અક્ષર બોલતી, હાસ્યથી અપરિચિત, ઢાંકેલા દીવા સરખી અશાંતિ શાંતિ ફેલાવતી જેને મળી હોય તે પતિ થોડા સમયમાં ઝેર ખાવા તત્પર થાય છે એ પણ અજાણ્યું નથી.

આમ પરસ્પર સંપૂર્ણતા ઈચ્છતાં દંપતી સહજ ભૂલોમાં જીવનને ઝેરભર્યું બનાવી દે છે. તેઓ ભૂલી જાય છે કે અતિસામીપ્યને લીધે ઝીણાન ગણકારવા સરખા દોષોને તેઓ વગરજરૂરનું મહત્ત્વ આપી દે છે. સદ્‌ગુણોની યાદીમાં તેઓ એક મહત્ત્વનો ગુણ ઉમેરવો ભૂલી જાય છે : સામાની ભૂલો - સામાના દોષો સહી લેવા - જતા કરવા એ ગુણ પણ સચ્ચાઈ, ભલાઈ, પવિત્રતા કે ઉદારતા સરખો ઊંચા પ્રકારનો ગુણ છે. ઉદારતાનો તે એક પ્રકાર છે. તેઓ એક મોટામાં મોટી - સહુને દેખાઈ આવતી - કુદરતની ઘટનાને પોતાની જ બાબતમાં વિસારી દે છે; રૂપ, રંગ, બુદ્ધિ અને સદ્‌ગુણમાં કુદરત કદી સંપૂર્ણતા આપતી નથી. સંપૂર્ણતા જ્યાં દેખાય ત્યાં ભ્રમરૂપ છે - અકુદરતી છે - અગર ઈશ્વર આ જગતમાં તેમ જ એ જગતનાં માનવીનાં પણ કેટકેટલાં દૂષણો ચલાવી લે છે !

પતિને માથે અત્યારે ભયંકર આફત હતી. તે અમીરીમાંથી ગરીબીમાં ઊતરી પડયો હતો. જન્મથી જ સુખ અને વિલાસમાં ઊછરેલો, સહજ વિચિત્ર પણ સંસ્કારી, મદ્યપી છતાં સહૃદય પતિ આફતને સહન નહિ કરી શકે ત્યારે ? આફતમાં આવેલા

ધનિકો ઘણુંખરું આપઘાત કરે છે એ સુરભિ જાણતી હતી. કૃષ્ણકાંતના મનમાં પણ એ વિચાર કેમ સ્ફુર્યો ન હોય ? શોખ પૂરતું મદ્યપાન - એ સિવાય બીજો કયો દોષ તેનામાં હતો ? નિર્વ્યસની ગણાતા કેટકેટલા પતિઓની કઠોરતા તેમની પત્નીઓને વેઠવી પડતી હતી ? નિર્વ્યની પણ નિષ્ઠુર પતિ સારો કે વ્યસની છતાં સહૃદય પતિ સારો ?

સુરભિને કૃષ્ણકાંત માટે કોઈ અજબ મમત્વ ઉત્પન્ન થયું.

'છો દારૂ પીતા ! એમાં કોઈને શું ?'

તેના મનમાં વિચાર આવ્યો. ખરે, કોઈને એમાં કશું જ નહોતું. ખરેખરી ફરિયાદ તો સુરભિની પોતાની હતી; પરંતુ તે ભૂલી ગઈ. અને પતિના વ્યસનને સહી લેવા જ નહિ; પરંતુ તેનો બચાવ કરવાને પણ તે તત્પર થઈ.

પતિપત્નીનો હૃદયસંયોગ સાધનાર આફત આશીર્વાદરૂપ બની જાય છે.

'ક્યાં જાઓ છો ? અંદર ચાલો ને !' ઉપર આવી કૃષ્ણકાંત સાથે તેની ઓરડીમાં પ્રવેશ કરતાં સુરભિએ રંજનને કહ્યું. રંજન આગળ ચાલી જતી હતી.

'ના રે ! તમારા હક્ક ઉપર કોણ પાછું તરાપ મારે ? આમે સાસુનણંદ ઉપર જૂનો જમાનો રીસે બળતો હતો, તેમાં નવા જમાનાને ગાળો દેતો ક્યાં બનાવું ?'

'અમે ગાળો દેતાં હોઈશું ખરું ને ? કોઈ દહાડો સાંભળી છે ?'

'મનમાં તો ઘો છોસ્તો !' કહી રંજન આગળ ચાલી ગઈ.

ભાભી અને નણંદ ઘણી વાર ટપાટપી કરતાં. કૃષ્ણકાંતની દારૂની ટેવ સુરભિને પતિથી દૂર ખેંચ્યા કરતી હતી તે રંજન જાણતી હતી; તેવું ન બને એ માટે પત્નીમાં પતિ માટે વહાલ ઊભરાયા કરે એવા જ પ્રસંગો અને એવી જ વાતચીત તે રચ્યા કરતી હતી. બંને વચ્ચે બહુ જ સાચાં સહીપણાં જાગ્યાં હતાં.

કૃષ્ણકાંત બેદરકાર દેખાવ ધારણ કરી સોફા ઉપર અઢેલીને બેઠો હતો; પરંતુ તેની જાગૃત બની ગયેલી પત્નીને તેના મુખ ઉપર ગમગીનીની આછી છાપ દેખાઈ આવી.

'કેમ, સિગાર સળગાવવી નથી ?' સુરભિએ પૂછ્યું.

કૃષ્ણકાંતના મુખમાં સીગાર હતી; પરંતુ તે ક્યારની હોલવાઈ ગઈ હતી. કૃષ્ણકાંતને તેનો ખ્યાલ રહ્યો લાગતો નહોતો.

'Oh ! I see !' હસીને કૃષ્ણકાંતે કહ્યું. 'દીવાસળીની અજબ કરામતવાળી પેટી તેણે કાઢી અને સિગાર સળગાવી. બંને જણા વગરબોલ્યે થોડી વાર બેસી રહ્યાં.

'જમવાનો વખત થઈ ગયો છે.' સુરભિએ સાડા નવનો ટકોરો ઘડિયાળમાં સાંભળી કહ્યું.

'આજે જમવું નથી.'

'કેમ ?'

'ભૂખ નથી.'

'ભૂખ ન હોય તોયે જમવું પડશે.'

કૃષ્ણકાંતની દિનચર્યામાં આજ સુધી ભાગ્યે જ રસ લેતી તેની પત્ની આજે આમ જમવાનો આગ્રહ કરી હતી એ જોઈ કૃષ્ણકાંતને નવાઈ લાગી.

'મારું તો ઠીક છે, પણ તું કેમ બેસી રહે છે ? જમીને સૂઈ જા, નહિ તો શરીર વધારે બગડશે.'

'તમારા જમ્યા પછી હું જમીશ.'

'Orientalising so fast? Oh ! The Indian wife !'

સુરભિ અંગ્રેજી ઉચ્ચાર અંગ્રેજી ઢબે બોલતા સાંભળી હસી.

કૃષ્ણકાંતની સિગાર પાછી હોલવાઈ ગઈ હતી. સુરભિનું ધ્યાન તે તરફ ખેંચાયું. સુરભિને વારંવાર પોતાની તરફ નિહાળતી જોઈ કૃષ્ણકાંતને પણ સિગાર હોલવાયાનો ખ્યાલ આવ્યો. તેણે સિગાર હાથમાં લઈ ઉપર રાખોડી આંગળીથી ખેરવી નાખી અને સિગાર બારીમાંથીક દૂર ફેંકી દીધી.

'આજે દેશી ઢબે જમીએ તો ?'કૃષ્ણકાંતે કહ્યું.

સુરભિને લાગ્યું કે કૃષ્ણકાંત ગરીબી માટે તૈયારી કરે છે. દેશી ઢબનું ખાણું - બીજી બધી દેશી વસ્તુઓની માફક - પરદેશી ઢબના કરતાં વધારે સોઘું પડે છે.

પતિ આવી ગરીબીની તૈયારી કરે એ પત્નીને રુચ્યું નહિ.

'ના ના; તમને જેમ ફાવતું હોય તેમ જ કરો ને ! મેં બધી

તૈયારી કરાવી રાખી છે.'

'એમ ! તારામાં આટલી બધી સ્ફૂર્તિ ક્યાંથી આવી ગઈ ? ચાલ ત્યારે, હું જમી લઉં.'

કૃષ્ણકાંતે ઊભા થઈ ચાલવા માંડ્યું. સાહેબશાહી ઢબે જમવા માટે જુદા ઓરડાની અને જુદાં ફર્નિચરની જરૂર પડે છે. કૃષ્ણકાંતે વિચારમાં ને વિચારમાં પોતાની પાછળ આવતી સુરભિને જોઈ નહિ. આજુબાજુ જોયા સિવાય તે સીધો જમવાના ઓરડામાં જઈ ખુરશી ઉપર બેઠો. સામે મેજ ઉપર બંને હાથ મૂકી તે ઉપર તેણે પોતાનું મસ્તક ટેકવ્યું. કાચની રકાબી ખખડી છતાં તેણે હાથ ખસેડ્યો નહિ. પાછળથી સુરભિએ આવી તેના માથા ઉપર હાથ ફેરવીને પૂછ્યું :

'કેમ આમ ? જમવું નથી ?'

કૃષ્ણકાંત સાવધ થયો. પોતે ઊંડા વિચારમાં ઊતરી ગયો હતો એ બતાવવું એને ઠીક ન લાગ્યું.

'કાંઈ નહિ; આજે જરા થાક લાગ્યો. બીજું કશું નથી.'

સુરભિએ બટલરને જમણ લાવવા હુકમ કર્યો.

'તને આ ખાણું ગમતું નથી; પછી તું શું કરવા અહીં આવી ?'

'અમસ્તી જ.'

'તો હવે જવું નથી ? તને થાક લાગશે.'

'નહિ લાગે.'

'તારે જમવાનું મોડું થશે.'

'હરકત નહિ. હજી તો રંજનબહેન ગાય છે.'

રંજન દિલરુબા સાથે ધીમે ધીમે ગાતી સંભળાઈ :

પાયલ મોરી બાજે ઝનક ઝનક !

કેસે કર આવું તારે પાસ, સજન ?

વિકળતાથી અસ્થિર બનેલા ચિત્તને શાંત દેખાડવા મથતી નિશા બિહાગના આર્જવભર્યા સૂર-આંદોલનો પાઠવી નિશાનાથને બોલાવતી હોય એમ રંજનના ગાનથી ભાસ થયો.

દૂર ચંદ્રોદય પણ થયો.

વાત કર્યા વગર નીચું જોઈ જમતા કૃષ્ણકાંતની પાસે કોઈએ કાચનો નાનો સુંદર પ્યાલો મૂક્યો. કૃષ્ણકાંતે ઊંચે જોયું. સુરભિ એક શીશો હાથમાં લઈ ઊભી હતી ! સુરભિના મુખ ઉપર સ્મિત રમતું હતું.

કૃષ્ણકાંત કદી ન અનુભવેલી ચમક અનુભવી. તેને માથે આવી પડેલી ધનની આફતે તેના દિલને આટલું બધું હલાવ્યું નહોતું.

'સુરભિ ! આ તું શું કરે છે ?' કૃષ્ણકાંત બોલી ઊઠયો.

'કાંઈ નહિ. તમે આરામથી જમો.' સુરભિએ ખાલી હાથ વહાલથિ કૃષ્ણકાંતના ખભા ઉપર મૂકી કહ્યું.

'પણ આ તો દારૂ છે !'

'છો રહ્યો.'

'અરે પણ તું તારે હાથે આપે છે ?'

'મારે હાથે આપીશ તેથી એ અણભાવતો નહિ થાય ને ?'

'ના ના; હું નહિ પીઉ.'

'મારા સમ ન પીએ તેને !'

કૃષ્ણકાન્ત જમતાં જમતાં ઊભો થયો. સુરભિને બંને હાથ વચ્ચે લઈ દબાવી તેણે કદી નહિ લીધેલું એવું ભાવભર્યું ચુંબન લીધું. સુરભિ ભાન ભૂલી ગઈ. તેને લાગ્યું કે પોતે ચંદ્રકિરણોમાં તરે છે !

રકાબીમાં બીજી ખોરાકની વાની લઈ આવતો બટલર અટક્યો, જરા હસ્યો, પાછો ફર્યો. અંદરના બારણામાંથી તે છાનોમાનો આ ચુંબનવિપ્લવ નિહાળતો હતો તે માટે તેને પ્રેમનો દેવ ક્ષમા કરશે ?

'હું જ હવે રોજ આપીશ.' સુરભિએ પતિની બાથમાંથી છૂટી કહ્યું.

'અને તું એમ ધારે છે કે તને ન ગમતો આસવ હું પીધા જ કરીશ, ખરું ? Hang it all !' કહી પ્યાલો અને શીશો કૃષ્ણકાંતે બારીમાંથી ફેંકી દીધા.

સુરભિ જોઈ રહી.

રંજન હજી ગાયા કરતી હતી-

પાયલ મોરી બાજે ઝનક ઝનક !-

# ૨૦ સરઘસની રાતે

ધન્ય હો ! ધન્ય જ પુણ્યપ્રદેશ
અમારો ગુણિયલ ગૂર્જર દેશ !
કૃષ્ણચંદ્રની કૌમુદીઊજળો
કીધ પ્રભુએય સ્વદેશ,
અમારો ગુણિયલ ગૂર્જર દેશ !

**ન્હાનાલાલ**

જનાર્દનના આશ્રમમાં અત્યારે ઉત્સવ થઈ રહ્યો હતો. અહિંસાસૂચક ધવલ ધ્વજને પણ ફરકાવવો નહિ એવી સરકારની આજ્ઞાને તોડવા માટે આશ્રમવાસીઓ તૈયાર થઈ ગયા હતા. પ્રભાતમાં એક સરઘસ કાઢવાનો નિશ્ચય જાહેર કરી તેનો કાર્યક્રમ પણ જનાર્દને નિર્ણીત કરી દીધો હતો. સરઘસ નીકળતા પહેલાં આખી રાત વિતાવવાની હતી; પરંતુ ઉત્સાહને હિલોળે ચઢેલો માનવસમુદાય શાંતિથી રાત્રિ પસાર કરી શકે એમ નહોતું. હજારેક વર્ષથિ વીરરસનું સેવન ભૂલતા આવેલા ગુજરાતીઓના નાનકડા ટોળામાં અત્યારે વીરરસનો સાગર ઊછળી રહ્યો હતો. થનગનતા અશ્વ ઉપર શોભતા વીર સરખી અધીરાઈ સહુના મુખ ઉપર દેખાતી હતી.

જનાર્દનની આંખમાં તેજ ઊભરાયાં. તે મનમાં બોલ્યા :

‘ગુજરાતની આ મર્દાનગી સદા કાયમ રહે !’

ક્ષણભર તેના હૃદયમાં ઉત્સાહનો પાતાળકૂવો ફૂટી નીકળ્યો. ઉત્સાહના આવેશમાં તેણે ગરદન સહજ ઊંચકી. જે સ્થળે સ્મશાન સરખી ભયાનક શાંતિ હતી તે સ્થળમાં તેણે જીવનનો ઝરો વહેવરાવ્યો હતો; ગાઢ તંદ્રામાં શિથિલ થઈ સૂતેલા સમાજના એક ભાગને તેણે દોડતો બનાવી દીધો હતો. ફટાકડો ફૂટતાં થડકી જતાં હૃદયો બંદૂકના મૃત્યુમય ગર્જનને તુચ્છકારે એવાં બનાવી દીધાં હતાં. તેનાં પાપ બળી ભસ્મ થતાં ! તેની તપશ્ચર્યા ફળી ! દુર્બળને દેવ બનાવતી સંજીવન તેને હાથ લાગી ! તેની સાધનામાંથી સિદ્ધિ પ્રાપ્ત થઈ !...

ટિન્ !

મંજીરાંની જોડી થોડે દૂર ખખડી. અહંભાવમાં ઘસડાઈ જતો સાધક મંજીરાંનો એ રણકાર સાંભળી ચમકી ઊઠ્યો.

'શું મેં જીવન નથી પ્રેર્યું ? તેના છોભીલા પડેલા અહંભાવે પ્રશ્ન કર્યો.

ટિન્ !

ફરી મંજીરાંનો ટંકાર થયો.

'હું કોણ ?' મંજીરાંના ટંકારા સાથે જ જનાર્દનના હૃદયમાં પ્રતિપ્રશ્ન થયો. ધના ભગતને દોરતો કિસન અંધારામાંથી અજવાળામાં આવ્યો; જાણે જનાર્દનના પ્રશ્નનો ઉત્તર ન હોય !

'આવો ભગત ! અત્યારે તમને જ હું ઝંખુ છું.' જનાર્દને ધના ભગતને પાસે બોલાવ્યા. અભિમાનના પૂરમાં ઘસડાતા જતા તેના હૃદયને આ અંધ ભક્ત આશ્રયરૂપ લાગ્યો.

'ભાઈ ! ભગવાનને ઝંખો. એની કિરપા હોય તો તણખલાના મેરુ બને.' ધના ભગત બેસતાં બેસતાં બોલ્યા.

બે-ત્રણ આશ્રમવાસીઓ પરસ્પરની સામે જોઈ હસ્યા. એક જણે ધીમેથી કહ્યું :

'ભગવાનને બીજો ધંધો જ નહિ હોય એમ દેખાય છે !' પરંતુ બધાથી એ વાક્ય સંભળાયું નહિ.

'ખરું છે, ભગત !' જનાર્દન બોલ્યો. 'નહિ તો આવી પ્રચંડ શહેનશાહતની સામે થઈ મરવાની મરદાનગી અમારામાં આવવી અશક્ય જ છે.'

'સતને માટે મરવામાં મોક્ષ જ છે. પણ મરવાનોયે મોહ ન જોઈએ.' ધના ભગતે મૃત્યુની કિંમત ઘટાડી દીધી. અહંભાવથી પ્રાપ્ત થયેલું મૃત્યુ પણ દૂષિત બને છે, સત્ત્વગુણથી ચડિયાતી એક માનસિક ભૂમિકા છે તેનું એ અંત્યજે સૂચન કર્યું. ગુણાતીત અવસ્થામાં જ માનવી ઈશ્વરસાન્નિધ્ય મેળવે છે; સત્ત્વગુણ ધારણ કરનારથી પણ તે આગળ વધી જાય છે.

જનાર્દનને પણ લાગ્યું કે આ યુવકોના પવિત્ર અને સાત્ત્વિક ઉત્સાહને હજી પણ વિશુદ્ધ બનાવવાની જરૂર છે. તે પોતે જ અહંભાવમાં ઘસડાઈ જતો હતો; પછી સ્વદેશ-સ્વધર્મ-સ્વાધિકારના આદર્શો સેવતા યુવકો તેમાં ઘસડાય એની નવાઈ નહિ. સહુમાંથી 'સ્વ' ટાળ્યા સિવાય પરમ વિશુદ્ધિ તો ન જ મળે.

'ભગત ! તમને બોલાવ્યા છે તે ઈશ્વરસ્મરણ માટે. મને અને મારા મિત્રોને તે વગર એવું જ મિથ્યાભિમાન ઊપજશે કે

સત્યકર્મોને કરનાર અમે જ છીએ. કાંઈ ભજન બોલો.'

'જનાર્દને સંન્યાસી થઈ જવું જોઈએ.' તેમ કરીને પણ અહીં રહેવું ન જોઈએ.''હિમાલય ચાલ્યા જવું.' 'નહિ તો આપણને બધાંને ભગતડાં બનાવી દેશે.'

જનાર્દન ન સાંભળે એમ આશ્રમવાસીઓમાં પરસ્પર વાત ચાલી. જનાર્દનની વધતી જતી ધર્મઘેલછા સહુને અણગમતી થવા લાગી હતી. જેમાં તેમાં ઈશ્વરસ્મરણનો આગ્રહ રાખવો એ સમય અને શક્તિનો નિરર્થક વ્યય કરવા સરખું હતું.

'હજી હિંદુસ્તાન ધર્મથી ધરાયું લાગતું નથી.' કોઈ બબડી ઊઠતું.

છતાં જનાર્દનના કાર્યથી વિરુદ્ધ પડવાની તત્પરતા કોઈ બનાવતું નહિ. ઈશ્વરસ્મરણની ફરજ સહુને માથે નહોતી એટલે જેમને પ્રાર્થનામાં શ્રદ્ધા ન હોય તે પ્રાર્થનામાં સામેલ ન થાય તોપણ ઘણી વખત પ્રાર્થનાગીતના રસભર શબ્દો, શબ્દઘોર, શબ્દભાવ વગેરેથિ આકર્ષાઈ અશ્રદ્ધાળુઓ પણ તેમાં સામેલ તો થતા જ.

દેશભક્તે પ્રભુભક્તની સહાય લીધી. ધના ભગતે એકતારાને ઝણઝણાવ્યો અને મંજીરાંની મધુર કિણકિણી શરૂ કરી.

'ધના ભગત ! શું ગાશો ?' એક જણથી રહેવાયું નહિ, તેણે પૂછ્યું.

'આવડશે એવું ભગવાનનું નામ ! બીજું શું ?'

'ભગવાનનું નામ બહુ થઈ ગયું. કાંઈ શૂર ચડે એવું ગાઓ.

અમે તો રણે ચડવાના છીએ.' એક બહાદુરે સૂચના કરી.

'એમ કે બાપા ? ભલે; ભલે; રણે ચડો. પણ ભાઈ ! ભગવાનના મારગમાં કાયરનો પગ નથી, હોં ! ભક્તિ ખાંડાની ધારથીયે તીણી છે. એમાંયે મરવું પડે છે !'

એટલું કહી ધના ભગતે એકતારાના નાદ સાથે પોતાનો સાદ મેળવી ભજન લલકારવા માંડયું :

રસના ભર્યા રે, એ તો રંગના ભર્યા.
શૂરના સાચના સિપાઈઓ આનંદ ભર્યા.
માથાં મૂક્યાં છે કાપી હાથવડે વેગળાં,
જોગણીનાં ખપ્પરોને ભાવે ભર્યા.
શૂર સાચના સિપાઈઓ આનંદ ભર્યા.
વાજે છે ડંકા ને ગાજે અનાહત,
સોહં સોહં નાદ શંખે પૂર્યા.
શૂર સાચના સિપાઈઓ આનંદ ભર્યા.
તપનાં તો તીર અને ભક્તિતણા ભાલા,
પ્રેમના પટા રમે એ સંતો નર્યા.
શૂર સાચના સિપાઈઓ આનંદ ભર્યા.
ઝૂઝે છે વીર ધીર, ખેલંતા મર્દખેલ,
કામ ક્રોધ લોભના ચૂરા કર્યા.
શૂર સાચના સિપાઈઓ આનંદ ભર્યા.
ધારી જે ટેક નેમ મારતાં ચૂકે નહિ,
મુક્તિને દ્વાર એ તો જઈને ઠર્યા.

શૂર સાચના સિપાઈઓ આનંદ ભર્યા.
નીરખે છે નેણ ભરી આત્માની જ્યોતને,
એવા મરજીવા સાચા મર્યા.
શૂર સાચના સિપાઈઓ આનંદ ભર્યા.

શરૂઆત એકલા ધના ભગતે કરી, જરા રહી તેની સાથે કિસને પોતાનો સાદ મેળવવા માંડયો. જનાર્દન કિસનની સાથે ગાવામાં સામેલ થયા. હાસ્ય, રુદન અને સંગીત એ માનવહૃદયની ભાવત્રિવેણી : તેનાં વહન શરૂ થાય એટલે તે સહુને પ્રવાહમાં ખેંચી જ જાય. સંગીતના એક-બે શોખીનોએ પણ ધીમે ધીમે પોતાનો સાદ તેમાં પૂર્યો. સહુનાં હૃદય હાલવા લાગ્યાં અને જેનાથી ન રહેવાયું તેમણે ગીતને ઝીલવા માંડયું. ગીત ઘટ્ટ બનતું ગયું. વિવિધ નાદ છતાં તેમાંથી એક જ રવ અને એક જ તાલ સ્પષ્ટ તરી આવતો હતો. અનેકમાં એકનું દર્શન કરાવતા આ સમૂહસંગીતે બાકી રહેલાંને પ્રવાહમાં ઘસડયાં અને થોડા સમયમાં એકએક વ્યક્તિએ ગીત ઝીલવા પણ માંડયું.

ગીતઘેલા બનેલા સમાજે ગીતની ધૂનમાં જોયું પણ નહિ કે ટોળાની પાછળ ચાર-પાંચ સરકારી અમલદારો પણ આવીને ઊભા હતા. સરિતાની વેગમાં સહુ ઘસડાય છે. કેટલાક પર્વતો અને ટેકરાઓ પ્રવાહની સામે અડગ ઊભા રહે છે, અને સરિતાને તેનો પ્રવાહ ફેરવવાની આવશ્યકતા ઊભી કરે છે. પહાડ સરખા સરકારી અમલદારો આવા સંગીત-પ્રવાહમાં ઘસડાય તો તેમની અચલ પ્રતિષ્ઠા ઘટી જાય. અમલદારો સંગીતથી પર રહ્યા. રાજ્ય-અમલમાં સંગીતના માર્દવને અવકાશ છે જ

નહિ. આર્યસ્મૃતિકારોએ પોતાના નિયમો શ્લોકબદ્ધ રચનામાં યોજી સંગીતનું મહત્ત્વ સ્વીકારેલું છે; પરંતુ દયાસાગર ઈસુના અનુયાયીઓનાં શાસનોમાં મીઠાશની જરૂર રહી જણાતી નથી. કર્કશ, કઠોર અને કઠણ ગદ્યમાં રચાયલા તેમના નિયમો એ કંઈ કઠોરતાનું પ્રતિબિંબ હશે ?

'શો આ વેશ કાઢ્યો છે ? ભજનો ગાયે તે સ્વરાજ્ય મળે ?'

નૃસિંહલાલે પોતાની પાસેના એક બીજા પોલીસ અમલદારને કહ્યું. તે અમલદાર પણ હસતા હતા. ઈશ્વરની સહાય શોધતા અસહાય પામર માનવીઓથી શસ્ત્રસજ્જ અને કાર્યદક્ષ બ્રિટિશ શાસનની સામે થઈ શકાય એમ માનવા તેમનું મન ના પાડતું હતું; લોકોનો આ કંગાલ પ્રયત્ન હાસયપાત્ર હતો. તેઓ હસ્યા અને બોલ્યા :

'જુઓ ને, નૃસિંહલાલભાઈ ! સ્વરાજ્ય મળવાનું હશે ત્યારે મળશે. પણ આ બહાને, આંધળા લૂલા કીરતનિયાઓ, ધંધારોજગાર વગરના પરવારતાઓ, અને પારકે પૈસે મઝા કરનાર ખટપટિયાઓને તો રોટલો મળશે !'

વિરુદ્ધ પક્ષનો તિરસ્કારભર્યો ઉલ્લેખ કરવામાં મઝા આવે છે; પરંતુ પોતાના સહકર્મચારીની ટીકા સાથે નૃસિંહલાલ પૂરેપૂરા સંમત થયા નહિ. ધનો ભગત ચક્ષુરહિત હતો; કોઈ અપંગ માનવી પણ એ ટોળામાં હશે; ધંધા વગરનો મુફલિસ અને ખાનગી લડાઈઓમાંથી પોષણ મેળવતો કોઈ ખટપટિયો પણ તેમાં સ્થાન પામ્યો હોય; એ બધું ખરું પરંતુ જનાર્દન તો સંસ્કારી હતો, અરુણે ઊંચી કેલવણી લીધી હતી અને નૃહસિંહલાલનો જ પુત્ર

આમાં સામેલ થયો હતો. એને મુફલિસ કે ખટપટિયો કેમ કહી શકાય! આ હિલચાલમાં એવું તે શું આકર્ષણ હતું કે સરકારનું નિમક ખાનારા વફાદાર અમલદારોના ભણેલાગણેલા સંસ્કારી પુત્રો પણ તેમાં જોડાયા હતા ?

નૃસિંહલાલના વિચારો અટક્યા. ભજન એકાએક બંધ થયું અને આખા વાતાવરણમાં શાંતિ છવાઈ રહી. એ શાંતિમાં પણ ગીતનાં અશબ્દ આંદોલનો ઊછળી રહ્યાં હતાં. પાંચેક ક્ષણની દિલ હલાવતી નઃશબ્દતામાંથી એક ઊંચો સ્વર પ્રગટી નીકળ્યો :

'વંદે....!'

ભેગી થયેલી સમગ્ર જનતાએ તેની પ્રચંડ પુરવણી કરી :

'માતરમ્ !'

ફરી એક વાર સૌએ ગર્જના કરી :

'વંદે....માતરમ્ !'

માતાને સહુ કોઈનાં વંદન હો ! અંધ હોય કે અપંગ હોય, ખલ હોય કે સાધુ હોય, અમીર હોય કે ફકીર હોય, રાય હોય કે રૈયત હોય, વિદ્વાન હોય કે વિદ્યારહિત હોય, તોપણ માતા માતૃભૂમિ સહુનાં વંદન ઝીલે છે, સહુને પોતાની છાતી સાથે ચાંપે છે, સહુને પોતાના ખોળામાં સુવાડે છે. મા અને માતૃભૂમિને સ્વર્ગથીયે મોંઘાં કહ્યાં છે એમાં શું ખોટું છે ?

જગતનાં રાજ્યશાસનોમાં માતૃત્વની ભાવના જ્યાં સુધી નહિ જાગે ત્યાં સુધી તેમાં કઠોરતા રહેવાની. અશક્ત અને

અપંગને ભૂખે મરવ દેનાર માનસિક દુર્લભતાના દયાપાત્ર દર્દીઓને તેમનાં સ્ખલનો માટે સજા કરી કેદમાં પૂરનાર, ઊંચનીચ અને ગરીબતવંગરના ભેદને સ્થાયી બનાવનાર, હારજીતની પટાબાજી ખેલી પડોશની પ્રજાઓ સાથે નિરંતર કજિયો કરનાર રાજ્યસત્તા કે વંદનયોગ્ય માતા નથી! એ તો કોઈ રુધિરતરસી રાક્ષસી છે. જેને વંદેમાતરમ્ના જયઘોષથી હિંદવાસીઓ વધાવે છે એ માતાને રુધિર ખપતું નથી. એ પરમ સાત્ત્વિક જનની આખા જગતને અહિંસા, દયા અને પ્રેમનો આદેશ આપતી ઊભી છે ! માનવજાતનો વિકાસ પશુતા ઉપર અવલંબીને રહ્યો નથી પણ પ્રેમ ઉપર અવલંબીને રહ્યો છે, એના પ્રત્યક્ષ દૃષ્ટાન્ત રૂપ બનેલી મૈયાને સદાય વંદન હો !

'વંદે...માતરમ્ !'

જયધ્વનિ ચાલુ જ હતો. અરુણે ટોળાની પાછળ ઊભેલા પોલીસ અમલદારને જોયા, એટલું જ નહિ; પરંતુ પોતાના જૂના દોસ્ત રહીમખાનને પણ જોયો. રહીમખાન મૅજિસ્ટ્રેટ હતો.

કૉલેજમાં બંને સાથે હતા. કૉલેજમાં અરુણ અને રહીમ એક જ જાતની અભિલાષા સેવતા. હિંદની મુક્તિ માટે તેમણે અનેક યોજનાઓ ઘડી મૂકી હતી; પરંતુ વિદ્યાભ્યાસ મૂક્યા પછી અરુણ હંસાવાદી ક્રાંતિકારીઓમાં ભળ્યો, જ્યારે રહીમ અંગ્રેજ સરકારની મુસ્લિમોને મેળવી લેવાની યોજનાનો લાભ પામી એકદમ સરસ નોકરીએ ચડી ગયો.

એમાં રહીમનો વાંક નહોતો. અરુણના પિતા એક અમલદાર હતા, એને જોકે તેણે આત્મદમનથી પોતાની જરૂરિયાતો ઘણી જ

ઓછી કરી નાખી હતી, છતાં તેને આર્થિક સગવડ વેઠવાની જરૂર નહોતી. રહીમ એક ગરીબ મુસલમાનનો પુત્ર હતો; તેના પિતાનું ભારે દેવું તેણે આપવાનું હતું; કુટુંબના ભરણપોષણનો ભાર તેને માથે હતો; તેનાં લગ્ન નાનપણમાં થયેલાં હતાં; તાત્કાલિક કમાણી મેળવ્યાદ્ સિવાય તેને છૂટકો નહોતો. હિંદુમુસ્લિમ સંગઠનમાંથી ઉદ્ભવતા પ્રચંડ રાષ્ટ્રવાદના પડઘા સાંભળી સ્વરક્ષણ શોધતી પરદેશી રાજ્યપ્રણાલિકાએ બંને કોમના અહંભાવને જાગૃત કર્યો અને તેણે મુસ્લિમોને રાજ્યસેવામાં વિશેષ લાભ આપવાની દેખીતી રાજનીતિ ધારણ કરી, એ અહંભાવને પોષવા માંડયો. ગરીબ રહીમને એકાએક ડેપ્યુટી કલેક્ટરની જગા મળી, અને અરુણે જ તે જગા સ્વીકારવા તેને આગ્રહ કર્યો.

અરુણ આગ્રહમાં અર્થ સમાયેલો હતો. રહીમનો ઉપયોગ ખરે વખતે સારી રીતે થઈ શકશે એમ તેને ખ્યાલ હતો. હિંસક ક્રાંતિવાદના ગુપ્ત પ્રચારકાર્યમાં સરકારી નોકરીને પણ સ્થાન હતું.

પરંતુ રહીમ કૉલેજનાં સ્વપ્ન ભૂલી સરકારી નોકરીના યંત્રનો ઉપયોગી વિભાગ થઈ પડયો હતો. હિસાબભર્યા ક્રાંતિવાદનાં વિવિધ ચક્રોની ઘટના નિહાળી અરુણ એક વર્ષ માટે અહિંસનો અખતરો કરવા તત્તપર થયો હતો; પરંતુ અહિંસા ક્રાંતિની વિરોધી નથી - ખૂનામરકીની વિરોધી છે. સ્થાપિત રાજશાસન ક્રાંતિનું વિરોધી છે, પછી તગે ક્રાંતિ હિંસાભરી હોય કે અહિંસાભરી. રાજશાસનની કોઈ અસહ્ય ઊણપમાં ક્રાંતિનો જન્મ છે. વ્યક્તિની માફક સમષ્ટિને પણ મિથ્યાભિમાન થાય છે. રાજશાસન પોતાની ખામી કે ઊણપ દેખી શકાતું નથી, એટલે એ ખામી તરફ જે કોઈ આંગળી ચીંધે એને તે પોતાનો દુશ્મન જ દેખે છે; પછી

એ ખામી બતાવનાર કોઈ દયાનો સાગર ગાંધી હોય કે ઝારનું કુટુંબનિકંદન કરી નાખનાર વજ્રહૃદયયી લૅનિન હોય !

બંને મિત્રો - અરુણ અને રહીમ સામસામા પક્ષમાં ઊભા હતા, આવતી કાલની સવારમાં ધ્વજ-સરઘસનું તૂત ઊભું કરી લોકોને ખરીખોટી રીતે ઉશ્કેરવા મથનાર જનાર્દન અને અરુણ સરખા ચક્રમોને સમજાવવા અને ન સમજે તો ડરાવવા મૅજિસ્ટ્રેટ તેમ જ અમલદારો હાજર થયા હતા.

બંને પક્ષ ધર્મસંકટ ઊભું કર્યું હતું. અરુણ અને રહીમ જીવજાન મિત્રો હતા; ખુદ પોલીસ અમલદાર નૃસિંહલાલનો જ પુત્ર કંદર્પ સરઘસમાં ધ્વજ લઈને મોખરે ચાલવાનો હતો.

'આવો મૅજિસ્ટ્રેટ સાહેબ ! નૃસિંહલાલભાઈ ! પધારો.' વંદે માતરમ્‌ની ગર્જના શમ્યા પછી જનાર્દને વિવેક કરી બંને અમલદારોને આવકાર આપ્યો.

અહિંસાવાદમાં કોઈ વ્યક્તિ પ્રત્યેની શત્રુતાને સહેજ પણ અવકાશ નથી. અહિંસાવાદને કોઈ સમાજઘટના સાથે નહિ, એ સમાજઘટનાને શક્ય કરતી કોઈ વિચારપ્રણાલિકા સાથે શત્રુતા હોય છે. વ્યક્તિ પ્રત્યે તેને વેર નથી. વ્યક્તિમાં આવિષ્કાર પામતા કોઈ બેડોળ માનસ પ્રત્યે તેને વેર છે. વ્યક્તિનો નાશ કર્યાથી પરંતુ વ્યક્તના માનસને ફેરવ્યાથી પોતાનું કાર્ય સિદ્ધ થયું તે માને છે. બંધ અણે મોક્ષના કારણરૂપ મન છે, શરીર નહિ. એ ગીતાના મહાકાવ્યને ફીલસૂફીના પટામાંથી બહાર કાઢી, સામાન્ય જીવન વ્યવહારમાં પણ તેને ઉપયોગમાં લેવાનો અખતરો અહિંસામાં સમાયેલો છે.

એટલે રાજ-અમલની સામે ઝૂઝવા છતાં અમલદારો જાત પ્રત્યે અહિંસાવાદીને વે ઉત્પન્ન થવું ન જોઈએ. જનાર્દન સરખો અહિંસાવાદી

મૅજિસ્ટ્રેટ અને નૃસિંહલાલ જનાર્દનની પાસે જઈ બેઠા.

# ૨૧ ચળવળ નીચેનાં વહેણ

એક દિન એવો આવશે;
જ્યારે અમીઝરણો ઝરતાં
પૃથ્વીને ય પલાળશે.
**મગનભાઈ**

આશ્રમવાસીઓમાં ધીમે ધીમે વાત ચાલી કે અમલદારોનું આગમન જનાર્દનના પ્રયોગને આરંભથી જ અટકાવવા માટે યોજાયું હતું. તેમના મનમાં એક પ્રકારની ઉત્સાહભરી વિકળતાને પ્રવેશ કર્યો. ગમે તે થાય તોપણ સરઘસ નીકળવું જ જોઈએ એવી દૃઢતા સહુના હૃદયમાં આવી. પોલીસ કેદ પકડે, મારે, ગોળીબાર કરે તોપણ એ દૃઢતાથી ડગવું નહિ, એમ સહુએ સંકલ્પ કર્યો. અમલદારો વાત શરૂ કરે તે પહેલાં તો આવી તીક્ષ્ણ વૃત્તિ સહુના હૃદયે ધારણ કરી. એટલામાં રહીમે પૂછ્યું :

'અરુણ ક્યાં છે ?'

મૅજિસ્ટ્રેટ રહીમ અને અરુણ વચ્ચે મૈતરી હતી એની થોડાને જ ખબર હતી. ક્વચિત્ અરુણ તેને મળવા જતો, ત્યારે સહુને એમ લાગતું કે રાજકીય કારણને લઈને અમલદારો ચળવળિયાઓને બોલાવે છે તેવો કાંઈ પ્રસંગ હશે; પરંતુ નૃસિંહલાલને રહીમે

જ પોતાની અરુણ સાથેની મૈત્રીની વાત કરી હતી એટલે તેમને બંનેના સંબંધની ખબર હતી.

'કેમ, અહીં છું.' ધના ભગતની બાજુમાં રહેલા અરુણે કહ્યું.

'અરે ભાઈ ! હું તને જ ખોળું છું !' રહીમે કહ્યું.

'શું કામ ખોળે છે ? હું તો વગર વૉરંટે તારી પાસે હાજર થઈશ.' અરુણે હસતાં હસતાં કહ્યું.

એક રાજદ્રોહી અને એક રાજ્ય-અમલદાર આ પ્રમાણે હસીને પરસ્પરને એકવચનમાં સંબોધે એથી સાંભળનારને સહજ નવાઈ તો લાગે; પરંતુ અહિંસક યુદ્ધમાં વિરોધી એ વૈરી નથિ હોતો, વેરભાવે આવેલા વિરોધીનાં વેર પણ અહિંસક યોદ્ધાને હસતો નિહાળી શમી જાય છે. આ તો બંને મિત્રો જ હતા.

'ઠીક ત્યારે, ચાલ, મારી રખવાળીમાં આવી જા.' કહી રહીમક પણ હસતો હસતો ઊભો થયો અણે અરુણનો હાથ પકડી તેના હાથમાં પોતાનો હાથ નાખી ટોળાની બહાર અરુણને લઈ ગયો.

નૃસિંહલાલ આ દૃશ્ય જોઈ રહ્યા. હિંદુસ્તાનમાં એ શો ચમત્કાર થયો કે મિત્ર અને મિત્રને, પિતા અને પુત્રને, મા અને દીકરાને, ભાઈ અને બહેનને પરસ્પરની સામે મોરચા બાંધવા પડે છે ?

'જુઓ, અ કેવો વિકટ પ્રસંગ છે ? મૅજિસ્ટ્રેટ સાહેબ અરુણના જીવજાન દોસ્ત; અને તેમણે જ એને કેદ કરવાનો હુકમ આપવો પડશે.' નૃસિંહલાલે પ્રસંગની વિકટતા જનાર્દનને સમજાવી.

'કેદ કરવાનું કાંઈ કારણ ?' જનાર્દને પૂછ્યું. 'કારણ એ

જ કે સરઘસ કાઢવાનો મનાઈહુકમ તમે પાળશો નહિ ! એટલે બીજું શું થાય ?'

'મનાઈહુકમ પાછો ખેંચી લો !'

'એ તે બને ?'

'અમારા કાર્યની સચ્ચાઈ જુઓ તો પછી મનાઈહુમક પાછો ખેંચી લેવામાં શી હરકત ?'

'નહિ નહિ, તમે આ બધું ધાંધલ ઉઠાવો છો તેમાં કેટલા કુટુંબકજિયા ઊભા કરો છો તેનો ખ્યાલ છે ?'

'કંદર્પ ! આમ આવ જોઈએ.' નૃસિંહલાલનો પ્રશ્ન સાંભળી જનાર્દને નૃસિંહલાલના પુત્રને પાસે બોલાવ્યો. તે આવી બંનેની પાસે ઊભો રહ્યો. કિશોર અવસ્થામાંથી યૌવનમાં પગ મૂકતો આ નિર્દોષ, નિખાલસ, શરમાળ; પરંતુ જોમભર્યો કંદર્પ સમજી ગયો હતો કે જનાર્દન તેને આ ચળવળમાં ન પડવા માટે ફરી વાર સમજાવવા બોલાવે છે.

'જો, ભાઈ ! તું હજી સમજ; તારા પિતાને તું મુશ્કેલીમાં ન નાખ. એમનું મન પણ સાચવવું જોઈએ.' જનાર્દને કંદર્પને કહ્યું.

પિતાના મનને જરા પણ દુઃખ થાય એવું કરતાં દુઃખી થતાં અનેક સહૃદય સંતાનોને આ અહિંસાત્મક યુદ્ધ અગ્નિમાં તાવી રહ્યું છે. એક પાસ વત્સલ્યની મૂર્તિસમાં પિતામાતા અને બીજી પાસ યુગધર્મની પરમ આકર્ષક પ્રતિમા ! પુત્રને મૃત્યુની સજા ફરમાવતો બ્રુટ્સ કે પિતાના વચનને સફળ કરવા પિતાના હૃદયને મૃત્યુનો આઘાત પહોંચાડતા રામ આ હૃદયવ્યથાને કાંઈક સમજી

શકે. કંદર્પના મુખ ઉપર વિષાદ છવાઈ રહ્યો.

'એ મારાથી કેમ બને ?'

'સરઘસમાં આવવાનું બંધ રાખ.'

'તે અશક્ય છે.' સ્થિરતાથી કંદર્પે કહ્યું.'

'તું ભૂલે છે. દેશની સેવા કરવાનો આ જ કાંઈ એક માર્ગ નથિ. તું સરઘસમાં ન જોડાય તેથી તારી દેશહિતની લાગણી ઓછી થવાની નથી.'

'એ તો આપસરઘસ બંધ રાખો તો જ બની શકે; તે સિવાય નહિ.' કંદર્પે કહ્યું.

કંદર્પ સમજતો હતો કે ધ્વજના સરઘસની બાહ્ય આકૃતિની પાછળ એક મહાન ભાવના સમાયલી હતી. સરઘસને ખાતર નહિ; પરંતુ એ ભાવનાને ખાતર તે સરઘસમાં જોડાયો હતો.

બ્રિટિશ પ્રજાની સાર્વભૌમ સત્તા નીચે ઘડાયલા હિંદી પ્રજાનામાનસમાં ત્રણ પ્રકારના થર આપણે સહજ જોઈ શકીએ છિએ. મરાઠાઓનાં પ્રાંતપ્રાંતમાં ફરી વળતાં વંટોળિયા સરખાં વિનાશભર્યાં સૈન્યો, શિથિલ થઈ પડેલી મુસ્લિમ સત્તાની સહુને કંપાવતી મૃત્યુસૂચક આંચકીઓ, હિંદુ અને મુસ્લિમ રાજકર્તાઓની અશક્તિના ચિહ્નરૂપ લૂંટારા, ઠગ અને પીંઢારાના રાજ્યાશ્રય કે રાજ્ય-ઉપેક્ષાથી જીવંત બનેલાં ત્રાસ ફેલાવતાં વ્યવસ્થિત ટોળાં અને બધામાં ક્ષણક્ષણની અનિશ્ચિતતાથી બેજાર બની ગયેલા સમાજની પીડા ! પીડાતી પ્રજાને બ્રિટિશ રાજ્યશાસનની વ્યવસ્થા એટલી બધી ગમી ગઈ કે તેનાથી ગાઈ જવાયું -

દેખ બિચારી બકરીનો પણ

કોઈ ન જોતાં પકડે કાન !

એ ઉપકાર ગણી ઈશ્વરનો

હરખ હવે તું હિંદુસ્તાન !

એ હર્ષ અનુભવતું માનસ એ પહેલો થર.

એ વ્યવસ્થિત શાંતિ પૂરેપૂરી ભોગવાય તે પહેલાં તો એ શાંતિમાં અસંતોષનાં વમણો ધીમે ધીમે ઘૂમરાવા લાગ્યાં. બ્રિટિશ સલ્તનતને બધું આવડયું; પરંતુ તેને હિંદ - હિંદવાસી બનતાં ન આવડયું. દેશમાં શાંતિ સ્થપાઈ એ ખરું; પરંતુ દેશના આત્માને શા માટે ગૂંગળાટ થતો હતો ? બકરીનો કાન કોઈ પકડતું નથી એ વાત સત્ય છે; પરંતુ બકરીનો કાન પકડવા જેટલી પ્રજામાં તાકાત છે ખરી ?

પ્રશ્ન ઊઠે તેનું નિરાકરણ કર્યે જ છૂટકો. પ્રજાની શક્તિનો વિચાર કરતાં જિજ્ઞાસુને તો જણાવા લાગ્યું કે નઃશસ્ત્ર પ્રજામાં બકરી સામે થવા જેવુંયે જિગર નથી. જિગર નથી એટલું જ નહિ, તેના અધભૂખ્યા દેહમાં બકરીના કાન પકડવા જેવું બળ પણ નથી. રાજ્યકર્તાની મહત્તા તેની પ્રજાના ઐશ્વર્ય ઉપરથી માપી શકાય. પ્રજાએ સુખશાંતિ ફેલાવનાર રાજ્યકર્તાને પૂછવા માંડયું :

'પ્રભુના પયગંબરો ! તમે શાંતિ તો આપી, પણ અમારું બળ ક્યાં અલોપ કર્યું ?'

ડરતે ડરતે પૂછતી પ્રજાનો નિર્બળ-દુર્બળ અવાજ સાંભળી

અટ્ટહાસ્ય કરતી રાજ્યસત્તાએ ઉત્તર આપ્યો :

'બળ ? તમારે બળની શી જરૂર છે ? શાંતિમાં સુખ માનો.'

'નહિ નહિ, ઓ ફિરસ્તાઓ ! અમને બળ મેળવવાની થોડી થોડી કસરત કરવા દ્યો. શાંતિ તો અમને માંદગીની શિથિલતા સરખી લાગે છે.'

'તમારું બળ અમે ! પછી કાંઈ ?' રાજ્યસત્તાએ આશ્વાસન આપ્યું.

'ઠીક. અમે અને તમે એક છીએ ખરા ?' પ્રજાના એક ભાગે પૂછ્યું.

'નૂગરા હિંદીઓ ! તમને અમારી કદર જ ક્યાં છે ? અમે ન હોત તો તમને અફઘાનો ખાઈ જાત. ચીનાઓ ખાઈ જાત, રશિયનો ખાઈ જાત, જાપાન...'

'સાહેબાન ! બેઅદબી માફ, પણ અત્યારે પણ અમે ખવાઈ જ ગયેલા છીએ ને ? અફઘાન કે રૂસ અમને ખાઈ જાત તેને બદલે આપ...'

'જબાન બંધ કરો !'

'મહેરબાન ! ગુસ્સે ન થાઓ. અમે જરા જલદ શબ્દો વાપર્યા. આપ કહ્યા કરો છો કે અમારા ભલાને ખાતર આપ રાજ્ય કરવાની ભયંકર તકલીફ ઉઠાવી રહ્યા છો, આપની દાનાઈ અમે કબૂલ કરીએ છીએ; પરંતુ અમને સહજ પુછતા રહો કે અમારું ભલું અમને શામાં રહેલું લાગે છે ?'

'તમારે એટલું જ જોઈએ ને ? અચ્છા ! તમને વખત-બે-વખત પૂછતા રહીશું. બસ !'

પ્રજાને સહજ સંતોષ થયો. એ માનસ તે બીજો થર.

સંબંધ બીજી ભૂમિકાએ પહોંચ્યો. હિંદની પ્રજાનો અવાજ સાંભળવા માટે થોડાં વાદ્યો અને વાદ્યગૃહો રચાયાં. અણસુધરેલી, અવિસ્તૃત, વિસ્તૃત એવી એવી ધારાસભાઓ સ્થપાઈ, અને હક્ક તથા અધિકારની શબ્દજાળભરી ભુલભુલામણી ગોઠવાઈ.

'હવે બસ ?'

પરંતુ તૃપ્તિસૂચક 'બસ' શબ્દનો પડઘો પડયો નહિ. સામા પ્રશ્ન પુછાવા લાગ્યા :

'જે સલાહ તુચ્છકારી શકાય એ સલાહ આપવાની પણ જરૂર શી ? અમારી સલાહ પ્રમાણે તમે ન કેમ ચાલો ?'

'લોભી હિંદવાસીઓ ! આંગળી આપતાં પોંચે વળગો છો ! તમારી સલાહ માનવા જેવી ન હોય તો પછી શું કરવું ?'

'પ્રજાના પ્રતિનિધિઓ એકમતે-બહુમતે કહે તે ન માનવાનો ઘમંડ તમે શા માટે રાકો છો ?'

'કરાણ ! જુઓ કાનમાં કહું છું, કોઈને કહેતા નહિ. અમે તમારા રાજા છીએ એ ભૂલશો નહિ.'

'ત્યારે તમે અમારા પ્રતિનિધિ તો નહિ જ ને ? જે અમારો પ્રતિનિધિ ન હોય તેનું રાજ્ય અમને ખપે નહિ.'

'આ તો ખુલ્લો રાજદ્રોહ !'

'રાજ્ય અમારું હોય તો રાજદ્રોહ; રાજ્ય અમારા માટે હોય તો રાજદ્રોહ. આ તો પરાજ્યનો દ્રોહ !'

'આ બધું તમને કોણે શીખવ્યું ?'

'સ્વતંત્રતાના માનવંત પૂજારીએ ! એ શિક્ષણનું માન તમારે ખાતે જમા થયું છે. સ્વતંત્ર હિંદના રાજમંડપને દરવાજે અમે તખ્તી ચોડીશું કે "બ્રિટિશ સંસર્ગને આભારી સ્વરાજ્ય !" કેમ તમને શી હરકત છે ?'

આ ત્રીજી ભૂમિકાએ હિંદ આવી ઊભું રહ્યું છે. હજી ત્રણે ભૂમિકા જીવંત છે,જઈ શકાય એવી છે; પરંતુ પ્રથમની બંને ભૂમિકાઓ ત્રીજી ભૂમિકાના ભારમાં દબાઈ જતી - અદૃશ્ય થઈ જતી ચાલે છે. પિતામહને બ્રિટિશ-સંસર્ગમાં ઈશ્વરી કૃપા દેખાય છે; પિતાને તેમાં અકસ્માત્ સુયોગ દેખાય છે; પરંતુ પુત્રને તો તેમાં હિંદને ગૂંગળાવતો હિમાલય સરખો ધવલ બોજો જ નજરે પડે છે. પુત્ર અને પિતા વચ્ચે રાજપ્રકરણમાં તીવ્ર મતભેદ કેમ ન થાય ? બ્રિટિશ તંત્રના ચક્રમાં વ્યવસ્થિત ગોઠવાઈ ગયેલા નૃસિંહલાલનો વિનયી સુશીલ પુત્ર કૉલેજ છોડી રાજતંત્રની સામે ઊભો રહે એમાં શું આશ્ચર્ય !

કંદર્પને નૃસિંહલાલે બહુ બહુ સમજાવ્યો, જનાર્દને બહુયે પટાવ્યો; પરંતુ તે તો પોતાના નિશ્ચયમાંથી જરા ડણ ડગ્યો નહિ. એ અખાડાબાજ ગૂર્જર યુવકને ધ્વજ લઈ મોખરે ઘૂમવાના કોડ હતા.

નૃસિંહલાલને બહુ ખોટું લાગ્યું. તેમણે પોતાનો રોષ જનાર્દન ઉપર કાઢી તેને ઠપકો આપ્યો.

‘તમે આમ છોકરાઓને માબાપ વિરુદ્ધ ઉશ્કેરો છો તેનું ફળ સારું નહિ આવે.’

‘જગત છોકરાઓનું છે, આપણું નહિ.’ જનાર્દને જવાબ આપ્યો.

ભૂતકાળના પડદામાં ભરાઈ જતાં માતાપિતા ભૂતકાળના પ્રતિનિધિરૂપ છે; વર્તમાન તો જરૂર યુવકયુવતીઓનો છે. સંતતિસર્જનના મૂળ કારણરૂપ માતાપિતા સંતતિની સાથે જ વર્તમાનને સર્જે છે; તેઓ સંતતિને નિરર્થક કરી શકે તો જ વર્તમાનને નિરર્થક કરી શકે ! અને પુત્રપુત્રીમાં માતાપિતાની દેહરેષાઓ કેટકેટલી ઊઘડી આવે છે ! પુત્રપુત્રીનાં માનસમાં પણ માતાપિતાનું માનસ કેટલું સ્પષ્ટ ઝબકી નીકળે છે ? શાંતિ અને ડહાપણની સલાહ આપતાં માતાપિતા પોતાના હૃદયમાં ઊંડા ઊતરશે તો તેમને પોતાનાં બાળકોની અશાંતિ અને ઘેલછાનાં મીળ ચોક્કસ જડી આવશે.

પુત્રને એ. એસ. પી. - ડી. એસ. પી. બનાવવાનાં સ્વપ્નાં સેવતો, તેમ જ તેની શારીરિક અને માનસિક તાલીમ આપતો પિતા પુત્રને લોકદળમાં ભળી જતો જોતાં રીસે ભરાયો. યુવકોને નોકરીનો મોહ છોડાવતી દેશભક્તિના જુવાળને તે મનમાં શાપ આપવા લાગ્યો. પરંતુ તેમ કરતાં નૃસિંહલાલ ભૂલી ગયા હતા કે અમદાવાદની કૉંગ્રેસમાં વોલન્ટીઅર તરીકે સેવા કરતાં સુરેદ્રનાથ બેનરજીની ગર્જના સાંભળ્યા પછી, દેશભક્તિની તીવ્ર ઝણઝણાટી

પોતે કેવી અનુભવી હતી !

રહીમ અણે અરુણ વાતો કરતા કરતા પાછા ટોળામાં સામેલ થઈ ગયા. એવામાં કૃષ્ણકાંત, સુરભિ અને રંજન આવી પહોંચ્યાં. તેમને નિહાળી એક પોલીસ અમલદારે રહીમ મૅજિસ્ટ્રેટને ખુશ કરવા ટીકા કરીઃ

'આ દારૂડિયા ગૃહસ્થ હવે દારૂનિષેધના કામમાં પડયા છે !'

નઠોર માણસ સારો થાય, સારો કહેવાય એ પણ આપણને રુચતું નથી ! ખામીઓ ભૂલી જવાની ટેવ આપણે જરા પણ કેળવતા નથી, એટલે આપણી દોષદૃષ્ટિ એટલી બહેકી ગઈ છે કે દુર્ગુણી મનુષ્ય દુર્ગુણ ટાળવાનો પ્રયત્ન કરે તોપણ આપણે તો તેના દુર્ગુણને જ નિહાળ્યા કરીએ છેએ !

'એમાં શું ખોટું કરે છે ?'

'પોતે પીએ અને બીજાને ના પાડે એ તે કાંઈ બને ?'

'ખાડામાં પડેલો માનવી બૂમ પાડીને બીજાને ચેતાવે, એમાં હરકત શી ?' અને કૃષ્ણકાંતે તો દારૂ છોડી દીધો છે ?'

'ઠીક છે, સાહેબ ! દારૂ તે કાંઈ છૂટે ?'

રહીમે જવાબ ન આપ્યો; પરંતુ તેના મનમાં વિચાર આવ્યો :

'મારો મહજહબ તો કહે છે કે દારૂનું બુંદ પણ દેહ ઉપર પડે તો તેટલો ભાગ કાપી નાખવો જોઈએ. દારૂનિષેધમાં જોડાવું એ હરેક સાચા મુસ્લિમની શું ફરજ નથી ?'

પરંતુ તેને પાછો વિચાર આવ્યો કે પોતે તો સરકારી નોકર છે; દારૂનિષેધના કાર્યમાં તો રાજદ્રોહની બો રહેલી છે.

'કેમ મૅજિસ્ટ્રેટસાહેબ ? અહીંથી જ સરઘસ અટકાવું છે કે શું ?' કૃષ્ણકાન્તે હસતાં હસતાં કહ્યું.

કૃષ્ણકાંત સરખો સાહેબોને પણ શરમાવે એવો અંગ્રેજી પોશાક પહેરનારો ધનિક ખાદીના પોશાકમાં બહાર નીકળે એ માનસિક પરિવર્તનમાં કયો સંકેત સમાયેલો છે ? અંગ્રેજી પોશાકની જરૂર નથી, અંગ્રજો જેવા દેખાવાની જરૂર નથી - કારણ અંગ્રેજોની જ આપણને બિલકુલ જરૂર નથી - એવી કોઈ ભાવના આ વેશપલટામાં સમાયલી કોણ નહિ જોઈ શકે ? ગાંધીટોપી નિહાળી અકળાઈ ગભરાઈ જતા અમલદારોને ટોપી પાછળ રહેલી ભાવનાનું અનિવાર્ય બળ મૂંઝવી નાખે છે.

કૃષ્ણકાંતનો ખાદીનો પોશાક પણ નમૂનેદાર હતો. તેની સ્વચ્છતા આંખે ઊડીને વળગે એવી હતી. પગને નમૂને કાપી કાઢેલી બાંયવાળા પૅન્ટમાં જ કળા નિહાળનારને પણ કબૂલ કરવું પડે કે કૃષ્ણકાંતનું ધોતિયું બહુ જ સફાઈપૂર્વક અર્ધાંગને કાળજીભરેલી બેકાળજીથી લપેટાયેલું હતું. દેહની આકૃતિને નમૂને જ ઘડાયેલો પોશાક વધારે સારો કે દેહકૃતિનાં માત્ર સૂચન કરતો જુદા જુદા વળમાં દેહને લપેટતો છૂટો ઊડતો પોશાક વધારે સારો એનો નિર્ણય પહેરવેશની ફિલસૂફી જ કરી શકે; પરંતુ કૃષ્ણકાંતની લઢણ જોતાં હાસ્યપાત્ર કે ઉચ્ચારને અપાત્ર લાગ્યા કરતું ધોતિયું પુરુષોના પોશાકક્ષેત્રમાં હજી પણ મહત્ત્વનું સ્થાન લીધા જ કરશે એમ લાગ્યા વગર રહે નહિ. તેનું પહેરણ પણ

સુઘટિત રીતે ઉપર પથરાઈ રહ્યું હતું. આંગળીઓ સુધી ધસી જતી બાંય કે ગળે ફાંસો આવે એવી ગળાપટી (collar)ને તેમાં અવકાશ નહોતો જ. ટોપીનો વાંક મોહક લાગતો હતો. ગુલામોનું સૌન્દર્ય નિરર્થક છે, ડાઘ રૂપ છે એમ માની, બને એટલા કદરૂપા દેખાવાનો નિશ્ચય કરી બેઠેલા મહાત્માજીએ પ્રજાની પરતંત્રતાનો સૂચક બેડીવાનનો ટોપ આદર્શ રૂપે સ્વીકાર્યો હોય, એમ કદાચ ગાંધી-ટોપીના ઇતિહાસમાંથી મળી આવે; પરંતુ એ આદર્શ - બંદીવાનના ધગધગતા ભેખ-ભડકામાં ભારે કલા છુપાયેલી છે એમ સૂચવતી બેડોળ ગાંધીટોપી, રસિકતાના વળોટમાં પણ આવી શકે એવી છે એમ ખાતરી આપતી, કૃષ્ણકાંતને મસ્તકે શોભતી હતી.

'તમે સરઘસ કાઢો તો ખરા ! પછી અટકાવવાની વાત ને ?' રહીમે જણાવ્યું.

'બધી જ તૈયારી છે. સવારની રાહ જોવાય છે.'

રાજ્ય-અમલદારની કાળી બાજુ જ સામાન્યતઃ બહાર લાવવાની પ્રથા પડી છે; પરંતુ સતના સંગ્રામમાં વિરોધીઓની મીઠાશના પ્રસંગો પણ ભુલાવા ન જોઈએ. સત્યાગ્રહીઓ અને સિપાઈઓ વચ્ચેની મીઠી મજાકો ઘણાને યાદ આવતી હશે.

'બંદૂકો અને તલવારો ખડી છે, હોં ?' રહીમે હસતાં હસતાં બીક બતાવી. એ બીક પોતાના જ દેશબાંધવોને મજાકમાં પણ દેખાડતા રહીમના તરવરતા મુસ્લિમ હૃદયમાં ચીરો પડયો.

'The steel shall rust, Sir !' કૃષ્ણાકાંતે ઝડપથી જવાબ આપ્યો. તેની જબાન ઉપર અંગ્રેજી બાષા ઝડપથી ફરી વળતી

હતી. અંગ્રેજી ભાષાનો ઉપકાર તો હિંદુસ્તાનથી કેમ ભુલાશે ?

રહીમ અને પોલીસ અમલદારો ત્યાંથી ચાલ્યા ગયા. તેમણે શી વાતો કરી હશે તે સમજાયું નહિ; અરુણ અને જનાર્દનને સરઘસ ન કાઢવા માટે સમજાવવા તેઓ આવ્યા હતા એમ બધાને સ્વાભાવિક રીતે લાગ્યું.

તેમને જતા જોઈ કેટલાક યુવકો હસવા લાગ્યા. સરકારી અમલદારો અને પોલીસના નોકરો હસ્યપાત્ર તુચ્છ પ્રાણીઓ હોય એમ ઘણા દેશસેવકોને લાગે છે. એમ માન્યતા છેક ખોટી તો કેમ કહેવાય ? પરંતુ જનાર્દનને એવી તિરસ્કારવૃત્તિ ગમી નહિ. તિરસ્કારમાં જ હિંસાનાં મૂળ રહેલાં છે.

'વિરોધીઓ પણ વહાલા લાગે એવું મન કેમ ન ઘડાય ?'

તેણે આખી રાત વિચારમાં જ ગાળી. સરઘસમાં જોડાનાર સર્વે લોકોને તેણે થોડી વાર સુવાડી આરામ આપ્યો; પરંતુ વિજયનાં દશ્યો રચતા નવજુવાનોને નીંદ શાની આવે ?

# ૨૨ સરઘસ

જેવાં મહાસાગર-લોઢમાંહી,
ઘૂમે છબીલાં કંઈ છીપલાંઓ;
બ્રહ્માંડનો લોઢ પ્રચંડ ગાજે,
તેમાં ઘુમે માનવ બાલ તેવાં.

**ન્હાનાલાલ**

સૂર્યોદયની શરૂઆત હતી. જગતનાં અનેકાનેક દૃશ્યો નિહાળતા સવિતાદેવે આછી આંખ ઉઘાડી. તેમણે કાંઈ નવીન દૃશ્ય જોયું. જિજ્ઞાસાએ તેમણિ આંખના પલકારા જરા વધાર્યા. પચાસેક માણસો ચાર ચારની હારમાં ગોઠવાઈને ઊભા હતા. મોખરે શ્વેતરંગી ધ્વજ લઈ એક મોહક યુવાન ઊભો રહ્યો હતો. બાજુ ઉપર ત્રણ યુવતીઓ ઊભી હતી. વગર-ગોઠવાયલા કેટલાક પુરુષો પણ બાજુએ ઊભા હતા. જનાર્દનનું ધ્વજ-સરઘસ પોલીસના મનાઈહુકમનો ભંગ કરવા તત્પર થયું હતું. પચાસ કરોડ ઉપર સામ્રાજ્ય ભોગવતી સત્તા સામે પચાસ માણસો થતાં હતાં એ જોઈ સવિતાદેવે આંખ સ્થિર કરી.

માનવીને નવાઈ લાગે. પચાસ માણસો સો માણસોની સામે થાય એને માનવીનું ડહાપણ મૂર્ખાઈ કહે છે. માનવીનાં માપ નાનાં નાનાં છે. પાંચ અને પચાસ વચ્ચે તેને ઘણો ગાળો લાગે છે; પચાસ અને પચાસ કરોડ વચ્ચેનું અંતર ગણતાં તે થાકી જાય

છે. પરંતુ એક ક્ષણમાં લાખો ગાઉ કિરણો ફેલાવતા સવિતાદેવને પાંચ અને પાંચ કરોડ સરખા છે. મહાગ્રહોને પોતાના ઉપગ્રહો સાથે ફૂદડી ફેરવતા એ ગ્રહરાજને માનવજાતનો અને માનવજાતની ગણતરીઓનો હિસાબ શો ? માનવી ચાલતાં ચાલતાં એક કીડીને કચરે છે; તેને ખબર પણ પડતી નથી કે કીડી હતી કે નહોતી. આખી માનવજાત અલોપ થઈ જાય તોયે સૂર્ય હસતો પ્રકાશતો રહેવાનો. તેના વિરાટ જીવનમાં માનવજાતનો કીડી સરખો પણ હિસાબ નથી. પાંચ માનવીની તેને જેટલી ગણતરી છે તેટલી પચાસ કરોડની પણ ગણતરી છે; બંને તેને મન નહિ જેવાં છે.

છતાંય તેણે આંખ સ્થિર કરી. સંસ્થાને તેને હિસાબ નહોતો. તેણે તો નિહાળ્યું કે તેનું વેરણ્ય તેજ કોઈ પચાસ માનવીઓમાં ઝબકી ઊઠયું છે. અગમ્ય તેજસ્મિત કરતો સવિતાદેવ જરા ઊંચે આવ્યો. જગતમાં તેનું તેજ ફેલાય એના કરતાં પણ જગતમાં એ તેજ ઝિલાય એની સવિતાદેવને વધારે કાળજી લાગી.

એક યુવકે લલકાર કર્યો :

નહિ નમશે, નહિ નમશે
નિશાન ભૂમિ ભારતનું;
ભારતની એ ધર્મધ્વજાનું,
સાચવશું સન્માન
ભૂમિ ભારતનું.

કંદર્પે વાવટો ઊંચક્યો અને તેણે આગળ ચાલવા માંડયું. તેની પાછળ ચાર ચાર સૈનિકોની હાર માપસર ડગલાં ભરતી આગળ વધવા લાગી. સહુના મુખમાં ઉદ્‌ગાર હતો :

નહિ નમશે, નહિ નમશે

નિશાન ભૂમિ ભારતનું.

પાછળ જનાર્દન નીચું મુખ કરી ચાલતો હતો. સ્ત્રીઓને સરઘસમાં આવવાની તેણે ચોખ્ખી ના પાડી હતી, છતાં સુરભિ, પુષ્પા અને રંજન ત્યાં આવ્યાં હતાં. તેમણે કૃષ્ણકાંતે, વિમોચને અને બીજા થોડા વર્તમાનપત્રોના પ્રતિનિધિઓ અને આશ્રમ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા ગૃહસ્થોએ પણ સાથે ચાલવા માંડયું. તેઓ સરઘસના આવશ્યક ભાગ તરીકે નહોતા જોડાયા એ તેમની બેમિસાલ ચાલથી જણાઈ આવતું હતું - તોપણ તેઓ સરઘસથી ભિન્ન સમુદાય છે એમ છેક પણ લાગતું નહિ.

આશ્રમની બહાર સરઘસ નીકળ્યું અને ત્યાં કેટલાંક માણસો જોવા ઊભાં હતાં તે ટોળે વળી પાછળ ચાલવા લાગ્યાં. આખા ગામમાં ખબર પડી ગઈ હતી કે જનાર્દન અને તેમના સ્વયંસેવકો સરકારના હુકમને ન ગણકારી શહેરના મધ્યભાગે આવેલા ચોકમાં ધ્વજવંદન કરવાના છે; એથી સ્થળે સ્થળે લોકોનાં ટોળાં આ સરઘસને નિહાળવા માટે ઊભાં હતાં. સરઘસ જેમ જેમ આગળ વધતું ગયું તેમ તેમ શહેરનો વસ્તીભાગ આવતો હોવાથી મોટાં મોટાં ટોળાં જમા થયે જતાં હતાં. માનવીના કુતૂહલનો પાર નથી. તેને જ્યાં ત્યાં નજર નાખવાનો શોખ છે. જેમને ખબર હતી તે તો રસ્તે આવે જ; પરંતુ જેમને ખબર નહોતી તે પણ, રસ્તે જતા સરઘસને જોઈ, જોવા ઊભાં રહેતાં.

'અલ્યા શું છે ?' કોઈએ પૂછ્યું.

'નિશાળના છોકરા છે.' કોઈ જ્ઞાન પ્રદર્શિત કર્યું.

'નહિ નહિ; એ તો પેલા અસરકારી છે.' કોઈએ જ્ઞાનને વધારે વિશુદ્ધ બનાવ્યું. અસરકારક અને અસહકાર એ બે શબ્દો એક જ છે એવું માનતા ગામડિયાના જ્ઞાનમાં કોણ ભૂલ કાઢી શકે એમ છે ?

'આજ તો લડાઈ થવાની છે.' એક જણે ખબર આપી.

'તે આ ધોળી ટોપી લડવાની છે ?' એક શૂરવીરે જરા હસીને જરા તિરસ્કારથી પૂછ્યું.

'એ લડાઈ હથિયારની નથી; એ આત્મબળનું યુદ્ધ છે.' જરા વધારે વાંચતા થયેલા એક ગૃહસ્થે પેલા શૂરવીરને સમજ પાડી.

'હથિયાર વગર લડાઈ કેવી ? આમ કશું વળે નહિ ! એ તો માર બૂધું અને...હં.' શૂરવીરે સર્વોપયોગી બૂધાનો પ્રભાવ સમજાવ્યો. 'આપણાથી એ કશું બને નહિ. આપણને હથિયાર વાપરતાં જ ક્યાં આવડે છે ?'

'લાકડી વાપરતાં શીખશો તો બંદૂક પકડી શકશો, સમજ્યા મહેરબાન !'

સરઘસ આગળ વધ્યે જતું હતું. તેની પાછળ ટોળે વળેલા લોકો ચિત્રવિચિત્ર વાતો અને કલ્પનાઓ કરતા કરતા ચાલતા હતા. પણ પચાસ માણસના સરઘસની પાછળ થોડા સમયમાં પાંચસો - અને પાંચ હજાર માણસોનું ઝોલું થઈ ગયું. જેને જેમ ફાવે તેમ મોટે ઘાંટે વાતો કરવાની છૂટ હતી, મોટેથી વાત કર્યા સિવાય વાત થઈ શકે એવી સ્થિતિ જ નહોતી, અને એકેએક માણસને બોલ્યા સિવાય ચાલે એમ નહોતું. કોઈ વધારે ઈંતેજાર

બહાદુરો ધસારો કરી આગળ પણ ધપી જતા હતા. સમૂહનો ધક્કો પાણીનાં મોજાં સરખો છે; એક વમળ થયો કે તે આખી સપાટીને હલાવી નાખે. એક સ્થળનો ધક્કો છેવટના ઊભેલા મનુષ્યો સુધી પણ પહોંચી જાય. ગાંધીયુગનાં ટોળાંમાં એક મહત્ત્વનો સંસ્કાર સ્ફુર્યો છે. ટોળું ખુશમિજાજથી ધક્કા સહી લે છે. એક નાનું છોકરું વચમાં ફસાઈ ગભરાઈને રડી ઊઠ્યું. પેલા શૂરવીરે સહુને આઘા ખસેડીને બાળકને પોતાને ખભે લઈ લીધું, અને તેના ગભરાઈ ગયેલા પિતાને સોંપી તેને ટોળા બહાર મોકલાવ્યું.

સરઘસનું ઉત્તેજક સંગીત સંભળાયા કરતું હતું...ટોળાનો કેટલોક ભાગ એ સંગીત ઝીલવા પણ પ્રેરાતો. શબ્દ પૂરા ન સંભળાય તોપણ તેમને

ઝીલવાની આતુરતા લોકોમાં જણાઈ આવતી, અને સરઘસના ગીતનું ગમે તે ચરણ ટોળામાં ગવાયે જાય એમ પણ બનતું :

અમે ભારતભૂમિના પુત્રો
અમ માત પુરાણ પવિત્ર;
રે જેનાં સુંદર સૂત્રો,
ઝળકાવે ઉચ્ચ ચરિત્ર !

સરઘસના સ્વયંસેવકોએ ટોળાની સહાયથી ગાવા માંડ્યું લોકો બારીએથી, ઓટલેથી, અગાશી ઉપરથી, ઝાડની ડાળ ઉપરથી, એમ સરઘસ જોવા આતુર બન્યા. વચ્ચે વચ્ચે કોઈએ ‘વંદેમાતરમ્ !’ ની બૂમ પાડી ટોળાની પાસે તે બૂમ ને ઝિલવી. એવે પ્રસંગે સરઘસનું ગીત સંભળાતું બંધ થતું; પરંતુ વળી પાછું ટોળાની વાતો વચ્ચેથી સંગીત સંભળાતું :

અમ અંતરને ઉદ્દેશી,
કરશું હોકાર હમેશ;
અમે દેશી દેશી દેશી,
છે હિંદ હમારો દેશ !

એકાએક આગળ વધતા ટોળાનો પ્રવાહ અટક્યો. લોકો પ્રથમ સમજ્યા નહિ કે શું બન્યું; કારણ શોધવા સહુએ આંખો ખેંચી. તત્કાળ ખબર પડી કે સરઘસને પોલીસે અટકાવ્યું છે.

આખો રસ્તો રોકી લગભગ સો-દોઢસો પોલીસના સિપાઈઓ સરઘસની સામે ઊભા રહ્યા હતા. સિપાઈઓની પાછળ એક ઊંચા ઘોડા ઉપર યુરોપિયન અમલદાર બેઠેલો દેખાયો હતો; સિપાઈઓની આગળ પણ આઠદસ યુરોપિયન સર્જન્ટો દમામથી ઊભા હતા. સિપાઈઓના હાથમાં લાંબી લાકડીઓ હતી.

'અહીં જ થોભી !' પોલીસ-અમલદારે મોટેથી હુકમ આપ્યો.

સરઘસ અટકે લું જ હતું. જવાબમાં કંદર્પે ધ્વજને વધારે ઊંચો કરી બૂમ મારી :

'વંદે...'

'માતરમ્ !'...

સરઘસના સ્વયંસેવકોએ બૂમ ઝીલી.

ટોળામાંથી ફરી ગર્જના થઈ :

'વંદે...માતરમ્ !'

યુરોપિયન અમલદાર ઘોડા ઉપર બેસી કૃપાભર્યું સ્મિત

કરત દેખાયા. સરઘસના વ્યૂહમાંથી અરુણ બહાર નીકળ્યો. છેવટના ભાગમાંથી જનાર્દન, કૃષ્ણકાંત તથા ત્રણે યુવતીઓ નીકળી આગલા ભાગમાં આવ્યાં. ટોળામાંથી પણ પોતાને વધારે મહત્ત્વના માનતા ગૃહસ્થો બહાર નીકળી આવ્યા. પોતાની હાજરી વગર - નહિ, પોતાની સલાહ વગર કોઈપણ બાબતનો નિકાલ આવે જ નહિ એવી માન્યતાવાળા પાંચ પચાસ માણસો અને પોલીસ વચ્ચે હો; પરંતુ તેમની વચ્ચે કાંઈ વાતચીત થાય તે પહેલાં આ સ્વમહત્ત્વવાળા ગૃહસ્થોએ ઝઘડો પોતાને માથે વહોરી લીધો.

આત્મનિયુક્ત આગેવાનો આગળ ઘોંઘાટ કરતા હતા; પરંતુ ટોળામાં ગોંધાઈ રહેલી જનતા ઓછી ઉશ્કેરનાર વીર કદી ઝાપટ લગાવતો નથી એ બોધ જ કરે છે.

'અમે નહિ બોલો, આ લડત અહિંસાની છે.' આત્મબળનાં ઊંડાણ સમજેલા ગૃહસ્થે કહ્યું.

'તમારામાં અક્કલ છે કે નહિ ? ગાંધીજીની યુક્તિ પણ સમજતા નથી ? અહિંસાની વાત કરીને તો લોકોને તૈયાર કરવાના છે !'

અર્થભરી દૃષ્ટિથી તેમણે અહિંસાવાદી ગૃહસ્થને ડાર્યા. હિંસાની અનુકૂળતા થાય એટલા માટે યુક્તિ તરીકે ગાંધીજી અહિંસાનો પક્ષ લે છે એવી માન્યતા હજી પણ ઘણા સમજુ માણસો ધરાવે છે.

'લગાવો એક !' ધીમે રહીને એક ઉશ્કેરાયલા યુવકે પથ્થર હાથમાં લઈ કહ્યું.

બે-ચાર આજુબાજુના માણસોએ આંખથી પોતાની અનુમતિ

દર્શાવી. કેટલાક માનવીઓનાં હૃદયકમળ ટોળામાં જ ખીલે છે. નવરાત્રિના ગરબા હોય કે કોઈ સાર્વજનિક સભા હોય તેમાં તેમના હાથ સખણા રહી શકતા નથી; બહુ માનવીઓની ઓથે રહીને કાંકરા કે પથરા ફેંકવાની બહાદુરીભરી ચેષ્ટા તેમનાથી રોકી રોકાતી નથી. શા માટે. કોને માટે તેઓ આ કાર્ય કરે છે, તેનો વિચાર કરવાની તેમને જરૂર રહેતી નથી; ટોળું દેખીને જ તેમને આવો કોઈ આવેશ આવી જાય છે.

એક પથ્થર ઊછળ્યો; સરઘસની અને પોલીસની વચ્ચે જઈને એ પથ્થર પડયો. જનાર્દન ચમક્યો. પોલીસ અમલદારે અત્યારે સુધી હસતું મુખ રાખ્યું હતું. પથ્થર પડતાં જ તેનું મુખ બદલાયું. તેણે જનાર્દનને કહ્યું :

'પેલો પથ્થર પડયો તે જોયો ? એ તમારી અહિંસા ! હું તમને હજી આગ્રહ કરું છું કે તમે આગળ ન વધતાં પાછા ચાલ્યા જાઓ.'

'મને મારા મિત્રોથી બચાવ' - એવા આર્તનાદવાળી ઈંગ્લિશ ભાષામાં કહેવત છે. જનાર્દને એવો જ ભાવ અનુભવ્યો, તોપણ તેણે કહ્યું :

'અમારા સરઘસમાંથી કોઈએ નાખ્યો નથી એની હું ખાતરી આપું છું.'

'આ બધું તમારું જ સરઘસ છે ને ! સરઘસનું તોફાન જાગ્યું ન હોત તો આટલા બધા માણસો ભેગા શાના થાય ?'

જનાર્દનને લાગ્યું કે જે ટોળાં પોતે આકર્ષે છે તે ટોળાના

વર્તનની જવાબદારી પણ તેને જ માથે રહેવી જોઈએ. તેણે લોકોને પગે લાગી જરા પણ તોફાન ન કરવા વિનંતી કરી; જેમનાથી પથ્થર ફેંક્યા સિવાય ન રહેવાતું હોય તેમને ઘેર પધારવાનો પણ આગ્રહ કર્યો. કૃષ્ણકાંત તેમ જ બીજા આગેવાનોએ પણ તેવી જ વિનંતી ટોળાના જુદા જુદા ભાગમાં જઈને કરી. લોકો શાંત પડયા; પરંતુ ટોળાએ ધારણ કરેલી શાંતિ પથ્થર ફેંકી મજા લેવાની વૃત્તિવાળા હૃદયને બહુ જ લલચાવનારી થઈ પડી. બહુ સિફતથી એક કાંકરો ઊડીને એક સાર્જન્ટના ટોપામાં વાગ્યો.

સાર્જન્ટના ગુસ્સાનો પાર ન રહ્યો; પરંતુ ઘણા લોકોએ તો એ કાંકરો જોયો પણ નહોતો. સાર્જન્ટે કાંકરો અમલદારને બતાવ્યો. અમલદારે ધમકી આપી :

'હું તમને છેલ્લી ચેતવણી આપું છું : જો તમે બે મિનિટમાં વીખરાઈ નહિ જાઓ તો હું બળ વાપરી તમને વિખેરી નાખીશ.'

'સાર્જન્ટ તો જુઠ્ઠો છે.' કોઈકે ટોળામાંથી બૂમ પાડી. ઘણાને એ વાક્ય સત્ય લાગ્યું.

'કાળી ટોપી બૉયકૉટ !' કોઈકે બૂમ પાડી. સાર્જન્ટ સાહેબની ટોપી ધોળી હતી.

'બૉયકૉટ !' લોકોએ બૂમ ઝીલી. બૉયકૉટમાંથી કોઈએ 'હાય હાય' નો પલટો આપ્યો. લોકોએ સામટો નાદ કર્યો :

'હાય હાય ! કળી ડગલી - હાય હાય !'

લોકોના ઘોંઘાટમાંથી એક તીણી સિસોટી સંભળાઈ. સિસોટી વાગતાની સાથે પોલીસના માણસો તૂટી પડયા; કેટલાક ટોળું

વિખેરવા લાગ્યા અને કેટલાક સરઘસના સ્થિર દીવાલ સરખા વ્યૂહને તોડવામાં રોકાયા.

લોકોએ નાસભાગ કરવા માંડી. જેને જેમ ફાવે તેમ દોડવા માંડયું. દોડતા કોણ ક્યાં પડે છે તેનું પણ લોકોને ભાન રહ્યું નહિ. કોલાહલ મચી રહ્યો. સિપાઈઓ બનતાં સુધી પોતાની લાઠીનો ઉપયોગ કરતા ન હોતા. ધક્કા મારતાં ક્વચિત્ લાઠી મારવાનો પણ દેખાવ કરતા : લાઠી ખાવાની ઇચ્છા હતી. પેલા હિંસાવાદી શૂરવીર સહુ પહેલા દોડી ગયા, અને દોડતાં દોડતાં કેટલાકને ગબડાવી પાડવામાં પોતાનું વીત્વ દાખવતા ગયા. આત્મબળના ઊંડાણને સમજી તરી પાર ઊતરેલા ગૃહસ્થ પાછા આત્મબળના કયા ઊંડાણમાં ડૂબી ગયા એની કોઈને ખબર પડી નહિ. પોલીસની સિસોટી વાગ્યા પછી તેમને એ સ્થળે ઊભેલા કોઈએ જોયા નહોતા. શરીરના અને આત્માના બળનો ઉપયોગ મહત્વના પ્રસંગો માટે રાખવાની તેમની ધારણા હોય એમ પણ બને ! એ ધારણા સ્તુત્ય છે !

# ૨૩ લાઠીમાર

મેદની ભુલાવી મહામાયા સ્મરાવતી,
ફૂદડી ફરે છે અલબેલી :
સાહેલડી રાસે રમે રે.

**ન્હાનાલાલ**

કંદર્પના પગ ઉપર એક આછો - વાગે નહિ એવો ફટકો પડયો. પોલીસના ત્રણેક માણસો તેની આસપાસ વીંટળાઈને તેના હાથમાંથી ધ્વજ ખૂંચવવા મથતા હતા.

'ચાલ, છોડ હાથમાંથી !' એક સિપાઈએ કહ્યું.

કંદર્પે હસીને પોતાની પકડ મજબૂત બનાવી. સિપાઈઓએ ધક્કામુક્કી કરી; પરંતુ જાણે ધ્વજ ઝૂંટવવાની કે કંદર્પને મારવાની તેમની ઈચ્છા તદ્દન મોળી હોય એમ એક સાર્જન્ટને લાગ્યું. એ મજબૂત ગોરાએ આવી કંદર્પના હાથ ઉપર ભારે બળથી પોતાનો દંડૂકો ફટકાવ્યો. કંદર્પને લાગ્યું કે તેનો હાથ જુદો પડી ગયો. બીજા હાથમાં સંપૂર્ણ બળ એકત્રિત કરી તેણે પેલા ગોરા સિપાઈને કહ્યું :

'ધ્વજ એમ નહિ છૂટે !'

કસરતી કંદર્પ લાકડીને એક ફટકે જિતાય એમ નહોતું. સાર્જન્ટે કંદર્પના ઘૂંટણ ઉપર બીજો ફટકો માર્યો. કંદર્પના પગ ધ્રૂજી ઊઠ્યા; તેનાથી બેસી જવાયું. બેસીને પણ તેણે ધ્વજ તો પકડી જ રાખ્યો.

'છોડ !' સાર્જન્ટે ધ્વજ ખૂંચવવા માંડ્યો.

'મારામાં ભાન છે ત્યાં લગી તો એ નહિ છૂટે ! અભિમાનથી કંદર્પે કહ્યું.

સાર્જન્ટે તેના માથામાં લાકડીનો પ્રહાર કર્યો. કંદર્પને તમ્મર આવ્યાં. પોતાનો પ્રિય ધ્વજ ખૂંચવાશે કે શું એનો એને ભય લાગ્યો. તેના એક હાથની પકડ ઢીલી પડી. એકાએક તેના હાથમાંથી અરુણે ધ્વજને લઈ લીધો; એ નિહાળી સંતોષભરી મુખમુદ્રાએ તે બેભાન બની ગયો.

અરુણની સામે બે સાર્જન્ટો આવ્યા. બંને જણે તેના હાથમાંથી ધ્વજ છોડાવવા માંડ્યો. અરુણને થયું કે ધ્વજના દંડ વડે જ આ બેને ફટકાવી કઢાય તો કેવું !

'અમે ગુનો કરતા હોઈએ તો અમને કેદ કરો. આવું જંગલીપણું બતાવો છો તે તદ્દન ગેરકાયદે છે.' તેણે ધ્વજ લેવા મથતા સાર્જન્ટોને કહ્યું.

'કાયદો ? જો અમારો કાયદો !' કહી એક સાર્જન્ટે મજબૂત ડંગોરો અરુણને માર્યો. અરુણના ખભા ઉપર તે વાગ્યો. વાગતાં બરોબર અરુણનું લોહી ઉકળી આવ્યું. તેને એમ જ થયું કે એ મારનાર સાર્જન્ટનું ગળું દાબી તેને ઊભો ને ઊભો મારી

નાખું ! તેની આંખમાં લોહી તરી આવ્યું. સાર્જન્ટને પણ જરા ડર લાગ્યો કે આ તીખો યુવક સામો ઘા કરી બેસશે. ડરને લઈને જે ઘા કરવામાં આવે છે તેમાં પ્રમાણ સચવાતું નથી. એ સાર્જન્ટે અરુણના એ જ ખભા ઉપર બીજો જબરજસ્ત પ્રહાર કર્યો. તે સાથે જ એક હાથમાં ધ્વજ ઝાલી રાખી હાથે અરુણે મહાબળથી સાર્જન્ટના હાથને પકડ્યો. સાર્જન્ટને લાગ્યું કે આ પંજો માનવીનો નથી !

'અહિંસા ! અહિંસા !'

હૃદયના ઊંડાણમાંથી અરુણે તીણો નાદ સાંભળ્યો. ક્રોધ અને વેરનો આવેશ એ નાદને દબાવવા મથી રહ્યો હતો, છતાંય એ નાદ સંભળાયો. સાર્જન્ટને પીંખી નાખવા ઉપડેલા હાથની પકડ તો એવી ને એવી જ મજબૂત રહી; પરંતુ ક્રોધભર્યા ક્રૂર મુખ ઉપર એક સ્મિત ફરી વળ્યું : તેનો ક્રોધ એ વાગેલા ઘાનું પરિણામ નહોતું; એ તો એક સ્વામાનભર્યા ગૌરવશાળી યુવકના અપમાનનું પરિણામ હતું. અરુણને બે જબરા ફટકા પડ્યા હતા. એ ફટકા જોનારને અને સાંભળનારને એમ જ થયું કે અરુણ હમણાં જમીન ઉપર ઢળી પડશે; પરંતુ ઘા ખમનાર ને ઘા જોનાર એ બેના માણસમાં ફેર હોય છે. જોનારને લાગે છે એટલું ખમનારને દુઃખ નથી થતું. અરુણના ખભામાં દુઃખ થતું હતું; પરંતુ ઘા વાગતા પહેલાં તેણે ધાર્યું હતું એટલું અથવા વાગ્યા પછી જોનારાઓને લાગ્યું એટલું દુઃખ તો તેને નહોતું જ થતું. આટલું વાગ્યા ખાતર શા માટે પોતે લીધેલું અહિંસાનું વ્રત તોડવું? વ્રત સાંભરતાં બરોબર તેણે મનને સ્થિર કર્યું. ઝમઝમતા ખભાનો વિચાર બાજુએ મૂક્યો, વગરજરૂરના સ્વમાનને તેણે આઘું

બેસાડયું. સાર્જન્ટના મારની નિષ્ફળતા નિહાળતા તેને પોતાનું નહિ પણ સાર્જન્ટનું અપમાન થતું લાગ્યું. ઘા સામે ઘા કરવાની તેને જરૂર લાગી નહિ. પોલીસના લાઠીમારમાં અચલ પર્વતને હઠાવવા મથતા પવનના ક્રોધભર્યા સુસવાટા સરખી નિષ્ફળતા તેને દેખાઈ. ક્રોધની નિર્બળતા અને ધીરજની શક્તિનો એકા-એક તેને ખ્યાલ આવ્યો. એક ક્ષણમાં જ તેનું મન વિજેતાની ક્ષમાશીલ ભૂમિકા પર ચડી ગયું. તેના મુખ ઉપર સ્મિત ફેલાયું. ક્રોધભરી પકડમાંથી ક્રોધ ઓસરી ગયો. અને જોકે બળ તેનું તે જ રહ્યું, તોપણ તેમાં સત્ત્વશાળી મૃદુતાએ પ્રવેશ કર્યો. અરુણને લાગ્યું કે પોતે સાર્જન્ટો કરતાં કોઈ ઊંચી ભૂમિકાએ ઊભો છે. શ્રેષ્ઠત્વ ભોગવતા અરુણે સ્મિત કરી પૂછયું :

'કહો, તમે કેટલા ફટકા મારી શકશો ?'

બે ફટકા વાગ્યા છતાં ઊભા રહેલા, અત્યંત બળથી હાથ પકડયા છતાં સામે ઘા ન કરતાં સ્મિત વિકસાવતા અરુણને આવો પ્રશ્ન પૂછતો સાંભળી સાર્જન્ટના વિસ્મયનો પાર રહ્યો નહિ. ક્રોધે આવો પ્રશ્ન પૂછતો ક્ષણમાં પાછો કેમ હસી શક્યો તેની સાર્જન્ટને ખબર પડી નહિ.

'એક માણસને વધારેમાં વધારે મારી શકાય એટલા ફટકા તો તમને પડયા છે. ધ્વજ છોડી દ્યો; હું હવે તમને એક પણ ફટકો મારી શકીશ નહિ.' સાર્જન્ટમાં રહેલું મનુષ્યત્વ બોલી ઊઠયું.

'બે ફટકે ધ્વજ ન છૂટે; ભાન કે જીવ જાય ત્યારે જ એ તમારે હાથ આવે !'

'તેમ સામા થતા નથી પછી હું કેમ મારું ?' સાર્જન્ટ Sportsman - બહાદુર હતો. અરુણના અહિંસક વર્તનથી ગૂંચવાઈને તે બોલ્યો.

'હું સામો જ થાઉં છું. આ ધ્વજ હું જરૂર સામેના મેદાનમાં રોપવાનો !'

એમ કહી અરુણ આગળ વધ્યો અને તેની પાછળ 'વંદેમાતરમ્' નો ગગનભેદી નાદ સ્વયંસેવકોએ કર્યો.

'Hit him hard, you fool !' બીજો સાર્જન્ટ આગળ વધતા સ્વયંસેવકોને અટકાવવા લાઠી મારતો હતો, તેણે બૂમ પાડી.

'I simply can't.' પહેલા સાર્જન્ટે જવાબ આપ્યો.

ગુસ્સે થઈને બીજા સાર્જન્ટે સ્વયંસેવકોને બાજુએ રાખ્યા, અને સ્થિરતાથી આગળ વધતા અરુણની સામે આવી તેને અટકાવ્યો.

'અહીં જ અટકી જાઓ !' તેણે આજ્ઞા કરી.

સ્મિત કરતાં અરુણે વિવેકથી જવાબ આપ્યો :

'નહિ જી !'

અરુણનો સ્મિત અને વિવેકભર્યો અનાદર બીજા સાર્જન્ટને ઘણો ભારે પડી ગયો. તેના ક્રોધમાં એથી વધારો થયો. તેણે પોતાનો મજબૂત દંડ ઊંચક્યો અને અરુણના મસ્તક ઉપર જોરથી પછાડયો. ફટકાનો અવાજ સાંભળનાર સહુ કોઈને લાગ્યું કે અરુણની ખોપરી ફૂટી ગઈ હશે. પહેલા સાર્જન્ટથી બોલાઈ ગયું :

'You brute !'

દેહ અને દેશશક્તિની ઈશ્વરે મર્યાદા ઘડી છે. માથામાં ફટકો વાગતાં અરુણને કાંઈ ભારે દેહકષ્ટ ન થયું - થયું તો તેની અતિશયતામાં સમજાયું નહિ. દુઃખની અતિશયતામાં દુઃખનો વિસારો છે; પરંતુ તેને લાગ્યું કે આખું જગત હાલે છે, ડોલે છે, ફરે છે, ફરે છે. તેના પગ નીચેથી પૃથ્વી તેને અધ્ધર રાખી નીચે ઊતરી જતી હોય તેમ તેણે સર્વાંગ શિથિલતા અનુભવી.

'મારો ધ્વજ' - મૂર્છિત બનતા તેના મને પ્રશ્નો પૂછ્યો. અને તેના દેહમાં જરા ચેતન આવ્યું. ધ્વજને વળગેલી મૂઠીમાં રહ્યુંસહ્યું બળ સંક્રાંત થયું. તેણે પડતા ધ્વજને પકડી રાખ્યો; પરંતુ તેનાથી આગળ વધીને જવાશે શી રીતે? દષ્ટ-સૃષ્ટિમાં ચક્રમંડળ ફરતી હતી; પૃથ્વી પાતાળમાં ઊતરી જતી હતી.

'ધ્વજ કોણ રોપશે ?' તેના વીખરાતા મને એકાગ્ર બની પૂછ્યું.

'લાવો, ધ્વજ મને આપો !' હાલતી સૃષ્ટિમાં એક રૂપસુંદરીએ પ્રવેશી કહ્યું.

'એ કોણ હશે ?' બેભાન બનતા અરુણથી સમજાયું નહિ; છતાં તેના ઉપર સહજ વિશ્વાસ આવ્યો.

'તમે ધ્વજ રોપશો ?' તેણે લથડતી જીભે પૂછ્યું.

'બેશક ! હું ધ્વજ રોપીશ.' દિવ્યસુંદરીએ જવાબ આપ્યો. અરુણની મુઠ્ઠી ઊઘડી ગઈ. ધ્વજ હાથમાં તેણે પડવા દીધો, અત્યંત વિશ્વાસથી પડવા દીધો. પુરુષથી નહિ થાય તે સ્ત્રી જરૂર

કરશે એવી સ્પષ્ટ ભાવ તેના અસ્પષ્ટ મનઃપટ ઉપર ચીતરાઈ રહ્યો. એ ખ્યાલ સાથે જ તેના પગ અમળાઈ પડયા; ઊભો હતો ત્યાં ને ત્યાં ઢગલો બની નીચે પડયો.

તેનું મન ભાન ભૂલ્યું, માત્ર એક જ વિભાગ ટમટમ જાગ્યા કરતો હતો. 'ધ્વજ ! ધ્વજ !' એટલું જ તેના મનને ભાન હતું. સૂનકારમાં તેણે અવાજ સાંભળ્યો :

'વંદે...માતરમ્ !'

તેણે આંખ ઉઘાડી. તેનાથી બોલાઈ ગયું :

'ધ્વજ રોપ્યો ?'

'હા, રંજને હમણાં જ રોપ્યો.' કોઈ સ્ત્રીએ કહ્યું.

અરુણના મુખ ઉપર પ્રસન્નતા ફેલાઈ. તે યુવતી સામે જોઈ હસી, તેણે આંખ મીંચી દીધી. પુષ્પાએ તેને ખભા ઉપર જ રહેવા દઈ તેની આંખો દાબી દીધી. અરુણ અભાનતામાં પૂરો ઊતરી ગયો.

# ૨૪ ધનસુખલાલના મકાનમાં

મંદવાડ ન હોત તો, વીરજી !
સ્નેહ અણમૂલવ્યાં રહેત.
**ન્હાનાલાલ**

'શાનો કલકો છે ?' ધનસુખલાલે બેઠાંબેઠાં સુશીલાને પૂછ્યું.

'પેલું સરઘસ આવ્યું.' નાહી અબોટિયું પહેરી બારીએ ઊભી રહેલી સુશીલાએ જવાબ આપ્યો.

'પુષ્પા છે ને ?' એમ પૂછી ધનસુખલાલ જોવા ઊભા થયા. સરઘસમાં પણ પોતાનું માણસ જોવની સ્વાર્થછાયા ખસતી નથી.

'કાંઈ દેખાતી નથી...હા હા, પેલી રહી; રંજન અને સુરભિ પણ સાથે છે.'

'આજથી હવે એને બહાર આમ ભટકવા દેવાશે નહિ. સારા ઘરની મોટી મોટી છોકરીઓ આમ ટોળાં ભેગી ધક્કા ખાતી ફરે એ કેવું ?'

બંને જણ થોડી વાર સરઘસ અને સિપાઈઓના મોરચા જોઈ રહ્યાં. જરા રહી ધનસુખલાલે કહ્યું :

'આમ તે કાંઈ સરકાર ડરી જાય ? સિપાઈઓ હમણાં ફટકાવશે તો કોઈ ઊભું જ નહિ રહે.'

'પણ શા માટે સિપાઈઓ મારે ? સરઘસવાળાઓએ શો ગુનો કર્યો ?' સુશીલાએ કહ્યું.

'સરકારની સામે થાઓ અને સિપાઈઓ જોઈ રહે, ખરું ? અને સરકારે ભૂલ કરે છે. પાંચ-પચાસ માણસોએ ધજા ફેરવી એમાં સરકારનું શું બગડયું ?' બંને પક્ષ મહત્ત્વ વિનાની બાબતોને મોટું સ્વરૂપ આપી વગરજરૂરના ઝઘડા ઊભા કરે છે એમ માનનારે હજી પણ ઘણા છે. સરઘસ કાઢવાની જ શી જરૂર હતી ? એને કાઢ્યું તો તે રોકવાની પણ શી જરૂર ?

ધનસુખલાલની હવેલી સામેના ચોગનામાં જ આશ્રમવાસીઓ અને સિપાઈ વચ્ચે સાઠમારી શરૂ થઈ. શહેરના મુખ્ય ભાગમાં જવા માટે ધનસુખલાલના મકાનની પાસે થઈને જવું પડતું હતું. સરઘસને એ મથક ઉપર જ સિપાઈઓએ રોક્યું. અને બાપ-દીકરી વાતો કરતાં હતાં એટલામાં જ લાઠીમાર શરૂ થયો.

લાઠીના પ્રહારથી કંદર્પ ઢળી પડયો, અરુણ ઢળી પડયો અને બીજા નવજુવાનો પણ ઢળી પડવા લાગ્યા. લોકો ચારેપાસ નાસતા હતા. આગ્રહી આશ્રમવાસીઓ પાછું ડગલું ભરતા નહોતા; તેમને તો આ ચોગાનના આગલા ભાગમાં ધ્વજ રોપી તેને વંદન કરી આગળ વધતું હતું. પોલીસનો નિશ્ચય હતો કે તેમને ધ્વજ રોપવા દેવા નહિ અને આગળ વધવા દેવા નહિ. તેના ઉપાય તરીકે લાઠીમારનો પ્રયોગ પોલીસે આદર્યો હતો. ટોળાની માફક આશ્રમવાસીઓ પણ મારના ભયથી પાછા ફરશે એવી પોલીસે

રાખેલી આશા વ્યર્થ ગઈ. તમ્મર ખાઈને જમીન ઉપર ઢળી પડતા એક યુવાનને બદલે પોલીસની લાઠી સામે બે યુવાનો આવી ખડા થતા.

સહુથી પ્રથમ પડેલા કંદર્પને સુરભિએ સાહી લીધો; અરુણને પુષ્પાએ હાથ આપ્યો; જનાર્દન અને કૃષ્ણકાંત બીજા પડેલા યુવકોની સારવારમાં ભળ્યા. ટોળામાંથી બેત્રણ યુવાન ડૉક્ટરએ નીકળી આવી સારવારમાં ભાગ લેવા માંડયો. આંમાંથી ગમે તેને ગમે ત્યારે લાઠી વાગે એવો ચોક્કસ ભય હતો; પરંતુ તેમને ભયનું ભાન રહેલું દેખાતું નહોતું. એવામાં જ અરુણના હાથમાંથી ધ્વજ લઈ આગળ ધપતી રંજન પોલીસને ચૂકવી મુકરર કરેલ સ્થળે પહોંચી ગઈ અને 'વંદે માતરમ્' ના જયધ્વનિ વચ્ચે ધ્વજને રોપી તેને વંદન કરતી ઊભી રહી.

અલબત્ત, એ ધ્વજને ચિડાયલા પોલીસ-અમલદારોએ આવી ઉપાડી નાખી દીધો. રંજનથી કાંઈ બીજું થઈ શકે તેમ નહોતું તેણે પોતાનો ખાદીનો રૂમાલ બહાર કાઢયો અને તેને પોતાના હાથ ઉપર રાખી ઊંચો ફરકાવતી તે પાછી સુરભિ અને પુષ્પા નજીક આવી. આ વીરબાળા માટે લોકોના સદ્ભાવમાં ભરતી આવી અને તેના જયનાદ અને પ્રશંસાવાક્યો ઉચ્ચારતાં લોકો વેરાવા લાગ્યાં.

પોલીસના એક ગોરા ડૉક્ટર દૂર ઊભા ઊભા તમાશો જોતા હતા. લોકોના ટોળાને વિખેરતા પોલીસનો લાઠીમાર હજી પૂરો બંધ પડયો નહોતો. કૃષ્ણકાંતે જનાર્દનને કહ્યું :

'આપણી મોટરો અટકાવી લાગે છે. નહિ તો બધા ઘાયલ

થયેલાઓને આપણે ઝડપથી લઈ જઈ શક્યા હોત.'

'હું પણ એ જ રાહ જોઉં છું.'

'કાકાનું મકાન સામે જ છે; તેઓ ત્યાં ઊભેલા દેખાય છે, આપણે તત્કાળ બધાંને ત્યાં લઈ જઈએ તો ?'

'જરૂર. જેમ બને તેમ જલદી સારવારની જરૂર છે.' ટોળામાંથી નીકળી આવેલા ડૉક્ટરે કહ્યું.

'નહિ નહિ; હું કોઈને મુશ્કેલીમાં નાખવા માગતો નથી. ધનસુખલાલ સરકાર પક્ષના ગૃહસ્થ છે. 'જનાર્દને કહ્યું.

'ગમે તે પક્ષના હોય ! ઘાયલની સારવાર કરવા દુશ્મન પણ બંધાયેલો છે. કાકા ના નહિ પાડે.'

'હા, હા, એ જ ઠીક છે. ત્યાં ચાલો; બધી સગવડ થશે.' પુષ્પા બોલી.

'હું તો બધાંને આશ્રમમાં જ લઈ જઈશ. જુઓ, પેલી એક મોટર આવી.' જનાર્દને કહ્યું.

ટોળાને વિખેરી પાછા ફરતાદ એક બહાદુર સિપાઈનો બળવાન હાથ બાણાસુરના હાથ માફક હજી સંતોષાયો નહોતો. તેણે જનાર્દનના માથામાં એક પ્રહાર કર્યો. જનાર્દનના મુખમાંથી ઉદ્‌ગાર નીકળ્યો :

પ્રભુ તમને સદ્‌બુદ્ધિ...!'

વાક્ય પૂરું થાય તે પહેલાં તો જનાર્દને આંખો ઉપર હાથ

દાબી દીધા. કમ્મરથી તેમનું શરીર વાકું વળ્યું અને તેઓ જમીન પર ગબડી પડ્યા. કૃષ્ણકાંતે જો તેમને પડતા અટકાવવા પ્રયત્ન ન કર્યો હોત તો પાસે પડેલી એક પથ્થરની છાટ ઉપર તેમનું મસ્તક જરૂર પછડાત.

'તમે તે રાક્ષસ છો કે કોણ છો ?' ધનસુખલાલનો ગુસ્સાભર્યો અવાજ પાછળથી સંભળાયો. 'સાળી જરા તો માણસાઈ રાખો ! આમ હાથ બાંધી બેઠેલાઓને ઝૂડો છે તે શરમ નથી આવતી !'

ઊંચા, સ્વચ્છ કપડાં અને પાઘડીથી સહુમાં જુદા પડી આવતા ધનસુખલાલને નિહાળીને કૃષ્ણકાંતને પણ મારવા ધસતા એક-બે સિપાઈઓ જરા બાજુએ ખસી ગયા. શ્રેષ્ઠ હિંદી પણ એક કનિષ્ઠ ગોરા કરતાં ઊતરતો છે એમ માનતા સાર્જન્ટને લાગ્યું કે પોલીસને ધમકાવવાનો જગતમાં કોઈને હક્ક છે જ નહિ. તેણે દંડૂકો ઉગામી વૃદ્ધ ધનસુખલાલની સામે ધર્યો. અને જેવો તે વડે ધનસુખલાલને ધક્કો મારવા જાય છે. એટલામાં જ એક પ્રચંડ મુસલમાને સાર્જન્ટને બાથ ભીડી ખસેડ્યો અને વચ્ચે ઊભો રહી બોલ્યો :

'એ જાનવર ! શેઠને હાથ તો લગાડી જો !'

દાઢીમૂછથી ભરાઈ ગયેલા સિંહમુખવાળા એ પઠાણને નિહાળતા સાર્જન્ટે બીજો પ્રયત્ન માંડી વાળ્યો. એકાએક ઘોડા ઉપર બેઠેલા પોલીસ અમલદાર ત્યાં ઘોડો દોડાવતા આવી પહોંચ્યા, અને પોલીસના માણસોને ત્યાંથી ખસી જવા હુકમ કર્યો.

'હું દિલગીર છું, ધનસુખલાલ ! જો તમારા કોઈ સગાંવહાલાંને

વાગ્યું હોય તો.' તેણે કહ્યું.

'તેમ તો દિલગીર થઈને બેઠા, પણ આ જેમને વાગ્યું છે તેમનું શું રંધાયું ?' ધનસુખલાલે કહ્યું.

'હું તેમને હૉસ્પિટલમાં મોકલાવું છું.' પોલીસ-અમલદારે કહ્યું. ધનસુખલાલ જૂના વિચારના, ક્લબજીવનમાં ન ભળનાર, અને બધામાં આગળ પડવાની જરા પણ લલુતા વગરના હતા. તેમ છતાં ધનાઢ્યોને ખર્ચે વર્ષોવર્ષ થતા રમતગમતના અને બીજા જાહેર મેળાવડાઓમાં આગેવાનીભર્યો ભાગ ભજવતા અમલદારો ધનસુખલાલની સહાય લેવા સદાય આતુર રહેતા. તેમનું તે સિવાય પણ એક સદ્‌ગૃહસ્થ તરીકે ભારે વજન હતું. એટલે પોલીસ-અમલદાર સલૂકાઈથી વાત કરતો હતો.

'કાકા ! અમે તો આ બધાને તમારે ત્યાં લાવતા હતા. હૉસ્પિટલમાં મોકલતાં મોકલતાં તો કેટલાક મરી જશે. એમને તાત્કાલિક સારવાર જોઈએ.' કૃષ્ણકાંતે કહ્યું.

'તે તને લાવતાં કોણ વાર્યો હતો ? ઘરમાં જગા તો આટલી બધી છે; પછી વિચાર શાનો કરે છે ?' ધનસુખલાલ બોલ્યા.

કૃષ્ણકાંત હસ્યો. રંજને કહ્યું :

'થોડાકને આપણે ઘેર લઈએ છીએ.'

'આ એક પાછી અક્કલવાળી ! પાસે ઘર છે તે મૂકીને આ બધાને દૂર ઢસડી જવા છે ? ચાલો, લેવા લાગો. અબ્દુલ ! તારા ગોઠિયાઓ હોય તો બધાને જાળવીને લઈ આવ. ઘરમાંથી ખાટલા ઉપાડી લાવ.'

'જી શેઠસા'બ !' કહી પેલા સિંહમુખા મુસ્લિમે ઝડપથી થોડા માણસો ભેગા કર્યા, અને ધનસુખલાલના મકાનમાંથી ખાટલા ઉપાડી લાવી, બીજા માણસોની સહાય વડે એક એક કરીને ઘવાયેલા અને બેભાન મનુષ્યોને ધનસુખલાલના મકાનમાં લાવવા માંડયાં.

અરુણ હજી બેભાન જ હતો. તે પુષ્પાના હાથ ઉપર જ રહ્યો હતો. એક વખત રંજને કહ્યું :

'તારો હાથ દુઃખશે; લાવ હું સુવાડું.'

'તું આ બીજા પડયા છે તેમને સંભાળ.' પુષ્પાએ જવાબ આપ્યો.

અરુણને ઘરમાં લઈ જવાનો વારો છેલ્લો આવ્યો. રંજને પોતાના ભાઈને કહ્યું :

'અરુણભાઈને મોટરમાં સીધા આપણે ઘેર લઈ જઈએ તો ?'

'હા, તું અને સુરભિ લઈ જાઓ. રસ્તામાંથી ડૉક્ટરસાહેબને બોલાવતાં જજો.' કૃષ્ણકાંતે કહ્યું.

'અમારે ઘેર એમને હરકત પડવા દઈશું ?' પુષ્પાએ જરા રિસાળ સ્વરે કહ્યું.

'હમણાં તો પાસે જ લઈ ચાલો, એમને વધારે વાગ્યું છે. હું તપાસી જોઉં, પછી લઈ જાઓ.' એક ડૉક્ટરે કહ્યું.

ડૉક્ટરનું વાક્ય તે વર્તમાન સમયનું વેદવાક્ય છે. તેના વિરુદ્ધ કોઈથી બોલાય એમ નહોતું. અરુણને પણ ધનસુખલાલના મકાનમાં લઈ જવા માંડયો.

રંજન અને પુષ્પાએ પરસ્પરની સામે જોયું; એક ક્ષણ મીટ માંડી પરસ્પરને નિહાળી, તેમણે પોતપોતાની નજર ખસેડી લીધી. રંજને પુષ્પાને ખભે હાથ નાખ્યો, અને બંને બહેનપણીઓ ઝડપથી અરુણના ખાટલાની આગળ થઈ

ઘરમાં ચાલી ગઈ.

ધનસુખલાલના મકાનમાં તાત્કાલિક દવાખાનું સ્થપાયું.

# ૨૫ સુશીલા

પોષયાં દૂધે અમૃતથી અજવાળી ગોરાં !
તે વત્સ કાજ વિષ અશ્રુતણા કટોરા !
**ન્હાનાલાલ**

ધનસુખલાલનું મકાન ઘણું મોટું હતું. મોટા મોટા ઓરડાવાળી હવેલીમાં ગમે એટલાં માણસો સમાય. વળી સાધનો પણ ઘરમાં પુષ્કળ હતાં. અબોટિયું પહેરી પૂજા માટે તૈયાર થયેલી સુશીલાએ પચાસેક ઘાયલ મનુષ્યો માટે ઝડપથી સગવડ કરી. એક એક ઓરડામાં ચાર-પાંચ માણસોને સુવાડયા. ડૉક્ટરની સંખ્યા પણ ધીમે ધીમે વધી. સારવાર કરવાની વૃત્તિથી તરેમ જ લોકોમાં નામ થાય એવી છૂપી ઈચ્છાથી આગેવાન ડૉક્ટર ત્યાં ભેગા થઈ ગયા.

એક ખાટલા નજીક આવતાં સુશીલા ચમકી.

'મોટીબહેન ! શું થયું ? આટલી બધી ચમકે છે કેમ ?' પુષ્પા પાસે જ હતી, તેણે પૂછયું.

'મારાથી તો આ બધું નથી જોવાતું.' તેણે આંખો મીંચી દીધી; અને જાણે એટલું પૂરતું ન હોય તેમ મીંચેલી આંખ ઉપર હાથ પણ ઢાંકી દીધા.

'અમે બધાં છીએ, પછી તું આટલી બધી મહેનત શું કરવા કરે છે ? તું થાકી જઈશ. તારી પૂજાય બાકી રહેશે.'

પ્રભુની પૂજા કદી પૂરી થાય ખરી ? સુશીલાએ આંખો ઉઘાડી અને જાણે પૂજા બાકી હોય તેમ અસંતોષભરી આંખે તેણે એ ખાટલા તરફ પાછી નજર કરી.

ખાટલામાં સૂતેલા જનાર્દનના માથામાંથી થોડું લોહી વહી સુકાવા લાગ્યું હતું. સુશીલાની નજર તે તરફ પડી. તેણે ઉતાવળથી કહ્યું :

'પુષ્પા ! જો ને ? ડૉક્ટરસાહેબને અહીં બોલાવી લાવ; પાટો બંધાવીએ.'

'તમે જાઓ. હું બંધાવી દઈશ.'

પુષ્પાએ કહ્યા છતાં સુશીલાના પગ ત્યાંથી ઊપડયા નહિ. વર્ષોથી દેહકષ્ટ વેઠતી તપસ્વિનીનું આંતરધ્યાન બહિર્મુખ બની ગયું. પાસે એક નાની બાજઠ પડી હતી તેના ઉપર બેસી જઈ તેણે કહ્યું :

'હું તો કોઈ અહીંથી ખસતી નથી; મારા પગ ભાંગી જાય છે.'

સુશીલા ખરું કહેતી હતી. તેના પગમાંથી સઘળી શક્તિ હણાઈ ગઈ હતી.

'પાછી માંદી પડજે !' કહી પુષ્પા ડૉક્ટરને બોલાવવા ગઈ.

સુશીલા અને પુષ્પા વચ્ચે મા-દીકરીનો સંબંધ હતો. બંને બહેનોની માતા જુદી હતી; પરંતુ કૌટુંબિક કલહના આ એક

મૂળનું વિષ ધનસુખલાલના કુટુંબમાં ફેલાયું નહોતું. સુશીલાનાં અપર-માએ મરતી વખતે પુષ્પાને સુશીલાના હાથમાં મૂકી હતી. સુશીલાએ પુષ્પાને પોતાની દીકરી માફક ઉછેરી હતી.

સાથે સાથે તે બહેન પણ હતી, એટલે મોટીબહેન અને નાનીબહેન વચ્ચે એક પ્રકારનાં સહીપણાં જામ્યાં હતાં. નવીન ઢબની ઉચ્છૃંખલતા અને અમર્યાદાને એ સંબંધમાં અવકાશ નહોતો; પરંતુ સ્ત્રીસ્વભાવમાં રહેલું મનોહર ચાપલ્ય અને વાચાળતા જૂની ઢબમાં પણ તદ્દન દબાઈ રહેતાં હતાં, એમ માનવાની ભૂલ કોઈએ કરવી ન જોઈએ. ખરું જોતાં પ્રત્યેક યુગ પોતપોતાને અનુરૂપ મોજી, છેલ અને નખરાળી રમણી ઉત્પન્ન કરે જ છે. એટલે જૂના-નવા સમયને દોષ દેવા કરતાં સ્વભાવના એ મનોહર તત્ત્વને સ્વીકારી લેવું જ વાસ્તવિક છે.

સુશીલાની માતા ગુજરી ગયા પછી ધર્મિષ્ઠ ધનસુખલાલને લગ્ન કરવાનો બિલકુલ વિચાર જ નહોતો; પરંતુ પેઢી ચાલુ રાખવાની તૃષ્ણાએ એમના નિશ્ચય ઉપર વિજય મેળવ્યો. પેઢી પુરુષવંશથી જ ચાલુ રહી શકે એવી જગતના મોટા ભાગની અનેક યુગથી ચાલતી આવેલી ભાવના હાલ જાગૃતિ પામાતા સ્ત્રીત્વને મહા અન્યાય ભરેલી લાગે એ સમજી શકાય એવું છે; પરંતુ એ ભાવના અત્યાર સુધી સ્વીકારાયલી છે, અને તેને સનાતન સત્ય માની અનેક સ્ત્રીપુરુષોએ પોતાના જીવનક્રમ ઘડયા છે, એક ભૂલવું ન જોઈએ. પુત્રરહિત પત્નીએ પેઢી ચાલુ રાખવા, પોતે થઈને પોતાની હયાતીમાં જ પતિને બીજી પત્ની અપાવ્યાના દાખલા હિંદુ સંસારમાંથી જોઈએ એટલા મળી આવશે.

એટલે ધનસુખલાલની ભાવનાને વર્તમાન સમયે તિરસ્કારી કાઢવા કરતાં તે ભાવના પાછળ રહેલા સામર્થ્યને સમજી લેવું જોઈએ. બીજી વાર પરણનાર પુરુષ ત્રીસ વર્ષનો હોય, ચાળીસ વર્ષનો હોય, પચાસ વર્ષનો હોય કે સાઠ વર્ષનો હોય, તોપણ તેને એકસરખી રીતે વખોડી કાઢી ફજેત કરનાર વૃત્તિ તે સમયમાં એટલી જાગૃત થઈ નહોતી. એટલે સ્મિત સાથે સ્વીકાર પામતી માનવનિર્બળતા અને આવશ્યકતા તરીકે ધનસુખલાલનાં બીજી વારનાં લગ્ન સમાજે જરા પણ વાંધો ઉઠાવ્યા વગર માન્ય કર્યાં. ધનસુખલાલની દ્વિતીય પત્નીને પણ એમ ન લાગ્યું કે તેના ઉપર મહાદારુણ દુઃખ તૂટી પડયું છે.

તેનું નામ સુમતિ હતું.

તેની અને સુશીલાની ઉમર વચ્ચે પાંચ-છ વર્ષનો ફેર હતો. સુશીલા બાર-તેર વર્ષની હતી ત્યારે તેનું લગ્ન થયું. વીસ-બાવીસ વર્ષ સુધી કૌમારવ્રત પાળતી યુવતીઓના ઝડપથી આવી પહોંચતા યુગમાં સુશીલાનાં લગ્નને જરૂર બાળલગ્ન કહી શકાય. પણ તે સમયમાં તો બાર વર્ષની મર્યાદા વધારે ગણાતી. સુશીલા એક-બે વખત સાસરે પણ જઈ આવી. તેનો પતિ કૉલેજમાં ભણતો હતો, અને સારી કારકિર્દીની આગાહી આપતો હતો; પરંતુ તે ગ્રૅજ્યુએટ થાય તે પહેલાં તો તેને કાળે ઝડપી લીધો. સુશીલા બિચારી વિધવા થઈ. તેના બિચારાપણા ઉપરથી અઢળક આંસું પડયાં, અનેક નઃશ્વાસ નખાયા, પરંતુ તે જ ક્ષણથી તેની ઉપર વણમાગ્યા ચૉકીપહેરા પણ બેસી ગયા ! પરિણીત અવસ્થામાં સુશીલાનું ચારિત્ર્ય એ માત્ર તેની કાળજીનો વિષય હતો; કેટલેક અંશે તેના પતિ અને પિતાની કાળજીનો વિષય હતો; પરંતુ તે

વિધવા થઈ એટલે તેની સૃષ્ટિમાં સમાતાં સઘળાં માનવીઓએ તેના ચારિત્ર વિષે કાળજી રાખવા માંડી. તે કેમ બેસે છે, કેમ બોલે છે, શું ખાય છે, ક્યાં જાય છે, એ બધી ઝીણીઝીણી વિગતો જાણવાની સમાજને જરૂર લાગી. દુઃખી પિતાએ તે દિવસથી કાળી પાઘડી પહેરી અને મિષ્ટાન વર્જ્ય કર્યું; સુશીલાને ધાર્મિક પુસ્તકો વાંચવા તરફ દોરી અને ધર્મકાર્ય, દેવસેવા, પૂજાપાઠ અને વ્રત-ઉપવાસ તરફ તેનું લક્ષ જાય એમ ખાસ પ્રયત્ન આદર્યો.

પુત્ર મેળવવાની ઈચ્છાએ કરેલા દ્વિતીય લગ્ને ધનસુખલાલને પુત્ર આપ્યો નહિ. તેઓ ખરા સ્વભાવના, કડવી જીભવાળા; પરંતુ સહૃદય સજ્જન હતા. પુત્રની આશા રાખી તેનાં સ્વપ્નો સેવતાં પતિપત્નીએ જોયું કે ઈશ્વરે તેમને પુત્ર નહિ; પરંતુ પુત્રી આપી હતી. પુષ્પાનો જન્મ થતાં ધનસુખલાલ અને તેમનાં પત્ની સુમતિને આછો અસંતોષ થયો; પરંતુ શરૂઆતની દિલગીરી ઓસરી ગઈ; ધાર્મિક ધનસુખલાલે ‘પ્રભુને ગમ્યું તે ખરું’ એમ કહી સંતોષક ધારણ કર્યો; અને પુષ્પાની માતાએ તો એક-બે દિવસમાં પુષ્પા માટે પુત્ર સરખી મમતા કેળવી. ધીમે ધીમે બંનેએ પુષ્પાને પોતાની લાડકી બનાવી.

પુષ્પા લાડકી બની ગઈ તેથી કાંઈ સુશીલા પ્રત્યેના પિતૃસ્નેહમાં જરાકે ઓછપ આવી નહિ. સુભાગ્યે પુષ્પાની માતા ઘણી સમભાવ હતો. મોટા મલાજાવાળાં અને જૂની ઢબની રહેણીમાં અભિમાન માનનારાં કુટુંબો પણ ઘણી વખત સુધરેલાં કુટુંબો સરખાં જ એકલાં પડી જાય છે; બંને પ્રકારને સામાન્યતા સાથે સંપર્ક ઘણો ઓછો રહે છે; એટલે પુષ્પાની માતાને સુશીલા સાથે સહીપણાં થયાં અને ઓરમાન મા-દીકરી કોઈપણ જાતના ક્લેશ-કંકાસ

વગર શાંતિથી રહેવા લાગ્યાં.

સુશીલા વિધવા થઈ તેનું તેની ઓરમાન માને ઘણું દુઃખ થયું. સુશીલાના રસસંબંધની કલ્પનાઓ કરી હસતી અને હસાવતી માતાનું હાસ્ય બંધ થઈ ગયું. દીકરીને જરા પણ ઓછું ન આવે એમ કરવાનો તેનો સતત પ્રયાસ હતો; સુશીલા તે જોઈ શકી. તેને પોતાની અપર-મા અને બહેન પ્રત્યે વધારે ને વધારે વહાલ આવવા માંડયું.

આપણાં ધર્મશાસ્ત્રો સંસ્કૃતમાં લખેલાં હોય છે. ધાર્મિક જ્ઞાનની વૃદ્ધિ કરવા માટે સંસ્કૃતનો અભ્યાસ આવશ્યક છે. ધનસુખલાલની એવી ઈચ્છા થઈ કે સુશીલા સંસ્કૃત ભણે તો સારું; તેની માતાએ પણ તે એકલી ન પડે એ અર્થે સંસ્કૃત શીખવવા નિશ્ચય કર્યો અને સાથે સાથે સુશીલામાં પણ સંસ્કૃત શીખવાની વૃત્તિ જાગૃત કરી. એક પ્રખ્યાત આધેડ વયના વિદ્વાન શાસ્ત્રી પાસે પોતાના જ ઘર આગળ સુશીલાને સંસ્કૃતનું શિક્ષણ મળે એવો ધનસુખલાલે બંદોબસ્ત કર્યો. વાર-તહેવારે આવતા શાસ્ત્રીને રોજ આવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો.

સંસ્કૃતનું જ્ઞાન સર્વદા મનુષ્યને સાત્ત્વિક બનાવે છે, એમ માનવાની ભૂલ ઘણા કરે છે. આપણાં ધર્મશાસ્ત્રો સંસ્કૃતમાં છે, એ વાત ખરી; પરંતુ શૃંગારથી તરબોળ બનેલું સાહિત્ય પણ સંસ્કૃતમાં છે એ વાત ઘણા ભૂલી જાય છે. ભર્તૃહરિનાં નીતિશતક અને વૈરાગ્યશતક શીખવાનું શરૂ કરનારને તત્કાળ ખબર પડે છે કે એ જ ગુટકામાં એ જ કવિનું શૃંગારશતક પણ ખુલ્લું મુકાયેલું છે. નીતિશતક પૂરું કરતાં પહેલાં વિદ્યાર્થી વગરશીખવ્યે

શૃંગારશતક અર્થ સાથે વાંચી જાય છે. વિરાગની સાથે વિકારપોષક તત્ત્વો પણ સંસ્કૃત સાહિત્યમાંથી મળી આવે છે.

અને સંસ્કૃત સાહિત્યજ્ઞોની રસિકતા કોઈપણ દેશના શોખીનો કરતાં ઓછી નથી. શુદ્ધ-અશુદ્ધ ઉચ્ચારો વડે ચીપીચીપીને તત્ત્વના વિવરણ કરતા પંડિતની રસિકતા અંગ્રેજી ભણેલા સુધરેલની રસિકતા કરતાં ઓછી વંઠેલી હોતી નથી.

શાસ્ત્રીજી મધ્યવયી હતા. જગત એમ માનવાની ભૂલ કરે છે કે વયના વધવા સાથે રસિકતા ઓછી થતી જાય છે. આ માન્યતાનું જૂઠાણું સઘળા મધ્યવયીઓ જાણે છે; પરંતુ રસિકતાની સાથે અનુભવ મળતો હોવાથી મધ્યવયી પુરુષો અનુભવના બળથી રસિકતાને સંતાડી રાખે છે. અને જગતનો પોતાનો માટેનો ભ્રમ ચાલુ રહે એવી ગૂઢ રીતે રસિકતાનો ઉપયોગ કરે છે.

શાસ્ત્રીજી સંસ્કૃત શીખવતાં શીખવતાં અતિશય લટકાળા બનતા ચાલ્યા. એક દિવસ પુષ્પાની માતાએ ધનસુખલાલને કહ્યું :

'આ શાસ્ત્રીને ઘરમાંથી કાઢો. એની પાસે સુશીલાને નથી શીખવવું.'

'કારણ ?'

'હું કહું તેમ કરો ને. !'

'કારણ વગર હું તેને ન કાઢું.'

'અરે એ બહુ નઠારો છે !'

'નઠારી તો તું હોઈશ. બિચારા પવિત્ર બ્રાહ્મણને શા માટે વગોવે

છે?' આવતા બંધ થઈ ગયા, અને તેમને સ્થાને કૉલેજમાં ભણતો એક વિદ્યાર્થી સંસ્કૃત શીખવવા આવવા લાગ્યો. ધનસુખલાલે કૉલેજમાં એક પ્રોફેસરને મળી, છોકરીને સંસ્કૃત શીખવે એવો ચારિત્ર્યશીલ વિદ્યાર્થી માગ્યો. તેમને લાગ્યું કે આવા વ્યવહારપટુ ઘડાયલા શાસ્ત્રી કરતાં ઊગતો છોકરો વધારે સભ્ય નીવડવો જોઈએ.

અને થયું પણ તેમ જ. એ વિદ્યાર્થી ઘણો જ શરમાળ હતો. શરૂઆતમાં તેને લગભગ પોતાની જ ઉંમરની યુવતીને સંસ્કૃત શીખવતાં ઘણો જ સંકોચ થયો. આખો વખત તેને ક્ષોભ થયા કરતો; તે ભાગ્યે જ નીચેથી ઊંચે જોતો હતો. પુષ્પાની માતા પણ વખતોવખત તેની પાસે બેસી શીખવાનો ડોળ કરતી હતી. તેણે તો આ શરમાળ છોકરાની વાત નીકળતાં કહ્યું પણ ખરું :

'સુશીલા ! આપણા આ નાના માસ્તરસાહેબ તો કોઈ છોકરી કરતાંયે વધારે શરમાળ છે.'

પરંતુ એવા શરમાળ હૃદયમાં ભારે અગ્નિ રહેલો હોય છે. એ વિદ્યાર્થીનું ચારિત્ર્ય કંચન સરખું નિર્મળ હતું; તેનાં સંસ્કાર ઉચ્ચ કોટિના હતા; તેના વિચાર ક્રાંતિકારી હતા; તેનાથી અન્યાય સહન થઈ શકતા નહોતા; માનવીની નિષ્ઠુરતા નિહાળી તેનું લોહી ઊકળી આવતું; માનવીની મૂર્ખતા તેને પ્રજાળી મૂકતી. વિદ્યાભ્યાસ કરતો એક ઉચ્ચ આદર્શવાળો વિદ્યાર્થી જે વિચારની કક્ષાએ પહોંચે તે વિચારની કક્ષાએ તે પહોંચેલો હતો. આખા સમાજને ઉખાડી નાખી તેની પુનર્ઘટના કરવાની તેને જરૂર લાગતી હતી.

તેની સાંસારિક સ્થિતિ તેને દબાવી રાખતી હતી. તે ગરીબ

હતો. તે ઓછામાં ઓછું બોલતો. એટલે આખી કૉલેજમાં તે શાંત વિદ્યાર્થી તરીકે જાણીતો હતો; પરંતુ કોઈ કોઈ વખત તેના અંગત મિત્રો આગળ તેનો હૃદય-અગ્નિ વાણી દ્વારા પ્રગટી નીકળતો ત્યારે સહુ કોઈ દિંગ બની જતા. તે ખાનગીક મિલકત ઉપર ભારેમાં ભારે કટાક્ષ કરતો; લગ્નની સંસ્થામાં સમયની મૂર્ખાઈ ઉપર ભયંકર પ્રહારો કરતો; રાજ્યશાસનના સ્વાર્થ પ્રત્યે તે તિરસ્કાર પ્રગટ કરતો અને ધર્મને માળિયે ચઢાવી દેવા જેવા નિરુપયોગી સામાન જેવો ગણતો. અને બીજી જ ક્ષણે તે મિત્રો સાથે એક વહાલસોયા બાળકના સરખું નિર્દોષ અણસમજભર્યું વર્તન કરતો. સહુ કોઈ તેને બાળક ગણતા, અને તેની વિચારવિચિત્રતાઓને બાળકની અસ્થિર વિચારસંકલના સરખી ગણી તેમાંથી આનંદ મેળવતા.

એવા યુવક તરફ સુશીલાને સમભાવ થાય એમાં નવાઈ નહોતી. તેની માતાને પણ એ છોકરો ઘણો ગમતો.

એક દિવસ ધનસુખલાલે આવી ગુસ્સામાં કહ્યું :

'આવા નાદાન છોકરા મારે ન જોઈએ. કાલથી તમારા સંસ્કૃત શિક્ષકને રજા આપી દઈશ.'

'એટલું બધું શું છે ?' સુમતિએ પૂછ્યું.

'લોકો કેવી વાતો કરે છે તે જાણો છે ?'

'લોકો તો નવરા રહ્યા. તેમને શું? બિચારો છોકરો નીચેથી ઊંચું જોતો નથી !'

લોકોએ વાત શરૂ કરી દીધી હતી. શાસ્ત્રીમાં સમાજ ખામી

જોઈ શક્યો નહિ. કારણ સમાજ સામે તેઓ પવિત્ર પુરુષ તરીકે જાણીતા થયા હતા; પરંતુ આ અજાણ્યો છોકરો ઇચ્છવા યોગ્ય નથી. એમ સમાજે નિશ્ચય કરી દીધો. એટલું જ નહિ; પોતાના નિશ્ચયની ધનસુખલાલને ખબર પડે એવી વ્યવસ્થા પણ કરી દીધી.

સુશીલાનું હૃદય સમાજના આવા અન્યાયને લીધે તે વિદ્યાર્થી પ્રત્યે વધારે મૃદુ બન્યું. જેની મના હોય છે તે પહેલું થાય છે, એવા નિયમ માનવીના ઉત્પત્તિકાળથી ચાલતો આવેલો છે. સુશીલા અને પેલો વિદ્યાર્થી પરસ્પરથી વધારે નજીક આવવા લાગ્યા; સુમતિને આ ગુપ્ત આકર્ષણની ખબર પડી નહિ.

# ૨૯ એ પાપ ખરું ?

અથ કેન પ્રયુક્તોયં પાપં ચરતિ પુરુષઃ
અનિચ્છન્નપિ વાર્ષ્ણેય બલાદિવ નિયોજિતઃ
**શ્રીમદ્ ભગવદ્ગીતા**

નીચેથી ઊંચે ન જોતો વિદ્યાર્થી એક દિવસ સુશીલાની માતા પાસે આવી ઊભો. મુખ પર ઉગ્રતા અને મૂંઝવણ દેખાઈ આવતી હતી. તે કશી મહત્ત્વની વાત કરવા આવ્યો હોય એમ સુમતિને લાગ્યું.

'કેમ, શીખવી રહ્યા ?'

'હું આપને એક વિનંતી કરવા આવ્યો છું.' વિદ્યાર્થીએ અકળાઈને કહ્યું.

'કહો, શું છે ?'

'સુશીલા સાથે લગ્ન કરવાની મને રજા આપો.' જેટલું મનોબળ હશે તેટલું એકઠું કરી વિદ્યાર્થીએ બે ટુકડે વાક્ય કહ્યું.

માતાના હાથમાં નાની પુષ્પાનું ઝભલું હતું તે પડી ગયું. સાથે જ તેની ભમ્મર સંકોડાઈ અને ક્રોધભર્યો બોલ મુખમાંથી નીકળી પડયો :

'આ ઘડીએ જ તમે ઘરમાંથી જાઓ - નીકળો !'

વિદ્યાર્થી ઊભો રહ્યો. તેણે વીર બનવાનો નિશ્ચય કર્યો હતો. વિધવાને પરણવાનો હક્ક હોવો જ જોઈએ એવો સિદ્ધાંત ઉપર આવેલો એ આદર્શલક્ષી વિદ્યર્થી વીસરી ગયો કે વિધવાને પરણેલી જોવા કરતાં તેને મરેલી જોવા સમજુ માતાપિતા પણ ઈચ્છતાં હતાં. વિદ્યાર્થીએ કહ્યું :

'એમાં સુશીલા...'

'મારે એકે અક્ષર નથી સાંભળવો. શરમની વાત છે ! જાઓ છો કે નહિ ?'

નીચેથી ધનસુખલાલની જોરભરી વાણી સંભળાઈ, વિદ્યાર્થી સહજ બીધો. માતાએ કહ્યું :

'એ જાણશે તો તમને અહીંના અહીં મારી નાખશે; સુશીલાને સુધ્ધાં!'

વિદ્યાર્થીને ખરેખર બીક લાગી : પોતાને માટે નહિ, સુશીલા માટે. ખરેખર સુશીલાને તેના બાપ મારી નાખે તો ? વર્તમાન યુરોપમાં માન્ય થતી જતી નવી નીતિમત્તામાં ચલાવી લેવાતાં જાતીય સ્ખલનો હિંદમાં હજી અક્ષમ્ય અપરાધરૂપ મનાય છે. વિધવાનું પુનર્લગ્ન કરવા માટે તૈયાર થતી બહેન કે દીકરીને તલવારને ઝાટકે કાપી નાખવા તત્પર ભાઈઓ અને પિતાઓ જોઈએ એટલા જડશે. વિદ્યાર્થીને તેની ખબર હતી. તે ત્યાંથી પાછો ફર્યો. માબાપ સંમતિ ન આપે તો સુશીલાને ઊંચકી લઈ જવાની યુક્તિઓ રચતો વિદ્યાર્થી ફરી આ ગૃહમાં આવવાની

આશાએ પાછો ફર્યો.

ધનસુખલાલે ઉપર આવી જોયું તો પત્નીના મુખ ઉપર અણધારી ઉગ્રતા જોઈ. આખી દુનિયાને ધમકાવી નાખતા ધનસુખલાલ પોતાની પત્નીને ધમકાવતા નહિ. બીજી વાર પરણેલા પુરુષમાં પત્ની પ્રત્યે વધારે મૃદુતા રહે છે એમ સમાજ દોષ મૂકે છે; ધનસુખલાલ પણ એ દોષમાંથી મુક્ત ન હતા. તેમણે બની શકે એટલી મૃદુતાથી પૂછ્યું :

‘કેમ આમ ? શું થયું ?’

વિવેક અને મર્યાદાના મહાન હિમાયતી ધનસુખલાલ એકલા હોય ત્યારે પત્નીને અડકીને બેસતા.

‘શું થાય વળી ? આ ભણતર ઉપર પૂળો મૂકો એટલે થયું.’

‘કયું ભણતર ? કોણી વાત કરે છે ?’

‘આ પેલા માસ્તરની. આપણે જાણ્યું કે બિચારો બાળક જેવો કાંઈ સમજતો નહિ હોય; આ તો વળી સાવ વંઠેલ નીકળ્યો !’

‘મેં શું કહ્યું હતું ? પેલા શાસ્ત્રીને આવવા દીધો હોત...’

‘મૂઓ તમારો શાસ્ત્રી ! બધા જ પુરુષોને એનો એ જ ધખારો !

આખી પુરુષજાતને માથે આરોપ મૂકતી પત્ની પતિને પણ આરોપમાંથી મુક્ત રાખતી નથી એનું ભાન કરતા ધનસુખલાલે પૂછ્યું :

‘પણ થયું શું ? તે તો કહો ?’

‘આ માસ્તરને સુશીલા સાથે... મૂઉ, બોલતાંય લાજ આવે ... લગ્ન...’

‘હેં, શું કહે છે ? એ હરામખોરને હું આજ ને આજ રહેંસી નાખું છું !’

ક્રોધમાં ઊભા થઈ ગયેલા ધનસુખલાલે મોટી ત્રાડ પાડી કહ્યું. આખું ઘર થથરી ગયું. પોતે બીજી વાર પરણ્યા હતા એ વાતને તેઓ ભૂલી ગયા અને પોતાની દીકરીનું દ્વિતીય લગ્ન માગતા એક વિદ્યાર્થીનો દોષ તેમને એટલો બધો ભારે લાગ્યો કે તેને માણસાઈની રીતે મરવા દેવાની શિક્ષા પણ તેમને ઓછી પડી. તેમણે કૉલેજમાં અને બીજે તપાસ કરાવી; પરંતુ વિદ્યાર્થીનો પત્તો લાગ્યો નહિ. તે હાથ લાગ્યો હોત તો પોતાની વિધવા પુત્રી સાથે લગ્ન કરવાની ઘોર પાપભરી વાંછના માટે તેમણે તેને ભયંકર શિક્ષા કરી હોત.

સુશીલાને ભણવાનું સમૂળું બંધ થયું. બાપ અને મા બંને તે વિદ્યાર્થીની નીચ પાશવતા માટે ભારે કડવાં વેણ સુશીલાના દેખતાં ઉચ્ચારતાં હતાં અને એમાં સુશીલાની સંમતિ હશે એમ માનતાં હતાં; પરંતુ સુશીલાના હ્રદયમાં વિદ્યાર્થીનો વાંક જરાય વસતો નહોતો. તે એકલી એકલી રડતી અને પોતના ભાગ્યને દોષ દીધા કરતી. ભાગ્ય ઘડવામાં સમાજ મોટે અંશે વિધાતાની પદવી ઝૂંટવી લે છે; સમાજને એવા હક્ક છે કે નહિ તેની પૃચ્છા કરવી એ પણ પાપ મનાય છે. સમાજે પુરુષ અને સ્ત્રી માટે જુદા આચાર ઠરાવ્યા ન હોત તો સુશીલાને પોતાનું ભાગ્ય

દૂષિત માનવાની જરૂર રહેત ?

સુશીલાનો અણગમો અણે રુદન થોડા દિવસ ચાલ્યાં. વિધવાઓનો એ જીવનક્રમ છે. ધનસુખલાલ અને તેમનાં પત્નીને એમાં કાંઈ વધારે લાગ્યું નહિ. શિક્ષકનો ન ઇચ્છવા યોગ્ય પ્રસંગ બન્યો હતો અને તેમાં સુશીલા કેંદ્રરૂપ હતી એ કારણથી એ સદાચરણિ યુવતીને દુઃખ થયા કરતું હશે એમ માની, તેને આશ્વાસન આપવા એ શિક્ષક વિરુદ્ધ સખત ટીકાઓ તે કરતાં. સુશીલાનું હૃદય ચિરાયા કરતું. તેને હૃદય છે એવી ખબર એ વિદ્યાર્થી-શિક્ષકના સમાગમ પછી જણાઈ. જણાતાં બરોબર તો એ હૃદયમાં ઊંડો ઘા પડયો. વિદ્યાર્થીનું મુખ ફરી દીઠું નહિ.

થોડા દિવસમાં સુશીલાનું વ્યગ્ર મન સ્થિર થશે એમ માની તેને સમજાવ્યા કરતી તેની માતાએ એ સુશીલાનું દુઃખ ઓછું થતું નિહાળ્યું નહિ. તેને ચિંતા થઈ. સુશીલા પ્રત્યે તેને બહેન સરખો ભાવ હતો. રડતી સુશીલાને તેણે એક દિવસ પૂછ્યું :

'સુશીલા ! આખો દિવસ રડયા શું કરે છે ?'

માતાને ખબર નહોતી કે સુશીલા તો રાત્રે પણ રડતી હતી. તેણે કાંઈ જવાબ આપ્યો નહિ. આંખ ઉપર હાથ દઈ તેણે એથીય વધારે રોવા માંડયું. માતાએ આ દુખિયારી પુત્રીનું માથું ખભે લીધું. અને તેને વાંસે હાથ ફેરવ્યા કર્યો.

જિંદગીની મર્યાદા છે. હાસ્ય અને રુદન એ જિંદગીનાં બે પાસાંને પણ મર્યાદા છે. માનવી હસવે ચડે છે ત્યારે તેને લાગે છે કે આમ ને આમ જીવનભર હાસ્ય ન ચાલે ? દુઃખથી તે

વીંધાયા છે ત્યારે તેને થાય છે કે આખી જિંદગી રડયા કરાય તો કેવું ! ભારેમાં ભારે રુદનને પણ છેવટે અટકવું પડે છે. સુશીલા રડી રહી.

માતાએ તેની આંખ લૂછી અને પૂછ્યું :

'સુશીલા ! આમ હોય ? શરીર કેમ પહોંચશે ?'

સુશીલાએ આંખ ઉઘાડી માતાની સામે જોયું. દૃષ્ટિમાં ઊંડો થાક હતો, જગત પ્રત્યેની ઉપરતિ હતી, સમાજના રૂઢિબંધનોથી છૂટવાનાં વલખાં હતાં. રૂપરૂપના ભર્યા આ મુખ ઉપર રૂપને નિરર્થક કરી નાખતો વિષાદ નિહાળી બહેનપણી સરખી અપર-મામાં માતૃત્વ ઝબકી ઊઠ્યું :

'આંખ કેટલી સૂજી ગઈ છે, મારી દીકરી !'

ઘવાયેલા બાળકને ચુંબને બોલાવતી માતાની માફક વાક્યને છેડે તેણે બુચકારો કર્યો. બીજો પ્રસંગ હોય અને આ પાંચેક વર્ષના તફાવતવાળી યુવતીઓ વચ્ચે મા-દીકરીની રમત રમાઈ હોય તો જરૂર બંનેને ખડખડ હસવું આવત.લ અત્યારે તો સુશીલાએ કહ્યું :

'મને ઝેર લાવી આપો.'

માતાએ ચમકીને સુશીલાની સામે જોયું. તેનું મુખ કેમ જુદી તરેહનું લાગ્યું ? તે ઘણું રડી હતી : તે એક માસથી શોકમાં ડૂબી ગઈ હતી; મૂખ ઉપર સુખરેખાની લકીર પણ નહોતી, છતાં એ મુખ કેમ જુદી તરેહનું લાગતું હતું ? પ્રિયતમાનું આંસુભર્યું મુખ પ્રિયતમને શરદની સ્નાનોજ્જ્વલ ચંદ્રી સરખું મનોહર લાગે

છે. આ તો સહિયરો હતી. સુશીલાના મુખ ઉપર સ્વચ્છ પ્રકાશ હતો ?

'શું કરવા ?' માતાએ પૂછ્યું.

'મોત વગર બીજો આરો નથી.'

'બહુ થયું હવે ડોશી થઈ ખરી ને !'

'નહિ આપો તો હું જીભ કરડીને મરીશ.'

'સુશીલા, સુશીલા ! આ શું લવ્યા કરે છે ?' માતાએ ગભરાઈને કહ્યું તેને આજ કાંઈ સમજણ પડતી નહોતી.

'હું ખરું કહું છું' કહી સુશીલાએ નિશ્વાસ નાખ્યો. નિશ્વાસે તેના આખા શરીરને હલાવ્યું એ બેઠેલા શરીરને માતા જોઈ રહી. એકાએક તેને સમજ પડી. માતૃત્વનો શારીરિક અનુભવ લઈ ચૂકેલી માતાને વીજળીના ઝબકારા સરખું દેખાઈ ગયું કે સુશીલાનો દેહ પણ માતૃત્વથી અંકિત થયો છે !

આ સમજ પડતાં બરોબર માતાના દેહ ઉપર વીજળી પડી. થોડી ક્ષણ સુધી તેનું મન મૂર્છિત બની ગયું. મનમાં સ્વભાન આવ્યું તે સાથે જ તેના દેહમાં ધ્રૂજારી છૂટી.

'હાય હાય ! વિધવા દીકરીને...' તે પૂરો વિચાર પણ કરી શકી નહિ. ધનવાન પતિ અને વહાલસોયી ઓરમાન દીકરીના જ સંસર્ગમાં સુખથી ઊછરતી એ યુવતીને શું કહેવું અને શું કરવું તેની સમજ પડી નહિ. મૂંઝવણ ન વેઠાવાથી તે ત્યાંથી દોડી પોતાની ઓરડીમાં જઈ પડી.

'શું થયું આ ! પેલો મૂઓ માસ્તર...' તેને જેટલી સાંભરી એટલી ગાળો પેલા શિક્ષક-વિદ્યાર્થીને તેણે મનમાં ને મનમાં દઈ નાખી. સ્ત્રી-પુરુષના અસામાન્ય સંબંધમાં વાંક પુરુષનો જ નીકળે છે - જોકે સહન કરવું પડે છે સ્ત્રીને જ. અણે જ્યાં સુધી સ્ત્રીને પુરુષના સરખી સામાજિક અને આર્થિક સ્વતંત્રતા મળી નથી ત્યાં સુધી એમાં પુરુષનો જ વાંક ગણાય એ કાંઈ ખોટું નથી.

પરંતુ સમાજ પુરુષને રક્ષે છે અને સ્ત્રીને બલિદાન બનાવે છે. માસ્તર નાસી જશે; નાસી નહિ જાય તોય ચાર દહાડા વગોવાયા સિવાય બીજું કાંઈ થશે નહિ. તેને વગોવવા જેટલો પણ બદલો લઈ શકાય એમ નહોતું. ધનસુખલાલનું ધર્મનિષ્ઠ અને પ્રતિષ્ઠિત કુટુંબ તેની સાતે પેઢી સાથે કલંકિત બનવા બેઠું હતું. એ કલંકમાંથી કેમ ઊગરાય ? માનવીને પાપ કરવાનો જેટલો ડર નથી એટલો પાપ પકડાવાનો ડર હોય છે. કલંક લાગ્યું તો ખરું, પણ તેનું નિવારણ શું? તેની જરા પણ જાહેરાત જગતમાં ન થાય એ માતાની પ્રથમ કાળજી થઈ પડી. પણ એ બને શી રીતે ?

'તમે બધા શું કરો છો ?' ધનસુખલાલે આવી જરા ચિડવાઈને પૂછ્યું.

પતિનો બોલ સાંભળી પત્નીએ ઝટકો વાગ્યાની તીવ્ર વ્યથા અનુભવી.

'એ જાણશે તો ? એમણે જાણ્યું હશે તો ?' તેનું હૃદય ધડકી ઊઠ્યું.

'પણે સુશીલા બેઠી બેઠી રડયા કરે છે, અહીં તું મોઢું ચઢાવીને બેઠી છે. કોઈ વઢયાં તો નથી ને ?' સાવકા સંબંધને મીઠો બનાવવામાં આજ સુધી સફળ થયેલા ધનસુખલાલને ભય લાગ્યો.

'એ બિચારી છોકરી કયે દિવસે લડે એવી છે !' સુમતિને કહ્યું.

'ત્યારે તું લડી હોઈશ.'

'મારી સાવકી છોકરી ખરી ને !' સુમતિના માતૃત્વની જ્વાલા ભભૂકી ઊઠી. સુશીલા પોતાની સગી પુત્રી નહોતી એ સ્થિતિ સુમતિને દુઃખદાયક થઈ પડી. તેના માતૃત્વે સુશીલાને વધારે બળથી બાથ ભરી.

'હું ક્યાં એમ કહું છું ? આ તો એકને રડતી દેખી અને બીજીને આમ ચડેલ મોંએ દેખી એટલે પૂછયું.'

'એમ લડીશું તોયે તમારી પાસે ફરિયાદ નહિ આવે, સમજ્યા ?'

'પણ થયું શું તે તો કહો ?'

'થવાનું શું હતું ? એક ચોપડી વાંચતાં હતાં; વાંચતાં વાંચતાં મને ને સુશીલાને રડવું આવ્યું. બીજું શું ?' માતાએ વાત ઉડાવી.

'એવી ચોપડી વાંચો છો શું કરવા ?'

'આખો દિવસ કરવું શું ?'

'બે ઘડી માળા ફેરવો; ઠાકોરજીની પૂજા કરો; ગીતાજીનો

પાઠ કરો.' યૌવન માળા ફેરવતાં ઊંઘમાં પડી જાય છે. એ સુમતિ જાણતી હતી, ધર્મ તો કહે છે કે ભોગવિલાસ વર્જ્ય ગણવા. પણ એ કેમ બનતું નથી ? ધર્મ એવું કાંઈ ન ખોળી કાઢે કે જેથી ધર્મભાવનાને આઘાત પહોંચાડયા વગર દેહની અસહ્ય તરતો છીપાવાય ?

પતિથી જે વાત છુપાવી તે સદાય છુપાયલી કેમ રહે ? તે દુનિયાનો અભિપ્રાય જાણતી હતી; તે પતિનો અભિપ્રાય પણ જાણતી હતી.

'એ જાણશે તો ઝેર દઈ એને મારી નાખશે.' સુમતિ વિચાર આવતાં જ થથરી ગઈ. બિચારી સુશીલા ! એણે પૂર્વ જન્મે શાં પાપ કર્યાં હશે કે એ વિધવા થઈ ! વિધવાનાં દુઃખનો આરો જ નહિ શું ? એણે તો મન ને દેહને મારી જ નાખવાનાં રહ્યાં ! જે ક્ષણે જગતના અણુએ અણુમાંથી સૌંદર્ય પ્રગટી નીકળે, તે ક્ષણે વિધવાએ આંખ ફોડી નાખવાની! જે ક્ષણે અવકાશ આખું મનોહર સંગીતમાં નાચી રહ્યું હોય તે ક્ષણે તેણે પગ બાંધી રાખવા ! જે ક્ષણે હૃદય ચાંદનીભર્યા સ્વપ્નો આહ્લાદ માણે તે ક્ષણે હૃદય ઉપર ખંજર તેણે પોતાને હાથે જ ભોંકવું ! પરિણીત અવસ્થા એટલે ભોગવિલાસનો પરવાનો, અને વૈધવ્ય એટલે જીવનમાં સ્મશાન અને કબરસ્તાન! શા માટે ? સ્ત્રી અણે પુરુષનો સંબંધ લગ્નની છાપ પામે ત્યારે જ પવિત્ર ગણાય ! એ તો ઠીક, સમાજ પોતાની સગવડ ખાતર રૂઢિયો અણે રિવાજો ભલે બનાવે ! પણ જેમાં સમાજની કશી જ સગવડ સચવાતી નથી એવી બાળવિધવાઔને લગ્નથી વંચિત રાખવાની રૂઢિમાં ન્યાય, દયા કે ઉપયોગ ક્યાં રહેલાં છે ? વિધવાના અંગેઅંગને

સમાજ કચરી નાખે છે. કચરાતું અંગ તરફડે અગર ચક્કીમાંથી આઘું ખસે એટલે સમાજ તેને પાપ માની હાહાકાર કરી મૂકે ?

એ પાપ ખરું ?

કે સૃષ્ટિઓ રચતા મહાસામર્થ્યને કાગળના પડથી દાબી રાખવાના સામાજિક પ્રયત્નનો પ્રત્યાઘાત ?

# ૨૭ સમાજનાં બલિદાન

હાં રે મ્હને ઝેરી નાગોએ ડંખ દીધો,
હો સંત હાવાં કેમ ઉતારશો એ ઝેર ?
હાં રે મ્હને ઘેરી સચોટ બાણ વીંધ્યાં.
હો સંત ઘાવ ઉરના રુઝાવશો શી પેર ?

**ન્હાનાલાલ**

હિંદુ સંસાર તપાસશે કે કેટલી વિધવાની માતાઓએ એવા વિચાર નહિ કર્યા હોય ! કદાચ બહુ ઝીણવટ અને સ્પષ્ટતાથી ઘણી માતાઓ આ દલીલો ન કરે; પરંતુ એટલું તો ચોક્કસ કે એકેએક માતા આવી પરિસ્થિતિમાં પોતાની પુત્રીને અણધાર્યું રક્ષણ આપે છે. પુત્રીનું પાપ એકે એવું નથી કે જે માતા માફ ન કરી શકે.

અને પાપીને કહેવાની ધૃષ્ટતા કરનાર કયો માનવી જગતમાં સર્જાયો છે ? જેણે જીવનભર પાપ કર્યું ન હોય તે પાપીને પથરો મારે ! કોઈ પથરો ઉપાડવા તૈયાર છે ?

પાપીને તિરસ્કારવાનો ઘમંડ કરનાર મહાપાપી છે. જેમ જેમ સુશીલાના વર્તનનો વિચાર સુમતિને આવતો ગયો તેમ તેમ તેને એમાં ક્ષમાયોગ્ય તત્ત્વો જણાવા લાગ્યાં. કેટલેક દિવસે તેણે પેલા ગુનેગાર વિદ્યાર્થીને પણ ગાળો દેવી મૂકી દીધી.

પ્રસંગ પડતાં બિન-અનુભવી યુવતી પણ વ્યવહારદક્ષ બની જાય છે. રડી થાકીને પડેલી સુશીલાનું માથું ખોળામાં લઈ બેઠેલી સુમતિ ઉપાયો ખોળતી હતી. સહેલામાં સહેલો ઉપાય શો ? સુશીલાને ઝેર આપી મારી નાખવી ?

'હાય હાય ! એના કરતાં હું ઝેર ન પીઉં ?'

આ ઉપાયોના વિચાર કરતાં જ થથરી ઊઠેલી સ્નેહાળ સુમતિ વધારે બળથી સુશીલાને ચોંટી. તેણે સુશીલાને કપાળે હાથ ફેરવવા માંડયો. પાછળથી નાની પુષ્પા રમતી રમતી આવી, માને ગળે વળગી પડી ને બોલી :

'બા ! મને ખોળામાં નહિ બેસાડ ?'

'કેવી અદેખી છે ! સુશીલાને સુવાડી છે તે વેઠાતું નથી, ખરું ?' સુમતિએ અડધું ઠપકા તરીકે, અડધું હાસ્ય તરીકે પુષ્પાને કહ્યું.

બાળકો પ્રેમમાં વિભાગ સહી શકતાં નથી. પુષ્પાએ કહ્યું :

'પણ મોટી બહેન કાંઈ મારા જેવડાં છે તે ખોળામાં સૂએ ?' માના ખોળામાં સૂએ ?' માના ખોળા તરફ ઘસારો કરતી બાળકીએ કરેલી દલીલનો જવાબ આપવો મુશ્કેલ હતો. બાળકોની દલીલ ઘણીખરી અનુત્તર જ રહે છે.

'લે ભાઈ ! તું ખોળામાં સૂઈ જા.' સત્યાગ્રહીને માર્ગ આપવાનું સુશીલાએ વાસ્તવિક ધાર્યું.

'ના ના, તું સૂઈ રહે. હમણાં કાંઈ કરાર વળ્યો છે તે પાછી રોઈ પડીશ.' સુમતિએ સુશીલાને સુવાડી રાખતાં જણાવ્યું.

'મોટી બહેન રડતાં હતાં ? એવડાં મોટાંથી ખોળામાં સૂવા માટે રડાય ?'

આશ્ચર્ય પામી પુષ્પાએ પૂછ્યું. પુષ્પાને શી ખબર કે માનો અંક તો મરતાં સુધી મીઠો લાગે છે ? બંને જણને હસવું આવ્યું.

'જા, થોડી વાર રમી આવ.' સુમતિએ કહ્યું.

'બા ! આપણે એમ કરીએ તો ? મોટી બહેન તારા ખોળામાં બેસે, અને હું મોટી બહેનના ખોળામાં બેસુ !' પુષ્પાએ કહ્યું.

મહાન પ્રશ્નોના ઉકેલ બાળકોને સોંપ્યા હોય તો મુત્સદ્દીઓ કરતાં વધારે સારી રીતે ઉકેલી શકે. સુશીલાને પુષ્પા ઉપર વહાલ ઊભરાયું. તેણે પોતાનું દુઃખ ભૂલી તેને પોતાની પાસે ખેંચી લીધી.

સુમતિના મનમાં એક ચિત્ર ખડું થયું. સુશીલાને પોતે ખોળામાં બેસાડે, અણે સુશીલા પુષ્પાને ખોળામાં બેસાડે ? માતાનું વાત્સલ્ય એ અખૂટ અને અનંત ઝરો છે. એક માતા અનેક પેઢીઓના પરિવારની માતા છે. તેનું વિશાળ વાત્સલ્ય એ બધી પેઢીઓને તાત્ત્વિક રીતે ખોળામાં જ સમાવે છે.

'સુશીલાને તો કાંઈ થાય જ નહિ.' માતાએ નિશ્ચય કર્યો.

ત્યારે હવે બીજો શો રસ્તો ? સુશીલાના અજન્મા બાળકને જતું કરવું પડે જ. કેવી રીતે ?

સમાજ જેને કંલક કહે છે તેમાંથી બચવા માનવી કેટલાં બીજાં કલંકો વહોરી લે છે ! જગતમાં ધસતા આવતા બાળકને આવતાં પહેલાં જ ઝેર દેવાય છે; એ ઝેરની સામે થઈને પણ

તે જન્મે તો તેને ગળે ટૂંપો દેવાય છે ! સુમતિને પુષ્પા યાદ આવી. પુષ્પાને કોઈ ફાંસો દે તો ?

સુમતિની આંખ ફાટી ગઈ. પોતાનો જીવ ભલે જાય પણ પુષ્પાને તો કાંઈ જ થવા ન દેવાય ! તો પછી સુશીલાના બાળકને પણ કેમ મરવા દેવાય ? એ બાળકનો શો અપરાધ ? પુષ્પા જીવવાને પાત્ર કેમ ? અને સુશીલાનું બાળખ મરવાને પાત્ર કેમ ? લગ્નની છાપ એકને રક્ષે છે; એ છાપ સિવાયનાં બધાં જ બાળકો મરવાને પાત્ર છે ! એ કયો ન્યાય ?

'સુશીલાના બાળકને પણ કાંઈ થાય નહિ.' સુમતિએ નિશ્ચય કર્યો. સ્ત્રીનો નિશ્ચય એ શક્તિનો નિશ્ચય છે. હસતી, રમતી, બિનઅનુભવી સુમતિ એકાએક અનુભવી અને દક્ષચતુરા બની ગઈ, તેનામાં ડહાપણ આવ્યું, કપટ આવ્યું, કુટિલતા આવી, જુઠાણું આવ્યું. તેણે પતિને અને જગતને છેતરવાનો જબરજસ્ત પ્રયત્ન આદર્યો. સુશીલાને તેણે સફાઈથી સાચવ્યા કરી. લોકોને - ઘરમાં માણસોને પણ - શક ન પડે એવી રીતે યોગ્ય વખતે તે તેને દેવદર્શને લઈ જતી, અગર માંદી પાડતી. પતિને ભોળવીને તેની આંખ આગળથી સુશીલાને દૂર રાખ્યા કરતી. સુશીલાને તો સુમતિ પ્રત્યે સંપૂર્ણ વિશ્વાસ જ હતો; તે પોતાની ભયંકર હાલત સમજી ગઈ હતી.

સારામાં સારો રસ્તો એ હતો કે સુશીલાને વિદ્યાર્થી સાથે પરણાવી દેવી; તેમ ન થાય તો અમાન્ય રીતે જન્મતા બાળકનો સ્વીકાર કરવો એ બીજો સ્પષ્ટ રસતો; પરંતુ એ બંને સ્પષ્ટ અને સારા રસ્તા સમાજે વિકટ બનાવી દીધા હતા. સલાહ આપવી

સહેલી છે; તેનું પાલન સલાહ આપનાર માટે પણ મુશ્કેલ છે. વાંકેચૂંકે રસ્તે જવું પડે, કપટ અને જૂઠાણાનો આશ્રય લેવો પડે. પાપને જરા પણ ન ઓળખે એવાં કુમળાં હૃદયને વેશ ભજવવા પડે, એ સમાજવ્યવસ્થા ઉપર જ્વાળામુખીનો રસ ફરી વળવો જોઈએ !

પરંતુ તેમ થાય નહિ ત્યાં સુધી સુમતિ બીજું શું કરે ? વિચારો કરી, ઉપાયો યોજી, થાકી ગયેલી સુમતિના મુખ ઉપર શ્યામતા આવી; તેના વાળમાં આછી શ્વેત લકીર જણાવા લાગી.

બહુ સમયથી ધનસુખલાલને વ્યાપાર અને યાત્રા નિમિત્તે થોડા માસની સફરે સુમતિએ મોકલી દીધા; પુષ્પાના જન્મ વખતે બોલાવેલી દાયણને તેણે પૈસા આપી પોતાની કરી લીધી; એકાદ જૂના નોકરને વિશ્વાસમાં લઈ પૈસા વડે તેનું મુખ બંધ કર્યું; અને વણમાગ્યા બાળકનો જન્મ થતાં તેને ચોધાર આંસુના પ્રવાહ વચ્ચે જગતના એક અંધારા ખૂણામાં વહેવરાવી દીધો. અપર-મા સગી મા કરતાંય વધારે વહાલસોયી નીકળી. સુશીલાની તબિયત થોડા દિવસ સારી નહોતી એ વાતની ખબર સુશીલા સારી રીતે હરતીફરતી થઈ ત્યારે જ લોકોને પડી.

માતૃત્વ અને પિતૃત્વ સરખા નિકટના સંબંધ બીજા કોઈ હોતા નથી. કુદરતના એ આવરણરહિત સંબંધો સૂર્યચંદ્ર સરખા સ્પષ્ટ અને સનાતન છે; સમાજે સ્વીકારેલી ઢબનાં લગ્નથી તે સંસ્કારિત થયા ન હોય તોપણ !

સુશીલાએ એક દિવસ પૂછ્યું :

'મા ! એનું શું કર્યું?'

સુશીલા હવે સુમતિને મા કહી એકવચનથી જ સંબોધતી હતી. સુમતિ સમજી ગઈ કે એ કોનો ઉલ્લેખ કરે છે.

'એ વાત જ ન કરીશ. કશું બન્યું જ નથી એમ માનીને સઘળું ભૂલી જા.' સુમતિએ સલાહ આપી.

'ભૂલવા મથું છું, પણએક વખત જોયેલું મોં ભુલાતું નથી.'

'જન્મતા બાળકનું ઘાટઘૂટ વગરનું મુખ મા સિવાય બીજા કોઈને ગમે એવું - સાંભરે એવું હોતું નથી.'

'મને કશું જ પૂછૂશ નહિ. થોડી અક્કલ લાવે તો સારું.' સુમતિને પોતાને પણ એ બાળકનું સ્મરણ દુઃખી બનાવતું હતું.

'એનું શું કર્યું એટલું જ કહે; પછી હું વધારે નહિ પૂછું.'

'એને જીવતો મૂક્યો છે. બસ ?'

પરંતુ માતૃત્વમાં 'બસ' શબ્દ છે જ નહિ. થોડે દિવસે સુશીલાએ ફરી વાત ઉપાડી :

'મા ! તું ચિડાય નહિ તો એક વાત પૂછું.'

એ પ્રસંગને ભૂલવાને ભુલાવવા મથતી સુમતિ સમજી ગઈ. તેણે આંખ કાઢી સમજાવી દીધું.

'ખબરદાર, જો એ વાત કાઢી છે તો ? તારામાં ભાન ક્યારે આવશે ?'

સુમતિ મા બની ગઈ હતી; પરંતુ તે સાથે બહેનપણી મટી નહોતી. માનું વહાલ જ અસહ્ય હોય છે; માના ગુસ્સાને કોઈ જ ગણતું નથી.

'એમ કાંઈ સમજ રાખ.'

'ફક્ત એટલું જ કહે કે એને ક્યાં મૂક્યો છે ?'

'મને ન પૂછીશ; મને કશી જ ખબર નથી !'

છતાંય તેણે ટુકડે ટુકડે હકીકત મેળવી કે જન્મતાં બરોબર એ બાળકને એક ટોપટામાં વ્યવસ્થિત રીતે સુવાડી તેમાં સારી રકમ મૂકી તેને છાનેમાને ગામ બહારના એક ભાગમાં પેલી દાયણ મૂકી આવી હતી.

એ કયો ભાગ હશે ? સુશીલાને પ્રશ્ન થયો; પરંતુ તેનો જવાબ હરગિજ સુમતિએ આપ્યો નહિ.

'એનું શું થયું હશે ? 'નામરહિત એ બાળકની ભ્રમણામાં પડેલી સુશીલાએ વળી એકવાર પૂછ્યું.

'પ્રભુ એનું રક્ષણ કરે. આપણે જેને મારવા બેસીએ તેને પ્રભુ તો જરૂર બચાવે જ.'

'એમ ? ત્યારે એ જીવતો હશે ?'

'હા.'

'મારાથી જોવાય નહિ ?'

'જા અહીંથી વેગળી ! જરા લાજતી નથી ?'

શ્વશ્વશ્વમા તરફથી વધારે હકીકત નહિ મળે એવી ખાતરી થતાં સુશીલાએ પેલી દાયણને ફોસલાવવા માંડી. દાયણને સખત હુકમ હતો કે તેણે સુશીલાને કશી જ હકીકત કહેવી નહિ. પરંતુ સુશીલાએ એ આજ્ઞાનું બળ વિનવણીથી અને પૈસાથી ઓછું કરી નાખ્યું. મહામુસીબતે સુશીલાને તેણે બીતાં બીતાં ન ચાલે એટલી હકીકત કહી. તેમાંથી સુશીલાને જણાઈ આવ્યું કે ગામને પાદરે આવેલ એકાંતમાં બાળકને મૂકવા જતાં રસ્તામાં અંત્યજવાસના અંધારા ગૌણમાર્ગનો તેણે ઉપયોગ કર્યો હતો. આખે રસ્તે કોઈ મળ્યું નહિ; પરંતુ અંત્યજવાસની એક શેરી આગળ આવતાં જ કોઈ દૂરથી આવતું દાયણને દેખાયું. ગભરાટમાં એ બાળકને ટોપલા સહ ત્યાં જ મૂકી તે નાસી આવી. એથી આગળ તેને કશી જ ખબર નહોતી.

વૈષ્ણવની દીકરીથી ઢેડવાડામાં કેમ જવાય ? એ ગૂંચવણભર્યા પ્રશ્નનો નિકાલ કરવા સુશીલા મથી રહી. તેણે એ સમયનાં પાછલાં વર્તમાનપત્રો કાઢી વાંચવા માંડયાં, કારણ એ પ્રમાણે રખડતાં મુકાયલાં, જીવતાં કે મરેલાં બાળકોની ખબર વર્તમાનપત્રો દર વખત આપ્યા કરે છે; પરંતુ વર્તમાનપત્રોની એ દિવસોની હકીકતમાંથી કાંઈ પણ વાત મળ નહિ.

પિતા શહેરસુધરાઈમાં સભ્ય હતા; પરંતુ ઢેડ઼ અને ભંગી લોકોના લત્તા જુદા હતા, એ ઉપરાંત સુધરાઈના સંબંધે વધારે માહિતી આપી નહિ. વળીસુધરાઈને ઢેડ લોકો સાથે નહિ; પરંતુ ભંગી સાથે વધારે સંસર્ગ હોય એટલી ચોકસાઈ થઈ. તેથી સુશીલાને સંતોષ થાય એમ નહોતું.

અંત્યજવાસમાં જવાય શી રીતે ? કોઈ કોઈ વખતે ફરવા જતાં તેને અંત્યજમહાલ્લામાં જવાનું અતિશય ખેંચાણ થઈ આવતું; પરંતુ ગાડીવાનને તે શું કારણ આપી શકે? એ મહોલ્લો આવતાં જ તેને અટકી જવું પડતું.

અંત્યજોના ઉદ્ધારની વાત વૈષ્ણવ ઘરમાં થાય એવી નહોતી. એક વખત હિંમત કરી સુશીલાએ ધનસુખલાલને કહ્યું :

‘આ બિચારા અંત્યજોને બહુ અન્યાય થાય છે. ઊંચ વર્ણે કાંઈ કરવું જોઈએ.’

સુમતિએ તાકીને સુશીલા સામે જોયું ધનસુખલાલે કહ્યું :

‘એ ફેલમાં તું ન પડીશ. સુધરેલાઓ ઘણા પડયા છે તે ઢેડ સાથે ખાશેપીશે એટલે ઢેડ સુધરી જશે, આપનાથી એ ભ્રષ્ટવેડા ન થાય.’

કોઈ ન સાંભળે એમ સુશીલાએ નિશ્વાસ નાખ્યો. ઢેડને અડકી ભ્રષ્ટ થઈ જતા પિતાનો દૌહિત્ર ઢેડના જ ઘરમાં ઊછરતો હશે તો ?

પોતાના ઘર પાસેથી જતી હલકી કોમની સ્ત્રીએ સાથે વાત કરવા સુશીલા તત્પર રહેતી; પરંતુ પોતે ઢેડ છે એમ કોઈ સ્ત્રીએ કહ્યું નહિ. એક દિવસ થોડી મજૂરણો ઘર આગળ લાકડાં નાખવા આવી; ઘણું ખરું એવી મજૂરણો ઘરમાં પેસીને લાકડાં નાખતી. આ મજૂરણોએ ઘર બહારના આંગણામાં લાકડાં નાખ્યાં. સુશીલાએ કહ્યું :

‘અહીં કેમ નાખો છો ? ઘરમાં નાખો.’

'અમારાથી ઘરમાં પેસાય ?'

'કેમ નહિ ?'

'અમે તો ઢેડ઼ છીએ.'

ઢેડનું નામ સાભળી સુશીલા ચમકી. 'કોળી, ભોઈ વગેરે જાતમાંથી મજૂરણો મળી આવે છે. આજે ઢેડ કેમ ?' તેણે પૂછ્યું. દુકાનદારની સાથે બીજી મજૂરણોને તકરાર થવાથી તેણે અંત્યજ કોમમાંથી સ્ત્રીઓને મજૂરી માટે બોલાવી હતી.

'તમને કેટલી મજૂરી મળશે ?' તેણે વાત શરૂ કરી.

'આટલો ભાર વહી લાવીએ ત્યારે અડધો આનો દુકાનદાર આપે.'

'એટલામાં શું પૂરું થાય ?'

'ફેરા વધારે કરીએ. ઘરમાં સાળ ચાલે છે અને થોડુંઘણું મરદ કમાય.'

'એટલું બસ થાય છે ?'

'હા; માડી ! બીજું શું કરવું, પૂરું ન થાય તોયે ! ગરીબનાં છોકરાંને કાંઈ ટાઢતડકો લાગવાનો છે ?'

'તારે કાંઈ છોકરાં છે કે ?'

'ભગવાને છોકરો એક આપ્યો છે.'

'મોટો હશે.' મજૂરણની ઉંમરનો ખ્યાલ કરી સુશીલાએ પૂછ્યું.

'ના રે ભા ! ત્રણેક માસનો થયો.'

'અને એટલામાં તું મજૂરી એ નીકળી ?'

'છોકરો મારો તો ખરો, પણ એ મારી દીકરીનો દીકરો છે. અણે અમારે શું ? અમે બેચાર દહાડે કામે વળગીએ.'

'તારી દીકરી પાસે એ નથી રહેતો ?'

'મારી દીકરી તો નથી.' આંખમાં આંસુ લાવી એ અંત્યજ સ્ત્રી બોલી, 'દીકરી હોત તો છોકરો મારે ઘેર શાનો આવત ?'

'તારો છોકરો મને ન દેખાડે ?' બીતાં બીતાં સુશીલાએ પૂછ્યું.'

'અમારાં છોકરાંમાં, બા ! શું જોવાનું ? એ તે કાંઈ રૂપાળાં છે ?'

'તારો કિસન તો રડયો નજર લાગે એવો છે.' બીજી સ્ત્રીએ કહ્યું, 'કોઈ દહાડો બહાર તો કાઢતી નથી.'

'એવું કાંઈ નથી; આ બા જેવાં પુણ્યશાળીની નજરે પડે તો છોકરાનો મનખો સુધરી જાય.'

'ત્યારે જરૂર આજે લેતી આવજે.'

'હું ભગતને કહી જોઈશ. એમને બહુ વહાલો છે.'

'ભગત કોણ ?'

'મારા ઘરમાં છે તે. એમને કૂથલી ગમે જ નહિ. મજૂરી

કરવી, ભગવાનનાં ભજન ગાવાં અને હમણાંનો આ કિસનને રમાડવો. ભગવાનનું નામ લેવાય એ માટે એનું નામ કિસન પાડ્યું.'

'તારો વર ભજન પણ ગાય છે ?'

'હા બા ! એનાં ભજન સાંભળીને તો કંઈકે દારૂમાંસ છોડયાં. બહુ જગાએ ધના ભગતને બોલાવે છે.' બીજી સ્ત્રીએ ભગતનું વધારે ઓળખાણ આપ્યું.

'ત્યારે તો જરૂર આજે ધના ભગતને મોકલજે. સાથે છોકરાંને પણ મોકલજે; હું ઝભલાં આપીશ.'

આમ ધના ભગત અને કિસનને સુશીલાનો પરિચય થયો. કિસનને જોતાં પહેલાં જ તેણે માની લીધું કે એ જ પોતાનો દીકરો; જોયા પછી તેને દીકરા તરીકે માનવા સુશીલા વધારે લલચાઈ.

ભજન સાંભળવાને બહાને સુશીલા અંત્યજ ભક્તને બોલવાતી તેમાં ધનસુખલાલે કાંઈ ભારે વાંધો લીધો નહિ. ઓટલા નીચે બેસીને ભગત ભજનો ગાતા, અને ઓટલે કે છજે બેસી ધનસુખલાલ સુધ્ધાં ભજનો સાંભળતા. ધીમે ધીમે ભગતને ઓટલે બેસવાનું માન મળ્યું.

સુશીલાએ હવે જગતવ્યવહારને સમેટી લઈ ઈંદ્રિયોના નિગ્રહમાં જ મન પરોવવા માંડયું. તેમાંયે આ પ્રસંગ પછી ચારેક વર્ષે સુમતિ ગુજરી ગઈ.

'સુશીલા ! તું છે એટલે મને મરતાં દુ:ખ નથી થતું.'

'કોણે કહ્યું કે તને મંદવાડ નહિ મટે ? એવું એવું ધારી બેસીશ નહિ.' સુશીલાએ માતાને ધમકાવી.

'હું સમજું ને ! હશે, એ વાત જવા દે. પણ હું તને કહી રાખું છું. આજ નહિ ને ચાર વર્ષે હું ન હોઉ તો પુષ્પા સાચવજે. તને સાંભરે છે તે દિવસે એણે કહ્યું હતું તે ? ત્યારથી એ તો તારે ખોળે જ છે.'

પુષ્પાને સુશીલા જ સંભાળતી હતી. મા કરતાં મોટી બહેનની માયા તેને વધારે થઈ ગઈ હતી. છતાં સુમતિએ મરતી વખતે પુષ્પાની ભાળવણી કરી. સુમતિ જતાં સુશીલાના જીવનમાં કડક વૈરાગ્યે પ્રવેશ કર્યો. દેહદમન અને આત્મસંયમ ઉપર તેણે ભવિષ્યનું જીવન રચ્યું. તે તપસ્વિની બની ગઈ. પરંતુ માનવમૃદુતાના અખૂટ ધોધ માત્ર બે વ્યક્તિઓનાં સ્મરણ અને દર્શન થતાં વહી જતાં : એક પુષ્પા અને બીજો કિસન.

વળી લગભગ ભુલાઈ ગયેલો પેલો શિક્ષક-વિદ્યાર્થી દેવ માટે નિર્માયલાં પુષ્પચંદનની સુવાસમાંથી ક્વચિત્ પ્રગટી નીકળતો, અને દેવને સ્થાને ધ્યાનના કેંદ્ર તરીકે ગુપચુપ બેસી જતો.

બે વર્ષ ઉપર જનાર્દન નામના એક સાધુચરિત પુરુષે શહેરમાં આશ્રમ સ્થપ્યો એવી હકીકત સશીલાએ વર્તમાનપત્રોમાં વાંચી અને લોકોને મુખે સાંભળી, ત્યારે તેને વિચાર આવ્યો કે કાંઈ નહિ તો પુષ્પાને એ આશ્રમ સાથે સંબંધમાં આવવા હરકત ન કરવી જોઈએ. તે કોઈ કોઈ વખત જનાર્દનને જોવા પણ ઇચ્છા રાખતી; પરંતુ પુરુષવર્ગ પ્રત્યેના અસાધારણ તિરસ્કારને લીધે તેણે એ ઇચ્છાને બળથી દાબી રાખી, પરંતુ જ્યારે એ જનાર્દન

ઘવાઈને તેના ઘરમાં આવે તે પ્રસંગે પણ તેને ન જુએ એટલી માનસિક સ્થિરતા તેને સિદ્ધ થઈ નહોતી. તેણે જનાર્દનને ખાટલા ઉપર બેભાન સ્થિતિમાં જોયો અને ઓળખ્યો. એ જ પેલો શિક્ષકવિદ્યાર્થી ! તેનું નામ પણ જનાર્દન હતું તે સુશીલા કદી કેમ ભૂલે ?

સુશીલાના પગ ત્યાંથી ખસી શક્યા નહિ. કેમ ખસે ? પંદર પંદર વર્ષથી નિદ્રા અને ધ્યાનને સ્ખલિત કરતું મુખ ફરી દેખાયું - ઓળખાયું - પછી પગમાં બ્રહ્માંડનો ભાર ન લાગે તો બીજું શું થાય ?

# ૨૮ દર્દીઓનો મેળો

બોલે બોલે છે ગિરિઓમાં
ઢેલડ ટહુકો કરે;
મારે અંતર ઊછળે અંકોર
જીવન ઝોલે ચઢે.

**ન્હાનાલાલ**

જનાર્દને આંખ ઉઘાડી. કોઈ યોગી પોતાના ભૂતકાળને ધ્યાનાવસ્થામાં નિહાળતો હોય એમ એને લાગ્યું. સ્થળ પરિચિત હતું, અને નજીક બેઠેલી પ્રગલ્ભા ?

કામ ક્રોધ લોભના ચુરા કર્યા !

ધના ભગતના ગીતનું ચરણ તેના કાનમાં હજી ગુંજી રહ્યું હતું. દેહથી મુક્ત બનેલો જીવાત્મા પોતાના ભૂમિશાયી શબને તટસ્થપણે નિહાળતો હતો. દેહ એક વખત તેનો હતો એટલું જ માત્ર કુતૂહલ તેને હતું. દેહનાં કાર્યો સાથે હવે તેને કશો સંબંધ નહોતો; એ દેહને દાટે કે બાળે તેની પરવા નહોતી.

તેણે શું પાપ કર્યું હતું ? પોતાના કાર્યને તે કદી પાપ માની શક્યો નહોતો. પુરુષ અને સ્ત્રી વચ્ચે પ્રભુએ આકર્ષણ સરજ્યું. એ આકર્ષણના સ્થૂળ આવિષ્કારમાં પાપ કયે સ્થાને હોય ?

સમાજ શા માટે તેમાં વચ્ચે આવે ? શા માટે તે મનસ્વી કાયદા ઘડે ? શા માટે એ મનસ્વી કાયદાઓ સહુ પાસે પળાવવાનો સમાજ આગ્રહ રાખે ?

તેણે નિખાલસપણે સમાજના કાયદાનો ભંગ કર્યો; પરંતુ તેણે ધાર્યું હતું એટલો સમાજ નિર્બળ નહોતો. સમાજ સામે બંડ ઉઠાવતાં સમાજ ડરીને પાછો હઠશે એમ ધારવામાં તેણે ભયંકર ભૂલ કરી હતી. સુશીલા સાથે લગ્ન કરવાની પરવાનગી નહિ મળે તો સુશીલાને ખુલ્લી રીતે લઈ જવાની દૃઢ વૃત્તિ કાર્યમાં પરિણામ પામી નહિ. સુશીલાથી ખુલ્લી રીતે ઘર છોડી જવાય એમ નહોતું. તેણે નિશ્ચય કર્યો કે સુશીલાને છૂપી રીતે લઈ જવી પરંતુ બહુ ઝડપથી તેને સમજાયું કે તેનો નિશ્ચય એ માત્ર બડાઈ જ હતી; તેનાથી સુશીલાને છૂપી રીતે પણ લઈ જવાય એમ નહોતું. ઘર, સમાજ અને રાજ્યની અખંડ ઉઘાડી આંખ ચારે પાસ અનિમિષ પહેરો રાખી રહી હતી, એ પહેરો ચુકાવવાનું તેની પાસે કંઈ જ સાધન નહોતું. ઊલટું તેને સમજાયું કે પ્રયત્નમાં નિષ્ફળતા ઉપરાંત તેનો વિનાશ સમાયેલો હતો. તેને પોતાના વિનાશની પરવા નહોતી; પરંતુ સમાજે સુશીલાના વિનાશ માટે કરી રાખેલી તૈયારી તે જોઈ શક્યો. સુશીલાને વિનાશ તે સહી શકે એમ નહોતું. સુશીલાનો વિનાશ અનિવાર્ય છે એમ પણ તેને ખાતરી થઈ; અને એ વિનાશમાંથી તેને બચાવી શકાય એવું કશું પણ સાધન નથી એમ પણ તેને નક્કી થયું. તેના હૃદયમાં પશ્ચાત્તાપની એક ભયંકર જ્વાળા સળગી.

સમાજનું બળ સમજ્યા વગર, કાર્યના પરિણામની ભયંકરતાનો વિચાર કર્યા વગર, પરિણામથી પોતાની પ્રિયતમાને બચાવવાનો

એક પણ સાધનનો અબાવ હોવા છતાં, તેણે જે કાર્ય કર્યું તે ભલે પાપ ન હોય; પરંતુ તે ભયંકર ભૂલ હતી જ. એવી ભૂલ કરવાનો તેને અધિકાર હતો ખરો? એવી ભૂલ અને પાપના પરિણામમાં કોઈ ફેર હતો ખરો ! એવી ભૂલ કરવી એનું જ નામ પાપ નહિ ? ભૂલ અને પાપમાં તફાવત કેટલો ? સંકુચિત દૃષ્ટિનું પાપ એ ઉદાર દૃષ્ટિની ભૂલ !

પશ્ચાત્તાપે તેને સળગાવી મૂક્યો. સમાજને ભસ્મીભૂત કરવાની તેણે કાંઈ કાંઈ યોજનાઓ કરી, અને અસ્તિત્વમાં હતી તેવી યોજનાઓનો આશ્રય લીધો. સમાજ સામે તેણે ભયાનક યુદ્ધ આદર્યું. પરંતુ તેમાંય તેને છેવટે એટલું જ જણાયું કે પોતે જગતના ક્લેશમાં વધારો કર્યે જાય છે. માનવી અને માનવી, માનવી અને સમાજ, સમાજનો એક વર્ગ અને બીજો વર્ગ, એક અગર બીજે બહાને કુટિતાભરી યુદ્ધપરંપરામાં સ્પષ્ટ કે ગપ્ત રહેલા સમાજ તરફ તેને સહજ અનુકંપા ઉત્પન્ન થઇ, અણે એ એ અનુકંપામાંથી આત્મભોગના ઉપલા પગથિયા ઉપર ચડી જોતાં તેને જણાયું કે યુદ્ધ નહિ પણ અહિંસા, વેર નહિ પણ પ્રેમ, સ્વાર્થ નહિ પરંતુ પરમાર્થ, એ જ સમાજસુધારણાના સન્માર્ગો છે. કરેલાં સનાતન વ્રત એ સમાજસુધારકનાં આવશ્યક વ્રત છે એમ તેની ખાતરી થઇ. એ વ્રત ધારણ કરી દેશસેવાનો મહાયજ્ઞ આરંભી બેઠેલા ગુજરાતના એક મહાતપસ્વીની પ્રખર તપશ્ચર્યા એણે દૂરથી જોઈ. એ માર્ગમાં તેના વ્યથિત હૃદયને શાતા વળી, અણે તેના પ્રાયશ્ચિત્તનું ફળ દેખાયું. જે સ્થળે તેને અને સમાજને પ્રથમ વિરોધ થયો તે જ સ્થળેથી સુધારણાનો આછો પણ સાચો પ્રયત્ન તેણે આદર્યો અને એ પ્રયત્નને તેને એવે માર્ગે દોર્યો

કે જેમાંથી તેની વિશુદ્ધ બનેલી આંખોએ સુશીલાને જોઈ છતાં વિકાર અનુભવ્યો નહિ.

બેમાંથી કોઈ જ બોલ્યું નહિ. બોલવાની ઇચ્છા હતી પણ બોલાયું નહિ. આસપાસ માણસો ફરતાં હતાં તેને લીધે જાણે બોલાતું નહોતું એમ બંનેને લાગ્યું. ખરેખર તો બંનેને બોલવાની ઇચ્છા છતાં એકે બોલ જડયો નહિ. પોતપોતાને દોષ દઈ એકબીજાની ક્ષમા પામી ચૂકેલાં, એક રહેવા સરજાયલાં; પરંતુ સમાજે સદાયનાં વિખૂટાં પાડેલાં. આ ભૂલથી ભરેલાં પુરુષ-સ્ત્રી અગ્નિજ્વાળામાં તપીને તપશ્ચર્યાની ભૂમિકા ઉપર ભેગાં થયાં ત્યારે તેમને કાંઈ પણ બોલવાપણું રહ્યું નહોતું.

બંનેએ પરસ્પર થોડી વાર ટગરટગર જોયા કર્યું. જૂના હૃદયથડકારનો ભણકાર સંભળાયો, અને સંયમની શાંતિમાં પાછો સમાઈ ગયો.

'તમનેયે વાગ્યું છે કે ?' નૃસિંહલાલનો ઘાંટો સાંભળાયો. પોતાનો પુત્ર પોલીસના મારથી બેભાન બની ગયો હતો એવા સમાચાર સાંભળી દોડી અવેલા પોલીસ-અમલદારે જનાર્દનની પણ ખબર પૂછી.

'વધારે નહિ.' સુધીલાએ કહ્યું. ઋષિના તપોવનમાં કોયલ ટહુકી; પરંતુ એ કોયલ હૃદયને દેહ તરફ ઘસડી જતી નહોતી; પોતાના ટહુકાથી અવકાશને એક બનાવી દેતી કોયલ હૃદયને ચિદાકાશના મુક્ત વાતાવરણમાં ઊડવા પ્રેરતી હતી.

જનાર્દન સૂઈ રહ્યો. નૃસિંહલાલે કહ્યું :

'આટલું ઓછું છે ? પાટો તો પાઘડી જેવો બાંધ્યો છે !'

'એ જ અમારી પાઘડી ! હા, પણ તમે કંદર્પને જોયો ? કેમ છે એને ?'

'એ અને અરુણ બંને પડયા છે ખાટલામાં. સમજે નહિ તેને શું કરીએ? ભોગ એના ?'

'તમે કાંઈ આજ દેખાયા નહિ.'

'હું તો, ભાઈ ! રજા ઉપર રહ્યો છું.' નૃસિંહલાલે કહ્યું. લાઠીમારનો હુકમ પોતાના જ પુત્ર સામે શી રીતે આપી શકાશે તેની મૂંઝવણમાં પડેલા એ પોલીસ-અમલદારે કોઈ બહાને રજા ઉપર ઊતરી જવું યોગ્ય ધાર્યું હતું.

એક પાસ ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટમાં કાયમ થવાનો લોભ હતો; પરંતુ તે સામે પુત્રનું માથું ફોડવા આજ્ઞા આપવાની ફરજ હતી. તેમણે લોભ જતો કર્યો.

'વાહ ! તમે આવ્યા હોત તો અમારી અહિંસાને તમે ઓળખી શક્યા હોત.'

અહિંસાથી કાંઈ પણ બની શકે એમ માનવા નૃસિંહલાલ તૈયાર નહોતા. તેઓ બોલ્યા :

'એ બધું તૂત રહેવા દઈ ઈશ્વરભજનમાં પડો તો તમારો ઉદ્ધાર થાય અને આ જુવાનિયાઓ કંઈ ભણેગણે અને ધંધે લાગે!'

'હું જે કરું છું તે ઈશ્વરભજન છે.'

ધનસુખલાલ ત્યાં આવી પહોંચ્યા; નૃસિંહલાલને જોતાં બરાબર તેઓ ઘૂરકી ઊઠયા :

'શું નૃસિંહલાલ ! તમારી તે કાંઈ પોલીસ છે ! આવો ઘાતકી માર તે મરાય ?'

'ત્યારે શું કરીએ ? ભાઈબાપુ કર્યે આ લોકો માને એમ છે ?'

'ન માને માટે માર મારવાનો ?'

'ત્યારે સાહેબ ! તમે જ કહોને કે એમ બીજું શું કરીએ ? લાઠીથી નહિ માને તો ગોળીબાર કરવા પડે.'

'સરકારની બુદ્ધિ જ બહેર મારી ગઈ છે ! તમે એવું શું કરો છો કે જેથી લોકોને તમારી સામે થવું પડે છે ?'

'એ અમારો વિષય નહિ. અમે તો સિપાઈભાઈ; હુકમ થાય તેનો અમલ કરીએ.'

'અમે પોલીસનો દોષ કાઢતા જ નથી.' જનાર્દને વચમાં કહ્યું.

'તમે માથાફોડ મૂકો ને ! બધું મૂળ તમારું. શું કરવા આવાં સરઘસો કાઢીએ ? વળે કાંઈ નહિ અને મારા ખાવાનો. હવે એ ધંધો મૂકી દો !' ધનસુખલાલે જનાર્દનને દબાવ્યો.

'જો મૂકી નહિ દે તો જેલમાં જવું પડશે.' નૃસિંહલાલે કહ્યું.

'કેદનો ભય હવે મિથ્યા છે.' પાછળથી આ વાતચીત સાંભળતા સાક્ષર વિમોચને પોતાની ગૌરવભરી વાણીમાં નૃસિંહલાલની

ધમકીનો ઉત્તર આપ્યો.

સહુની દૃષ્ટિ સાક્ષર તરફ વળી. પોતે લખે અગર બોલે તે પ્રત્યેક વાક્ય દુનિયાએ સંગ્રહી રાખવું જોઈએ એવી તેમની માન્યતા હતી.

'કાલ સુધી તો તમે મશ્કરી કરતા હતા, આજે કેમ ફરી બેઠા ?' નૃસિંહલાલે પૂછ્યું.

'સત્યાગ્રહનો આવો શિષ્ટ પ્રયોગ નિહાળતાં કયા સહૃદય સજ્જનું હૃદય આંદોલિત ન થાય ? મારા હૃદયનો પલટો આજ પ્રભાતમાં જ લઈ ગયો.' સાક્ષર વિમોચન બોલ્યા.

'આ ભાઈ કોણ છે ? શું કરવાને આટલું લાંબું બોલતા હશે ?' ધનસુખલાલે માહિતી પૂછી.

'એ સાક્ષર વિમોચન છે. આજ સવારના બધાની સારવાર કરે છે.' કોઈકે માહિતી આપી.

'અને હું ડિંડિમ બજાવીને સત્તા સમક્ષ રોશન કરું છું કે હવેથી પ્રત્યેક હફ્તે પતાકાવંદન થશે જ.' વિમોચને બોલી રહીને આંખ એક પાસ ફેરવી. રંજન બારણામાં ઊભી રહી આ બધી વાતચીત સાંભળતી હતી. 'કહ્યું કથે તે શાનો કવિ ?' એ સિદ્ધાંતનું અનુસરણ વિમોચન બરાબર કરતા હતા.

'ડિંડિમ શું ?' ધનસુખલાલે પૂછ્યું.

રંજને નૃસિંહલાલની પાસે આવી કહ્યું :

'આપ કશી જ વાત ન કરશો. અહીંથી બધું સંભળાય છે

અને ડૉક્ટરસાહેબ કહે છે કે આ વાત સાંભળ્યાથી કંદર્પભાઈના માથામાં ફરીથી લોહી આવે છે !'

'હેં !' કહી નૃસિંહલાલ ગભરાઈને દોડયા.

રંજન પણ કંદર્પ પાસે આવીને બેઠી; પરંતુ તેની આંખ વારંવાર અરુણ તરફ વળતી. બેભાન થયેલા સૈનિકો હવે ભાનમાં આવી ગયા હતા. ઘણા તો પ્રથમથી ભાનમાં હતા. જેમને થોડું વાગ્યું હતું તેમને ઘેર જવા માટે પણ સગવડ હતી; ધનસુખલાલ અને કૃષ્ણકાંતની મોટરોનો ઉપયોગ થઈ શકે એમ હતું. કેટલાક તો માત્ર ધક્કામુક્કીમાં ગબડી પડેલા. તેમને પણ ઘાયલ ગણી ઉતાવળમાં લાવવામાં આવ્યા હતા, એટલે અડધ ઉપરાંત ઘાયલ યોદ્ધાઓ ઘેર જઈ શકે એવા હતા.

કંદર્પને લઈ જવા નૃસિંહલાલે અને અરુણને લઈ જવા સુરભિએ આગ્રહ કર્યો; પરંતુ ધનસુખલાલ કોઈ પણ દર્દીને ખસેડવાની વિરુદ્ધ હતા, અને તેઓ વરુદ્ધ હોય તે બાબતમાં બહેસ કરવાની કોઈની મગદૂર નહોતી.

'તમે એક ઑર્ડર્લી વધારે બેસાડજો - અમારી સારવાર બરાબર ન લાગતી હોય તો. તમારે પોલીસ-અમલદારને શું ? અને તમને આવતાં કાંઈ વાર થવાની છે ? મોટર ચાર વખત વધુ દોડાવજો. આ વખતમાં જેટલું માગશો એટલું ભથ્થું સરકાર આપશે.'

અરુણને લઈ જવાનો આગ્રહ કરતી સુરભિને ધનસુખલાલે ધમકાવી કાઢી :

'સુરભિવહુને કેમ આટલો બધો મમત છે ?' તેમણે પૂછ્યું. વર્તમાન સ્ત્રી-જગત 'વહુ'ના જાહેર સંબોધનથી મૂંઝાઈ જાય છે. એ શબ્દોચ્ચારથી તેની નાજુક રસિકતાને આઘાત પહોંચતો લાગે છે. વડીલોનો લાડકોડભર્યો એ શબ્દ ધીમે ધીમે અપ્રિય થતો ચાલ્યો છે; ધનસુખલાલ જેવા કોઈ જૂના સંસ્કારને ચીવટાઈથી વળગી રહેનાર વડીલો જ તેના ઉચ્ચારણનો આગ્રહ રાખે છે. શબ્દોના પણ -માનવીની માફક - વારાફેરા હોય છે.

'એમના ભાઈને હરકત નહિ પડવા દઈએ.' તેમણે કહ્યું.

'પણ મારો જીવ ન રહે.' સુરભિએ કહ્યું.

'ત્યારે તમે અહીં રહો. અમારે ત્યાં તમારો સાહેબશાહી શોખ પૂરો નહિ પડે એટલું જ.'

'બહેન ! મારી પાસે કોઈની જરૂર નથી. બેચાર દિવસમાં ઠીક થશે એટલે હું ચાર દિવસ તારે ત્યાં આવીશ.' અરુણે કહ્યું.

'અને ભાભી! હું અહીં છું ને ?' રંજને કહ્યું.

સહુ કોઈ રંજન તરફ જોઈ રહ્યાં. અંઘોળ અને દેવસેવાની ઝીણામાં ઝીણી વિગતો પાળતા ઘરમાં ચોવીસે કલાક આ મડમ મનાતી યુવતી કેમ રહી શકશે ?

'તારે મન હોય તો જા ને ? વખત-બેવખત આવી જજે. અહીં તું કંટાળી જઈશ.' પુષ્પાએ - કદી ન બોલે એવી પુષ્પાએ વિવેક કર્યો.

'કંટાળું શા માટે ? બધાને પાટા બાંધવા અને દવા આપવી

તે તારાથી નહિ પહોંચાય. અને હું તો મોટીબહેન કહેશે એટલી વાર નાહીશ અને અબોટિયાં પહેરીશ.' રંજને જવાબ આપ્યો.

'હા-હા-હા' અબોટિયાં પહેરેલી રંજનનો ખ્યાલ આવતાં ધનસુખલાલ હસી પડ્યા. 'એ ઠીક છે; એને રહેવા દો. ઘડી જંપીને બેસશે નહિ અને એવી વાતો ખૂટશે નહિ; પુષ્પા અને સુશીલાને પણ ગમશે.'

રંજન ઘરમાં રહે એ પુષ્પા અને સુશીલા બંનેને ગમે એવું હતું; પરંતુ પુષ્પાએ પિતાની દરખાસ્તને જરા પણ ટેકો આપ્યો નહિ. જરા કડકાઈ ભરી આંખે તે રંજન સામે જોઈ રહી; રંજન પણ તેના સ્વભાવ પ્રમાણે હસતું મુખ રાખી પુષ્પા સામે જોઈ રહી. ક્ષણ-બે ક્ષણ બંનેએ પરસ્પરની સામે જોયું. બંનેને લાગ્યું કે બહેનપણીઓ દુશ્મન તો નથી બની ગઈ ?

'હું પણ અહીં જ છું; ફિક્ર ન કરશો.' એક પાસથી સાક્ષર વિમોચન બોલી ઊઠ્યા. ઉર્દૂફાર્સી શબ્દોના ઉચ્ચાર પણ અતિશુદ્ધ રહે તેની સાક્ષરો કાળજી રાખે છે. ફિક્રને કોઈ ફિકર કહે તો તેમને ઝટકો લાગે છે.

'નહિ નહિ, આપનો અમૂલ્ય સમય શા માટે અહીં બરબાદ કરવો ? દર્દીઓની સેવા સ્ત્રીઓને સોંપો અને આપની સાહિત્યસેવા ચાલુ રાખો.' રંજને કહ્યું.

'સાહિત્યસેવા ઘણીખરી; આજ સુધી કરી. થોડી દેશસેવા પણ કરી લઉં.' વિમોચને જણાવ્યું. થોડું કર્યે ઘણું માની લેવાનો વિવેક સાહિત્યઉપાસકો કરી લે છે, એ ખુશી તવા જેવું છે. દર

માસે એક કવિતા, એક લેખ કે એક વાર્તા લખનાર સાક્ષર આખા ગુજરાતી સાહિત્યને ટકાવી રાખ્યાનું અભિમાન લે તો તેને તે લેવા દેવું જોઈએ. સાક્ષર વિમોચને તો પુસ્તકો પણ પ્રગટ કર્યાં હતાં. તેમણે ઘણી સાહિત્યસેવા કરી એવું કહેનાર અનેક માનવીઓ હતાં. એ બધાને ખોટા કહેવરાવી પોતાની સાહિત્યસેવાને અલ્પ ગનાવવાનું જૂઠાણું સેવવાનું તેમને પ્રયોજન શું ? સાક્ષરો ખોટો વિવેક કદી નહિ કરે !

રંજને સમજી લીધું કે આ સાક્ષર પોતાની દેશસેવા રંજનને બતાવવા માગે છે. દેશસેવા પણ અનેક હેતુને લઈને થાય છે; તેથી જ સેવ્ય કરતાં સેવકોની સંખ્યા ઘણી વધી જાય છે. રમવા માટે એક રમકડું ભલે કહ્યું એમ ધારીને રંજને વિમોચનની હાજરી માગી લીધી, પરંતુ આજ તેને સ્પષ્ટ થયું કે તેની દેશસેવા પણ શુદ્ધ તો નથી જ; કોઈક વ્યક્તિની પાછળ તે ઘસડાય છે.

# ૨૯ આકર્ષણ

ગાલે ઢળે નમણી પાંપણ અર્ધમીંચી,
ઢાંકે વળી વળી જ પાલવ ઉરદેશ;
સંકોરી કોર સરતી કરવેલડીએ,
તેના નથી રસિક શાસ્ત્રીય ભાષ્યકારો.

**ન્હાનાલાલ**

આકર્ષણ એ જગતનો સર્વવ્યાપી સનાતન નિયમ. ઇશ્વરને શોધતા તપસ્વીએ કે દેશને માટે મરવા તત્પર થયેલા વીરે આકર્ષણના અસ્તિત્વથી શરમાવવાની જરા પણ જરૂર નથી; ધર્મ, દેશ, રાજ્યનીતિ, એ સઘળાંમાં ફેરફારો થયે જાય છે, પરંતુ એ ફેરફારોની વચમાં સ્ત્રીપરુષોનાં પરસ્પર આકર્ષણ સર્વદા સજીવન રહેલાં છે અને રહેશે જ. એ આકર્ષણ પર માનવ જિંદગીનો આધાર છે તેમ માનવસંસ્કારનો પણ આધાર છે. ગૃહ, કુટુંબ રાષ્ટ્ર કે જગતનું એ આકર્ષણ આદિકારણ છે એટલું જ નહિ, તે જગતની કવિતા છે, ફિલસૂફી છે અને ધર્મ પણ છે. એ પશુતા નથી; પશુતાને પવિત્ર કરતું કુમળામાં કુમળા અને તીવ્રમાં તીવ્ર ભાવસમૂહનું અનિવાર્ય, અલૌકિક અને અલબેલું સંયોગીકરણ છે. એને પશુતાનું નામ આપી પશુને નિંદવાનું પણ શું કારણ ? પશુઓને પણ એ આકર્ષણ ઉન્નત નહિ કરતું હોય એમ કયા પશુવિજ્ઞાનીએ કહ્યું ?

એ કેમ, કેવી રીતે, શા માટે પ્રગટ થાય છે એનું વિવેચન કોણ કરી શકે ? ન અરુણને સમજ પડી, ન પુષ્પાને સમજ પડી, ન રંજનને સમજ પડી. સહુ કોઈની સારવાર સારી રીતે થતી; પરંતુ પુષ્પાને અને રંજનને મનમાં એમ કેમ રહ્યા કરતું હતું કે અરુણની સારવાર પૂરતી થતી જ નથી! અને એ બંનેને એમ કેમ લાગતું હતું કે પોતાના હાથ સિવાયની બીજા કોઈની સારવાર ઈચ્છવા સરખી નહોતી ?

'આ પોટો કોણ બાંધ્યો ?' પુષ્પાએ પૂછ્યું.

'રંજનગૌરીએ.' અરુણે કહ્યું.

'એને મેં ના પાડી હતી તોય માનવી નથી. ફર્સ્ટ-એઈડ શીખી તો યે પાટો બાંધતા ન આવડયો.'

એમ કહી પુષ્પાએ પાટો છોડી નાખી બીજો બાંધ્યો. રંજને આવીને જોયું.

'પાટો પુષ્પાએ બદલ્યો ને ?' તેણે પૂછ્યું.

'હા, કાંઈ ઠીક નહોતો એટલે બદલ્યો.' અરુણે કહ્યું.

'એ જાણે છે કે એના જેવા હાથ બીજા કોઈનો નથી. પણ આ આયોડિનની શીશી અહીં જ ભૂલી ગઈ છે. સરતચૂક થાય તો ?'

અરુણ વિચારવા લાગ્યો કે સારવારની ખામી બીજા કોઈ દર્દી પાસે દેખાતી નથી અને પોતાની પાસે જ કેમ દેખાય છે?

'પુષ્પા ! તું શું કરે છે ?' રંજને પૂછ્યું.

'કેમ ? બીજી વારની દવા પાઉ છું.'

'એ તો મેં પાઈ દીધી.'

'શું કરવા તેં પાઈ? પછી મને ગૂંચવાડો પડે છે !'

'એમાં ગૂંચવાડો શાનો ? એટલી તારે મહેનત ઓછી !'

'મહેનતની વાત પછી, ગોઠવણમાં હરકત આવે ને ?'

'બધાની આટલી બધી કાળજી રાખીશ તો વહેલી મરી જઈશ.' હસીને રંજને કહ્યું.

પુષ્પા કાંઇ બોલી નહિ; પરંતુ અરુણની સારવારમાં રંજન કાંઈ ડહાપણ ન કરે તો સારું એમ તેણે મુખભાવથી દેખાડયું. અરુણ ઓશિયાળો બન્યો. શા માટે આ બંને યુવતીઓ પોતાની આટલી બધી કાળજી રાખતી હશે ?

સૂતેલા અરુણના પાટાથી કદરૂપા બનેલા મુખ સામે નિહાળી બેસી રહેલી રંજનને પુષ્પાએ સલાહ આપી :

'રંજન ! તું બહુ વાર બેઠી ! હવે થાકી ગઈ હોઈશ. જરા ફરી આવ; હું બેસું છું.'

'મને કાંઈ જ થાક લાગ્યો નથી.'

'તોયે તું ફરી આવ. હજી ઘણું કામ બાકી છે; તેમાં કંટાળી જઈશ.'

રંજને આંખ ઝીણી કરી પુષ્પા સામે જોયું, હસીને જરા ડોકું હલાવ્યું, અને તેમાં એવા ભાવનું સૂચન કર્યું કે હું બધું જાણું છું !

અરુણે આંખ ઉઘાડી તો બંને પરીઓ તેની બાજુ ઊભી રહી છે.

પોતાના મહત્ત્વ કરતાં ઘણું વધારે ધ્યાન પોતાને અપાય છે એમ માનતા અરુણે બંનેને કહ્યું :

'આપને કોઈને બેસવાની જરૂર નથી. હું મારી મેળે બેસી શકું છું. પછી આપને શા માટે વધારે મહેનત આપવી ?'

'ના ના, હજી એમ એકલા ન છોડાય.' પુષ્પાએ કહ્યું. અને તે પાસે પડેલી ખુરશી ઉપર સ્થિરતાથી બેઠી. જાણે હવે

ત્યાંથી ખસવું જ ન હોય !

'ત્યારે હું જરા જઈ આવું ?' રંજને ઊભી થઈને અરુણને પૂછ્યું. તેના સ્મિતભર્યા મુખ ઉપર ન સમજાય એવું આકર્ષક હાસ્ય સર્વદા રમી રહેતું; અરુણની આંખ ઘણી વાર ચોર બનતી. તેને હા પાડી. રંજનની ચાલમાં કંઈ એવું લાલિત્ય હતું કે તેને આવતી અગર જતી જોવાનું સહુને મન થતું. ત્યાંથી જતી રંજન તરફ અરુણ જોઈ રહ્યો તે પુષ્પાએ જોયું અને તેની આંખના ખૂણામાં ઈર્ષ્યા ચમકી.

'છટકેલ !'

પુષ્પાના મનમાં ઉદ્‌ગાર ઊઠ્યો. પોતાની સહીપણીમાં તે ઘણી ખામીઓ જોતી હતી. તેનો સ્વચ્છંદભર્યો પોશાક, તેની લટકભરી ચાલ, તેનો હસમુખો ચહેરો, તેની અતિચપલ આંખ, અર્થ વગરની છતાં મોહભરી વાતચીત, અને તેનું સંકોચરહિત હલનચલન તેનામાં નવું પરંતુ અજાણ્યું માધુર્ય ઉમેરતાં હતાં. સ્ત્રીઓ જાણી જોઈ મોહક બનવા મથે એ આપણા સાંકડા મનને રુચતું નથી. સ્વામાનભરી કલામયતા કોઈ યુવતીમાં દેખાય તો તેને સમાજ છટકેલ ગણે છે. રૂપ એ જાણે રૂપજીવનનો જ ધર્મ હોય એમ સમાજની માન્યતા લાગે છે. વાંકી સેંથી, ઝીણો ચાંલ્લો, નીચો અંબોડો, કપાળ ઉપર વળતા વાંકા વાળ : આ અને આવા બધા પ્રસંગોમાં કલાતત્ત્વ માગતું કિશોરીનું પ્રગતિમય માનસ અને સમાજના બંધનમાંથી રીઢી બની ગયેલી માતાનું સંરક્ષક માનસ, એ બે વચ્ચે નિત્યકલહો આ વૃત્તિસંઘર્ષના નમૂના રૂપ છે. નવીનતામાં કશો જ લાભ ન દીઠાથી બહુ બળપૂર્વક જૂના આચારવિચારને વળગી રહેતી સુશીલાના શિક્ષણમાં ઊછરેલી પુષ્પાને રંજનની મોહક છટામાં છટકેલપણું ભાસે એ સ્વાભાવિક

હતું. અત્યાર સુધી છટકેલપણું માત્ર હસવા લાયક હતું; હવે પુષ્પાને મન તે દૂષિત બની ગયું. બાકી તેને ખરેખર ભય લાગ્યો : રંજન કરતા રંજનની છટા વધારે ભયંકર લાગી.

પુષ્પાની કેળવણી તેને અરુણ પાસે વધારે વાર બેસવા દેતી નહિ, તેને ઘડીઘડી એમ થયા કરતું કે પુરુષોની સારવારનો પિતા અને બહેન કેવો અર્થ લેશે ? જ્યાં પાંચ મિનિટનો ખપ હોય ત્યાં દસ મિનિટ ગાળી શકાય; પરંતુ પાંચ મિનિટને બદલે કલાક ગાળવો એ જગતનો વહેમ વહોરવા સરખું હતું. તે સહુને પાટા બાંધતી, દવા પાતી, ઓરડાઓમાં સ્વચ્છતા રાખતી, જમાડતી; પરંતુ તે ઉપરાંત કોઈની સાથે વાતો કરવી, કુટુંબની હકીકત પૂછવી, કોઈને હસાવવું, રિઝાવવું, એ તેનાથી થઈ શકતું નહિ, તેનામાં સેવા કરવાની પ્રબળ વૃત્તિ હતી; પરંતુ ગૃહશિક્ષણે તેની રિઝાવવાની શક્તિ ઘટાડી દીધી હતી. ગંભીર, ઠરેલ, વગર જરૂરનો એક શબ્દ પણ ન ઉચ્ચારતી, સ્મિતમાં પણ સ્વછંદ જોતી પુષ્પા સહુના માનને પાત્ર બનતી હતી; પરંતુ રંજનને જોતાં દર્દીઓને જ ઉમળકો થઈ આવતો તે પુષ્પાને જોતાં ન થતો.

રંજન બધી પથારીઓ આગળ ફરી વળતી. કંદર્પની પાસે બેસતી તે જ પ્રમાણે બીજા સામાન્ય દર્દીઓ પાસે પણ તે બેસતી. બધાયની તે મિત્ર હોય તેમ સહુની સાથે છુટથી વાત કરતી. ક્વચિત્ વાદવિવાદ કરતી, કોઈની આગળ વર્તમાનપત્ર વાંચતી અને કોઈના ભવિષ્યનો કાર્યક્રમ બહુ રસપૂર્વક સાંભળતી; તેને જોતાં દર્દીનું અરધું દુઃખ ઓછું થઈ જતું. રંજન ક્યારે આવશે તેની વાટ દર્દીઓ જોયા કરતા.

ધના ભગત ઘણુંખરું સાંજે આવી ભજનો ગાઈ જતા. દર્દીઓ એવા નહોતા કે જેમનાથી સહજ હલાયચલાય નહિ.

ધના ભગતને ઘર ચૉક સુધી આવવાની રજા મળી હતી, એટલે ચૉકની ઓસરીમાં દર્દીઓ આવી બેસતા અને ભજન સાંભળી સંગીતનો, અગર ભાવ કે ચાતુર્યનો આનંદ, અધિકાર અનુસાર લેતા. આઠદસ દિવસમાં તો બધાય દર્દીઓને રજા મળે એમ હતું.

એક દિવસ સંધ્યાકાળે ધનસુખલાલે આવી ઓસરીમાં બેઠેલા દર્દીઓ સન્મુખ જનાર્દનને ઉદ્દેશી કહ્યું :

'તમારા બધા ઉપર ફરિયાદ થવાની છે એમ ખબર પડી છે.'

'અમારી તો સજા માટે તૈયાર જ છે. કંદર્પ બોલ્યો.'

'કહેવું સહેલું છે, પણ જેલની જાળીઓ જોવી મુશ્કેલ છે.'

'મેં તો ઘંટી દળવાનો અભ્યાસ પણ કર્યો છે, કાકાસાહેબ ! અમે જઈશું એટલે જેલની જાળીઓ ઓગળી જવાની !' કંદર્પે કહ્યું.

'જેલમાંથી પાછા આવો ત્યારે મને એ વાત કરજો.'

ધનસુખલાલે સહજ મશ્કરીમાં કહ્યું. જોકે તેમને ખાતરી થઈ ગઈ હતી કે વર્તમાન ગુજરાતનો યુવક કેદના ભયથી પર બન્યો છે.

'વાત પણ શું કરવા કરવી ? મને તો ધના ભગતનો બોલ બોલ યાદ આવ્યા કરે છે : "મરવાનો પણ મોહ શા માટે ?" તે જ પ્રમાણે જેલમાં જવાનો મોહ અને મમતા શા માટે ? તે પણ અહંતા મૂકીને કરવાનું છે.' જનાર્દને કહ્યું. સુશીલા દૂર બેઠીબેઠી આ વાક્યપરંપરા સાંભળી રહી.ક તેણે માત્ર જનાર્દનની સામે જોયું અને નજર ખસેડી લીધી. બંનેના હૃદયમાંથી વિકાર ઓસરી ગયો હતો એમ આટલા દિવસના સહવાસથી બંનેને

ખાતરી થઈ.

'આજ કેમ ધના ભગત દેખાતા નથી ?' ધનસુખલાલે પૂછ્યું.

'કિસનની તબિયત કાલે બહુ સારી નહોતી : આજે પણ એમ હોય એટલે નહિ આવ્યા હોય.' અરુણે કહ્યું. અરુણને ધના ભગત માટે માન હતું. માત્ર તેમની ધાર્મિક ભાવનાઓમાં બુદ્ધિજન્ય ઊતરતાપણાનો તેને થયેલો ભાસ હજી પણ ઓછો થયો નહોતો. જેમાં તેમાં પ્રભુની સહાય માગવી, અને સારાંખોટાં સર્વ કર્મોમાં પ્રભુનો હાથ જોવો, એ અરુણને મન અશક્તિની ફિલસૂફી હતી. છતાં તેને ભગતનાં ભજનો ગમતાં, ખાસ કરીને મર્દાનગી ભરેલા ચાબખા કે વીરત્વભર્યાં પ્રોત્સાહન-પ્રેરક ગીતો હોય ત્યારે.

'ત્યારે આજે ભજન નહિ થાય ! આ છ-સાત દિવસ રંગ ઠીક જામ્યો !' ભાવિક ધનસુખલાલને સાંજનો ભજનનો કાર્યક્રમ ઘણો ગમી ગયો હતો.

'કાર્યક્રમ બંધ ન રખાય; કોઈએ ગાવું પડશે. આટલામાંથી કોઈ નહિ તૈયાર થાય ?' અરુણે પૂછ્યું.

'અલ્યા કંદર્પ ! તું ગાય છે કે નહિ ? દેખાય છે તો છેલ જેવો.'

'ના રે કાકાસાહેબ ! હું ગાઈશ તો ભગવાન પણ ભાગી જશે.'

સાક્ષર વિમોચનને સ્ત્રીઓ તરફ ઘણો સદ્‌ભાવ હતો, તે તેમણે પ્રદર્શિત કર્યો. પુષ્પા અને રંજને નીચું જોયું. સુશીલાએ રંજનના વાંસા ઉપર આછી થપાટ મારી કહ્યું :

'છોકરી તું ગા ત્યારે.'

'ના ભાઈ ! અહીં નહીં. તમે એકલાં હો ત્યારે.' ધીમેથી રંજને સંકોચાઈને કહ્યું.

'હા, રંજન ખરી! એ સારું ગાય છે. પણ એ તો ભાઈ ઉસ્તાદી ગાશે અને અમને સમજ નહિ પડે.' ધનસુખલાલે કહ્યું.

'હરકત નહિ, રંજન ! જરા સાદું ગાજે.' સુશીલાએ આગ્રહ કર્યો.

'ના મોટીબહેન ! શરમ આવશે.' રંજને કહ્યું. તેના મુખ ઉપર ખરેખર રતાશ હતી.

'ચાલ ચાલ, ડાહી ન થઈશ. હજાર માણસ વચ્ચે થિયેટરમાં ગાતાં શરમ નથી આવતી અને અહીં શરમ શાની ?' સુશીલાએ રંજનને ધમકાવી. સહુએ થોડોવધતો આગ્રહ કર્યો, અને છેવટે ધનસુખલાલે બૂમ પાડી એટલે રંજને ગાવાનું કબૂલ કર્યું. સહુ સ્થિર થઈને બેઠાં. સૌંદર્યભરી કનકવાદળીમાંથ જેમ મેઘધનુષ્ય પ્રગટ તેમ રંજનના કંઠમાંથી સૂરની સેર ચાલી :

ઘેલી ગોપી કોના તું લે છે ઓવરણ ?
નંદકુંવર હૃદયેશ્વરી આવી
ઊભો મારે બારણ. ઘેલી૦
હૈયે નવરસ ખટરસ દેહે
ગોપી તણે શીશ ભારણ.
જગગોરસભરી મોંહમટકીનો,
કાન્હડ એક ઉતારણ. ઘેલી૦
ભાનભૂલી, પગલાં અસ્થિર -
નયને શાં ઊંડાં ધારણ ?
રસભર રાસ રમાડયા રસિ

સારી રાતનાં જાગ્રણ. ઘેલી૦
જન્મે જન્મે તરસી રાધાને
જુગ જુગનાં સંભારણ;
મુરલીનાદ સુણી હું ઝબકી,
ભવભવના એ ઉદ્ધારણ. ઘેલી૦

જીવનનાં કંઈ ઝેર ચઢયાં, શે
શોધું હું મોહનમારણ ?
રાધાને મુખ આઠે પહોરે
કૃષ્ણ કૃષ્ણ ઉચ્ચારણ. ઘેલી૦ *

.......................

*રાહ : નાથ કૈસે ગજકો બઁધ છુડાયો

# ૩૦ સ્નેહસ્ફોટન

તેને માંડવ તેજનાં પુષ્પો,
તેજનું મંદિર રસનું વડું;
તેજની વેલી ઝુલાવે ઝુલો નિજ,
અંતર મારુંય ઝીલે ચડયું.

સુધરેલી રંજનને મુખે રાધાકૃષ્ણના પ્રેમનું સાદા રાહવાળું ગીત સાંભળી પર વૈષ્ણવ ધનસુખલાલ તો રાજીરાજી થઈ ગયા. રંજન પ્રત્યે તેમને સદ્‌ભાવ થયો અને સુધરેલા લોકો પ્રત્યેનો સામાન્ય અણગમો સહજ ઓછો થયો.

'રંજન ! તારા કંઠમાં તો અમૃત ભર્યું છે, અને તેમાંય ભગવાનનું નામ આવે, પછી વાત શી કરવી ? વાહ !' ધનસુખલાલે પ્રમાણપત્ર આપ્યું.

સહુ કોઈ રંજનના ગીતથી મુગ્ધ બની ગયા હતા. અરુણ તો એ ગીતમાંથિ કંપ અનુભવતો હતો. તેને સંગીતનો પરિચય નહોતો. સારા કંઠવાળું કોઈ માનવી ગાય તો સામાન્ય મનુષ્યને ફૂરસદને સમયે તે સારું લાગે, એવી તેની સંગીત પ્રત્યે વૃત્તિ હતી. આજનું સંગીત તેને કંપાવતું હતું - તેના હૃદયમાં આહ્લાદની ઊર્મિઓ ઉપજાવતું હતું.

સ્ત્રીઓ ગાયા કરે તો કેવું ! આટલા જ માટે પ્રભુએ તેમને સંગીતભર્યો કંઠ તો નહિ આપ્યો હોય ?

પ્રભુનો વિચાર આવતાં તે જરા અટક્યો. તેના મનમાં વિરોધ જાગ્યોઃ 'મને પણ આ ભગતડાંનો ચેપ લાગ્યો કે શું ?'

ધનસુખલાલે આગ્રહ કરી રંજન પાસે વધારે ગીત ગવરાવ્યાં. રંજનને શાસ્ત્રીય સંગીતનો શોખ હતો એ વાત ખરી; પરંતુ તેથી ગરબા, ગરબી અને ભજનો ગાવામાં તે નાનમ સમજતી નહિ. શાસ્ત્રીય સંગીતને લીધે કેળવાઈ રહેલો તેનો કંઠ સાદા ગીતમાં પણ અજબ રણકાર અને માધુર્ય પૂરતો, રંજનનાં સૂર-આંદોલનો સહુને નિદ્રામાં પણ મધુરો વિક્ષેપ ન પાડતાં. મધુર વિક્ષેપ પડયો માત્ર પુષ્પાને. અગર એમ પણ કહી શકાય કે તેને આખિ રાત સતત વિક્ષેપ રહ્યો. રાતમાં રંજને તેને પૂછ્યું :

'પુષ્પા ! આ મધરાતે શું લઈને બેઠી છે?'

'કાંઈ નહિ; મને અત્યારે ઊંઘ નથી આવતી.'

પુષ્પા કાગળ, રંગ અણે પીંછીઓ લઈ કાંઈ ચિત્ર દોરતી હતી.

રંજનને પણ ઊંઘ આવતી હોય એમ લાગ્યું નહિ. એક કલાક રહીને ફરી તેણે પૂછ્યું :

'પુષ્પા ! હજી જાગે છે ?'

'હા; આંખ મીંચાતી જ નથી.'

'એવું શું ચીતરવા બેઠી છે ?' એમ કહી રંજન પથારીમાંથી ઊઠી પુષ્પા પાસે આવી.

'તને બતાવવું જ નથી !' કહી પુષ્પાએ હસતાં હસતાં કાગળ ઉપર હાથ ધર્યો. એ હાથને ખસેડી નાખતી રંજન બોલીઃ

'ચાલ ચાલ, જોવા દે. તારાં ચિત્રોનું તો હવે એક પ્રદર્શન ભરવું જોઈએ.'

'કાંઈ સારું નથી. ક્યારની મથું છું પણ એ ભાવ આવતો જ નથી.'

પુષ્પાએ અસંતોષ બતાવ્યો.

'વાહ ! આંખે ઊડીને વળગે એવું તો છે ! રાધાકૃષ્ણ કેવા સુંદર કાઢ્યાં છે. ! Orthodox fashion નથી.'

'તારા સંગીતનું સૌંદર્ય ચિત્રમાં ઊતરતું નથી. તારું આખું ગીત મારે ચિત્રમાં આલેખવું છે; પરંતુ ચિત્રના ટુકડા પાડયા વગર બધા ભાવ આવી શકે નહિ.'

'એ તો કાંઈ હું સમજું નહિ. હું એટલું જાણું કે સંગીત ક્ષણજીવી અને ચિત્ર ચિરંજીવી.'

પુષ્પાએ આ બે કલાનો ભેદ વિચારી જરા સ્મિત કર્યું અને કહ્યું :

'હું નથી ધારતી કે તારાં ગીત ભુલાઈ ગયાં હોય.'

'પણ પુષ્પા ! તું પુરુષનાં મુખ ચીતરે છે તે કોના model - નમૂના ઉપરથી ?'

પુષ્પા જરા ચમકી. પછી તેણે ભ્રમરોને જરા સંકેલી લીધી

અને કહ્યું :

'મારે તો model છે જ નહિ. કલ્પનામાં આવે તે model.'

'તારી કલ્પનામાં અરુકાન્ત જ હમણાંના આવે છે, નહિ વારુ ?'

'જા, જા ! તારે મશ્કરી સિવાય બીજું કામ નથી.'

'હું મશ્કરી કરતી નથી. હું તારી આંખમાં જ એ નમૂનો જોઉં છું. તું અરુણકાન્તે ચાહે છે !'

ના કહેવી હોય તો જ આવા પ્રશ્નોના ઉત્તર સીધા આપી શકાય. સુધરેલી રંજન તો આવું સહજ બોલી શકતી; પરંતુ પુષ્પાની કેવળણી તેને સ્નેહ અને પ્રેમ જેવા શબ્દોનો ઉચ્ચાર કરતાં પણ રોકતી. એવી વાતમાં તેને અસભ્યતા લાગતી. તેણે જવાબ આપ્યો :

'આવું આવું બોલે છે તે મોટીબહેન સાંભળશે તો તને અને મને મારી નાખશે. ચાલ, સૂઈ જા મને થાક લાગ્યો છે; હુંય પથારીમાં પડું છું.'

બંને જાણી પથારીમાં સૂતી. ઘણી વખતે જાગૃત જીવન કરતાં સ્વપ્નજીવન વધારે મધુર હોય છે. જાગૃતાવસ્થામાં આપણી ઇચ્છા ફળીભૂત થાય તો એવી વિકૃતિ પામીને કે ફળીભૂત થવાનો આનંદ તેમાંથી ચાલ્યો જાય છે. સ્વપ્નમાં ભૌતિક પ્રકૃતિની જડતા ઓગળી જાય છે, એટલે પંચતત્ત્વો આપણી ઇચ્છાને અનુકૂળ બની જાય છે. સ્વપ્નમાં પ્રકાશ સર્વદા શીળો હોય છે; પવનની લહરી સ્વપ્નશીલને તેની ધારણા પ્રમાણે ઊડવા દે છે; અને

સ્થૂળ પર્વતોની દીવાલો પણ તેને માર્ગ આપે છે. અનુકૂળ સ્વપ્ન માણ્યા પછી યોગસિદ્ધિમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

ખરું શું હશે ? જાગૃત કે સ્વપ્ન ? અને આ જાગૃતાવસ્થા પણ કોઈ અન્ય અવસ્થાનું સ્વપ્ન હોય તો ?

રંજનને અને પુષ્પાને શાં સ્વપ્નાં આવ્યાં હશે તે તો તેમને ખબર; પણ ઉજાગરો કર્યો છતાં પણ રંજન બહુ વહેલી ઊઠી. તેણે જોયું કે પુષ્પા હજી સૂતી છે. પ્રભાતનું ઝાંખું અજવાળું જગતને પ્રાતઃસ્નાન કરાવતું હતું. એ અજવાળામાં બારીએથી ડોકું કાઢતાં રંજને એક માણસને સાઈકલ ઉપર બેસી ઘરના બારણા પાસે ઊતરતો જોયો. ઓટલે એક નોકર ઊંઘતો હતો, તેને ઉઠાડવાનો પોલીસ વિચાર કરતો હતો, એટલામાં જ રંજને ઊતરી આવી બારણું ખોલ્યું અણે પેલા માણસને પૂછ્યું :

'કોનું કામ છે ?'

'હું ચેતવણી આપવા આવ્યો છું. અરુણ, કંદર્પ અને જનાર્દન ઉપર પકડહુકમ નીકળ્યા છે.'

'તમને કોણે મોકલ્યા ?'

'મેજિસ્ટ્રેટ સાહેબે. પોલીસ અત્યારે જ હુકમ લઈ ગઈ છે, અને સૂર્યોદય થતાં તે બજાવશે.'

'મેજિસ્ટ્રેટ હુકમ આપે અને પાછા ખબર પણ આપો ?'

'કોઈને કહેશો નહિ. અરુણ અને મેજિસ્ટ્રેટ બંને મિત્રો છે. એ તો માત્ર ખબર આપી કે જેથી બધા તૈયાર રહે.'

આટલું બોલી પેલો માણસ સાઇકલ ઉપર ચડી પાછો ફર્યો.

રંજન ઉતાવળી ઉતાવળી ઘરમાં આવી, અને અરુણ જે ઓરડામાં સૂતો હતો તેમાં ગઈ. અરુણના મુખ પર અસ્પષ્ટ સ્મિતની છાયા રમતી હતી. એ પણ કોઈ આહ્લાદપ્રેરક સ્વપ્ન નિહાળતો હોય તો ? એને જગાડવો શી રીતે ? બૂમ પાડીને ? ઢંઢોળીને ? બીજું કોઈ હોત તો રંજન જરૂર તેમ કરત; પરંતુ સ્મિતમાં રમમાણ થયેલા અરુણના મુખને જાગ્રત કરવા એક કુમળો ઉપચાર રંજનને જડી આવ્યો.

રંજને ખાટલા પાસે ઘૂંટણ ઉપર બેસી નીચે વળી અરુણના બિડાયેલા હોઠ ઉપર ચુંબન કર્યું. અને ઝડપથી ઓરડામાં ચારે પાસ નજર નાખી. ઓરડામાં બીજું કોઈ ન દેખાયું.

અરુણનું સ્મિત વધારે પ્રફુલ્લ થયું. તેનો આનંદ વધારે ગાઢ બન્યો, અને આસાએશથી તેણે આંખ ઉઘાડી; પરંતુ આંખ ઉઘાડતાં બરોબર તે ચમકીને બેઠો થઈ ગયો. સ્વપ્નને જાગ્રત દશામાં ચીતરાતું નિહાળી તેનું મન આશ્ચર્યચકિત થઈ ગયું ખાટલા ઉપર હાથ ટેકવી જમીન ઉપર ઘૂંટણે બેસી પોતાને નિહાળતી રમતિયાળ રંજન સાચી કે સ્વપ્નમય ?

તેણે પોતાની આંખ ઉપર હાથ ફેરવ્યો. તેને સ્વપ્ન આવ્યું હતું એ પણ ખરું અને તે હવે જાગ્રત થયો છે એ પણ ખરું. સ્વપ્નમાં તે રંજનને નિહાળતો હતો એ પણ ખરું અને જાગ્યા પછી પણ સ્વપ્નમાં જેમ બેઠી હતી તેમ જ રંજનને બેઠેલી જુએ છે એ પણ ખરું. ત્યારે ચૂમ્યું કોણ ? સ્વપ્ન-રંજન કે જાગૃત-રંજન ?

અગર સ્વપ્નનો છેડો આવતાં જાગૃતિના પ્રથમ પ્રસંગને સ્વપ્ને જતાં જતાં પોતાનામાં ખેંચી લીધો હતો તો ? એવું કેટલીક વખત બને છે પણ ખરું !

'કેમ ચમકો છે ?' રંજને લટકભેર પૂછ્યું. રંજનની લટક અરુણના હૈયામાં કોતરાઈ ગઈ.

'અમસ્તો જ.'

'જાગતાં પહેલાં તો હસવું આવતું હતું ! તમારું કોઈ સ્વપ્ન મેં ભાગ્યું કે શું ?

રંજને સ્વપ્ન ભાંગ્યું નહોતું. તેણે તો સ્વપ્ન જાગૃત સાથે જોડયું હતું ! એ ખરું કે ખોટું ? અરુણને સમજણ પડી નહિ. અરુણ રંજનને ચાહે એ બને ? તે રંજનને ચાહતો હતો એવો તેને કેટલાક દિવસથી વહેમ હતો; એ વહેમ દિવસે દિવસે દૃઢ બનતો ગયો. રંજને ધ્વજ રોપ્યો સાંભળ્યું ત્યારથી તેની નજર આગળથી રંજન ખસતી જ નહિ. ગઈ રાત્રે તેનું ગીત સાંભળી, ગીત ગાતાં ગાતાં તેના મુખ ઉપર રમી રહેલી સૌંદર્યરેખાઓ નિહાળી, તેને રંજનની ઘેલછા લાગી. આખી રાત રંજનનાં જ સ્વપ્ન તેને આવ્યાં કર્યાં, એ જ રંજન આખી રાત સ્વપ્નમાં સાથે રહી, પાછી જાગૃતાવસ્થામાં પણ સામે જ બેઠી છે ! એ સ્વચ્છંદી છોકરી કોઈને પણ ચાહે ખરી ? કોઈને ચાહે પરંતુ અરુણ સરખા ફકીરને ચાહીને એ શું કરે ?'

'હજી ચમક નથી મટી ? હું તો હજી વધારે ચમકાવનારો સંદેશો લાવી છું !'

અરુણે વિચારમાં પડી જવાબ ન આપ્યો એટલે રંજને પાછું પૂછ્યું. એ શો સંદેશો લાવી હશે ? આથી વધારે ચમકાવનારું શું હશે ? અરુણે જવાબ આપ્યો :

'ચમક તો કશી નથી... પણ...તમે શો સંદેશો લાવ્યાં છો ?'

'તમારે માટે વૉરંટ નીકળ્યું છે.' રંજને કહ્યું.

'ઓહો ! એ જ ને ? હું તો તેની રાહ જ જોતો બેઠો છું.' અરુણને એ સંદેશામાં કાંઈ મહત્ત્વનું લાગ્યું નહિ.

'ત્યારે હું જનાર્દન અને કંદર્પભાઈને પણ સંદેશો પહોંચાડું. સૂર્યોદય થતાં બરોબર બજશે. હવે તૈયારી જ છે !' રંજન એટલું કહી ઊભી થઈ.

પોતાની પાસેથી રંજન જાય એ અરુણને ગમ્યું નહિ. પકડહુકમની વાત સાંભળી તેનું હૃદય જરાય હાલ્યું નહિ; પરંતુ તે પહેલાંની મૂંઝવણ તેને હજી અસ્થિર બનાવી રહી હતી. રંજને એકબે ડગલાં ભર્યાં એટલામાં અરુણે પૂછ્યું :

'મને જગાડયો, ખરું ?'

'હા; કેમ ?'

'હું તે વખતે જાગતો હતો ?'

રંજનના મુખ પર રાતા શેરાડા પડયા. ઊંઘતા માણસને જગાડવાના અનેક ઉપાયો છે. કયા ઉપાયથી અરુણને જગાડયો તે જાણવાની અરુણને શી જરૂર ? કે પછી જાગતા સૂઈ રહેલા અરુણે રંજનને ચૂમતા પકડી હતી ?

'મને શી ખબર ? મને લાગ્યું કે તમે ઊંઘમાં હસતા હતા.'

'પણ જગાડયો શી રીતે ?'

રંજનને ખાતરી થઈ કે અરુણને ચૂમી લીધી હતી તે અરુણ જાણતો હતો. તે ક્ષણભર વિલાઈ ગઈ; માથેથી છેડો ખસી ગયો હતો તે તેણે માથા પર ઢાંક્યો - જરા આગળ પડતો ઢાંક્યો અને એક હાથની બંગડી બીજા હાથે સહેજ ફેરવી.

એકાએક હૃદયધબકારાને અટકાવી પોતાની સ્વાભાવિક ઉચ્છ્ખંલતા પાછી ધારણ કરી રંજને જવાબ આપ્યો :

'તમે ચોટ્ટાઈ શીખવા માંડી, ખરું ? જાણીને પૂછવું છે ? અંહં. જુઓ મેં તમને આમ જગાડયા હતા !'

કહી દૂરથી તેણે આંગળી હોઢ ઉપર મૂકી બુચકારો બોલાવ્યો. સાથે સાથે તેણે મુખના અર્ધભાગ આગળ લુગડાનો છેડો તાણી લીધો અને ત્યાંથી ઝડપ કરીને પાછી ચાલી.

# ૩૧ પુષ્પાની નિરાશા

મારે કેમે નો પંથ પૂરા થયા રે
સૂરજ ! ધીમા તપો, ધીમા તપો !
જેને શોધું તે દૂર સરી જાય રે
સૂરજ ! ધીમા તપો, ધીમા તપો !
**મેઘાણી**

પુષ્પા બારણા વચ્ચે જ ઊભી હતી. રંજને દૂરથી કરી બતાવેલો ચુંબનનો અભિનય તેણે જોયો. મુખને એક બાજુએ ઢાંકતી રંજનની નયનવિકળતા તેણે જોઈ લીધી. રંજન ડગલાં ભરતી હતી પરંતુ તેની આંખ સીધું જોતી નહોતી, તેની નજર જમીન ઉપર હતી. ઓરડામાંથી કેમ કરી જલદી નાસી જવાય એવું ઇચ્છતી રંજન છેક બારણા પાસે આવી ત્યાં સુધી પુષ્પાને તેણે દેખી નહિ. નફટાઈ કરીને પણ સ્ત્રી તો છેવટે શરમાય જ છે !

'કેમ પુષ્પા ? તું ક્યાંથી ?' બારણા વચ્ચે જ સ્થિર થઈ ગયેલી પુષ્પાને નિહાળી રંજને પૂછ્યું. રંજનના ગાલની શિરાઓમાં ઊભરાતા રુધિરને પુષ્પા નિહાળી રહી. દસે આંગળીઓના નખ રંજનના ગાલમાં ભોંકી, એ શિરાઓમાં વહેતા રુધિરને બહાર કાઢવા પુષ્પાને પ્રબળ ઈચ્છા થઈ આવી. તેની આંખમાંથી ખંજરો

વરસતાં હતાં.

પુષ્પા બારણા વચ્ચેથી ખસી ગઈ. રંજન સમજી ગઈ. તેણે પુષ્પાને ખભે હાથ મૂકી કહ્યું :

'મારા મનમાં કે તું હજી સૂઈ રહી હોઈશ.'

ઓરડાના ઊમરાથી નીચે ઊતરતાં પુષ્પાએ રંજનનો હાથ ખભેથી ખસેડી નાખ્યો. પુષ્પાના હાથમાં એક મોટો કાગળ હતો. પુષ્પાએ તે કાગળને બે હાથમાં પકડી ચીરી નાખ્યો. મજબૂત કાગળે પોતાનું અખંડ અસ્તિત્વ સાચવવા બનતું કર્યું; પરંતુ પુષ્પાના હાથ અત્યારે જેને તેને ચીરવાની જ આતુરતા ધરાવતા હતા.

'હાં હાં ઘેલી ! આવું સારું ચિત્ર ફાડી કેમ નાખે છે ?' રંજને પુષ્પાનો હાથ પકડતાં કહ્યું; પરંતુ તે પહેલાં તો ચિત્રના બે કટકા થઈ ગયા હતા; એથી પણ વધારે કટકા કરવા પુષ્પાના હાથ તલસતા હતા; તેમને વારી રંજને કાગળના કટકા પોતાના હાથમાં ખેંચી લીધા.

'આખી રાત જાગીને આવું રૂપાળું ચિત્ર કાઢ્યું તે આમ ફાડવાને માટે?' ફરી રંજને ઠપકો આપ્યો.

'મારું ચિત્ર તો ક્યારનું ફાટી ગયું !' પુષ્પાએ જવાબ આપ્યો.

'તારું ચિત્ર કોણે ફાડયું ?'

'રંજને ફાડયું; તેં !'

'મેં ? શું બોલે છે? હું તો તારા ચિત્રને અડકી પણ નથી !'

'હમણાં જ, દસ ક્ષણ પહેલાં આ ઓરડામાં તેં મારું આખા જીવનનું ચિત્ર ફાડી નાખ્યું !'

રંજન સમજી. તેનું રમતિયાળ મુખ ગંભીર બની ગયું. તેણે પુષ્પા સામે સ્થિરતાથી એક ક્ષણ વાર જોયું, અને પછી તે બોલી :

'આટલા દિવસથી હું પૂછ્યા કરતી હતી. કાલે ચોખ્ખેચોખ્ખું પૂછ્યું તોય તેં કશું કહ્યું નહિ. પછી હું શું કરું ?'

એવામાં બહાર સૂતેલો નોકર બારણું ઉઘાડી અંદર આવ્યો અને ગભરાટથી કહેવા લાગ્યા :

'સિપાઈઓ આવ્યા છે. સાહેબને મળવા માગે છે.'

'જા, ભાઈ પૂજા કરતા હશે; ઉપર જઈને કહી આવ.' પુષ્પાએ કહ્યું. તે રંજન સાથેનો કલહ વીસરી ગઈ. તેને બીજો જ ભય ઉત્પન્ન થયો :

'હવે અરુણને પકડીને કેદમાં પૂરશે !'

રંજન સ્નેહસમાધિમાં અને સ્નેહઝઘડામાં જનાર્દન તથા કંદર્પને ખબર આપવા ભૂલી ગઈ હતી; તે પાસેના બીજા ઓરડામાં દોડી.

પુષ્પા એકલી જ ઊભી રહી. અરુણે બહાર ઘણા માણસોના પગનો ઘસારો સાંભળ્યો. તે પથારીમાંથી ઊઠી ઓરડાની બહાર આવ્યો. પુષ્પા તો વિચારમાં ડૂબી ગઈ હતી.

રંજનના પહેલાં હું જાગી હોત તો? જાગતી તો હતીસ્તો ! મારે આની પહેલાં નીચે આવવું જોઈતું હતું. સ્નેહમાં પણ

વહેલું તે પહેલું ! પરંતુ મારાથી રંજનની માફક નફ્ફટ થવાત ? હું કેમ કહી શકત કે હું અરુણને ચાહું છું ? રંજનને કહી શકી નહિ તો અરુણને કેમ કહી શકત ? મારામાં રંજન જેવું નિર્લજ્જપણું હોત તો કેવું સારું !

'પુષ્પાવતી ! શું છે ?' અરુણે પૂછયું.

'કાંઈ નહિ. હું તો - હું તો અમસ્તી જ અહીં ઊભી છું.'

'બહાર પોલીસના માણસો આવ્યા દેખાય છે.'

'હા હા; હું તે જ કહેવા આવી છું.'

એવામાં પાવડીઓ ખટખટાવતા ધનસુખલાલ મોટેથી બોલતા આવી પહોંચ્યા :

'કોણ છે ? કયો છે એ ફોજદાર ? સરકારી નોકરને મુરવ્વત જ હોય નહિ.'

સાથે સાથે જનાર્દન, કંદર્પ અને રંજન પણ ત્યાં આવી પહોંચ્યાં. બારણામાંથી એક પોલીસ-અમલદારે પ્રવેશ કર્યો અને ધનસુખલાલને સભ્યતાભરી સલામ કરી.

'તમારું બાકી હતું. ખરું ને ? મારા ઘરમાં ચોરબોર ભર્યા છે કે શું? આવડું મોટું લશ્કર લઈ આવ્યા છો તે ?' ધનસુખલાલે સલામનો ઉત્તર આપ્યો.

'અમારે તો ધનસુખલાલભાઈ ! વૉરંટ બજાવવાનાં છે. અમે તો હુકમના તાબેદાર.' અમલદારે હસીને કહ્યું. તેને ધનસુખલાલની વાણીનો પરિચય હતો.

'બે-ત્રણ માણસોને લઈ જવા તેમાં આવડી મોટી ફોજ ?'

'કદાચ તોફાન થાય ત્યારે ?'

'હું તોફાન કરું તેમ લાગે છે ?' ખરેખર તોફાન કરતાં ધનસુખલાલની બોલીમાં ઓછું તોફાન હશે ?

'ના જી. આપને ક્યાં કહું છું ?'

'ત્યારે આ તોફાન કરે એવા છે ? બધા મહેતાજીઓ જેવા તો છે !'

'એમની પણ વાત નથી. આ તો લોકો વખતે તોફાન કરે ત્યારે શું કરવું ?'

એવામાં બહાર મોટરનું ભૂગળું વાગ્યું. રંજન બોલી :

'ભાઈ આવ્યા.'

કૃષ્ણકાંત, સુરભિ અને સાક્ષર વિમોચન ઘરમાં આવ્યાં.

'ચાલો. વરઘોડામાં તમે પણ દાખલ થઈ જજો.' ધનસુખલાલે ભત્રીજાને વિવેક કર્યો.

'મને અત્યારે ખબર પડી. મારા મનમાં કે બધાને લઈ ગયા હશે.' કૃષ્ણકાંતે કહ્યું.

સુરભિ પોતાના ભાઈની સામે જોતી ઊભી. અરુણ હસ્યો :

'તું કેમ આમ ઓશિયાળી બની ગઈ ?'

'ભાઈ ! પાછું કેદમાં જવું પડશે ?' સુરભિએ ગદ્‌ગદ

કંઠે પૂછ્યું.

'અરે, તમે શા માટે આમ કરો છો, સુરભિવહુ ? હમણાં જામીન ઉપર છોડાવી લાવીશ. ધનસુખલાલે કહ્યું.

જનાર્દન, કંદર્પ અને અરુણ પરસ્પર સામું જોઈ રહ્યા. પછી જનાર્દને કહ્યું :

'આપ એવી તકલીફ ન લેશો. અમે જામીન આપતા ધારતા નથી.'

'તમે ગાંધીપંથવાળા બધા જ વાંકા, કંઈક તૃતીયમ્ તો ખરું જ ! શા માટે જામીન આપવા ના પાડો છો ?'

'અમે ગુનો કર્યો નથી એટલે જામીન આપીશું નહિ.'

'એ તો કામ ચાલીને સાબિત થશે. જામીન તો કામ ચાલતાં સુધીના આપવાના.'

'એમ તો કામ ચલાવવાની વિરુદ્ધ છીએ. અહિંસાની શ્વેત ધ્વજા ફરકાવવાની પણ જે સરકાર ના પાડે તે સરકારની અદાલતો ન્યાય પણ શું આપી શકે ?'

'કેમ સાહેબ ! આ હુકમો મારે ત્રણ જણ પર બજાવવાના છે તે હવે બજાવું ને ?' રાજનીતિના ચર્ચામાં ઊતરી પડતા ગુનેગારોને આગળ વધતા રોકી પોલીસ-અમલદારે ધનસુખલાલને પૂછ્યું.

'અરે ભાઈ ! એમને કાંઈ નહાવા-ખાવા દેશો કે નહિ ?'

'હા, જી. એક કલાક બેસીશ. પછી કાંઈ !' કેટલીક વખત વિવેક વાપરીને પોલીસ-અમલદારો પણ પ્રિય થઈ પડે છે. ધનસુખલાલે અમલદારને બેસાડયા. અને અન્ય સરભરા બને એટલી કરી. સવારનો વખત હતો એટલે કોઈને ભૂખ નહોતી, છતાં કેદી બનવાની તૈયારી કરતા ત્રણે જણને તેમણે નવરાવ્યા અને પછી પોતાના ઠાકોરજીનાં દર્શન કરાવ્યાં.

'આવો જરા ભગવાનને પગે લાગો. પ્રભુ વગર પાંદડું પણ ફરકે એમ નથી.'

ધનસુખલાલની પાછળ ત્રણ જણ ગયા; સાથે પુષ્પા, રંજન અને સુરભિ પણ હતાં. કૃષ્ણકાંત પોલીસ-અમલદાર સામે ગપ્પાં મારતો બેઠો હતો. અરુણને જરા હસવું આવ્યું :

'પાંદડું હલાવવામાં પ્રભુ ? એને એટલી બધી ફુરસદ મળતી હશે ખરી?'

પોતાના જ પગ ઉપર ઊભો રહેવા માગતો વર્તમાન યુગનો યુવાન પ્રભુની સહાયતા વગર ચલાવી શકે છે. 'પ્રભુએ જગત બહુ દિવસ ચલાવ્યું. હવે તે ભલે આરામ લે !' એવી અર્ધ હાસ્યભરી દયાવૃત્તિ તે પ્રભુ પ્રત્યે બતાવી રહ્યો છે.

દેવમંદિરનો ઓરડો બહુ જ સ્વચ્છ હતો. સુશીલા દેવસેવામાં પરોવાઈ હતી. ધનસુખલાલે અંદર પ્રવેશી ઠાકરોજીની મૂર્તિ સામે જમીન ઉપર લાંબા સૂઈ સાષ્ટાંગ પ્રણામ કર્યા; તેમને કપડાં બગડવાની ભીતિ લાગી નહોતી. ભારે અવાજથી ખરા અંતઃકરણપૂર્વક તેમણે પ્રાર્થના કરી :

મનઃપુરસ્તાદથ પૃષ્ઠતસ્તે

નમોસ્તુતે સર્વત એવ સર્વ;

અનંતવીર્યામિત વિક્રમસ્ય,

સર્વં સમાપ્નોષિ તતોસિ સર્વઃ.

'પ્રભો ! તારા ચરણની રજ છીએ મારા નાથ !'

પાછળ ત્રણે ઊભા હતા. જનાર્દને આંખ મીંચી હતી, અરુણે અને કંદર્પે પ્રભુ ઉપર અગર ધનસુખલાલ ઉપર મહેરબાની કરવા ખાતર બે હાથ ન છૂટકે જોડી, છોડી નાખ્યા. મૂર્તિ પૂજામાં તેમને શ્રદ્ધા નહોતી; પછી મૂર્તિને હાથ જોડયા ન જોડયા એ માત્ર ઘરધણીને રીઝવવા પૂરતું જ હતું.

પરંતુ ધનસુખલાલની પ્રાર્થના સાંભળી અરુણ ગંભીર બન્યો. સર્વને વ્યાપીને રહેલા સર્વરૂપ ઈશ્વરની કલ્પનામાં તેને ભવ્યતા લાગી. બારી બહાર નજર જતાં ભૂરાશ પડતા આકાશમાં સૂર્યને સરકતો તેણે જોયો. એ સૂર્ય કેવડો? હજારો પૃથ્વીઓ ભેગી થાય ત્યારે તો એક સૂર્ય બને; અને એ સૂર્ય સરખા બીજા કેટલા સૂર્યો આકાશમાં ગોઠવાયા ? જેમની સરખામણીમાં આપણો સૂર્ય એક ધૂળની કણી સરખો લાગે એવા અસંખ્ય મહાસૂર્યો આકાશમાં દોડે છે અને તોયે આકાશ તો ખાલી ને ખાલી જ છે! સૂર્ય સાથે આખી સૂર્યમાળાનો ભાંગીને ભૂકો થાય તોય આ સૃષ્ટિમાં એક રજકણ ઊડયા સરખું પણ લાગે નહિ. એ ગહન સર્વવ્યાપી આકાશને પણ પોતાનામાં સમાવતું કોઈ મહાતત્ત્વ

હોય તો ? માનવી તેના ચરણની રજ બરાબર પણ ખરો ? સમષ્ટિનો ખ્યાલ કરતાં માનવીને રજ ગણવો એ રજકણને સૂર્ય ગણવા કરતાં પણ વધારે બેહૂદું છે !

અરુણે ફરી માથું નમાવ્યું. તેણે જરા આંખો મીંચી. અસીમ અવકાશમાં જાણે પોતે તરતો હોય એમ તેને લાગ્યું. તેના મનમાં શાંતિ વ્યાપી.

પ્રાર્થના કરી રહેલા ધનસુખલાલે બધાંને પ્રસાદ આપ્યો. કોઈને વધારે નહોતું છતાં બીજા ઓરડામાં લઈ જઈ ધનસુખલાલે વધારે પ્રસાદ વહેંચ્યો. એટલામાં સુશીલાએ આવી ત્રણે ભાવિ કેદીઓની પાસે દહીં અને ખાંડના વાટકા મૂક્યા.

'આટલું તો ચાખી લેવું પડે. દહીંનાં તો શુકન છે !' ધનસુખલાલે કહ્યું.

શુકનને વહેમ ગણવા એ એક વાત છે, અને વહેમ ગણી તેને હસી કાઢવા એ બીજી વાત છે. જે ભાવની પાછળ વિશુદ્ધિ રહેલી હોય તે વહેમ હોય તોય તને તિરસ્કારી શકાય નહિ.

સહુએ દહીંનાં શુકન કરી લીધાં. કૃષ્ણકાંત અને વિમોચન પાછળથી આવ્યા. તેમને દહીં-સાકર મળ્યાં. નીચે બેઠેલા પોલીસ-અમલદાર પણ પ્રભુનો પ્રસાદ પામ્યા. તેમણે હવે પકડહુકમો ત્રણે જણને હાથમાં આપ્યા.

બહાર લોકોનું મોટું ટોળું ભેગું થયું હતું. તેમનાં ઘોંઘાટ અને ગિરદી વચ્ચે થઈને પોલીસ-અમલદારની મોટરબસમાં થોડા પોલીસના માણસો સાથે જનાર્દન, અરુણ અને કંદર્પ કેદી બની

ચાલ્યા.

પાછળ ધનસુખલાલ, કૃષ્ણકાંત, સુરભિ અણે વિમોચનની મોટર ઊપડી. પુષ્પા અને સુશીલા બારીએથી ઊભાં ઊભાં આ ધર્મકેદીઓના ગમનને જોઈ રહ્યાં.

મોટર દેખાતી બંધ થઈ એટલે પુષ્પા પિતાના ખંડમાં આવી. તેણે ફાડી નાખેલા ચિત્રને પાછું જોયું. અને એકાએક તકિયા ઉપર માથું નાખી દીધું. તેની આંખમાં આંસુ માતાં નહોતાં; તે ડૂસકે ભરાઈ ગઈ.

# ૩૨ આશાની મીટ

નયણાં મ્હારાં નીતરે
કોઈ લ્યો નયણાની ધાર;
સાગર મ્હારાં છીછરે,
કોઈ લ્યો સાગરનો સાર.
**ન્હાનાલાલ**

રુદન ન હોત તો માનવજીવન રૂંધાઈ જાત. રીસ, ક્રોધ અને દુઃખ પણ ઘણી વખત રુદન પ્રેરે છે. પુષ્પા ખૂબ રડી. પોતાની જ બહેનપણી પોતાના સ્નેહ વચ્ચે? તેની રીસનો પાર ન રહ્યો. હવે શું બની શકે ? રંજનની જાળ વચ્ચેથી અરુણને ઊંચકી લેવાનો કયો રસ્તો ?

પુષ્પા રડતી જાય અને આવા વિચાર કરતી જાય. તે રડી રહી; રુદન સાથે દુઃખની વેળ હલકી પડી. તેને લાગ્યું કે તેના માથા ઉપર કોઈનો સુંવાળોસુંવાળો હાથ ફરે છે. તેણે ઊંચે જોયું. રંજને તેને માથે હાથ ફેરવવો ચાલુ રાખ્યો. પુષ્પા ઊઠીને બેઠી.

'કેમ, રડી રહી ?' રંજને પૂછ્યું. તેની આંખમાં કીકી રમતી હતી.

'હું રડું કે હસું તેમાં તારે શું ?' પુષ્પાએ કહ્યું.

'એમ શું? મારી બહેન નહિ ? તને દુઃખ થાય તે મને ગમે?'

'તારે જવું નથી ? તું બધા સાથે કચેરીમાં નથી ગઈ એ નવાઈ છે !'

'મારે નથી જવું.'

'કેમ ?'

'મારે તને મોકલવી છે માટે.'

'ત્યાં તો તારું કામ ! મારે કાંઈ જવું નથી.'

'એમ ન ચાલે. ઘણું કરીને બધાને સજા થશે. જનાર્દન ઘડાયેલ છે. કંદર્પને એના પિતા છે; પરંતુ અરુણકાંતનું તો કોઈ જ નથી.'

'અરુણકાંતનું નામ દઈ તું મને બાળવા આવી છે, ખરું ને ?'

'એવું હોત તો હું આવત શા માટે ? હું તો તને ટાઢી પાડવા આવી છું.'

'તે હું ટાઢી જ પડી ગઈ છું.'

'તેમાંથી વળી તને જરા ઉષ્મા મળે એટલા માટે તારી અને અરુણકાંતની વચ્ચેથી હું ખસી જાઉં છું.'

'એટલે ?' ચમકીને પુષ્પાએ પૂછ્યું.

'તારી રજા નહિ મળે ત્યાં સુધી અરુણકાંત સાથે બોલીશ નહિ, અને બનશે ત્યાં લગી મળીશ પણ નહિ. થયું ?'

'પણ હું તને એમ કરવાનું ક્યાં કહું છું ?'

'તું નથી કહેતી તોય મારે એમ જ કરવું છે, પષણ જરા ઓછી સંકોચાજે. તું પણ નહિ જાય તો અરુણકાંત તદ્દન એકલા પડી જશે.'

'તારા વગર મારાથી નહિ જવાય.'

'એમાં ને એમાં જ રહી જવાની છે ! હું હવે ઘેર જઈશ. પણ તું એટલું સંભાળજે કે એ તારા અને મારા બંનેના હાથમાંથી જતા ન રહે !' એટલું કહી પુષ્પાના ગાલ ઉપર એક હળવી ટપલી મારી રંજન ઊઠી અણે બારણા તરફ જવા લાગી.

'રંજન, રંજન !...' પુષ્પાએ બૂમ પાડી.

'બૂમો ન પાડીશ. મોટીબહેન દોડી આવશે.' એમ કહી રંજને આગળ પગલાં ભર્યાં.

'રંજન ! મારાથી નહિ જવાય અને...'

'મારાથીયે નહિ જવાય. અરુણકાંતને માટે આટલી ઘેલછા છે તો જરા કચેરીમાં જઈ પાસે બેસી હિંમત આપજે. મારી રાહ ન જોઈશ.' કહી રંજન ઓરડાની બહાર ચાલી નીકળી. જાણે કશી સમજણ ન પડી હોય તેમ પુષ્પા બારણા તરફ એકીટશે જોતી બેસી રહી.

રંજને શું કહ્યું ? શું કર્યું ? એ જ પ્રશ્ન પુષ્પાના મનમાં રમી રહ્યો. થોડી વારે તેને એ પ્રશ્નનો જવાબ જડ્યો. તે હસી અને મનમાં જ બોલી :

'રંજને મને અરુણકાંત આપી દીધા !'

પોતે ફાડી નાખેલા ચિત્રને તેણે ફરી જોયું; બંને કટકા પાસે મૂકીને તેણે જોયું.

'કાગળ ભલે ફાડયો. મારું ચિત્રતો આખું રહ્યું !' તેના મનમાં વિચાર આવ્યો.

તે વિચાર કરતી બેસી રહી; લગભગ બે કલાક સુધી બેસી રહી. માનવીની આંખ કેટલે સુધી જોઈ શકે ? દૃષ્ટિ ન રોધાય ત્યાં સુધી. પરંતુ એ દૃષ્ટિને સીમા છે પુષ્પા તો ઉઘાડી આંખ છતાં પાસે પડેલું કાંઈ જ દેખી શકતી નહોતી. તેની દૃષ્ટિ ભવિષ્યના પડદા ઉઘાડી રહી હતી. ઘડીમાં તેના ગૌર મુખ ઉપર ગુલાબની આછી રતાશ આવી જતી હતી; ઘડીમાં તેની સ્થિર પાંપણો મીંચકારા કરતી હતી; ઘડીમાં તેના મુખ ઉપર આહ્લાદ ઊભરાઈ આવતો હતો; ઘડીમાં તેની મુખરેખા આછી રીસને ઉપસાવતી હતી.

કલ્પના એ માનવીનું મોટામાં મોટું સુખ. સુખના સ્વપ્ન સેવતી પુષ્પાને એકાએક વિચાર આવ્યો.

'જેની આસપાસ મારાં ચિત્ર કાઢું છું તે તો કેદખાનાને રસ્તે છે અહીં બેઠી બેઠી શું કર્યા કરું છું ?'

તેણે આંખ અને મોં ઉપર હાથ ફેરવ્યો, અને પોતાનાં સ્વપ્નને સમેટી લીધાં. એટલામાં જ એક માણસે કહ્યું :

'મોટીબહેન જમી લેવાનું કહે છે.'

'ચાલ, આવું છું. ભાઈ આવી ગયા કે નહિ ?' ધનસુખલાલને તેમની પુત્રીઓ ભાઈ કહેતી હતી.

'ના જી, એ તો અત્યારે આવવાના નથી. કચેરીમાં ગયા છે. ત્યાંથી કામ પૂરું થયે આવશે.'

પુષ્પા ઉતાવળી સુશીલા પાસે ગઈ.

'તું અને રંજન બંને જમી લો.' સુશીલાએ કહ્યું.

'રંજન તો નથી.'

'ક્યાં ગઈ ? એનેન બેસવાનું કહ્યું હતું ને ? એનાથી શાંત બેસી રહેવાય શાનું ? ગઈ હશે કચેરીમાં.'

'ના; એ તો ઘેર ચાલી ગઈ.'

'તરંગી છોકરી છે. તારે જવું છે કે નહિ ?'

'હા.'

'ત્યારે તૈયાર થા; હુંયે આવીશ.' સુશીલાએ કહ્યું.

મંદિર સિવાય બીજા કોઈ સ્થળે ન જનાર સુશીલા અદાલતમાં જવા કેમ તૈયાર થઈ તેની પુષ્પાને સમજ પડી નહિ. એકલાં જતાં જરા પણ ફાવતું નહોતું; બહેનનો સાથે મળશે જાણી તેનું મન સ્થિર થયું.

કચેરી આવળ હજારો માણસો ભેગાં થયાં હતાં. બધાંય ઉશ્કેરાયેલી હાલતમાં હતાં. ઉશ્કેરાવું એ સામાન્ય કોટિના માનવીનું લક્ષણ છે એમ માની હસતો ચહેરો રાખી સહુને શાંત રહેવા

શિખામણ દેતા અસામાન્ય દેશસેવકો પણ ટોળામાં અને ઘોંઘાટમાં બને તેટલી વૃદ્ધિ કરતા હતા. પોલીસ-સિપાઈ ટોળાનાં માણસોને મિસલસર રાખવા થોડી થોડી વારે મથન કરતા હતા.

ટોળાં અશાંત હશે; પરંતુ તે સભ્ય અને અવિકારી રહી શકે છે, બે યુવતીઓને આવતિ જોઈ સહુને માર્ગ કરી આપ્યો, સરળતાથી પુષ્પા અને સુશીલા અદાલતના વિશાળ ઓરડામાં દાખલ થયાં. ઓરડો પણ માણસોથિ ભરપૂર હતો; જરાય જગા દેખાતી નહોતી. પુષ્પા અને સુશીલા બારણા પાસે ઊભાં રહ્યાં.

અરુણની નજર વખતોવખત આમતેમ ફરતી હતી, જાણે કોઈને ખોળતી હોય નહિ ! ત્રણે આરોપીઓને ખુરશી આપવામાં આવી હતી; ધનસુખલાલ, કૃષ્ણકાંત, સુરભિ એ ત્રણે જણ તેમની પાસે બેઠાં હતાં. ગામના બીજા ગૃહસ્થો અને આગળ પડતાં સન્નારીઓ પણ બેઠેલાં હતાં. અદાલતમાં વકીલો તો હોય જ. ઘણાં માણસોને બેસવાનું સાધન ન હોવાથી ઊભાં હતાં. મૅજિસ્ટ્રેટ અણે જનાર્દનની વચ્ચે કાંઈ વાતચીત થતી હતી તે બારણા સુધી સંભળાતી નહોતી. અરુણે સુશીલા અને પુષ્પાને દૂર ઊભેલાં જોયાં. તેણે સુરભિને કહ્યું. સુરભિએ કૃષ્ણકાંતને કહ્યું. કૃષ્ણકાંતે પાછળ જોયું અને ધીમેથી તે ઊભો થયો, આસ્તે માર્ગ કરી તે પુષ્પા અણે સુશીલાને પોતાની ખુરશી પાસે લઈ આવ્યો. પોતાની ખાલી ખુરશી ઉપર સુશીલાને બેસાડી; પાસે જ એક ગૃહસ્થ બેઠા હતા તેમણે પુષ્પાને પોતાની ખુરશી ઉપર બેસાડી પોતે ઊભા રહ્યા. નજીક બીજા એક ગૃહસ્થે ઊભા થઈ કૃષ્ણકાંતને બહુ જ ધીમેથી કહ્યું :

'આપ બેસો.'

'Thank you so much. આપણે બંને જણ બેસીશું.' - કહી ઊભા થયેલા ગૃહસ્થને કૃષ્ણકાંતે પોતાની જોડે જ બેસાડી દીધા.

ધનસુખલાલ જનાર્દનને કાંઈ સમજાવવા લાગ્યા. એક-બે વકીલો પણ અરુણ અને કંદર્પની સાથે વાત કરવા લાગ્યા. ન્યાયાધીશ બંને હાથને મુખ નીચે રાખી મેજ ઉપર કોણી ટેકવી બેઠા હતા.

જરા વાર થઈ એટલે તેમણે પૂછ્યું :

'હવે તમે ત્રણે જણે શો નિશ્ચય કર્યો ?'

આખો ઓરડો શાંત થઈ ગયો. સહુ કોઈ હવે બોલતા શબ્દો સાંભળવા એકપગે થઈ રહ્યા.

'મારો નિશ્ચય તો મેં આપ નામદારને પ્રથમથી જ જણાવી દીધો છે. ન્યાયાસનનું અપમાન કરવાની અમારી લેશ પણ ઇચ્છા નથી. માત્ર ન્યાયાસન જે રાજ્યસત્તાનું પ્રતિનિધિ છે તે સત્તાના અમે વિરોધી છીએ એટલે ન્યાયના કામમાં અમારાથી કશો જ ભાગ લઈ શકાય નહિ.' જનાર્દને ઊભા થઈ કહ્યું.

'અરે પણ જામીન આપવામાં શી હરકત છે?' ધનસુખલાલને વચ્ચે બોલવાનો હક નહોતો છતાં તે વચ્ચે બોલી ઊઠ્યા.

'હું તો જામીન માગવાનું પણ જતું કરું છું. તમે બીજી મુદતે હાજર રહેવાની અંગત જવાબદારી સ્વીકારતી કબૂલાત લખી આપો, તોપણ હું તમને છૂટા કરી દઈશ.' મૅજિસ્ટ્રેટે

આગ્રહપૂર્વક કહ્યું.

'અમારાથી કશી જ એવી કબૂલાત અપાય નહિ.' અરુણે ઊભા થઈને કહ્યું.

'અમારાથી પણ એવી કબૂલાત નહિ અપાય.' કંદર્પે કહ્યું.

નૃસિંહલાલે કપાળે હાથ મૂક્યો.

'તમે જામીન ન આપો, અણે આ જાતની કબૂલાત પણ ન આપો, પછી હું તમને છૂટા કરી શકીશ ?' મૅજિસ્ટ્રેટે વધારે કંટાળીને પોતાની લાચારી બતાવી. કોઈ પણ રસ્તે આરોપીઓને છોડી મૂકવાની તેમની વૃત્તિ તો હતી; પરંતુ આરોપીઓ જાતે જ મુશ્કેલીઓ ઊભી કરતા હતા.

આપને યોગ્ય લાગે તે હુકમ ફરમાવો.' જનાર્દને કહ્યું.

મૅજિસ્ટ્રેટે છેવટે કલમ હાથમાં લીધી અને જરા વાર કાંઈ વિચારી નીચે પ્રમાણે વાંચી સંભળાવ્યું :

આરોપીઓ સરખા બુદ્ધિમાન લોકનેતાઓ ન્યાયના કાર્યમાં મને સહાયતા આપવા જરા પણ તત્પર થતા નથી એટલે તેમને જામીન ઉપર અગર જામીન સિવાય છૂટા કરવાનો પ્રશ્ન જ ઊભો થાતો નથિ, કામ રીતસર ચાલે ત્યાં સુધી જેલદેખરેખમાં તેમને રાખવાનો હુકમ હું દિલગીરી સાથે કરું છું.

'વંદે માતરમ્ !' લોકોએ પોકાર કર્યો. મૅજિસ્ટ્રેટ કોઈના સામું જોયા વગર એકદમ પાછલે બારણેથી પોતાની ચેમ્બરમાં ચાલ્યા ગયા. જેને જેને મળવું હતું તેને મળવા દીધા.

તેમને લઈ જતી વખતે અરુણે પુષ્પાની પાસે જઈ પૂછ્યું :

‘પુષ્પાવતી ! રંજનગૌરી નથી આવ્યાં ?’

‘ના.’

‘કેમ ?’

‘કોણ જાણે !’

‘એ તો ખાલી ઉપરથી આવી દેખાય છે; એનું હૃદય એવું છે કે તમને જતા એ જોઈ શકત નહિ.’ કૃષ્ણકાંતે કારણ દર્શાવ્યું.

સહુના જયનાદ વચ્ચેથી સ્નેહીઓનાં આંસુ વચ્ચેથી આરોપીઓને પોલીસ પોતાની મોટરબસમાં ઉપાડી ગઈ.

આંખમાં આવેલાં આંસુ લૂછતી પુષ્પા વિચાર કરતી હતી :

‘છેવટે રંજનને સંભારી !’

# ૩૩ કિસનની માંદગી

રુદન તો હવે લોહીમાં મળ્યું;
રુદનનો મને ઘા નહીં કશો !
રડી મરું અહીં સાંભળે ન કો ?
ન મુજ મૃત્યુથી કોઈને કશું !

સુરભિ, સુશીલા અને પુષ્પા એ ત્રણેની આંખ આંસુથી ભરાઈ ગઈ. સજા પામેલા વીરોનાં મુખ હસતાં હતાં; તેમના હૃદયમાં ગર્વ હતો. અણગમતી સરકાર અસ્વીકારની બહુ સરસ ચેષ્ટા (gesture) તેમણે કરી હતી; પરંતુ સ્ત્રીહૃદય તો સુખમાં અને દુ:ખમાં રડી પડે છે. કૃષ્ણકાંત પણ ગંભીર બની ગયો. આર્થિક આફત તેના મુખ ઉપરનું હાસ્ય મિટાવી શકી નહોતી; પરંતુ પોતના સ્નેહીઓને કેદમાં ઘસડાતા જોતાં મુખ ઉપરનું હાસ્ય ઓસરી ગયું. તેણે સિગાર પીવી ઓછી કરી નાખી હતી; છેલ્લા દિવસોમાં તેણે બિલકુલ સિગાર પીધી જ નહોતી. અત્યારે તેના ભારે થઈ ગયેલા મસ્તિષ્કને જાણે કોઈ ઉતારની જરૂર હોય એમ તેને જણાયું ધનસુખલાલની વ્યગ્રતા તેમના હલનચલનમાં અને બોલીમાં દેખાઈ આવતી હતી. તેઓ જેની તેની સાથે ઉતાવળું ઉતાવળું બોલતા હતા કે તેમના હૃદય ઉપર કશી અસર થઈ જ નથી. નૃસિંહલાલ ઢગલો બનીને એક ખુરશી ઉપર ઢળી

પડયા હતા.

આરોપીઓએ જામીન ન આપવાની હઠીલાઈ કરી, અને તેથી તેમને કેદમાં જવું પડયું. આરોપીઓની મોટરગાડી ચાલી ત્યારે બપોરના ચાર વાગી ગયા. કૃષ્ણકાંત, સુરભિ અને ધનસુખલાલ તો સવારનાં જ ભૂખ્યાં હતાં. આરોપીઓની સાથે જવામાં, આરોપીઓને સમજાવવામાં, મૅજિસ્ટ્રેટની સાથે મસલતો કરવામાં અને અધિકારી મિત્રો ઉપર લાગવગ પહોંચાડવાના પ્રયાસમાં તેમનો બધો જ સમય વીતી ગયો હતો.

ધીમે ધીમે માણસો વેરાવા લાગ્યાં. જે સ્થળે આરોપીઓને કેદ રાખવાના હતા તે સ્થળ શોધી કાઢી ત્યાં આગળ જમા થવાની વૃત્તિને લીધે અદાલતમાં ઊભરાતો માનવસમૂહ ઓછો થઈ ગયો.

‘કાકા ! આપ પધારો. હું જરા પોલીસસ્ટેશનને જઈ આવું.’ કૃષ્ણકાંતે કહ્યું.

‘મેં પોલીસ-અમલદારને કહી મૂક્યું છે, કશી અડચણ પડશે નહિ. તમે બંને મારી સાથે ચાલો. જરા જમો, આરામ લો, પછી આપણે જઈ આવીશું.’ ધનસુખલાલે કહ્યું.

‘ના ના, કાકા ! રંજન એકલી છે; હું ઘેર જ જઈશ.’

‘એને તારે ઘેરથી લઈ લઈએ. મોટરમાં કેટલી વાર થવાની છે ?’ ધનસુખલાલે આગ્રહ કર્યો.

કૃષ્ણકાંતે આ આગ્રહી વૃદ્ધ સાથે વધારે વાદવિવાદ ન કર્યો. પોતાને ઘેર ગયા પછી ગમે તે કારણે ના પાડી શકાશે એમ ધારી તેણે મોટર મંગાવી. કૃષ્ણકાંત આગળ બેઠો; બીજાં

ચાર જણ જેમ તેમ કરી મોટરમાં સમાયાં, મોટર ઊપડી અને સામેથી એક મોટરમાં રંજન જતી દેખાઈ. રંજને હસીને રૂમાલ પણ હલાવ્યો. રંજનની સાથે કોઈ પુરુષ હતો તે ન ઓળખાયો.

'રંજન ગઈ ?' પુષ્પાએ પૂછ્યું.

'હા. ક્યાં ગઈ હશે ?' સુશીલાએ પૂછ્યું.

'ચૉકી ઉપર.' પુષ્પાએ જરા ભાર દઈ કહ્યું.

'અરે ચૉકી એ બાજુએ ક્યાં આવી ? એ તો આમ છે.' કહી ધનસુખલાલે પુષ્પાની ભૂલ સુધારી.

'હવે ?' સુરભિ બોલી.

'હજી મોટર દેખાય છે. આપણે એને પકડી શકીશું. સહુને દેખીને એ ઊભી કેમ ન રહી તે મને સમજાતું નથી.' કહી કૃષ્ણકાંતે શૉફરને ગાડી પાછી વાળવા હુકમ કર્યો. થોડી ક્ષણનો પ્રશ્ન હતો એટલે કોઈએ વાંધો લીધો નહિ.

પરંતુ રંજનની મોટર ધાર્યા કરતાં વધારે ઝડપથી જતી હતી. કૃષ્ણકાંતે મોટર હાંકનારને વધારે ઝડપ કરવા સૂચવ્યું. ઝડપ પણ જુગાર જેવી જ મોહક હોય છે. કોઈ પણ વાહનને ઓછી ઝડપ અપમાનભરી લાગે છે કૃષ્ણકાંતની મોટર પૂરઝડપમાં છૂટી. રંજનની મોટર સહજ દૂર રહી એટલે પાછલી મોટરે ખૂબ ભૂંગળાં (horn) વગાડયાં, પરંતુ રંજનની ગાડી ઊભી ન રહી. શહેરના ભાગમાં આવતાં એક ખાંચા આગળ રંજનની મોટર છેવટે ધીમી પડી; એવામાં જ કૃષ્ણકાંતની મોટર પાસે આવી ગઈ.

'રંજન !' કૃષ્ણકાંતે ધીમે બૂમ પાડી

મોટર હાંકનારે મોટર ઊભી રાખી. રંજને જરા ચિડાઈને હાંકનારને કહ્યું :

'કેમ રોકો છો ? સમજ છે કે નહિ ?'

ઘુર્ર્ કરતી ગાડી આગળ વધી. રંજનની વિલક્ષણતા કોઈના સમજવામાં ન આવી. કૃષ્ણકાંતે ગાડી પાછળ હંકાવી. ખાંચાખૂંચીમાંથી પસાર થવાનું હતું. ધનસુખલાલ બોલ્યા :

'આપણે ક્યાં આવ્યાં ? વાઘરીવાડ છે કે ધૂળધોયાવાસ ?'

શેરીનો દેખાવ જોઈ જરા ઘૃણાપૂર્વક તેમણે બંને નીચ મનાતા વર્ગો ઉપર ભાર દીધો. નીચ કોમોએ ઊંચી કોમોનું કાંઈ જ બગાડ્યું નથી કે જેથી તેમનો તિરસ્કાર કરવા ઉચ્ચ વર્ગ પ્રેરાય, છતાં હિંદુસમાજની ઉચ્ચ કોમો હલકી કોમો માટેનો તિરસ્કાર કેળવે છે, અને હલકી કોમો પણ પોતે એ તિરસ્કારની જ અધિકારી છે એમ માને છે, પરંતુ ધનસુખલાલને વધારે ચમકાવનારો જવાબ પુષ્પાએ આપ્યો :

'ભાઈ ! આ ઢેડવાસ છે.'

'શું ?' હબકી ગયા હોય તેમ ધનસુખલાલ પોકારી ઊઠ્યા.

'હા, ભાઈ ! આ તો ધના ભગતના ઘર પાસે જઈએ છીએ.'

'કેમ ? આ ભ્રષ્ટવેડાની કાંઈ જરૂર ? મારે બધાં કપડાં પલાળવાં પડશે.'

'રંજનની પાછળ જતાં જતાં અહીં આવી ચડયાં.'

એટલામાં રંજનની મોટર અટકી અને પાછળની મોટર પણ અટકી. ધના ભગતના ચોતરા ઉપર કેટલાક મરદો અને બૈરાં ઊભાં હતાં.

'રંજન અહીં ક્યાંથી આવી ?' ધનસુખલાલે પૂછ્યું.

'હમણાં વાત ન કરાવશો. પેલો બિચારો કિસન ! કહે છે કે છેલ્લી ઘડી છે.' મોટરમાંથી ઊતરતાં ઊતરતાં રંજને કહ્યું. રંજનની સાથે કૃષ્ણકાંતના કુટુંબ-ડૉક્ટર ઊતર્યા. હાથમાં બૅગ લઈ તેઓ ઝપાટાબંધ રંજનની પાછળ ધના ભગતની ઝૂંપડીમાં ગયા.

'હાય હાય ! છોકરો બિચારો આવો માંદો છે ?' સુશીલાથી નીચે ઊતરી બોલાઈ ગયું.

'અરે બા ! વાત ન કરો; તાળવું ફાટી જાય એવો તાવ છે. એક છાતી ઉપર અને એક પગમાં ડામ દીધો તોય હજી ઊતરતો નથી !' ચોતરા ઉપર ઊભેલી એક બાઈ બોલી.

સુશીલાની આંખો ફાટી ગઈ. બે ડામ ? એ કુમળા કિશોરની આ દવા? તે ધસીને ઝૂંપડીમાં ગઈ; પાછળ પુષ્પા પણ ગઈ. ધનસુખલાલ મૂંઝાઈને ઊભા રહ્યા. આ છોકરીઓ શું કરે છે તે તેમને સમજાયું નહિ. ઢેડના ઘરમાં કેમ પેસાય ! વૈષ્ણવઘરમાં જન્મ લેનાર પુત્રીઓ અચકાતી કેમ નથી ?

'કાકા, અંદર આવો તો ખરા ? બિચારા ભગતને સારું લાગશે.' કૃષ્ણકાંતે કહ્યું.

'ના ના, ભાઈ ! હું તો અહીં જ ઠીક છું. એ તો તમારું સુધરેલાનું કામ.'

કૃષ્ણકાંતે અંદર ડોકિયું કર્યું. અંદર ઘણાં માણસો ભેગાં થઈ ગયાં હતાં. ડૉક્ટરે હાથ પકડી બધાંને ખસેડયાં ત્યારે પોતે દર્દીની પાસે જઈ શક્યા. ડૉક્ટરને અને મડમ જેવી રૂપાળી યુવતીઓને સહુએ જગા આપી અને બધાં બોલતાં બોલતાં આઘાં ખસ્યાં.

'બિચારા ભગતનું નસીબ !' 'સારાં માણસો ક્યાંથી ?' 'છોકરો નથી બચવાનો.' 'ઝોડ વળગ્યું લાગે છે.' 'ના ના, એ તો નજર.' 'નજર લાગે એવો જ છોકરો હતો, બા !' આ પ્રમાણે બધાં બૈરાં બોલ્યાં કરતાં હતાં. કિસન એક ગોદડી ઉપર સૂતો હતો. તેના ઉપર બીજી ગોદડી ઓઢાડેલી હતી. ભગત કાંઈ મનમાં બોલતા હતા. ડૉક્ટરે સિસકારી બોલાવી સહુને ચૂપ રાખ્યાં.

'ભગત ! હું ડૉક્ટરને તેડી લાવી છું; અંગ્રેજી ભણેલા વૈદ.' રંજને કહ્યું.'

'મોટો વૈદ પ્રભુ, અને મોટી દવા એનું નામ; બહેન ! શું કરવા તસ્દી લીધી ?' છોકરાને માથે હાથ ફેરવતાં ભગત બોલ્યા.

'આટલો બધો તાવ છે ને ? જરા ડૉક્ટરની દવા કરીશું તો ઠીક થઈ જશે.' રંજને કહ્યું.

'પ્રભુએ આપ્યો છે ને પ્રભુ નહિ બચાવે ? હે નાથ ! તારે ચરણે એને મૂક્યો છે. તારા ગરીબ ભગતને મરતી વખતે રડાવવો હોય તો તું જાણે !' ભગતના હોઠ ધ્રૂજ્યા.

'દાદા ! પ્રભુ ક્યાં છે ?' કિસન લવ્યો.

'દીકરા ! જ્યાં નજર નાખીશ ત્યાં પ્રભુ છે. જ્યાં મન દોરીશ ત્યાં પ્રભુ છે : મારો દીનદયાળ !'

'દીનદયાળ !' કિસને પડઘો પાડ્યો.

'બોલ, બેટા ! દીનદયાળ.'

'દીનદયાળ દાદા ! ભગવાન... દેખાય...ખરું ?'

'હા, બેટા !'

'મને દેખાય છે.' કિસને કહ્યું. અને હસતું મુખ રાખી તે શાંત પડ્યો.

ડૉક્ટરના ગળામાં ડચૂરો આવ્યો. અંધ વૃદ્ધ પુરુષની કરુણાભરી શ્રદ્ધા તેના કઠણ હૃદય હલાવી રહી હતી. તેણે નીચે બેસી કિસનનો હાથ ઝાલ્યો. હાથ ઝાલતાં બરાબર તેનું મુખ ગંભીર બની ગયું. તેણે રંજન ભણી ડોકું હલાવ્યું.

સુશીલાને તે જોતાં જ ફેર આવ્યા. તેનું હૃદય દેહમાંથી નીકળી નાસતું હોય એમ તેને લાગ્યું. તે એકદમ જમીન ઉપર પડી ગઈ. કૃષ્ણકાંત અંદર દોડી આવ્યો; પુષ્પાએ સુશીલાને ઝાલી લીધી; પરંતુ સુશીલાનું શરીર ખેંચાતું હતું. એક બાઈએ બહાર નીકળી ધનસુખલાલને કહ્યું :

'અંદર તો બહેન બેભાન થઈ ગયાં છે !'

ધનસુખલાલ અંદર દોડ્યા. ઢેડની ઝૂંપડીમાં પ્રવેશ ન થાય એ ધર્મસૂત્ર તેઓ અત્યારે ભૂલી ગયા. માંદા માણસની સારવાર કરવી એ તેમને માટે અશક્ય હતું. તેઓ જાતે એટલા ગભરાઈ

જતા કે તેમની સારવાર ઊલટી હરકતરૂપ થઈ પડે. આસપાસ ઊભેલી અંત્યજ સ્ત્રીઓને તેઓ કહેવા લાગ્યા :

'જરા પાણી લાવો, પાણી છાંટો એના મોં ઉપર !'

ડૉક્ટરે બધાંને ઝૂંપડી બહાર કાઢ્યાં, એક-બે અંત્યજ બાઈઓ પોતાના લૂગડા વડે સુશીલાને પંખો નાખવા લાગી. સુશીલાનો દેહ ખેંચાયો હતો, અને તેના કંઠમાથી કોઈ દુઃખભર્યા રુદનના ટુકડા સંભળાતા હતા.

'શું થયું, બહેન ?' ભગતે ધીમે રહી રંજનને પૂછ્યું.

'એ તો મોટી બહેનને તાણ આવી ગયું.'

'અરે, અરે ! એ હરિજન અહીં ક્યાંથી ?'

'કિસનને જોવા. કાકા પણ આવ્યા છે, ભાઈ પણ આવ્યા છે.'

'શું કહો છો ? ગરીબના ઘરમાં આખો રજવાડો શો ? પ્રભુ ! તુંહી, તુંહી ! આ તારો બાળક તારા ખોળે છે !'

સુશીલાને તાણ વળ્યું. તેનું રુદન બંધ થયું. તેની આંખો ઊઘડી ગઈ. ધનસુખલાલના જીવમાં જીવ આવ્યો. ડૉક્ટરે કહ્યું :

'મોટીબહેનને બહાર લઈ જઈએ. અહીંની ગિરદી તેમનાથી સહન ન થઈ.' ડૉક્ટર બધાંને ઓળખતા હતા.

'હા હા; ચાલો.' કહી ધનસુખલાલ અણઆવડત દેખાઈ આવે એવી રીતે સુશીલાને ઊંચકવા લાગ્યા.

'આપ રહેવા દો; હું અને સુરભિ થઈને લઈ જશું.'

'હા ભાઈ ! તેમ કરો. હું તો હવે ઘરડો થયો.'

સુશીલા બેઠી થઈ ગઈ. તેને કૃષ્ણકાંત, સુરભિ અને ડૉક્ટર ટેકો આપવા લાગ્યાં.

'ના ના, કાંઈ જરૂર નથી; હું મારી મેળે ઊઠીશ.' સુશીલાએ કહ્યું અને કિસનની પથારી ભણી નજર રાખી ઊઠવા માંડયું. તેને ઊઠતાં ઊઠતાં ચક્કર આવ્યાં. તેણે તત્કાળ કૃષ્ણકાંતનો ખભો ઝાલી લીધો.

'મારે કિસનને જોવો છે.' સુશીલાએ કહ્યું.

'ના મોટીબહેન ! તમને ફરી તાણ આવશે.' ડૉક્ટરે કહ્યું. દાદા અને તેના દીકરા વચ્ચેનો ઈશ્વરસ્મરણનો પ્રસંગ ડૉક્ટરના હૃદયને પણ હલાવી રહ્યો હતો. તે જ પ્રસંગે સુશીલાનું ભાન ભુલાવ્યું હતું એ સમજી જનાર ડૉક્ટરે તેને દર્દી પાસે આવવાની મના કરી.

'ડૉક્ટરસાહેબ ! મને હવે કાંઈ નહિ થાય. મારું મન સ્થિર થયું છે.' કહી સુશીલા આગળ આવી અને રંજનની જોડે બેસી ગઈ. તેને તીવ્ર ઈચ્છા થઈ આવી કે પોતે તે બાળકનું મસ્તક ખોળામાં લઈ લે. તેણે એ વૃત્તિને પ્રબળ પ્રયાસ કરી રોકી. કિસનના મુખ સામે તે જોઈ રહી.

'દાદા ! કોઈ રડતું હતું ?' કિસને પૂછયું. જ્વરની અતિશયતામાં તેને ક્વચિત્ ભાન આવતું અને ક્વચિત્ શૂન્ય બની જતો.

'બેટા ! રડવાની વાત જ ન કરવી. પ્રભુ તો હસતો અને

હસાવતો જ રહે છે. જો, મા વગરનો તું, તો મને પ્રભુએ આજે મા આપી - એક નહિ, ચાર ચાર !' ધના ભગતે કહ્યું. કોણ કોણ યુવતીઓ આવી હતી તે તેમણે જાણી લીધું હતું. સુશીલાને લાગ્યું કે પોતાનું હૃદય એક ક્ષણ ધબકતું બંધ પડી ગયું હતું.

ધનસુખલાલની સ્પર્શાસ્પર્શી સુષુપ્ત બની ગયેલી વૃત્તિ પાછી જાગૃત થઈ. તેને ધના ભગત માટે એક પ્રકારનું માન હતું; પ્રભુનાં મર્મભેદી સ્તવનો સંભળાવી હૃદયને પવિત્ર કરતા એ મહાર તરફ તેને એક પ્રકારનો સમભાવ હતો; પરંતુ એ માન અને સમભાવ જાતિભેદ ભુલાવી શકે તેમ નહોતું. એ ભક્ત ખરો; પરંતુ તેનો સ્પર્શ થાય નહિ. પ્રભુનું નામ લેતો અંત્યજ પવિત્ર ખરો; પરંતુ તેને ઓટલે બેસાડાય. તેનો ભક્તિભાવ પોતાના હૃદયને અડતી ઊર્મિઓ ઉછાળે તેની હરકત નહિ; પરંતુ તેનો દેહ પોતાના દેહને અડકવો ન જોઈએ. વર્તમાન કેળવણી પામેલાઓને આમાં કદાચ અતિશયોક્તિ લાગે; પરંતુ ઉમદા મનવાળા ભાવિક હિંદુઓમાંથી ઘણાને આવ જ સંસ્કાર જામી ગયા હોય છે.

ધનસુખલાલના મુખ ઉપર અંત્યજસ્પર્શની વ્યગ્રતા સ્પષ્ટ થઈ. હવે બધાં આ ભ્રષ્ટાચારમાંથી ખસે તો સારું એમ ઈચ્છતા ધનસુખલાલે જોયું કે કિસન આંખ ઉઘાડી ચારેપાસ જોતો હતો.

'દાદા ! બધાં ભજન સાંભળવા આવ્યાં છે?' તે બોલ્યો.

'ના. દીકરા ! તને જોવાને આવ્યાં છે.'

'પણ બધાંને નહાવું પડશે તે ?' રોજ ધનસુખલાલને ત્યાં જતા બાળક કિસનને ધનસુખલાલના ઘરની રૂઢિ માલૂમ હતી;

તેને ચિંતા થઈ.

ધનસુખલાલની વ્યગ્રતા ઊડી ગઈ. કિસનનો છેલ્લો પ્રશ્ન સાંભળી તેઓ ગંભીર બની ગયા. સુશીલાથી રહેવાયું નહિ. તેણે કિસનને કપાળે હાથ મૂક્યો.

કિસન ચમક્યો; તેણે માથું ખસેડયું અને સામે જોઈને કહ્યું :

'મોટાં બા ! શું કામ અડકો છો ? બધાં કપડાં પલાળવાં...' થાકને લીધે વાક્ય પૂરું કરી શક્યો નહિ; તેણે આંખો મીંચી દીધી. સ્પર્શમાં રહેલી ભેદભાવના સામે ઝૂઝવા મથનાર આ કિશોર પોતાના હિતસ્વીઓની ધર્મલાગણી સાચવવા માટે માંદગીને બિછાનેથી પણ ચિંતા કરી રહ્યો હતો.

'આવા સમયે આવા સ્પર્શમાં દોષ ખરો ?' પહેલી જ વાર ધનસુખલાલને સ્પર્શભેદની રૂઢિ માટે શંકા ઊઠી. જૂની ભાવના છોડતાં હૃદયમાં ભારે યુદ્ધ થાય છે. એ યુદ્ધની આગહી આપતી વિકળતામાં તેઓ બહાર ચાલ્યા આવ્યા. રંજને કહ્યું :

'મોટી બહેન ! હવે જાઓ. કાકા ક્યારના અકળાઈ રહ્યા છે. તમે બધાંએ ભારે હિંમત કરી અહીં આવવાની !'

'અમે તો તારી પાછળ અકસ્માત જ આવ્યા. આવ્યા તે સારું થયું. કચેરીની ધમાલમાં ભગતને તો ભૂલી જ ગયાં હતાં. હવે તુંયે આવે છે ને ?' પુષ્પાએ કહ્યું.

'ના રે ના ! હું તો આ કિસનને તાવ ન ઊતરે ત્યાં સુધી અહીં જ બેસી રહીશ. ભગતથી કાંઈ એને બરફ ઘસાય કે એની બીજી ચાકરી થાય ?'

'ત્યારે હુંયે તારી સાથે જ બેસું તો ? વારાફરતી છોકરાની પાસે બેસીએ.' સુશીલાએ કહ્યું.

ડૉક્ટરે ગંભીરપણે સુશીલાને ત્યાં આગળ વધારે રોકાવાની મના કરી; ધના ભગતે પણ આગ્રહ કર્યો :

'ઓ મા ! તમે તો બધાં જગદમ્બાસ્વરૂપ ! મારે ઘેર તમારાં પગલાં થયાં એ મારા કિસનના ધનભાગ્ય. હવે તમે પધારો. તમારો આર્શીવાદ કિસનની રક્ષા કરશે.'

મહામુશ્કેલીથી સુશીલા પથારી પાસેથી ખસી. રંજન પણ બધાંને મૂકવા બહાર આવી. તેણે પોતાની ભાભીને કહ્યું :

'મારો ઊંચો જીવ ન કરશો. કિસનને તાવ ઊતરશે એટલે હું પાછી આવું છું. રાત્રે નવેક વાગી જાય અને હું ન આવું કૉફી મોકલજો.' રંજને આખી રાતના ઉજાગરા માટે તૈયારી કરી હતી.

સુશીલાએ ડૉક્ટરને એક બાજુએ બોલાવી પૂછ્યું :

'ડૉક્ટરસાહેબ ! હવે કેમ લાગે છે ?'

'કાંઈ નહિ. તમને તો સહજ...'

'હું મારી વાત નથી કરતી; પેલા છોકરા માટે પૂછું છું.'

'હું આવ્યો ત્યારે નાડીમાં ધબકારો પડતો હતો; અત્યારે ધબકારા નિયમિત છે એટલે કાંઈક આશા ખરી.'

'ડૉક્ટર ! મહેનત બાકી ન રાખશો; તમે ધાર્યું નહિ હોય એટલું ઈનામ આપીશ, પણ છોકરો બચવો જોઈએ !'

'આપને સંતોષ થાય એ મારે તો મોટું ઈનામ. કૃષ્ણકાંતના અને આપના કુટુંબ માટે કહેવું નહિ પડે.'

'તમે આખી રાત છોકરા પાસે રહો તો ?'

'ઘણું કરીનેક એમ જ થશે. રંજનબહેન છોડશે નહિ.'

સુશીલાએ ખિસ્સામાંથી નોટ કાઢી ડૉક્ટરને કહ્યું : ડૉક્ટર ! રાતની ફી હું આપું છું.'

'એ શું બોલ્યાં, બહેન ? હું કાંઈ અત્યારે ફી લેવા આવ્યો નથી.' કહી ડૉક્ટરે હાથ લાંબો પણ ન કર્યો, અને ત્યાંથી તે ખસી ગયા.

'બંને મોટર ચાલી; રંજનવાળી મોટરમાં ત્રણ સ્ત્રીઓ બેઠી, અને કૃષ્ણકાંતની મોટરમાં બંને પુરુષો બેઠા.

'મોટર પાછી જલદી આવે હોં ! વખતે અહીં જરૂર પડે.' રંજને પોતાની ભાભીને ચાલતી મોટરમાં કહ્યું.

# ૩૪ ધર્મમંથન

આવો આવો આંસુ આતમતાપનાં;
શા માટે વ્હોર્યો આ માનવ દેહ જો ?
ને શેમાં શેમાં એને નિત ગાળતો ?
જાય સરી પલ, તે ગઈ નઃસંદેહ જો. આવે૦

**બળવંતરાય**

કૃષ્ણકાંતે પ્રથમ ધનસુખલાલના મકાન તરફ મોટર લેવરાવી. મકાન આવી પહોંચતાં જ ધનસુખલાલે પાછો બધાંને ઊતરવાનો આગ્રહ કર્યો; પરંતુ કૃષ્ણકાંતે ના પાડી.

'તને વધારે ખોટી નહિ કરીએ. શાનો મોંઘો થાય છે ?' ધનસુખલાલે કહ્યું.

'ના જી, રાત પડવા આવી છે. આપને હજી નહાવું હશે. હું પછી મળીશ.' કૃષ્ણકાંતે કહ્યું.

ધના ભગતની નાની સરખી ઝૂંપડી અને માંદગી ભોગવતા સાધનરહિત બાળકની સ્થિતિના વિચારમાં પડેલા ધનસુખલાલ નહાવાનો ખ્યાલ વીસરી ગયા હતા. તેઓ કદાચ સીધા જઈ વગરનાહ્યે ઠાકોરજીનાં દર્શન પણ કરત. કૃષ્ણકાંતે તેમને તેમણી દૈહિક અપવિત્રતાનું ભાન કરાવ્યું. તેમણે આગ્રહ મૂકી દીધો.

કૃષ્ણકાંતે એક મોટર અહીંથી જ રંજન પાસે મોકલી દીધી, અને બીજી મોટરમાં તે અને સુરભિ બેસીને ગયાં.

'સુશીલા ! પાની તો તૈયાર હશે; તું નાહી લે. પછી હું નાહીશ.' ધનસુખલાલે ઘરને ઓટલે ચડતાં કહ્યું.

'બહેનનું શરીર સારું નથી. અત્યારે ન નહાય તો ?' પુષ્પાએ પૂછ્યું.

'એની મરજી, મારો આગ્રહ નથી. પછીથી એનું અડકેલું ઓઢવા-પાથરવાનું ધના ભગતને ત્યાં મોકલી દેવાશે; એમાં કાંઈ હરકત નથી.' ધનસુખલાલે કહ્યું; પરંતુ તે કહેતાં કહેતાં તેમને લાગ્યું કે પોતાના આ વિચારમાં કોઈક ઠેકાણે કશું અસંગત છે.

સુશીલાની ભમ્મર જરા ઊંચકાઈ.

'એ બિચારા અંત્યજ ! માટે એમને આપણે ઉતારેલું લૂગડું ખપે; ખરું ?' તેના મનામાં વિચાર આવ્યો; પરંતુ તે તેણે જાહેર ન કર્યો. તેણે તો માત્ર એટલું જ કહ્યું:

'ના, હું નાહીશ. એમાં શું ?'

પરંતુ તે ખોટું બોલતી હતી. તેનું હૃદય એ જૂઠાણું સાંભળી ચિચિયારી પાડી ઊઠ્યું : 'શા માટે અંત્યજને અડકીને નહાવું ? બીજા કોઈને અડકીને આપણે ઓછાં નાહીએ છીએ ?'

'પણ એમનો ધંધો તો એવો જ ને !' તેના જૂઠા સંસ્કારે દલીલ કરી. અસ્પૃશ્યતામાં તિરસ્કાર રહેલો નથી. ધંધાને અંગે ઊપજતી અપવિત્રતા આગળ કાંઈક પડદો હોવો જોઈએ; એટલું

જ નહિ, પરંતુ વર્તમાન વિજ્ઞાન પણ જંતુપ્રસારણની સંભાવનાને આધારે અસ્પૃશ્યતાને ટેકો આપી શકે છે. એટલે આપણા જૂના ધર્મચારમાં ભારે રહસ્ય જોઈ શકાય છે.

'ધૂળ ને પથરા! આપણે જ અંત્યજ હોઈએ તો ?...' આખી પ્રજાની અસ્વચ્છતા મટાડનાર કોમને જ આપણે તો અસ્વચ્છ કહી તજી દીધી! કારણ ? અસ્વચ્છ ધંધો કરે છે માટે... તેનો ઉપકાર માનવો તો બાજુએ રહ્યો! ...કોઈ દિવસ એ લોકો જ એમ કહેશે કે 'ત્યારે રહ્યું તમારું કામ ! અમને અડકતાં નથી તો એ ધંધો તમે જ સાચવી લો !' ત્યારે શું કરીએ ? આપણે બધાંએ વારાફરતી અંત્યજ થવું નહિ પડે ?

પિતાજીને રાજી રાખવા, જે રૂઢિમાં પોતે ઊછરી હતી તે રૂઢિના સરળ ચીલાને ન મૂકવા, લાંબા સંસ્કારને વશ વર્તીને સુશીલા નાહી તો ખરી; પરંતુ તેનું મન વમળે ચડયું. નહાતાં નહાતાં તેણે વિરુદ્ધ અને તરફેણમાં દલીલો કરી; પરંતુ મન માન્યું નહિ. તેને એમ લાગ્યું કે આ પ્રમાણે નાહીને તે આખી અંત્યજ જનતાનું અપમાન કરે છે. અને એ જનતામાં ધના ભગત જેવો પવિત્ર અને કિસન સરખો...!

'કોણ ? કિસન કોણ?' તેને પોતાના પુત્રનું સ્મરણ થઈ આવ્યું. કિસન ખરેખર એ જ હતો કે કેમ તેની ચોકસાઈ થવી મુશ્કેલ હતી; પરંતુ ગમે તે પરિસ્થિતિમાં બાળક જીવતું રહે એમ માતૃહૃદય ઈચ્છે છે.

ધર્મનિષ્ઠ સુશીલાએ એક પ્રસંગે - નિર્બળતાથી કહો કે માનવતાથી કહો - રૂઢિનો ભંગ કર્યો હતો. એ જ રૂઢિએ તેને

દાટી દીધી; પરંતુ જે વ્યક્તિમાં તે પોતાના બાળકનો ભાસ વર્ષોથી નિહાળ્યા કરતી હતી તેનું પોતાના જ હાથગે અપમાન થતું જોઈ તે દાઝી ઊઠી.

'બધા ઢોંગ છે ! હું એટલી બધી પવિત્ર ક્યાંથી કે ઢેડને અડકીને મારે નહાવું પડે !'

'તેણે ઠાકોરજીની સેવાપૂજા કરી; રહી ગયેલી સાયં આરતી પણ કરી. પરંતુ આખો વખત પ્રભુની પ્રતિમા જાણે કોઈ કટાક્ષભર્યું સ્મિત કરતી હોય એવો તેને ભાસ થયો. પ્રભુનો સ્પર્શ કરવો હોય તો જરૂર પવિત્રતા જોઈએ; પરંતુ એ પવિત્રતા મોતને બિછાને સૂતેલા અંત્યજને અડકવાથી જતી રહે ખરી? અંત્યજની સારવાર દેહને પવિત્ર બનાવે છે કે માત્ર સ્નાન ? પ્રભુ જાણે હસતે હસતે એ પ્રશ્ન તેને પૂછતા હોય એમ લાગ્યું.'

'ભાઈ ! થાળ ધરાવું છું. તમારે વાર તો નથી ને ?' પુષ્પાએ મંદિરમાં જ પાઠ કરવા બેઠેલા ધનસુખલાલને પૂછ્યું.

'થોડા પાઠ બાકી છે; પા કલાકમાં આવું છું.' ધનસુખલાલે કહ્યું. ધનસુખલાલ ગીતાના અમુક અધ્યાય વાંચ્યા સિવાય જમતા નહિ. આજે તેમણે પણ અનાયાસે બહુ આઘાત થયો હતો તેમણે સ્વપ્ને પણ નહિ ધાર્યું હોય કે પોતાને અંત્યજવાસમાં જવાનો પ્રસંગ આવશે; ત્યાં જઈને અંત્યજની ઝૂંપડીમાં પ્રવેશ કરવો પડશે એવી તેમને કલ્પના પણ થઈ નહોતી. એથી પણ આગળ વધીને પોતાની પુત્રી અંત્યજ છોકરાને અડકશે અને એવી સ્થિતિમાં તેના દેહને ધનસુખલાલે સ્પર્શવો પડશે, એ તો બધું તેમના આખા જીવનના સંચી રાખેલા ધર્મવિચારો અને ધર્માચારોને હચમચાવી

નાખે તેમ હતું.

'કોઈ ક્યાં જાણીજોઈને અડક્યું છે ? ન છૂટકે બધું જ કરવું પડે.' ગીતાનો પાઠ કરતાં કરતાં તેમનાં મનમાં વિચારો આવ્યા કરતા હતા. 'ભગત અને કિસન બંને આપણા જાણીતા. બિચારો ગરીબ અને નિરાધાર. આવે વખતે ત્યાં ગયા એમાં શું ખોટું થયું ?...આપદ્ધર્મમાં બધી જ છૂટ... પરંતુ શા માટે એ સ્પર્શને આપદ્ધર્મ કે કેમ ?' આવા આવા વિચારોમાં ગૂંચવાઈ ગયેલા ધનસુખલાલ મોટેથી ગીતાપાઠ કર્યે જતા હતા. વાંચતાં વાંચતાં નીચેનાં વાક્યોનું તેમણે ઉચ્ચારણ શરૂ કર્યું. અને તેમને કાંઈ નવું ભાન થતું હતું એમ લાગ્યંઃ

ઇશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશોર્જુન તિષ્ઠતિ—

ધનસુખલાલ અટક્યા. તેમણે આગળ બોલવું બંધ કર્યું અને એ મહાકાવ્યમાં સમાયલા અર્થનો વિચાર કરવા માંડયો :

'પ્રભુને એકે દેહ અપવિત્ર નહિ, અને પામર મનાવીને ભેદાભેદ ? પ્રભુ સહુના હૃદયમાં વસે; પાપી માનવી પ્રભુના નિવાસમંદિરને અડકી અભડાય ! પ્રભુને મેળવવાનો માર્ગ એનું નામ ધર્મ, અને પ્રભુ જ્યાં વસે ત્યાં વિમુખતા ! એ ધર્મ કે અધર્મ ? ત્યારે આજ સુધી પાળેલો આચાર ખોટો ?'

ભાઈ ! પાઠ થઈ રહ્યો કે શું ? પુષ્પાએ પૂછ્યું.

'જરાક જ વાર છે.' વિચારમાંથી જાગૃત થઈ ધનસુખલાલે કહ્યું. બે-ત્રણ શ્લોક આગળ બોલ્યા અને તેઓ વળી અટક્યા.

મન્મના ભવ મદ્‌ભક્તોમદ્યાજીમાં નમસ્કુરુ —

પ્રભુ તો આમ કહે છે : 'મારું ભજન કર; મેન નમસ્કાર કર !' અત્યંતને અડકતાં જે ભાવ ઉત્પન્ન થાય છે, અંત્યજને અડકી સ્નાન કરવાની જે વૃત્તિ જાગૃત થાય છે. એમાં પ્રભુને નમસ્કાર કરવાનો ભાવ આવે છે ખરો ? હૃદય પ્રામાણિક જવાબ તો નકારમાં આપે છે !

'હે નાથ ! અમે તો કશું દેખતા નથી. અંધનો હાથ ઝાલી દોરજે !'

ધનસુખલાલથી વિચારભાર ખમાયો નહિ, એટલે તેઓ બોલી ઊઠ્યા. અને તત્કાળ તેમનાં હૃદયમાંથી બોલી ઊઠ્યું :

'પ્રભુ તારો - આંખ છતાં અંધનો હાથ ઝાલે એ ખરું; પરંતુ તેં કોઈ સાચા અંધનો એક ક્ષણ પણ હાથ ઝાલ્યો છે ?'

ધનસુખલાલ આગળ ઝપાટાબંધ પાઠ કરી ગયા. તેમના અત્યાર સુધીના ધર્માચરણમાં તેમને કોઈ ઊંડો અસંતોષ થયો. અહંને બ્રહ્મની મહત્તા સુધી લઈ જનાર ધર્મમાં આ સ્પર્શાસ્પર્શ ક્યાંથી ઉદ્‌ભવ્યો ?

તેમનું વિચારયુદ્ધ રાતમાં લાંબા સમય સુધી ચાલ્યું. તેઓ ધનિષ્ઠ હતા, ધર્માચારના ઉપાસક હતા, નવિનતાનાં અનિષ્ટો તુર્ત પારખી જતા હતા; છતાં તેમના હૃદયની પ્રામાણિક સરળતા તેમને કદી દુરાગ્રહી બનાવી શકી નહોતી; તેઓ જાતે કડક આચાર પાળતા, પરંતુ તેઓ આચાર ન પાળનારની કડક ટીકા કરવા છતાં તેની તરફ કદી દ્વેષ કરી શકતા નહિ. એ ગુણને લીધે જ કૃષ્ણકાંતના કુટુંબ સાથે તીવ્ર આચારભેદ હોવા છતાં

તેઓ ભારે વાત્સલ્ય કેળવી શકતા હતા. પણ જૂના વિચાર જતા કરવા એ માનવજાતની મોટામાં મોટી ઘાંટી છે; એ એક દિવસમાં બનતું નથી.

પરંતુ ધનસુખલાલને માટે જે અશક્ય હતું તે સુશીલાએ શક્ય કર્યું. રાતમાં ને રાતમાં તેની ખાતરી થઈ ગઈ કે સ્પર્શાસ્પર્શમાં રહેલી ભેદ-ભાવના એ ફરજિયાત વૈધવ્ય સરખું જ હિંદુસમાજનું બીજું દૂષણ છે. જે વિધવા હોય, જે અંત્યજ હોય તે જ એ દૂષણો કેવી રીતે ચોપાસથી તેના બલિદાનને ટુકડેટુકડે વહેરે છે એ સમજી શકે.

તેણે આખી રાત આંખ મીંચી નહિ. જે દૃશ્ય ઉઘાડી આંખે કરુણાજનક હતું તેઆંખ મીંચતાં બિહામણું બની જતું હતું. તેણે ચાર વખત તો માણસો મોકલી કિસનની તબિયતના સમાચાર પુછાવ્યા. દર વખત માણસ તો એકનો એક જવાબ લાવેઃ

‘છે એમનું એમ છે.’

ધડકતે હૃદયે પુછાયેલા પ્રશ્નનો એક જ જવાબ સાંભળી તેને અકળામણ થઈ. તેને વિચાર આવ્યો કે તે પોતે જાતે જઈ જોઈ આવે તો કેવું! પરંતુ એમ કરવું ડહાપણભર્યું નહોતું બાપને શું લાગે ? લોક શું કહે? એક દિવસ આ સમર્પણી સરખું શુદ્ધ કુટુંબ ઢેડવાળામાં રખતું કેમ થઈ ગયું ? એ અણપૂછ્યા પ્રશ્નનું સમાધાન કરવું દુર્ઘટ હતું.

માનવીનું ડહાપણ તેને ઘણી વખત સત્યમાર્ગે જતા રોકે છે. સવારમાં તેની આંખો જરા મળી. અંત્યજવાસનું પાતળું ધૂમ્રચિત્ર

તેરની સુષુપ્ત કલ્પાનામાં ઊપસવા માંડયું. ત્યાં તો એક બાઈએ આવી તેને બૂમ પાડી. ચમકીને સુશીલા બેઠી થઈ. તેનું હૃદય ધબક્યું : કિસનને કેમ હશે?

'નીચે રંજનબહેન આવ્યાં છે.'

'ઉપર કેમ આવતી નથી ? જા જા બોલાવી લાવ.'

'મેં કહ્યું, પણ એ તો કહે કે નાહ્યા વગર ઉપર ન અવાય.'

સુશીલા દોડીને નીચે ગઈ.

'કેમ રંજન ? કિસનને કેમ છે ?'

'સારું છે; તાવ ઊતર્યો. ભાભી સવારમાં આવ્યાં અને ત્યાં બેઠાં એટલે હું ઘેર જાઉં છું. મને એમ થયું કે તમને કહેતી જાઉ. રાત્રે બહુ ઊંચો જીવ રહ્યો હશે; ચાર વખત તો માણસ આવ્યો !'

'ઠીક થયું તે ખબર કહી તે. આવ ને ઘરમાં ?'

'પાછાં તમે તો અડકશો નહિ, અને દૂર બેસાડશો.'

'ચૉક સુધી તો ભગત આવતા હતા. આવ, જરા ચા પાઉં; રાતનો ઉજાગરો છે.' કહી સુશીલા તેને અંદર લઈ ગઈ. ચૉકમાં એક પાટ ઉપર તેને બેસાડી. પુષ્પા પણ આવી, ને ચૉકમાં એક ચટાઈ પાથરી બેઠી. સુશીલા ચા બનાવી લાવી અને ભૂલથી પ્યાલો તેણે પાટ ઉપર મૂકી દીધો.

'હાં હાં, મોટીબહેન ! મને અડક્યાં ? હવે નહાવું પડશે

!' કહી રંજન હસવા લાગી.

'તું ક્યાંથી ?' ઉપરના છજામાંથી ધનસુખલાલે પૂછ્યું.

'પેલા કિસનની ખબર કહેવા આવી હતી. અને મોટીબહેન મને અડક્યાં !'

સુશીલા રંજનની જોડે જ પાટ ઉપર બેસી ગઈ.

'હવે ચા પીવા માંડ, બોલબોલ કરતી !' સુશીલાએ સ્નેહભર્યો ઠપકો દીધો.

'કિસનને સારું છે ને ?' ધનસુખલાલે પૂછ્યું.

'હા'

'ચાલો, બહુ સારું. પ્રભુએ ભગતની સામે જોયું.' કહી ધનસુખલાલ ચાલ્યા ગયા : રંજને ચા પીતાં પીતાં ટીકા કરી : 'પ્રભુએ તો સામું જોયું, પણ માણસથી ન તેની સામે જોવાય કે ન તેને અડકાય. મોટી બહેન ! તમે તો નહાવાનાં ને ?'

'શું કરું ? રિવાજ પાડયો; ભાઈને ખોટું લાગે.'

'કાકાને ખોટું લાગે એટલા જ કારણથી નહાતાં હો તો જુદી વાત.'

'ખરું કહું છું. તે સિવાય હું અંત્યજને અડકીને ન નાહું,' એમ કહેવાની સુશીલાને વૃત્તિ થઈ; પરંતુ તે કાંઈ બોલી જ નહિ.

રંજનના ગયા પછી નાહીને સુશીલા મંદિરમાં આવી. ધનસુખલાલે પોતાનો ધાર્મિક નિત્યક્રમ શરૂ કરી દીધો હતો.

પુષ્પાએ કહ્યું :

‘ભાઈ ! મોટી બહેને તો એક ગોટાળો કર્યો છે.’

‘શું છે?’

‘ભાઈ ! એ તો એમ થયું કે મારાથી બાધા લેવાઈ ગઈ.’ સુશીલા ઓશિયાળું હસીને વચમાં બોલી.

‘શાની ?’

‘પેલા કિસનને પગે લગાડવાની.’

‘કોને પગે લગાડવાનો છે ?’

‘આપણા ઠાકોરજીને; એને મટે એટલે.’

આખા મંદિરનું વાતાવરણ ગંભીર બની ગયું. થોડી વાર સુધી કોઈ બોલ્યું નહિ. પછીથી ધનસુખલાલ બોલ્યા :

‘આગલા ભાગમાંથી સીડી મુકાવીએ તો બારોબાર મંદિરમાં આવી શકાય. દર્શન જેને કરવું હોય તે ભલે કરે. હું મિસ્ત્રીને બોલાવી કહી દઉં.’

સુશીલા અને પુષ્પા બંનેના હૃદય ધબકતાં અટકી ગયાં : ‘અંત્યજને દર્શન કરાવવા ધાર્મિક પિતા આવી સગવડ કરવા ધારે છે !’

# ૩૫ હૃદયવ્યથા

સ્નેહીનાં સોણલાં આવે, સાહેલડી !
ઉરનાં એકાંત મ્હારાં ભડકે બળે !
હૈયાનાં હેત તો સતાવે સાહેલડી !
આશાની વેલ મ્હારી ઊગી ઢળે !

**ન્હાનાલાલ**

રંજન ઘેર આવી ત્યારે કૃષ્ણકાંત એની રાહ જોઈને બેઠો હતો. તેના આવતાં બરોબર કૃષ્ણકાંતે કહ્યું :

'ચાલ, એક રાત ઉજાગરો કર્યો તેનો તને બદલો સારો મળ્યો.'

'શો બદલો, ભાઈ ?' ભાઈની જોડમાં જ બેસી જઈ તેણે પૂછ્યું.

'જો હવે તું પેપરે ચડી. તારાં રેખાચિત્રો લખાવા માંડ્યા.' રંજને ભમ્મર ઊંચકી, અને તે હસી.

'એ વળી ક્યાં આવ્યું ? કોણ એવો મૂર્ખ છે ?'

'જો આ, બિચારાએ બે કૉલમ ભર્યા છે, તારી છબી આપી છે, તોય તારે એને મૂર્ખ કહેવો ?'

રંજને પત્ર હાથમાં લીધું, અને જરા વારમાં જમીન ઉપર ફેંકી દીધું.

'આવી છબી ? હટ !'

'શી ખોટી છે ?' અંત્યજોની સેવા કરવાનું તેં વ્રત લીધું છે એમ આ પત્ર કહે છે. એ ખરી વાત હોય તો તારી છબી હબસી જેવી જ પડવી જોઈએ. અંત્યજો અને હબસીઓની સ્થિતિ સરખી જ છે.'

'મારી છબી તમે આપી હતી, ભાઈ ?'

'તારી છબી તેં જ આપી હશે; હું શું કરવા આપું ? મારું રેખાચિત્ર છાપે તો હું મારી છબી આપું. અરે રંજન ! રેખાચિત્ર એટલે કેવું ચિત્ર ?'

'આ મારી છબી આપી છે એનું નામ રેખાચિત્ર.'

'ના ના; તારાં તો વખાણ કર્યાં છે. જો હું વાંચી સંભળાવું :'

એક ધનાઢ્ય કુટુંબની બેટીએ ધારણ કરેલો ભેખ !

રાજકીય ઝંઝાવાતમાં ઝઝૂમતા જુવાનોને જીવનભરની ચમચમતી ચીમકી લગાવી, ખરી ખુદાઈ કયાં કેંદ્રિત થયેલી છે, એ બતાવનાર એક વીર વીરાંગનાનો આ ટૂંકો પરિચય છે...

'અરે રંજન ! એ જજ્જા ને ઝઝ્ઝા ને ચચ્ચા ને એ બધું શું છે ?'

'ફેંકો એને દૂર ! લખનારનું ભેજું ઠેકાણે નહિ હોય ! '

કહી કૃષ્ણકાંતના હાથમાંથી પત્ર ઝૂંટવી લઈ રંજને ફરી ફેંકી દીધું.

'તારા મિત્રની આવી ટીકા કરે છે ?'

'મારો કયો મિત્ર ?'

'કેમ વિમોચન !'

'મારો મિત્ર શાનો ? એ તો તમારો મિત્ર. તમે એને પહેલવહેલો લાવ્યા.'

'એની બોલી બહુ જ રમૂજ આપે એવી છે એટલે હું એને લાવેલો. પણ પછી તો એ તારો મિત્ર બની ગયો.'

'છે મારો મિત્ર !' કહી રંજને ખભા ઊંચક્યા.

'જો, એ જ સાક્ષર પધાર્યા.' બારીમાંથી દૃષ્ટિ બહાર પડતાં કૃષ્ણકાંતે કહ્યું. સાક્ષર વિમોચન ઘરમાં પ્રવેશ કરતા હતા.

'કહેજો કે હું તો સૂઈ ગઈ છું. ખરેખર મને ઊંઘ આવે છે. પાછું બાર વાગ્યે જવાનું અને ભાભીને ઘેર મોકલવાનાં'- કહી રંજન ઊઠી ઓરડા બહાર ચાલી ગઈ.

ધીર ગંભીર ગતિથી, વિચારમાં નમેલી ભમ્મરો નીચેથી કોઈને શોધતી આંખ ચમકાવતા ઊંચા સાક્ષર વિમોચન હાથમાં એક પુસ્તક અને છાપું લઈ અંદર પધાર્યા.

'આવો સાક્ષર !' કૃષ્ણકાંતે કહ્યું.

'જેને તેને સાક્ષર કહી આપણે સાક્ષર શબ્દને હળવો બનાવી દીધો છે.' વિમોચને બેસતાં કહ્યું. વિમોચનનું માનવું એમ હતું કે

પોતાના સરખા એક-બે ગુજરાતીઓ સિવાય બીજા કોઈને પણ સાક્ષર કહી શકાય નહિ એવો કાયદો ઘડવો જોઈએ.

'અરે ભાઈ ! હજી ક્યાં શબ્દ હળવો થયો છે ? મારાથી તો ઘણી વખત ઉચ્ચાર જ થતો નથી. It's a tounge-twister.'

'રંજનગૌરી નથી? હું એક-બે સ્થળે ભમી આવ્યો, ઘેર ગયાં છે એમ ખબર પડી.'

'રંજન આવી છે, પણ ઉજાગરાને લીધે સૂઈ ગઈ છે.'

'ઘણું સારું. આરામ લેવા દો; હું બેઠો છું.' વિમોચન નિશ્ચિતપણે બેઠા. હાસ્યરસના એક લેખકે ગુંદરિયાનું વર્ગીકરણ પ્રસિદ્ધ કર્યું હતું તેમાં ગુંદરિયા સાક્ષરોને સ્થાન આપ્યું હતું કે નહિ તેનો કૃષ્ણકાંત વિચાર કરવા લાગ્યો. સાક્ષરોનો ઉપદ્રવ આજકાલનો નથી.

જરા રહી કૃષ્ણકાંતે કહ્યું :

'રંજન તો તમારા પર ગુસ્સે થઈ છે.'

'શા કારણે ? મેં ચીતરેલું રેખાચિત્ર એમણે વાંચ્યું ?'

'અરે, એણે તો એનું ચિત્ર જોઈને જ તમારું છાપું ફેંકી દીધું. જેમાં ચિત્ર આવું તેમાં રેખાચિત્ર વળી સારું શાનું હોય ? That's what she thought about it.'

'એ ભૂલ થઈ. એમની રસવૃત્તિ મારે સમજવી જોઈતી હતી. વર્તમાનપત્રોમાં ચિત્રો દીપી ઊઠતાં નથી એ સત્ય છે. હું એમની ક્ષમા માગી લઈશ.'

'એ તો પાછી બાર વાગ્યે જશે.'

'ક્યાં ?'

'પેલો ભગત આવતો હતો ને ? તેને ત્યાં.'

'એમ ? ત્યારે તો કાલની માફક હું એમની સાથે જ જઈશ.'

'તમે કાલે એની સાથે હતા ?'

'હાસ્તો. તે વિના આ રેખાચિત્ર હું કેમ દોરી શક્યો હોત ?'

'તમે ક્યાંથી એની જોડે થઈ ગયા ?'

'કચેરીમાં રંજનગૌરીને જોયાં નહિ એટલે પુષ્પાબહેનને મેં પૂછી જોયું; એમણે કહ્યું કે રંજનગૌરી તો ઘેર ગયાં. કાંઈ કારણ આપ્યું નહિ એટલે મને ચિંતા થઈ; હું બધું પડતું મૂકી અહીં આવ્યો તો રંજનગૌરી રડતાં બેઠાં હતાં. કોણ જાણે કેમ પરંતુ મારા આવ્યાથી રાજી થયાં.'

'મને કશી ખબર નહિ. પછીથી તમને શોધ્યા પણ તમે દેખાયા નહિ.'

'હું પાછો આવત, પણ રંજનગૌરી કચેરીમાં આવવાની ના પાડી. તેમને યાદ આવ્યું કે પેલા ધના ભગતનો કિસન માંદો છે તેને જોવા જવું જોઈએ. હું પણ સાથે ગયો. ત્યાંથી પ્રેસમાં જઈ રંજનગૌરીનું રેખાચિત્ર લખી કાઢી કાલ ને કાલ પત્રમાં છપાવ્યું.' રંજનગૌરી શબ્દનો ઉચ્ચાર કરવાની એક પણ તક ન જવા દેતા સાક્ષરે રેખાચિત્રનો ઈતિહાસ આલેખ્યો.

જે સમયે સાક્ષર વિમોચન રંજનનું નામ રસપૂર્વક લઈ રહ્યા હતા તે વખતે રંજન ઊંઘવાનો પ્રયત્ન કરતી હતી. પ્રયત્નની કરતી હતી. પ્રયત્નથી સર્વ વસ્તુ સાધ્ય થાય એવું સૂત્ર છે; એક નિદ્રા જ પ્રયત્નથી મળી શકતી નથી. અરુણની ભાળવણી પુષ્પાને હસ્તે મુખે કરનાર રંજનને ત્યાંથી તુર્ત ઘેર નાસી આવી એકાંત ખોળવું પડયું તેથી તેનું હૃદય ભરાઈ આવ્યું હતું. મોકળે મને આંસુ ઢાળ્યા વગર ચાલશે જ નહિ, એમ તેને થયું. અને ખરે, ઘરમાં આવી પોતાની ઓરડીમાં પગ મૂકતાં બરોબર તેની આંખમાં અટકી રહેલા આંસુ તૂટેલા મોતીહારનાં મોતી સરખાં સરી પડયાં.

કોને માટે ? શાને માટે ? બીજું કોઈ આમ આંસુ ઢાળતું હોત તો રંજનને કેટલું હસવું આવત ! સ્ત્રીનું સ્વતંત્ર જીવન તેને માટે પૂરતું થઈ પડવું જોઈએ એવી તેની માન્યતા હતી, અને એ માન્યતા પ્રમાણે સર્વ સંબંધોમાં મીઠાશ રેડતી અને સર્વ સંબંધમાંથી મીઠાશ મેળવતી રંજન અનેક પુરુષોનાં હૃદય સળગાવી મૂકતી, છતાં જાતે સ્થિર રહેતી. પુરુષની અનિવાર્ય જરૂર સ્ત્રીને હોય એમ તેને હજી સુધી લાગ્યું નહોતું. સ્ત્રીના એકાંકી જીવનમાં પરિપૂર્ણતા ભાળતી રંજન અલબત્ત પુરુષદ્વેષી તો બની જ નહોતી; માત્ર તે જેવી સરળતાથી સ્ત્રીઓમાં ભળતી તેવી જ સરળતાથી પુરુષોમાં પણ ભળતી સ્ત્રીવર્ગ અને પુરુષવર્ગ બંનેમાં તે સમાન પ્રિય થઈ પડી હતી. કૃષ્ણકાંતની માફક તેના સ્વભાવમાં પણ ઝેર હતું નહિ એટલે તેનું કોઈ વિરોધી પણ ન હતું; માત્ર તેને એ ખબર નહોતી કે તેના સરળ મળતાવડાપણાને લીધે તેણે કૈંક યુવકોને પોતાની છટા પાછળ ઊડતાં પતંગિયા બનાવી દીધા હતા.

બળવાખોર અરુણની વાત ભાઈ અગર ભાભીને મોંએ સાંભળીને તેને ભારે કુતૂહલ થયું હતું. તેને જોતાં તેને માટે જ માનસિક ચિત્ર તેને કલ્પી રાખ્યું હતું તેને મળતી આકૃતિ જોઈ રંજનને સાનંદશ્ચર્ય થયું. બળવાખોરનો સહવાસ વધતાં તેને કેટલેક દિવસે એવો ભાવ થઈ આવ્યો કે બધા પુરુષોથી નોખો પડી આવતો એ યુવક નોખો જ રહે - સહુથી અલગ રહે, અને સહુથી અલગ રહી માત્ર રંજનની જ નિકટતા ખોળે ! પુરુષની પ્રથમ પિપાસા તેના હૃદયમાં જાગી. તે ચમકી. તેના સ્વતંત્ર જીવનની મર્યાદામાં કોઈ અગમ્ય સત્ત્વ પ્રવેશ કરતું દેખાયું. સ્ત્રીપુરુષના આકર્ષણનો ઈશ્વરી કે આસુરી નિયમ તેણે પણ બંધનમાં બાંધતો દેખાયો.

કેટલાક પાશ મીઠા હોય છે. તેનાથી છૂટવા માગીએ, તોપણ મનથી નહિ જ. છૂટવા બળ કરીએ તોયે ઊંડી ઊંડી અભિલાષા તો એમ જ હોય કે એ પાશબદ્ધતા સદાય ચાલુ રહે ! રસનાં વિધાન, રસનાં નિર્માણ કંઈ અલૌકિક ગૂંથણીભર્યાં હોય છે. રસગૂંથણીમાંથી છૂટવા મથતી રંજન પાછી ઈચ્છતી હતી કે એ ગૂંથણી તેની આસપાસ ભલે વધુ જાળ ગૂંથ્યાં કરે. સ્ત્રીજીવનમાં પુરુષની મહત્તા વધવા લાગી.

અને જ્યારે તેની ચકોર દૃષ્ટિને દેખાયું કે પુષ્પાના જીવનને પણ એ જ બળવાખોર અરુણ હસાવી રહ્યો છે, ત્યારે તો એને લાગ્યું જ કે સ્ત્રીજીવનમાં પુરુષના અસ્તિત્વ વગર પ્રકાશ જ નથી. તેને અરુણની ઝંખના થઈ; એ ઝંખનામાં તે સરઘસમાં જોડાઈ; તેણે ધ્વજ રોપ્યો; તેણે ઘાયલની સારવાર કરી, અને જ્યારે તેણે જાણ્યું કે અરુણને પકડવા માટે બહાર સિપાઈઓ આવી ખડા

થઈ ગયા છે ત્યારે તેને લાગ્યું કે પોતે પણ અરુણની પાછળ પતંગિયું જ બની ગઈ છે. પકડાઈ ગઈ. અરુણ અને પુષ્પા બંનેએ તેને પકડી. પુષ્પાના હૃદયની નિરાશા તેણે પોતાના જ માપથી પારખી, અને કોઈ અનવિધ ઉદારતાના આવેશમાં તેણે પોતાની બહેનસમી બહેનપણીના લાભમાં એક ભયંકર ત્યાગ આદર્યો ! તેણે અરુણને છોડી દીધો.

એવી ઉદારતાનો આવેશ જેટલો દુર્લભ છે તેટલો જ દુર્લભ એ આવેશના ફળનો સ્વીકાર છે. અરુણને છોડયો એટલે? ઊછળતા ઉદધિએ ચદ્ર સામે રૂસણાં લીધાં ! નહિ, રૂસણાનું ફળ તો સર્વદા મીઠું હોય છે. અરુણને છોડયો એટલે જીવનનાં આશ-અભિલાષ છોડયાં. રંજનનું હૃદય ખાલી થઈ ગયું. તેનામાં ઊભા રહેવાની પણ શક્તિ રહી નહિ. તે પુષ્પા પાસેથી દોડી સીધી ઘેર ચાલી આવી અને ઘેર આવતાં બરોબર તેની આંખમાંથી આંસુધારા વહી.

માનવીના હૃદયનું દર્શન ત્રણ રીતે થાય. : માનવીના બોલામાં, માનવીના સંગીતમાં કે માનવીના આંસુમાં. જેટલું અરુણને છોડવાનું સહેલું હતું એટલું અરુણના સ્મરણને છોડવાનું સહેલું નહોતું. આંસુ ખૂટયાં એટલે તેણે આંખ લોહી ઊંચું જોયું. આખું ઘર કોઈ ખંડેર સરખા એકાંતની છાયામાં હોય એમ તેને દેખાયું.

એવામાં જ પોતાનું પતંગિયું બનેલા સાક્ષર વિમોચનને રંજને દીઠા. એકાંતમાં ભૂતની વસ્તી પણ ભાવે. નિરાશામાં ઊંડા ઊતરી જતા હૃદયને તણખલું મળ્યું. રંજને તેમની સાથે ખૂબ વાતો કરી. તે પોતે ખૂબ હસી અને ભાગ્યે હસતા સાક્ષર વિમોચનને પણ તેણે હસાવ્યા. તેને એમ લાગ્યું કે જો હૃદયને

પોતે કોઈપણ તલ્લીન કરતા કાર્યમાં રોકશે નહિ તો તેનું હૃદય છાતી ચીરી બહાર આવશે. વિમોચન સાથેનો વાર્તાલાપ સદાય ચાલે એવી નહોતો.

મનની શાંતિ અર્થે ઈલાજ ખોળવા મથતી રંજનને ધના ભગત સાંભર્યા અને ધના ભગતની સાથે તેમનો કિસન તો માંદો હતો. શી માંદગી હશે ? એનો અંધ માતામહ એની કેવી રીતે સારવાર કરતો હશે? એને જોઈ અવાય તો કેવું ? ધનિકોનું જીવન સહુને નિરુપયોગી છે. તેનો કશો પણ ઉપયોગ કરવો હોય તો આમ કાંઈક રસ્તો મળી શકે. ઝડપથી રંજન તૈયાર થઈ. રંજનના ઉપર વારી જતા વિમોચન પણ તેની સાથે જ જવા તૈયાર થયા. ભરમાંદગીમાં પડેલા કિસનને માટે ડૉક્ટરને બોલાવવા જતી રંજનને જીતી લેવાના વિચારે વિમોચને એક સુંદર અખતરો અજમાવ્યો. રંજનનું રેખાચિત્ર ઝપાટાબંધ લખી નાખી, તેમાં તેમણે કરવા માંડલી કિસનની સારવારને અંત્યજોદ્ધારાનું મહત્ત્વ આપી તેમણે છપાવી પણ નાખ્યું, અને તેની ફળપ્રદ અસર અનુભવવા તેઓ સારવારમાં આવીને હાજર થયા.

પરંતુ રંજન તો તેમને જોઈને પોતાના ઓરડામાં સંતાઈ ગઈ. રાતનો ઉજાગરો હતો, ને તેણે ધાર્યું કે પોતે સરળતાથી નિદ્રા લઈ શકાશે. કુમળી યુવતીને થાક પણ લાગ્યો હતો. ગરીબ કિશોરની અસહાય માંદગીનો ઉત્તેજક પ્રસંગ તેના હૃદયને અન્ય માર્ગે ખેંચી ગયો, અને જીવન માટે ડૉક્ટરે આશા આપી, એટલે પ્રસંગની તીવ્રતા ઘટી ગઈ. આંખો મીંચવા મથતી રંજનનું હૃદય ડામોડોળ થવા લાગ્યું. તેણે આંખો મીંચી અને બહાવરી આંખથી રંજનને પૂછતો અરુણ ત્યાં પ્રગટ થયો.

'મને તમે જગાડયો, ખરું ?'

'હા, કેમ ?'

'હું તે વખતે જાગતો હતો !'

દૃશ્ય તેમનું તેમ રંજનની મીંચેલી આંખ નીચે વધ્યું. અરુણનું બાળકપણું વિચારી તે હસી અને મનમાં બોલી : 'મને પૂછે છે? કાંઈ સમજે છે કે નહિ?'

ચિત્ર આગળ ચાલ્યું : 'પણ મને જગાડયો શી રીતે ?'

કોઈ ભિખારી તિલસ્માતના બળથી રાજકુંવરીના ઓરડામાં આવી ગભરાતો ગભરાતો પૂછતો હોય એવું અરુણનું મુખ દેખાયું. શરમમાંથી ઉચ્છૃંખલતામાં પ્રવેશતી રંજને જવાબ આપ્યો :

'અંહ, જુઓ મેં તમને આમ જગાડયા હતા.' રંજને તે વખતે પોતે જ કરેલા હવાઈચુંબનનો અવાજ તેણે સ્પષ્ટ સાંભળ્યો અને તેણે આંખ ઉઘાડી નાખી. તે ગભરાઈ ઊઠી. જેને છોડીએ તે જ કેમ દેખાય ? આ કેમ ચાલશે ?

તે બેઠી અને આમતેમ જોવી લાગી. એ દૃશ્યમાંથી કોઈ વસ્તુ ન ઉગારી શકે ! તેની દૃષ્ટિ દિલરૂબા ઉપર પડી. સંગીત અને સ્નેહનાં સનાતન સહીપણાં છે; તે કાંઈ કરી શકે નહિ. તેણે ઊઠીને પુસ્તક ઉપાડયું. રસભરી ઉત્તેજક જાસૂસકથા તે હતી. તેણે પથારીમાં પડી તે પુસ્તક વાંચવા માંડયું. બે-ત્રણ લીટી વાંચતાં બરોબર સરઘસમાં ઝંડો લઈ ચાલતા અરુણના પગ રંજને મીઠી નજરે જોયા કર્યો. બેભાન અરુણને ધનસુખલાલના ઘરમાં ઉપાડી લઈ જતા હતા તે જોઈને પાછી રંજન ચમકી.

તેણે ચોપડી ઘડ કરતાં ફેંકી દીધી.

'આંખ ખુલ્લી રાખ્યા છતાંય આનું આ ?' તે વિકળતાથી બોલી ઊઠી, અને અણફાવતા એકાંતને તજી તે બહાર નીકળી આવી. તેને લાગ્યું કે એકલા રહીને હૃદયને ઉથલાવવું એના કરતાં વિમોચનની વાત ઉપયોગી થઈ પડશે. તે આવી અને વિમોચને દયામણું મોં બનાવ્યું

# ૩૬ પલટાતા રંગ

એક દીવડો દીપે મીંચાય રે !
પાણીડાં હેલે ચઢયાં, હેલે ચઢયાં.
એક ચાંદરણું આભમાં લહેરાય રે !
પાણીડાં હેલે ચઢયાં, હેલે ચઢયાં.
એક પોયણું ખીલે ખીલે બિડાય રે !
પાણીડાં હેલે ચઢયાં, હેલે ચઢયાં.

**ન્હાનાલાલ**

જીવનમાં અનેક નાટકો ભજવવાં પડે છે. વિમોચને મુખ ઉપર કરુણ રસ જમાવ્યો. દયા લાવીને પણ રંજન તેમને ચાહતી થાય તો દયામણું મોં કરવા વિમોચનને હરકત નહોતી; પરંતુ રંજને પોતાના ભાઈના મુખ સામે જોયું ત્યારે તેનું મુખ તો હસતું લાગ્યું.

'કેમ ભાઈ ! શું થયું ? કેમ હસો છો ?' રંજને પૂછ્યું.

કૃષ્ણકાંત ખડખડ હસી પડયો. તેણે કહ્યું :

'આ વિમોચને કાંઈક શાક ઉપર કવિતા બનાવી છે. કયું શાક એ, વિમોચન ?'

કોઈ પણ કવિને આમ કહેવું એ તેનું ભારેમાં ભારે અપમાન

કરવા જેવું છે. કવિઓ તુચ્છ ક્ષુદ્ર વિષયો તરફ જોતા જ નથી; તેઓ આકાશ તરફ કે પાતાળ તરફ જ જુએ છે. નિત્ય નજરે અથડાતા પદાર્થોનું અસ્તિત્વ તેમને માટે નથી.

વિમોચનના મુખ ઉપર ગાંભીર્ય આવી ગયું. રંજને કહ્યું :

'એમ કે ? બરોબર છે. ફૂલ ઉપર તો એમણે લખ્યું જ હતું; હવે ફળ આવે ને ?'

'નહિ નહિ, કૃષ્ણકાંત મારું કહેવું સમજી શક્યા નથી.' સાક્ષરે વાંધો ઉઠાવ્યો. મોટે ભાગે સાક્ષરો શું કહે છે તે કોઈ સમજી શકતું જ નથી.

'હા હા, હવે યાદ આવ્યું. શું ? લચકાતી કારેલી કે મચકાતી કારેલી કે પછી લચકાતી અને મચકાતી બંને ઢબની કારેલી એવું કાંઈક યાદ આવ્યું હતું.' કૃષ્ણકાંતે યાદદાસ્તને સતેજ કરી કહ્યું. કૃષ્ણકાંત અને રંજન બંને હસી પડયાં. પરંતુ રંજને હસતે હસતે વિમોચનનો પક્ષ લઈ કહ્યું :

'શું ભાઈ ! તમેય ગૂંચવાડો કરો છો ? એ તો પેલું છોકરીઓ ગાય છે તે ગીત હશે : "અચકો મચકો કારેલી."'

'એ જ. રંજનબહેન ! હું ભાઈને અર્થ સમજાવતો હતો કે કારેલી તે શાકનો વેલો નહિ પરંતુ કાં રે અલીનું ટૂંકું બની ગયેલું રૂપ. એ તો ઊલટું હસવા માંડયા !' વિમોચને પોતાનું દુઃખ કહ્યું. સાક્ષરો એકલા કવિ જ હોતા નથી; તેઓ ધારે તે કરી શકે છે. તેઓ કવિતા પણ લખે અને વાર્તા પણ લખે; નાટક પણ લખે અને નવલિકા પણ લખે; વિવેચન પણ લખે અને વ્યુત્પત્તિ પણ

લખે. સાક્ષરો શું ન લખી શકે એ કોઈ કહેશે ?

પોતે જાણ્યું કે સહુને જણાવી દેવાની પરોપકારી વૃત્તિમાંથી સાક્ષરત્વનો ઉદ્ભવ થાય છે. કારેલી એ કાં રે અલીનો સંક્ષિપ્ત બનેલો ઉચ્ચાર છે એ જ્ઞાન વિમોચનને પ્રાપ્ત થતાં એ જ્ઞાનનો પ્રચાર કરવા માટે તેઓ ઘણા આતુર બન્યા હતા. તેમના સંબંધમાં આવેલાં થોડાં જ માણસો એ પ્રકાશ પામ્યા વગર રહ્યાં હશે. એક વખત તો તેમણે ટિકિટ તપાસવા આવેલા ટિકિટ કલેક્ટરને પણ એ શબ્દરહસ્ય સમજાવવાની શરૂઆત કરી હતી.

વિદ્વાનોના સમાગમમાં વખત જતાં વાર લાગતી નથી. બારનો ટકોરો થયો અને રંજન ઊઠી ઊભી થઈ. વિમોચનને રંજનના કાર્યક્રમની ખબર હતી એટલે તેણે કહ્યું :

'હું પણ તમારી સાથે જ આવીશ.'

ભીંત ઉપર પડતો પડછાયો આપણા ગમે તેવા ચાળા પાડતો હોય તોય આપણે તેને નિવારી શકાતા નથી. રંજને વિમોચનને સાથે લીધા. મોટરનું યંત્ર ઊંચી જાતનું હોવા છતાં તે વિમોચનને સ્થિર રાખી શક્યું નહિ. તેમનું શરીર હાલતું હતું, તેમનું ડોકું ફરતું હતું; અને તેમની આંખો ચલિત થતી હતી. રંજને તેમને પૂછ્યું :

'કેમ, વિમોચનભાઈ ! તમારી તબિયત તો સારી છે ને ?'

'હા હા; તબિયત તો સારી છે.'

'મને લાગ્યું કે તમને કાઈ અકળામણ થાય છે.'

'એમ તો નહિ, પણ...મારે તમને એક વાત કહેવી છે.'

'કહો, બેશક.'

'ખોટું તો નહિ લગાડો ?'

'જરાય નહિ.'

'ત્યારે કહું ? જોજો હોં. ખોટું ન લગાડતાં.'

'હું તમને ખાતરી આપું છું. પાછી કાંઈ ?'

વિમોચનની જીભ તાળવે ચોંટી ગઈ. તેમને જે કહેવું હતું તે કહેવાનો સમય આવતાં તેમની વાણી બેવફા બની. મહામુશ્કેલીએ તેઓ બોલ્યા :

'ના ના, ફરી કોઈ વખત.'

'એમ શું કરો છો ? મારા સમ. જે કહેવું ધારો છે તે કહી નાખો.' રંજને વહાલભર્યું વચન કહ્યું. હવે વિમોચને સઘળું બળ જીભમાં સંક્રાંત કરી સાક્ષરોને ન છાજતી સાદી ભાષામાં ધીમે રહી ધડકતે હૃદયે કહ્યું :

'રંજનગૌરી ! હું ...તમને ચાહું છું.'

'તમારો ઉપકાર માનું છું.'

'કારણ ?'

'તમારા સરખા સાક્ષર મને ચાહે એ ઓછું માન છે ?'

સાક્ષરનો પ્રેમ મેળવનારી સ્ત્રી ખરેખર માનને પાત્ર છે.

વિમોચનની અસ્થિરતા ઓછી થઈ. પોતાના સાક્ષરત્વનો તેમને સકારણ ગર્વ થઈ ગયો; સાક્ષરત્વ સર્વ પ્રકારના વિજયની ચાવી છે એવી તેમને ખાતરી થઈ રંજનની વધુ નિકટતા ખોળવાનું તેમને મન થયું.

'મારું મોટું ભાગ્ય!' રંજનની અને પોતાની વચ્ચે રહેલી ખાલી જગા ઉપર હાથ ફેરવતા સાક્ષર બોલ્યા.

'એમ કેમ ? રંજને પૂછ્યું.'

'મારો આદર્શ સિદ્ધ થશે.'

'એ પાછું ન સમજાયું.'

'હું હવે તમને મેળવી શકીશ.' સાક્ષરમાં વધારે હિંમત આવી. જોકે તેમનામાં હિંમત હોતી નથી એમ કહેવું અયુક્ત છે.

'શા ઉપરથી ?'

'તમે મને ચાહો છો તે ઉપરથી.'

'એવું મેં ક્યારે કહ્યું છે ?'

'હમણાં જ કહ્યું ને ? કે હું તમને ચાહું એમાં તમે માન સમજો છો.'

એ બરાબર. પણ મારાથી તમને કેમ ચાહી શકાય ? મારું તો ગજું કેટલું ? મારી હિંમત ન ચાલે.'

સાક્ષરનો પ્રેમ મેળવનારી સ્ત્રી માનને પાત્ર છે એ ખરું; પરંતુ સાક્ષરને સામો પ્રેમ આપનારી સ્ત્રી જાહેર માનપત્રને લાયક છે !

'એમ તમારી કિંમત ઓછી ન આંકો. લગ્ન પછી આપણો સતત સહચાર રહેશે, એટલે હું તમારા લેખનવાચનમાં સહાયતા કરી શકીશ.' હિંમત આપતાં વિમોચન બોલ્યા.

સહચારનાં રસભર ગીતો ગાતા સાક્ષરોએ પોતાની સહચરીઓને લેખનવાચનમાં કરેલી સહાયતાના ભગીરથ પ્રયત્નો એક બીજી સ્વર્ગગંગાને પૃથ્વી ઉપર ઉતારી શકે એમ છે. એક રસિક પણ ગુપ્ત પ્રકરણ સ્ત્રીઓની ઉન્નતિના ઇતિહાસમાં મોટો ભાગ રોકશે - એ ઈતિહાસ જ્યારે લખાશે ત્યારે - ત્યાં સુધી સાક્ષરો એ પ્રયત્નોની નોંધ જાળવી રાખતા જશે.

'અરે, ના રે વિમોચનભાઈ ! મારો સહચાર ખોળશો તો તમે રૌદ્ર રસથી શરૂ કરી કરુણ રસની કવિતામાં ઊતરી પડશો. હું તમને લલિત છંદ લખતા કરી નાખું એ મને ન ગમે.' રંજને હસીને કહ્યું. એટલામાં વિમોચનની ઑફિસ આવી. રંજને ગાડી ઊભી રાખી અને વિમોચનને યાદ આપી કે તેને ઊતરવાનું સ્થળ આવ્યું છે. નાખુશ વિમોચન ઊતર્યા તો ખરા પરંતુ ઊતરતે ઊતરતે એમણે એક ચોકસાઈ કરી લીધી :

'તમે ધારો છો એમ નથી. હું તમને સમજાવી શકીશ. કહો તો સાથે આવું અને આપણે વાતચીત ચાલુ રાખીએ.'

'ફરી વખત જોઈ આપણે આ વાત ઉપાડશું. એકદમ તો હું ગભરાઈ જાઉં છું.'

'હરકત નહિ, ફરી કોઈ વખત.'

બંને જણાં છૂટાં પડયાં. વિમોચનનું હૃદય આશાભર્યું હતું.

રંજનનો વખત પણ જરા આનંદમાં ગયો. વિમોચન તરફ તેને ગુસ્સો ચડયો નહિ. પુરુષો ભેગી ફરતી સ્ત્રીઓએ વધારે પડતી નાજુકી હવે છોડવી જ પડશે.

ધના ભગતને ઘેર જઈ રંજને પોતની ભાભીને પાછી ઘેર મોકલી. કિસનની તબિયત સારી હતી. ડૉક્ટર વચમાં એક વખત આવી ગયા હતા. સુશીલાને ત્યાંથી પણ કિસનની તબિયત પુછાવી હતી. રંજનને પાછી આવેલી સાંભળી ધના ભગત અડધા થઈ ગયા.

'અરે બહેન ! તમે આ શું કરો છો ? અમારા ઉપર તે કેટલી રહેમ ?'

'એમાં શું ? અમારે બીજું કામ કશું હોય નહિ. મને તો અહીં આવવું બહુ ગમે છે. તમારી વાતો સાંભળું છું ત્યારે મને શાંતિ વળે છે.' રંજને કહ્યું.

'હું તો પામર છું બહેન ! મારી વાતમાં રસ શો ? ઘેલુંગાંડું પ્રભુનું નામ લઉં છું અને કિસન ભણી જોઈ દહાડોરાત વિતાવું છું.'

'ભગત ! તમને હરકત બહુ પડતી હશે. આંખનું ભારે દુઃખ, નહિ ?'

'ના રે બા ! એ ત ટેવ પડી ગઈ. અને જે આંખે પ્રભુ ન દેખાય એવી આંખો રહે તોયે ઠીક છે, ને જાય તોયે ઠીક છે.'

આમ વાતચીતમાં વખત ગાળતી રંજન અરુણને ભૂલવા મથતી હતી; પરંતુ આખો દિવસ વિમોચનની ગમ્મત કે ધના ભગતની વાત ચાલુ રહે એમ નહોતું. ધના ભગત શાંત રહેતા

એટલે રંજનને અરુણનું સ્મરણ થઈ આવતું.

'આ શી ઘેલછા !' તે બબડી. ઘેલછાને ઘેલછા તરીકે ઓળખવા છતાં તેની અસર મટતી નથી.

વચમાં પુષ્પા અને સુશીલા પણ આવીને કિસનની ખબર લઈ ગયાં.

'તમે ક્યાંથી આવ્યાં ?' રંજને પૂછ્યું.

'કેમ ? કિસનની તબિયત જોવા.' સુશીલાએ કહ્યું.

'આમ તમારાથી અવાય ?'

'જો ને ! અવાયું ને ?'

'કાકા જાણશે તો ?'

'પણ અમને ભાઈએ જ મોકલ્યાં હોય તો ?' સુશીલાએ સામો પ્રશ્ન કર્યો, અણે રંજનને ચમકાવી. અકસ્માતથી, ભૂલથી વૈષ્ણવો ઢેડવાડામાં તેમાંયે ધનસુખલાલ પોતાની દીકરીઓને આમ ખામુખા મોકલે એ તો અશક્ય જ લાગ્યું.

'ખરું કહો છો, મોટી બહેન ? મારા માન્યામાં નથી આવતું.'

'આ કિસનને હું આપણા ઠાકોરજીનાં દર્શન કરાવીશ ત્યારે તારા માન્યામાં આવશે.'

કેટલીક વાર ત્યાં બેઠા પછી પુષ્પાએ ઊઠવાનો વિચાર કર્યો.

'મોટીબહેન ! ચાલો ને ? પછી વખત નહિ રહે.'

'ક્યાં જવું છે ?' રંજને પૂછયું.

'ચોકીમાં.'

'કેમ ?'

'બધાને મળી અવાય.' પુષ્પાએ કહ્યું.

'બધાને એટલે અરુણકાંતને ?' હસતે હસતે રંજને પૂછયું; પરંતુ એ હાસ્યમાંયે શૂળ ભોંકાતી હોય એવું દર્દ હતું.

સુશીલાએ રંજન સામે સ્થિરતાથી જોયું; પછી પુષ્પા સામે જોયું. પુષ્પાના મુખ ઉપરની રતાશ ઝૂંપડીના આછા પ્રકાશમાં પણ ઢાંકી રહી નહિ. સુશીલાનું મુખ જરા કડક બન્યું; પરંતુ એ કડક મુખભાવ પાછળ તેના યૌવનનું પુનરાવર્તન થતું હતું. તેનો પૂર્વઈતિહાસ ફરી ભજવાતો હતો.

'છોકરી આવડી મોટી થાય એટલે એયે શું કરે !' એવા ઉદાર માનસિક ઉદ્‌ગારમાં તેની કડવાશ ઓગળી ગઈ. થોડી વાર પછી સુશીલાએ રંજનને પૂછયું :

'રંજન ! તેં અરુણકાંતનું નામ કેમ લીધું ?'

'એ તો પુષ્પાને પૂછો.'

'એને ના બોલાવશો, મોટીબહેન ! એ તો નફ્ફટ છે.'- કહી પુષ્પા ઊભી થઈ. સુશીલા અને પુષ્પા બંને ગયાં અને રંજનનું હૃદય ડંખી ઊઠયું :

'પુષ્પા મળશે અને મારે મળવાનું પણ નહિ !'

કિસનને પાછો થોડો તાવ ભરાયો હતો એટલે ડૉક્ટરને બોલાવી કિસનની સારવારમાં રોકાયેલી રંજનની સંધ્યા તો વીતી ગઈ. ભયનો પ્રસંગ ગયો હતો, છતાં તાવ ઊતરતાં સુધી રંજન બેસી રહી; પરંતુ રાત્રે ઘેર જતી વખતે તેનું મન હાથમાં રહ્યું નહિ. તે જાણતી હતી કે રાત્રે કારગૃષમાં જવાની પરવાનગી મળી શકે નહિ; તે જાણતી હતી કે કારાગૃહમાં કોટડીઓ એવી ન જ હોય કે રસ્તે જનારને તેમાં પુરાયેલાં માનવી દેખાય. છતાં તેણે મોટર એ રસ્તે લીધી.

કેદખાનું આવતાં જ તેણે મોટર ઊભી રાખી. દસના ટકોરાને રાત્રિશાંતિનું તીવ્ર ભાન કરાવ્યું. મોટા મહેલ સરખા પોલીસથાણાની એક બાજુએ પોલીસ-અમલદારને રહેવાની સગવડ હતી, અને બીજી બાજુએ પોલીસ-કચેરી હતી. એની વચમાં લોખંડી સળિયાઓના બનેલા કોઈ અગવડભર્યા પાંજરામાં અરુણ અણે એના સાથીઓને જમીન ઉપર પડેલા રંજને કલ્પ્યા. તેને રોષ આવ્યો. વાંકી ભ્રૂકુટિ કરીતે મનમાં જ બોલી :

'આ બધાં જ કેદખાંના ભાંગી તોડી નાખવાં જોઈએ !'

એક જાગૃત પહેરગીરે બૂમ પાડી. રંજનને સત્ય સમજાયું કે જગતનાં કેદખાનાનું તો જીવ માટે જતન થાય છે.

'કોણ છે ?'

'રૈયત.' બંદૂકની બીકે શૉફરે જવાબ આપ્યો અને ગાડી આગળ લીધી.

અરુણને કેદમાં પૂરનારી રાજ્યસત્તાની રૈયત થઈ રહેવામાં,

રૈયત કહેવરાવી નાસી જવામાં રંજનને ભારે નાનમ લાગી. તેને એક ખ્યાલ આવ્યો; 'હિંદમાં જેટલા પુરુષ એટલી જ સ્ત્રીઓ. સોળ કરોડ સ્ત્રીઓમાંથી એક કરોડ સ્ત્રીઓ જ જો ભેગી થાય તો સ્વરાજ્ય હાથમાં જ છે.'

પરંતુ એક કરોડ પુરુષો તો મળતા નથી ત્યાં સ્ત્રીઓની શી વાત કરવી ? સ્ત્રીઓ જાતે જ પોતાના ઘરમાં - પોતાના બુરખામાં કેદ નથી બની રહી ?

જગતનાં કેદખાનાં એ સ્ત્રીઓનાં છૂપાં - જગદ્વ્યાપી કેદખાનાંનાં પ્રતીક તો નથી ?

ઘેર થઈ તે પથારીમાં પડી.

સ્ત્રીજાતને કેદમાં પૂરનાર - કેદમાં પૂરી રાખનાર પુરુષ. સ્ત્રીઓ એ કેદમાંથી બહાર કેમ આવતી નથી ? અરે જાતે જ કેદમાં પડવા કેમ ધસે છે ? લગ્ને લગ્ને એક એક કેદખાનું ઊભું થાય છે, એનો તેમને કેમ વિચાર આવતો નથી ?

'અરે રંજન!'

ઓરડા બહાથી કૃષ્ણકાંતે રંજનને બૂમ પાડી તેની વિચારશ્રેણી અટકાવી. અત્યારે ભાઈ કેમ બોલાવતા હશે તેની સમજ ન પડવાથી રંજન ઊઠીને બારણાં પાસે આવી.

'કેમ ભાઈ ! શું છે ?' તેણે પૂછ્યું. કૃષ્ણકાંતના મુખ ઉપર વ્યગ્રતા હતી. કૃષ્ણકાંત ભાગ્યે જ વ્યગ્ર બનતો. રંજનનું કાળજું ધડક્યું.

'જો, તું જરા સુરભિ પાસે બેસ; મારે જવું પડશે.'

'ક્યાં ?'

'કેદખાનામાં આગ લાગી છે. જનાર્દન, અરુણ અને કંદર્પ એમાં છે.'

પગથી માથા સુધી રંજનના દેહમાં એક ચમકારો થઈ ગયો.

'હું સાથે આવીશ ભાઈ !'

'સુરભિ પણ એમ જ કહે છે; પરંતુ તમને ફાવશે નહિ. તમે બંને સાથે સૂઓ.'

'અમને ફાવશે; ઘેર તો નહિ રહેવાય.' -કહી રંજને ઝડપથી ચંપલ પહેરી લીધાં અને તે ઓરડાની બહાર નીકળી.

સુરભિના મુખ ઉપરથી લોહી ઊડી ગયું હતું; તેના પગ જૂઠા પડી ગયા હતા. એકનો એક ભાઈ ! કેદમાંયે તેની આસપાસ અગ્નિ ? ભયમાં તે રડી પણ શકતી નહોતી.

'ચાલો, ભાભી !' -કહી રંજને તેનો હાથ પકડી તેને ઊભી કરી; ત્રણે જણ ગાડીમાં બેઠાં. રંજને પૂછ્યું :

'ભાઈ ! તમને કોણે કહ્યું ?'

'બે ટેલિફોન મળ્યા. એક કાકાનો અને બીજો કોઈ પોલીસ-અમલદારનો.'

ધસમસતી યાંત્રિક ગાડી કેદખાના પાસે જોતજોતામાં આવી પહોંચી. આખું સ્થળ માણસોથી ઊભરાઈ ગયું હતું. કોલાહલનો

પાર નહોતો.

અને માણસથી તૂટી ન શકતું કેદખાનું અગ્નિની પ્રચંડ શિખાઓ આગળ ગરીબડું બની વંધ્ય પશુ સરખું તરફડતું પોતાની આહુતિ આપ્યે જતું હતું.

મકાનમાં ઘૂસી રહેલો અગ્નિ બારીઓમાંથી અને જાળીઓમાંથી પોતાની રાક્ષસી જિહ્વાઓ બહાર ફેંકતો હતો. તેની જ્વાળામાં લાકડાં તૂટી પડતાં હતાં, લોખંડ ખરી પડતાં હતાં અને ઈંટચૂનાની રાખ બની જતી હતી. લાલપીળા અગ્નિફુવારાઓ ઊંચે ઊડતા હતા અને સુવર્ણરંગી અગ્નિધોધ ઊપરાછાપરી વહ્યે જતા હતા. સો ફૂટ દૂરથી પાણી છાંટતા બંબાઓનાં પાની શોષી નાખતા અગ્નિની તરસ છિપાય એવી લાગણી નહોતી. અગ્નિ પાણીને અણે માનવીઓને હસતો, રાત્રિને ચિત્રવિચિત્ર રંગોથી રંગી, યમપુરીનું ચિત્ર દોરતો હતો.

કુદરતનું ઘેલું સત્ત્વ હાથમાં ન રહે ત્યારે પોતાના અવલંબનને જ ઝડપે છે. એ અવલંબનનું અસ્તિત્વ જતાં તેનું પોતાનું અસ્તિત્વ પણ સમાપ્ત થશે એવી તેને ચિંતા હોતી નથી. પોતાને ઉત્પન્ન કરનારના દેહમાં ફરી વળતાં વીજળીને આંચકો લાગતો નથી; જે લાકડાને આધારે અગ્નિ જીવે છે તે લાકડાનો અણુએ અણુ પ્રજાળી નાખતાં અગ્નિને જરા પણ અરે થતી નથી.

માનવીયે ઘેલો જ છે ને ! એ પણ કુદરતનું એક ઘેલું સત્ત્વ છે; નહિ તો તે આત્મઘાતી બને ? પરસ્પરનાં ગળાં રહેંસે? એકબીજાની છાતીઓમાં છરીઓ ભોંકે ? અગ્નિના અંધત્વમાં અને માનવીના અવિચારમાં શૌ ફેર છે ?

હશે; કાંઈક ફેર હશે. નહિ તો સુરભિ ચીસ પાડી ઊઠત નહિ. ધુમાડાના વાદળને બહાર કાઢી રહેલી એક બારીમાં કોઈ પુરુષ ઊભેલો દેખાયો. આખી જનતા કારમી ચીસ પાડી ઊઠી. પુરુષના હાથમાં કશુંક હતું; તે હાલતું દેખાયું. પુરુષે બીજો હાથ તેના ઉપર ઢાંકી તેને પોતાની છાતી સાથે દબાવ્યું. તે એક બાળક હતું. અગ્નિના તેજસ્વી વંટોળિયા અને કાળા ધૂમ વાદળાંની વચ્ચે ક્ષણભર ઊભા રહેલા એક માનવીને અગ્નિને જોઈ લીધો. મનુષ્યાહારી રાક્ષસ જેમ માનવીને જુએ અને તલપ મારે તેમ અગ્નિએ અણધારી રીતે ઉપરથી તલપ મારી; ધુમાડો તેજસ્વી બની ગયો. પેલા પુરુષની આસપાસ અગ્નિ ફરી વળ્યો; પોતાના હવિનું સહુને ઓળખાણ કરાવવું હોય તેમ અગ્નિ એક ક્ષણ પાછો ઓસર્યો અને બીજી જ ક્ષણે એથી વધારે પ્રલંબ શિખા ફેંકી !

તે જ ક્ષણે પુરુષના પગ અકડાઈ પડયા. તેણે એક પાસ માથું ઢાળી દીધું. છાતી સરસા રાખેલા બાળકને તેણે વધારે દબાવ્યું અને બારી ઉપરથી તે તૂટી પડયો. ભડભડ બળતા અગ્નિએ તેનો પડછાયો પણ પાડયો.

આખા જનસમૂહનો શ્વાસ રૂંધાઈ ગયો; કોઈથી ઉદ્ગાર કાઢી શકાયો નહિ. માત્ર ટોળામાં ઊભેલી મોટરમાંથી સુરભિની ઝીણી ચીસ સંભળાઈ :

‘ભાઈ રે !’

કડકડાટ થતા અગ્નિના તણખા આકાશ ભણી ઊડયા. સહુને આહ્વાન આપતો અગ્નિ શતમુખ હસી રહ્યો. તે માનવીના સંબંધોને ઓળખતો નથી.

# ૩૭ અગ્નિસ્નાન

શીળા અગ્નિની ઉપર ચાલવું રે લોલ !
ફૂલ ફૂલ તો પડીનં એ ફાલવું રે લોલ !
**ન્હાનાલાલ**

ત્રણ કલાક પૂર્વે તો રંજને ત્યાં પૂર્ણ શાંતિ જોઈ હતી. સમજણનો ભરેલો માનવી મોટેભાગે ન સમજાય એવાં જ કાર્યો જ કરે છે. અરુણ તેની નજરે પડવાનો હતો જ નહિ ત્યારે અરુણને વીંટળાઈ વળેલી દીવાલોને નીરખવાથી શું વળે એમ હતું ? અરુણ પણ દીવાલની પર નજર નાખતો હતો; બે દિવસથી નજરે ન પડેલી રંજન તરફ તેની દૃષ્ટિ દોડયા કરતી હતી; પરંતુ તેની સ્થૂલ દૃષ્ટિને દેખાયું નહિ કે રાત્રિની શાંતિમાં રંજન તેની કેદની દીવાલોમાંથી તેને નીરખ્યા કરે છે. એ વખતે અરુણ તો જનાર્દન અને કંદર્પ સાથે હિંસા-અહિંસાની ફિલસૂફી ચર્ચતો હતો.

‘હિંસા વગર હિંદ સ્વતંત્ર ન જ થાય.’ કંદર્પે વાદ કર્યો.

‘તો ભલે એ પરતંત્ર રહે; રુધિર-રંગી સ્વાતંત્ર્ય વગર હિંદને ચાલશે.’ જનાર્દને કહ્યું.

‘એ તમારા વિચારો. પણ નવું હિંદ તો સ્વાતંત્ર્ય ઝંખી જ રહ્યું છે. અહિંસાથી મળતું હોય તો મેળવો; ન મળે ત્યારે

અમને કહેજો; અમે તો હિંસાથી પણ સ્વાતંત્ર્ય મેળવવા તૈયાર છીએ.' કંદર્પે કહ્યું.

'હિંસા વગર સ્વાતંત્ર્ય મળ્યું હોય એમ ઈતિહાસ તો કહેતો નથી.' અરુણે કંદર્પનો પક્ષ લીધો.

'ઈતિહાસ તો માત્ર હકીકત લખે. એનો બોધ આપણે તારવવાનો હોય છે. ભૂતકાળમાં નથી બન્યું એ ભવિષ્યમાં પણ નહિ બને એમ કહેવું એ ઈતિહાસને અન્યાય કરવા સરખું છે.' જનાર્દને જવાબ આપ્યો.

'માનવહૃદયમાં એવું શું છે કે જેના ઉપર આપણે શ્રદ્ધા રાખી શકીએ ? ભય વગર કોઈ કશું આપે નહિ.' કંદર્પે કહ્યું.

'તું કયા ભયથી આ કેદમાં આવ્યો ? ફાંસીએ ચડવાની તૈયારી છે એમ તું કહે છે; એ તારો કયો સ્વાર્થ સાધવા ? તારો જીવ તું કોના ભયથી આપવા નીકળ્યો છે ?' જનાદને પૂછ્યું.

'ભયથી નહિ, તોપણ સ્વાર્થથી ખરો જ.'

'શો સ્વાર્થ ?'

'દેશને સ્વતંત્ર કરવાનો.'

'એમાં તને શું મળશે ? તે મળતાં પહેલાં કદાચ તું ફાંસી પણ મેળવે. તારા મૃત્યુ પછી મળેલું સ્વતંત્ર્ય તને શું કામનું?'

'મારા ભાઈઓ ભોગવશે.'

'તારે ભાઈ છે કે ? હું તો ધારું છું કે તું તારાં માતાપિતાનો

એકનો એક પુત્ર છે.'

'હું સગા ભાઈની વાત કરતો નથી; મારા દેશબાંધવો એ બધાજ મારા ભાઈ.'

'એ તારો દેશ ક્યાંથી આવ્યો ?'

'મારા ભાવમાંથી.'

'જે ભાવથી તેં તારા ઘરને વિશાળ બનાવી ભારતવર્ષની હદે ભેળવી દીધું; તેમાં કાંઈ માણસો મારવા પડયાં હતાં કે?'

'અલબત્ત નહિ. તમે શું કહેવા માગો છો તે હું સમજતો નથી.' કંદર્પે ગૂંચવાઈને કહ્યું.

'જનાર્દન એમ પુરવાર કરવા માગે છે કે દેશને પોતાને માનવામાં હિંસા કરવી પડતી નથી, એ ખરું; પણ એ જ પોતાના દેશને બેડીમાં પુરનાર પરદેશીઓનું શું ?' અરુણે પુછ્યું.

'હું પણ એ જ પૂછવા માગું છું; જે ભાવનાએ તારા ઘરને તારા દેશ સાથે સમ-મર્યાદિત કર્યું તે જ ભાવનાને હજી વિશાળ કરીએ તો ?'

'કદાચ એશિયાઈ ભાવના ઉપજાવી શકીએ.' અરુણે કહ્યું.

'એ પગલું વાસ્તવિક છે. ભૂગોળ અને સંસ્કારના સીમાબંધનો છેક કાઢી નખાય એવાં નથી. પણ એટલું ભર્યા પછી બીજે પગલે આપણે આખી પૃથ્વીને પોતાની ન કરી શકીએ ? આપણે દેશાભિમાની થઈ એશિયાભિમાની થઈએ, તો પછી એ અભિમાનમાં પૃથ્વીને સમાવતાં વાર શી ? ગુજરાતી હોઈને આપણે હિંદી

ગણાવામાં વાદ લઈએ છીએ; હિંદી હોઈને એશિયાની સંસ્કૃતિનાં અભિમાનમાં પણ આપણે ભળી શકીએ છીએ; તો માનવી તરીકેનું અભિમાન આપણને શા માટે અશક્ય લાગે છે ?'

'તો એમ જ કહો ને કે આપણે અંગ્રેજોનું રાજ્ય આપણા ઉપર કાયમ રખાવવું !' કંદર્પે જરા રીસથી કહ્યું.

'હું તો એમ ઈચ્છું છું કે કોઈ કોઈના ઉપર રાજ્ય કરે જ નહિ. સહુ કોઈ રાજીથી ભેગા મળ જગતવ્યવહાર ચલાવે.'

'તેવું આપણને કોઈ કરવા દે છે ? આપણા દેશમાં જ આપણે રાજી છીએ કે નહિ તે કોઈ પૂછતું નથી, બાકી જગતવ્યવહાર તો ક્યાં રહ્યો ?'

'એટલા માટે તો આપણે સ્વતંત્રતા માગીએ છીએ. માગ્યું ન આપ્યું એટલે હવે તેમનું તંત્ર નિરર્થક કરી નાખવા મથીએ છીએ.'

'તે હિંસા વગર બનવાનું નથી.'

'એ જ હિંદે કરી દેખાડવાનું છે. હિંસા વગર એટલે દુશ્મન બન્યા વગર કેમ લડી શકાય તે હિંદ બતાવશે. એટલે માનવીના મહારાષ્ટ્રનો પાયો નખાશે.'

'પણે શાનું અજવાળું દેખાય છે ?' વાતમાં અરુણે વચ્ચેથી જ પૂછ્યું. સહુનું લક્ષ બીજી પાસ ગયું. ત્રણે ચમકીને ઊભા થયા.

આ કેદીઓને સામાન્ય કોટડીઓમાંથી ખસેડી મકાનના એક ઓરડામાં રાતવાસો આપ્યો હતો. ધનસુખલાલ તથા કૃષ્ણકાંતની તેમાં ઘણી મહેનત હતી, અને નૃસિંહલાલ તથા અરુણના પિતા

સરખા સરકારી નોકરોએ પણ પોતાનાં બાળકો કેદખાને આરામ પામે એવું દબાણ કર્યું હતું. એટલે ઉપરના માળે ઑફિસની બાજુમાં આવેલા હવા-અજવાળાવાળા એકાંત ઓરડામાં તેમને વસવાટ મળ્યો હતો.

એ ખાલી ઓરડાની આગળ ખુલ્લી અગાશી હતી. અને અગાશીની પાર કારાગૃહના અમલદારને રહેવાના ઓરડા હતા. અગાશીનો ભાગ જાળીઓથી બંધ હતો. ઑફિસ અણે તેમની ઓરડી વચ્ચે એક ખાલી ગલી જેવો ભાગ હતો, જે બંધ કર્યાથી આરોપીઓ કેદી બની જતા હતા. અગાશીની ઉપર પડતી એક બારીમાંથી એક ભડકો દેખાયો.

જાળી આગળ આવી ત્રણે જણે જોયું તો આછી ધૂણીમાં ઢંકાયેલો અગ્નિ થોડો ઊંચે ચડતો હતો.

'શું બળતું હશે ?'

'કોઈ પાસે છે કે નહિ ?'

આમ પ્રશ્નો તેમણે પરસ્પર પૂછ્યા. અને ત્યાં ઊભા ઊભા તેઓ જોવા લાગ્યા.

આખી દુનિયા સૂતી હતી. અગ્નિ પણ ઓલવાઈ જશે એમ તેમને આશા હતી; પરંતુ અગ્નિએ બીજી બારીએથી ડોકિયું કર્યું.

'કોઈ નથી કે શું ?' જનાર્દન બોલી ઊઠ્યા.

'જરૂર આગ લાગી.' અરુણે કહ્યું.

'અરે સિપાઈ ! પહેરેગીર !' કંદર્પ બૂમ પાડી ઊઠ્યો.

નીચેથી બદલાયેલા ચોકીવાને 'આલબેલ' આપી પરંતુ તે કંદર્પની બૂમના જવાબમાં નહિ. એ બૂમ નીચે પહોંચે એમ હતું જ નહિ. લાકડે લાકડે કૂદતા અગ્નિએ ઉપરનીચે ફેલાવા માંડયું.

'રસ્તા ઉપર કોઈ જોતું નહિ હોય ?' કંદર્પ અકળાયો.

'આખો માળ બળી જશે તોય નીચેના સિપાઈઓને ખબર પડશે નહિ. બહુ અજબ રીતે આગ લાગી છે.' જનાર્દને કહ્યું.

'એટલે એનો આરોપ પણ આપણે માથે જ આવશે ને ?' તિરસ્કારપૂર્વક હસીને કંદર્પ બોલ્યો.

'છો આવે! આખો દેશ સળગાવી મૂકવાના આરોપ આગળ એક મકાન સળગાવ્યાનો આરોપ શા હિસાબમાં ?' અરુણે કહ્યું.

સામે મકાનમાંથી ઝીણી ચિચિયારી સંભળાઈ.

'અરે, કોઈ છોકરું છે !' કંદર્પ બોલી ઊઠ્યો. તેના મુખ ઉપર દૃઢ નિશ્ચય તરી આવ્યો. તેણે જાળીને એક ધક્કો માર્યો. મજબૂત લોખંડી સળિયા તેને ચીડવતા સ્થિર રહ્યા.

અરુણનું મુખ પણ એવું જ સખત બની ગયું. તેણે ઘેરે અવાજે કહ્યું: 'કંદર્પ ! જાળી તૂટે તો જ આપણે છૂટી શકીએ. અંદર કોઈ બાળક રૂંધાઈ જાય છે.'

અરુણે પણ બળ કરી જાળીને ખેંચી. જાળી જરાક પણ ખસી નહિ. ત્રણે જણે જાળી ઉપર બળ અજમાવ્યું; એક-બે સળિયાને જરા વાળ્યા. પણ તેમાંથી માર્ગ કેમ બને ? બીજા બારણાંને જોરથી લાત મારી; પરંતુ સરકારી મકાનોનાં બંધ બારણાં ઝટ

ખૂલે એવાં હોતાં નથી.

બાળકની ચીસ ફરી સંભળાઈ. જનાર્દન અદબ વાળી ઊભા; પરંતુ કંદર્પની ઉગ્રતા વધી ગઈ. તેણે જાળી પાસે આવી ભયંકર રીતે દાંત પીસ્યા અને બે હાથે જાળીને હચમચાવી નાખી. તે એવો જ બીજો પ્રયત્ન કરવાની તૈયારીમાં હતો, એવામાં પાસે ઊભેલા અરુણે જોરથી જાળીને ધક્કો માર્યો; જાળીનું ચોકઠું જ ભીંતમાંથી ખસી ગયું. બીજે ધક્કે જાળી નીચે પડી અને કેદીઓ બંધનમાંથી છૂટ્યા. કાયદાની દૃષ્ટિએ તેમણે એક વધુ ગુનો કર્યો.

બહારથી આછો કોલાહલ સંભળાવા લાગ્યો.

'હું અહીં જ રહીશ.' જનાર્દને કહ્યું.

'હા, જી. અમે જરા જોઈને પાછા આવીએ છીએ.' અરુણે કહ્યું.

'હા, જલદી કરો.' એમ જનાર્દને કહ્યું અને બંને યુવકો ઓરડાની બહાર અગાશીમાં નીકળી ગયા. સામેની બારીમાંથી અગ્નિ દેખાયા કરતો હતો. એ બારીમાં કેમ પેસવું તેની યુક્તિ શોધવા એ યુવકોએ અગાશી અને મકાનની ભીંત વચ્ચે ઊભો કરેલો એક લોખંડનો થાંભલો જોયો. એ થાંભલા ઉપરથી સામેના મકાનનું જાળિયું (ventilator) પકડી શકાય એવું હતું. અરુણ થાંભલા ઉપર ચડી ગયો; તેની પાછળ કંદર્પ પણ આવી પહોચ્યો. જ જાળિયાના મોટા કાચના બારણાને બળથી ઉથલાવી તેમણે અંદર જોયું આજુબાજુ બધે જ અગ્નિ સળગી ઊઠ્યો હતો; માત્ર તેમની નીચે આવેલો થોડો ભાગ અગ્નિની ઝાપટમાં આવ્યો નહોતો. બંને જણ ઓરડામાં કૂદી પડ્યા. તેની સાથે જ એક

સાત વર્ષનો ગોરો છોકરો એ બંને જણને બાઝી પડયો.

'મને બચાવશો ?' મીઠા દયામણા અવાજે તે બાળકે પૂછ્યું. તેની આંખમાં મૃત્યુનો ભય દેખાતો હતો. તે પોતાનું અડધું ભાન ભૂલી ગયો હતો. માનવીને જોઈ બાળકને આશા ઊપજી અને તેણે રક્ષણ માગ્યું.

રક્ષણ માગનારને રક્ષણ ન આપનાર માનવીની જડ જગતમાંથી ઊખડી જવી જોઈએ. બંનેનાં હૃદયમાં માનવતાનો મહાસાગર ઊભરાયો. અરુણે તેને ઊંચકી લીધો અને પાસે દેખાતી સીડી તરફ તે વળ્યો. સીડી આગળ પહોંચતાં જ તેમાંથી એક મોટી ઝાળ ભભૂકી ઊઠી, અને અરુણ પાછો હટયો.

'આપણે આવ્યા તે જ રસ્તે એને લઈ જઈએ.' કંદર્પે કહ્યું. હજી તે બની શકે એવું હતું. અગાશી ઓળંગી કેદખાનાવાળા ભાગને વળગતાં અગ્નિને વાર લાગે એમ હતું. એટલામાં જરૂર તે બાજુએથી બચવાનાં સાધનો મળી રહેશે એમ તેની ખાતરી થઈ; અરુણને પણ એ સૂચના ઠીક લાગી. તેણે કહ્યું :

'હા, કંદર્પ ! એને જનાર્દન પાસે મૂકી આવીએ.'

'પણ મારી મા અને મારી બહેનનું શું થશે ?' પેલા છોકરાએ મીઠી અંગ્રેજી ભાષામાં પૂછ્યું.

'તેમને પણ લાવીએ, હોં !' અરુણે જવાબ આપ્યો. જાળિયાનું દોરડું ઝાલી કંદર્પે છોકરાને વાંસે બઝાડયો. ક્ષણભરમાં કંદર્પ ઉપર ચડયો અને બહાર નીકળી આવ્યો, અગાશીમાં ઊતરી દોડયો છોકરાને જનાર્દન પાસે લઈ ગયો. જનાર્દનને ખભે એ

જ ક્ષણે કોઈ પોલીસનો સિપાઈ હાથ મૂકતો હતો. તેણે કંદર્પને જોયો. કંદર્પે જાળી પાસે છોકરાને મૂકી દઈ જનાર્દન તરફ આંગળી બતાવીને તેને કહ્યું :

'જો પેલા ઊભા છે ને, તેમની પાસે જજે. હું તારી માતાને લાવું છું.'

'મારી બહેનને નહિ ભૂલો ને ?' બાળકને તેની જોડે સૂતેલી નાની બહેન સાંભર્યા કરતી અંગ્રેજી ઢબ પ્રમાણે માબાપ અને બાળકો જુદાં સુએ છે. બાળકો પાસે સૂતી આયા રિવાજ પ્રમાણે છોકરાંને ઊંઘતાં મૂકી દાદર ઊતરી છાનીમાની શૉફર કે બટલરને મળવા નીચે ગઈ હતી. એટલે આગ લાગી ત્યારે બંને બાળકો એકલાં જ હતાં. આયાને ખોળતો છોકરો ઓરડામાં જ ફસાઈ પડયો અને માને જગાડવા દોડેલી પાંચેક વર્ષની બાળકી તેનાથી જુદી પડી ગઈ હતી, તેનું સ્મરણ બાળકને થયા જ કરતું હતું.

'તેને પણ લાવું છું.' કહી કંદર્પ પાછો દોડયો. જનાર્દનની પાસે ઊભેલા સિપાઈઓમાંનો એક કંદર્પની પાછળ ધસ્યો; પરંતુ કંદર્પ તો ઝડપથી ક્યારનો સામેની જાળી ઉપર ચડી ગયો હતો. તે પાછો અંદર કૂદી પડયો; અને એ જ જાળિયાને અગ્નિએ ઝડપી લીધું. પાછા જવાને એક માર્ગ બંધ થઈ ગયો. દાદર તો ભડભડ સળગતો જ હતો.

અરુણની સામે એક યુરોપીય સ્ત્રી ઊભી હતી. તેણે રાત્રીને અનુકૂળ આછો પોશાક પહેર્યો હતો. તેની આંખો ફાટેલી હતી - તેના વાળ આછા વિખરાયલા હતા; તેના ગૌર રૂપાળા મુખ ઉપર માતાની ઘેલછા છવાઈ ગઈ હતી. કંદર્પ અંદર પડયો તે

સાથે જ તેની પાસે દોડી જઈ ગૌરાંગિનીએ તેનો હાથ પકડયો.

'મારો દીકરો ક્યાં ?'

'એ તદ્દન સલામત છે, બાનુ !' કંદર્પે કહ્યું. નાનામોટા કોઈપણ અંગ્રેજને જોતાં જેના હાથ સળવળી રહેતા, અને જેના દાંત કચકચી જતા, તે કંદર્પ અત્યારે બહુ જ વહાલ અને સંભાળથી એક અંગ્રેજ બાળકને અગ્નિમર્યાદાની બહાર મૂકી આવ્યો, અને એક અંગ્રેજ માતાનું દર્દ નિહાળી વ્યાકુળ બની ગયો. તેને એમ થયું કે આ માતાનું દર્દ મટાડવા મરવું પડે તોય તે સાર્થક છે.

કુદરત સમીપ - ઈશ્વર સાંનિધ્યે - માનવી એ માનવી જ છે. તે હિંદુ બને છે, મુસલમાન બને છે, ખ્રિસ્તી બને છે, એ તેની કૃત્રિમતા છે - જો તે પરસ્પરમાં રહેલી માનવતાને ઓળખતો અટકી જાય તો.

'પણ હવે આપણે સલામતી શોધવી જોઈએ. ચારે પાસ અગ્નિ ફેલાઈ ગયો છે. ઝડપ કરો અને મારી પાછળ પાછળ ચાલો.' અરુણે કહ્યું.

'મારી દીકરી ક્યાં ?' પેલી માતાને મન દીકરોદીકરી સરખાં જ હતાં.

'એને પણ શોધી કાઢીએ.' કહી અરુણ આગળ વધ્યો.

આખો ઓરડો અગ્નિ અને ધુમાડાથી ભરાઈ ગયો હતો. તેને ભાગ્યે સાતેક મિનિટ થઈ હશે. પણ એટલામાં તો ઓરડો અને તેની આસપાસના ઝરૂખા બધા જ સળગી ઊઠ્યા હતા. જેમતેમ કરી એ ઓરડાની બહાર ત્રણ જણ નીકળી આવ્યાં. પણ જ્યાં

જુએ ત્યાં અગ્નિ સહુને ડરાવતો સામો દેખાતો. એક-બે ઓરડા ખોળી વળ્યા છતાં બાળકી હાથ લાગી નહિ.

હવે કોઈ પણ સ્થળે ઊભા રહેવાય એવી સ્થિતિ નહોતી; અગ્નિએ પ્રચંડ રૂપ ધારણ કર્યું હતું. તે વીજળીવેગે આખા મકાન ઉપર ફરી વળતો હતો. પાટડીઓ, બારી-બારણાં અને ભીંતોના ભાગ આછા તૂટવા લાગ્યા હતા. બહાર પણ જબરજસ્ત કોલાહલ મચી રહ્યો હતો. નીચે ઊતરવાના રસ્તા બંધ થઈ ગયા હતા. એક ક્ષણ અરુણ અણે કંદર્પે પરસ્પરની સામે જોયું. બંનેની આંખમાં મૃત્યુના પડછાયા પડયા. અરુણે કહ્યું :

‘કંદર્પ ! તું કસરતી છે; નાસી છૂટ.’

જાઓ, જાઓ ! તમને એકલા મૂકીને ? એ ન બને !’ કંદર્પે નિર્ભયપણે જવાબ આપ્યો.

‘ત્યારે આ બાઈને કેમ બહાર કાઢીશું ?’ અરુણે પૂછયું.

‘પેલી બારી હવે બાકી છે. જોઉં, એનો ઉપયોગ થયો તો.’- કહી કંદર્પ અગ્નિરહિત એકલ બારી ઉપર ચઢયો. તેને દેખી બહાર ભેગી થયેલી હજારો માનવીની મેદનીએ પોકાર કર્યો. બંબાવાળા તે બાજુ ઝડપથી બંબો લઈ આવ્યા. એક ટોળું મોટી જાળી લઈ દોડતું આવ્યું અને બારી નીચે જાળી ફેલાવી કંદર્પને કૂદી પડવા નિશાનીઓ કરવા લાગ્યું.

કંદર્પે અંદર જઈ કહ્યું :

‘આપણે બધાંય બચી જઈશું. બારીમાંથી કૂદી પડીએ.’

‘પહેલાં તમે કૂદી પડો.’ અરુણે યુરોપીય બાઈને કહ્યું.

‘મારી દીકરી વગર ? ના, ના. હું તો એની જોડે જ બળીશ.’ માતાએ કહ્યું.

‘જુઓ, હવે વાત કરવાનો પણ વખત નથી. ઈશ્વરની મરજી હશે તો તમારી દીકરી બચશે; પરંતુ તમે અહીં રહેશો તેથી તમે તેને બચાવી શકવાનાં નથી. ઊલટું...’

‘ના ના ના ! હું અહીંથી નહિ ખસું !’ માતાએ ઘેલછાના આવેશમાં કહ્યું; પરંતુ એટલામાં જ તેની આંખમાં જરા સ્થિરતા આવી. તેણે ઘણા જ આર્જવથી કહ્યું :

‘પણ ભાઈ ! તમે કોણ છો ? તમે કેમ જતા નથી ? તમે બચો; જાઓ.’

‘તમને મૂકીને અમારાથી ખસાય નહિ. જો તમે અહીં રહેશો તો આપણે ત્રણે બળી મરીશું. તમે અહીંથી ખસશો તો આપણે ત્રણે બચી જઈશું.’ અરુણે કહ્યું :

‘ના ના; મારે લીધે ત્રણ હત્યા શું કરવા થવા દઉં ? ચાલો, હું કૂદી પડું છું’ -કહી તે ઝડપથી બારી પાસે આવી. બારી ઉપરથી તેણે નીચે જોયું અને તેને પાછી પોતાની દીકરી યાદ આવી.

‘ઓ, ઓ ! હું તને મૂકીને ન જાઉં !’ એમ કહીને બારી ઉપર તે બેસી ગઈ.

અગ્નિ એ બારીને પણ વળગવા ઝઝૂમતો હતો. સમય

રહ્યો નહોતો. કંદર્પે મન કઠણ કર્યું અને પેલી યુરોપીય સ્ત્રીની પાસે આવી તેને બળપૂર્વક હડસેલી, તે પડી. પરંતુ પડતાં પડતાં ભયગ્રસ્ત બાઈના હાથની ઝાપટ કંદર્પના પગને વાગી. કંદર્પે સમતોલપણું ખોયું; તે પણ બાઈની પાછળ પડી ગયો.

પડતાં પડતાં તેણે બૂમ મારી :

‘અરુણભાઈ ! જલદી.’

અને બંને જણ નીચેની જાળીમાં ઝિલાયાં અને અથડાયાં.

જેવો અરુણ બારીએ પગ મૂકવા જાય છે તેવી જ તેણે પાછળ ચીસ સાંભળી. હવે ? ધુમાડામાં કાંઈ સૂઝતું નહોતું. ચીસ પાસેપાસે જ સંભળાઈ; એમ ને એમ કેમ જવાય ? તે પાછો ફર્યો. તેનો શ્વાસ ગૂંગળાયો; તેની આંખ મીંચાઈ ગઈ. તેણે ગૂંગળાટને નહિ; મીંચાયેલી આંખ બળપૂર્વક ઉઘાડી તે આગળ ધસ્યો. તે કેટલે ધસ્યો તેનો ખ્યાલ પણ રહ્યો નહિ.

એકાએક તેના દેહને કશું અથડાયું.

‘ઓ મા ! એ તો હું !’ કોઈ નાનકડા બાળકનો કાલો અવાજ આવ્યો.

અરુણે ધુમાડામાં હાથ ફેલાવી. તે બાળક ઊંચકી લીધું. એ જ પેલી બાળકી! કોણ જાણે ક્યાંથી આ ઓરડામાં આવી ગઈ. અગ્નિએ ભડકો કરી આખા ઓરડાને ઝળાંઝળાં બનાવી દીધો. બાળકીએ બીકમાં પોતાનું માથું અરુણની છાતી ઉપર નાખી દીધું. તેને લાગ્યું કે તે કોઈ પરાયા માણસના હાથમાં છે.

અરુણ બાળકીને લઈ બારી તરફ દોડયો. તેની પાછળ અગ્નિએ પોતાના વિશાળ ફણા ફેંકી. તે સહજમાં ઝડપાતો રહી ગયો. અગ્નિએ વધારે બળ વાપરી શકાય એ અર્થે પોતાની ઝાળ જરા પાછી ખેંચી અને અરુણ બારીએ પહોંચી ગયો.

પરંતુ અગ્નિનું તાંડવ સર્વવ્યાપી બની ગયું હતું. એ બારી ઉપર પણ અગ્નિ નાચતો હતો. બીજો માર્ગ હતો જ નહિ. એ ક્ષણમાં એ અગ્નિ ઉપરથી અને અંદરથી ધસી આવશે એમ અરુણની ખાતરી હતી. બને એટલી સંભાળથી તે બારી ઉપર ચડયો. ધૂમ્રનો એક ભયંકર ગુબ્બારો તેની પાછળ ધસી આવ્યો અને બારસાખ ઉપર નાચતા અગ્નિએ પોતાની જાળ લંબાવી.

અરુણે મસ્તક ફેરવી લીધું. તેનાથી ઝાળ સહન ન થઈ. તેણે આંખ મીંચી દીધી અને બાળકીને દબાવી. તત્કાળ તે ભાન ભૂલ્યો; તેના પગ લથડયા અને તે ઢળી પડયો.

આખા બારીમાંથી અગ્નિનો અંબાર લટકી રહ્યો. સુરભિ ચીસ પાડી બેભાન બની; પરંતુ જનતાથી તો ચીસ પણ પડાઈ નહિ. સ્તબ્ધ બનેલો સમુદાય બે ક્ષણ બેભાન રહ્યો.

અભાન અવસ્થામાં પડેલી એક સ્ત્રી જાગી. તેને કંદર્પે અને એક ગોરાએ ટેકો આપ્યો હતો. એ યુરોપિયન બાઈનો પતિ અગ્નિપ્રાગટયની બૂમ સાંભળી પોતાના રહેઠાણ તરફ આવ્યો હતો. તેણે પોતાની પત્નીને પડતી નિહાળી, અને જાળી બહાર કાઢી તેને ટેકો આપી તે ઊભો હતો.

તે બાઈ જાળી તરફ દોડી; તેની દીકરી જીવતી હતી; પરંતુ

તે એકા-એક બૂમ પાડી ઊઠી :

'અરે, અરે ! ઝડપ કરો. આ તો બહુ દાઝયા છે. એમને દવાખાને લ્યો.'

ધનસુખલાલ અને કૃષ્ણકાંતની મોટરો ભીડમાં આગળ વધી છેક અગ્નિ સન્મુખ આવી હતી. બેભાન અરુણને ઊંચકી સહુએ મળી મોટરમાં સુવાડયો.

અંગ્રેજ પોલીસ-અમલદાર પણ તેને ઊંચકાવવામાં સામેલ થયો. તેની પત્ની છોકરીને હાથમાં ઉપાડી મોટર પાસે ઊભી ઊભી અરુણને નિહાળી રહી હતી. મોટર ચાલી અને તેની આંખમાંથી આંસુધારા વહી રહી. તેણે પોતાના પતિને કહ્યું :

'આ બે હિંદીઓએ અમને બચાવ્યા !' પાસે જ એક પોલીસનો સિપાઈ ઊભો હતો. તેણે કહ્યું :

'પણ સાહેબ ! આ તો આપણા કેદીઓ ! એ ભાગી જાય છે.'

નાનકડી અંગ્રેજ છોકરી ઘૂરકી ઊઠી :

'ચૂપ, હરામખોર ! કોને કેદી કહે છે ?'

# ૩૮ આંખનાં ઊંડાણ

રૂંધાયેલું ચિત્ત બધું હતું એ
કો એક અશ્રુમય તાન માંહી,
આ વિશ્વના બાહ્ય પદાર્થ સર્વે
જેને દિસે સુસ્ત સ્મશાન જેવા.

**કલાપી**

અરુણ જાગ્યો; કેટલાક દિવસની બેભાની પછી તે જાગ્યો. 'હું છું' એવું પ્રથમ ભાન તેને થયું અને તેણે પોતાની આંખ ઉઘાડી. તેને કાંઈ સમજાયું નહિ. તેણે આંખો મીંચી દીધી.

'હું ક્યાં છું ?' તેના હૃદયે પ્રશ્ન પૂછ્યો.

એ પ્રશ્નનો ઉત્તર કોણ આપી શકે ? આંખ.

અરુણે આંખ ઉઘાડી; ફરી વાર તેણે આંખ ઉઘાડી.

'કેમ આંખ ઊઘડતી નથી ?' અરુણ જરા અકળાયો. તેણે આંખ ઉઘાડી પોપચાને સ્થિર રાખ્યું.

'તોય દેખાયું નથી ? એ શું ?'

તેણે ઝડપથી હાથ ઉપાડી આંખ ઉપર ફેરવ્યો. હાથ દુખતો

લાગ્યો. કોઈએ મૃદુતાથી એ હાથને આંખેથી ખસેડી પાછો પથારીમાં મૂક્યો.

'આંખે પાટો તો છે નહિ. પછી દૃષ્ટિ કેમ ઊઘડતી નથી ?'

તેણે મસ્તક ફેરવ્યું અને આંખ ઉઘાડી. કદાચ બીજી પાસ જોવાનું આંખને અનુકૂળ પડે તો !

તે પાસ પણ કાળાશનો ઢગલો !

તેનું હૃદય ધબકી ઊઠ્યું. તે અથાગ પાણીમાં ડૂબતો હોય એવો તેને ગૂંગળાટ થયો. ડૂબતો માણસ હાથપગ પછાડી પાણી ઉપર આવવા મથે તેમ તે હાથ અને માથું હલાવી ચારે પાસથી રૂંધતા અંધકારની ઉપર આવવા મથ્યો. તેના હલનચલનને કોઈ કુમળો સ્પર્શ રોકતો હતો. પણ એ કોનો સ્પર્શ ? તેનો શ્વાસ ભરાઈ ગયો, હૃદયધબકારા વધી ગયા, પાંપણો ઝડપથી ઊઘડી મીંચાવા લાગી.

'અરે, અરે ! હું ક્યાં છું ?' તેનાથી છેવટે બૂમ પડાઈ ગઈ. નમ્યું ન આપનાર શૂરવીરે નિરાધારતા અનુભવી.

ત્રણ-ચાર કંઠનાં ડૂસકાં સંભળાયાં.

તેણે આંખ ઉઘાડી ડૂસકાં ખાનાર કોણ હશે તે જોવા ધાર્યું. હઠીલી આંખ કાંઈ જ જોતી નહોતી.

અંધકાર ! અંધકાર !!

'મને લે, દેખાતું નથી ?' તેણે ફરી પૂછ્યું. કોઈનો જવાબ સંભળાયો નહિ; માત્ર ડૂસકાં ચાલુ હતાં. તેણે આમ વગરબોલ્યે

ડૂસકાં ખાતી વ્યક્તિઓને ઓળખવા સચેત પ્રયત્ન કર્યો. એ પ્રયત્ન નિષ્ફળ નીવડતાં તે બૂમ પાડી ઊઠ્યોઃ

'મારી આંખો ક્યાં ગઈ ?'

પાંચેક ક્ષણ કોઈ કાંઈ બોલ્યું નહિ. દાઝેલો અરુણ દવાખાનાના એક ઓરડામાં પડ્યો હતો અને તેની આસપાસ તેના સ્નેહીઓ વીંટળાઈ વળ્યા હતાં. આજ સુધી તે બેભાન હતો. એક-બે દિવસથી તેનામાં ચેતનનો સંચાર લાગતો હતો. અરુણ ગમે તે ક્ષણે જાગશે એ આશાએ કોઈ ત્યાં ખસતું નહિ; પરંતુ એક જાગશે ત્યારે શું થશે - તે શું કહેશે - તેની ક્ષણે ક્ષણે થતી અધીરાઈ મહામુસીબતે સહુએ દાબી રાખી હતી. અરુણ જાગ્યો. એ ક્ષણ આવી. સહુના જીવ અધ્ધર ટીંગાયા. ડૉક્ટરે અરુણની આંખ બદલ આશા મૂકી દીધી હતી.

પ્રાણ લેવા ધસતા અગ્નિએ માત્ર આંખો ખૂંચવી અરુણને જીવતો મૂક્યો. પણ અરુણ એ જાણશે ત્યારે ?...અરે! એણે લગભગ જાણ્યું જ કે તેની આંખો તેને જડતી નહોતી.

અવાજમાં ઘૂસી જતા થડકાને મહામહેનતે અટકાવી રાખી કૃષ્ણકાંતે કહ્યું ;

'Now Arun ! Old boy ! Face it bravely.'

અરુણે કૃષ્ણકાંતના ઉચ્ચાર ઓળખ્યા. તેણે કૃષ્ણકાંતને જોવા મથન કર્યું. આંખ પોતાનું કાર્ય ભૂલી ગઈ હતી. અરુણે હાથ લાંબો કર્યો, પણ હાથ કાંઈ જોઈ શકે છે ? હાથ પથારીમાં પછડાયો. અરુણે તેને પછડાવા દીધો.

એક ક્ષણ-બેક્ષણ તેણે વિચારી જોયું કે કૃષ્ણકાંતના કથનનો શો અર્થ થાય છે પછી તે બોલ્યો :

'ત્યારે મારી આંખો ગઈ જ ! નહિ ?'

અરુણને દયામણે અવાજે બોલતાં કોઈએ સાંભળ્યો નહોતો. અત્યારે તેનો કંઠ ગદ્‌ગદ બની ગયો; એટલું જ નહિ, તેની આંખના ખૂણામાં પાણી ચમકી રહ્યું.

આંખ દેખે નહિ, પણ રડે તો ખરી જ. જગતની સાથેનો સંબંધ તોડી નાખે; પરંતુ જેનું તે અંગ છે તેના હૃદય સાથેનો સંબંધ તો શી રીતે તોડે ?

આખો ઓરડો રડી રહ્યો. કૃષ્ણકાંતે ખુલ્લી રીતે રૂમાલ આંખે દાબ્યો. કંદર્પ ત્યાંથી બહાર દોડી ગયો. ધનસુખલાલે દુપટ્ટા વડે મુખ લૂછવા માંડયું. જનાર્દને અશ્રુ ઢાંકવાની જરા પણ જરૂર વિચારી નહિ. અરુણના પિતાને દવાખાને લાવી શકાતા જ નહિ. પુત્રના રાઈ રોગ સઘળા પોતાના ઉપર ઊતરે અને પુત્ર બચે એવી ઝંખનામાં તેઓ માંદા પડી ગયા હતા. સુશીલા અને સુરભિ તો ક્યારના એકબીજાને ખભે માથાં ઢાળી રડતાં હતાં. પથારી પાસે કઠણ મન કરી બેસી રહેલી પુષ્પા અરુણનો આ તલસાટ વેઠી શકી નહિ; તેણે પણ હાથ પર માથું નાખી દીધું.

જગતને બાથમાં લેવા ધસતો માનવી કોઈ કોઈ વખત પોતાની મર્યાદાઓ નિહાળે છે ત્યારે તે ગરીબડો બની જાય છે.

જરા દૂર બેઠેલ ધના ભગત થોડી વારે બોલ્યા :

'ભાઈ ! બેટા અરુણ! ના અકળાઈએ. ભગવાને આંખ

આપી અને એણે લઈ લીધી. એની મરજી! આપણે શું? અરુણને લાગ્યું કે કોઈ ફરિસ્તો તેને હાથ દેવા આવ્યો છે. રુદનભર્યા કંઠે તેણે કહ્યું :

'પણ આંખ વગર હું કેમ જીવીશ ? મને શું કામ જિવાડયો ?'

'જો દીકરા ! પ્રભુએ આંખ લઈ લીધી તો તને અંગેઅંગ આંખ ઊઘડશે. આંખ બંધ કર્યે જ દેખાય તે સાચું. ઉઘાડી આંખ તો ભુલભુલામણી છે. કહે બેટા ! તેં જોયેલું તને શું દેખાતું નથી ?'

આંખ આગળ અંધારાં હતાં છતાં તેણે રમતી રંજન જોઈ, ગંભીર પુષ્પા જોઈ, વહાલભરી સુરભિ જોઈ અને સફાઈભર્યા કૃષ્ણકાંત જોયા. એ કેમ બન્યું ? તેની આંખ તો ફૂટી ગઈ હતી. ત્યારે આ બધી ઘટમાળ તે કેવી રીતે જોઈ શકતો હતો ? માનવીને કેટલાં ચક્ષુ ? ચર્મચક્ષુ તો ગયાં.

'તોય હું જોતો હોઉં એમ કેમ લાગે છે ?' અરુણના હૃદયમાં ધના ભગતે પ્રશ્ન પ્રેર્યો.

નાનકડી મોજડીમાં નાનકડા પગ ટપટપ દોડતા સંભળાયા. તેની મીંચેલી ન દેખાતી આંખે પણ એક બાળક દોડતું જોયું.

'કોણ હશે ?' આંખથી જોવા માટે ટેવાયેલા અરુણે આંખ ખેંચી. અંધારું ઘોર !

'મમા, મમા ! જાગે છે. આવ, આવ.' કોઈ કુમળી વાણીમાં અંગ્રેજી શબ્દો ઊતર્યા.

એક નાનકડી અંગ્રેજ બાલિકાનું દશ્ય અરુણની આંખ આગળ ચીતરાયું.

કોઈએ ધીમી સિસકારીથી બાળકીને મોટા તીણા સાદે બોલતાં રોકી.

'હું ધીમે બોલીશ, પણ મને એમની પાસે જવા દે, મમા !' બાળકીનો ઉચ્ચાર સંભળાયો.

'કૃષ્ણકાંત ! કોણ આવ્યું ? ' ધીમે રહી અરુણે પૂછયું.

કૃષ્ણકાંત જવાબ આપે તે પહેલાં તો છોકરી બોલી ઊઠી :

'એ તો હું છું. એટલામાં ભૂલી ગયા ? હા, હા. પણ તમે બહુ દાઝી ગયા હતા. મને તુર્ત મટી ગયું. હું રોજ તમને જોવા આવતી, પણ મમા અને પપા મને તમારી પાસે આવવા જ નહોતાં દેતાં. હવે હું રોજ તમારી પાસે આવીશ. હું કેવી તમને બાઝી પડી હતી ?' છોકરી બોલતે બોલતે હસી પડી. છોકરીને ખૂબ બોલવું હતું.

અરુણના હૃદયે અગ્નિસ્નાનનો પ્રસંગ ઉકેલ્યો. બનાવોની કડીઓ ગોઠવાઈ ગઈ. જે છોકરીને બચાવતાં તે ભાન ભૂલ્યો હતો - જેને બચાવતાં તેણે આંખો ખોઈ હતી - તે જ એ છોકરી હતી. અરુણને છોકરી ઉપર વહાલ આવ્યું. એ તો જીવ સાટે બચાવેલી બાળકી હતી !

'એને મારી પાસે બેસાડો.' અરુણે કહ્યું.

પુષ્પાએ પોતાની ખુરશી ઉપર છોકરીને બેસાડી.

'તું ક્યાં બેઠી છે ?' અરુણે પૂછ્યું.

'આ રહી. ખુરશી ઉપર છું ને ! જોતા નથી !'

'મારી પાસે આવ, ખાટલા ઉપર.'

છોકરી ત્વરાથી ખાટલા ઉપર બેસી ગઈ. અરુણે હાથ લાંબો કરી બાળકીના દેહ ઉપર ફેરવવા માંડયો.

'હવે તમને મટી ગયું ને ?' છોકરીએ પૂછ્યું.

'તારે જાણીને શું કામ છે ?'

'મારે તમને ઘેર લઈ જવા છે.'

'શા માટે ?'

'મારાં રમકડાં બતાવવાં છે. અંહ ! આપણે આગ આગ રમીશું. તમે મને બચાવી તેમ હું પણ પૂતળી બચાવી લાવીશ. પણ ભાઈ! આટલું બધું તમારા જેવું દાઝવાનું નહિ, હોં !' છોકરી ગંભીરતાથી પોતાની યોજના વર્ણવતી હતી.

અરુણને પહેલી વાર હસવું આવ્યું. તેણે બાળકીના ગાલ ઉપર હળવી લપડાક મારી, પણ તે વાગી નહિ. તેણે ફરી બાળકીના દેહ ઉપર હાથ ફેરવવા માંડયો. હાથ જાણે અંધારામાં ફરતો કંઈ ફંફોસતો હોય એમ તે છોકરીને લાગ્યું.

'કેમ ? આમ કેમ કરો છો ? જાણે દેખતા ન હો તેમ !' છોકરી બોલી. તેનાં માબાપે દાંત પીસ્યા. કેદખાનાનો ઉપરી પોલીસ-અમલદાર અને તેની સ્ત્રી દરરોજ અરુણને

જોવા સાંજસવાર આવતાં હતાં. આખા કુટુંબને અગ્નિદાહમાંથી ઉગારનાર હિંદવાસીનો ઉપકાર ભૂલે એવાં એ અંગ્રેજ દંપતી નગુણાં નહોતાં. અંગ્રેજો રાક્ષસો નથી - પછી ભલે તેમના રાજ્યતંત્રમાં રાક્ષસીપણું પેસી ગયું હોય.

'તું ખરું કહે છે; હું દેખતો નથી.' અરુણે લાચારીભર્યા અવાજે કહ્યું.

'આમ આવ, નઠ્ઠારી છોકરી !' બાળકીને બાએ બૂમ મારી.

પણ બાળકી તો અરુણના મુખ સામે જોઈ રહી હતી. જરા રહી તેણે બે-ત્રણ ચાળા કર્યા. એક ક્ષણ તેણે પોતાની આંખો મીંચી દીધી. ફરી આંખો ઉઘાડી, તેણે એક આંખ મીંચી. વળી પાછી મીંચેલી આંખ ઉઘાડી તેણે બીજી આંખ મીંચી.

સહુ કોઈ બાળકીના વાંદરાવેડા જોઈ રહ્યાં. બાળકીએ પૂછ્યું :

'તમે ખરેખર દેખતા નથી ?'

'ખરેખર ! હું તને કે કોઈને જોઈ શકતો નથી.'

'હું એક આંખે જોઈ શકું છું. અને મારે બે આંખો છે. મારી એક આંખ આપું તો તમને ન ફાવે ?'

બાળકી બોલી. બાળકી મૂર્ખ હતી, પણ તેની મૂર્ખાઈને કોઈ હસ્યું. નહિ. ખરો હિંદુ કોણ ? ખરો મુસ્લિમ કોણ ? ખરો ખ્રિસ્તી કોણ ? બાળક; નહિ કે જેણે પોતાને ઓળખાવવા ધર્મની ચિઠ્ઠી ચોડી હોય ! પણ આપણે એવી ગોઠવણ કરી રાખી છે કે બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તગેમ તે હિંદુ,

મુસ્લિમ કે ખ્રિસ્તી મટતું જાય છે, અને જ્યારે તગે પૂર્ણ વયે આવે છે ત્યારે તેના ઊપર માત્ર ધર્મનું ખોળિયું જ વીંટાયલું રહે છે; ધર્મનો આત્મા તો ક્યારનો ઊડી ગયો હોય છે.

ડૉક્ટર આવ્યા એટલે બધી વાત અટકી : ડૉક્ટર ગુસ્સે થયા. દર્દીને હવે જ ખરા આરામની જરૂર છે એમ તેમણે જણાવ્યું. અને થોકડાબંધ માણસો એકસામટાં ભેગાં થઈ જાય, તેના કરતાં વારાફરતી એક-બે માણસ બેસે તો દર્દીને વધારે લાભ છે, એ બાબત ઉપર તેમણે ભાર મૂક્યો. બધાં ઓટલે ગયાં. પુષ્પા અને કંદર્પે પહેલી રાતના બે કાલાક બેસવાનું માથે લીધું. અને રાતનો ક્રમ ગોઠવી બધાં વીખરાયાં.

પણ પેલો યુરોપિયન છોકરો - જેને કંદર્પ આગમાંથી ઊંચકી લઈ ગયો હતો તે - તો કંદર્પનો ભારે દોસ્ત બની ગયો હતો. તેણે પોતાનાં માતાપિતાને કહ્યું :

‘તમે જાઓ ! હું આમની જોડે ઘેર આવીશ.’

‘તું એમને બહુ પજવે છે, ઘડી છોડતો નથી.’ પિતાએ કહ્યું.

‘મારે એમને થોડું બૉક્સિંગ શીખવવાનું છે.’ છોકરાએ જવાબદારી નું ભારણ સમજાવ્યું. બધાં હસી પડયાં. કંદર્પે પણ હસીને કહ્યું :

‘હા, હા, કવાયત તો એણે મને શીખવી દીધી છે. હવે બૉક્સિંગ બાકી છે. પણ ટૉમ ! તું આ બધું શિખવાડે છે તે શીખીને હું તારા પિતા સાથે લડવાનો છું.’

‘જરા મને મોટો થવા દો ને ! કોઈને લડવા જ નહિ દઉં !’

એ બે મિત્રોને - બૉક્સિંગના દાવ રમતા એ બે મિત્રોને - છોડી પુષ્પા અંદર આવી. અરુન હાથની આંગળીઓ હાથ ઉપર ફેરવ્યા કરતો હતો. પુષ્પાના હાથની બંગડી સહજ ખણખણી. અરુણના મુખ ઉપર આછી પ્રસન્નતા - ફેલાતી પુષ્પાએ દીઠી. અધ્ધર રહી ગયેલો અરુણે પુષ્પાના હાથનો સ્પર્શ બે-ત્રણ ક્ષણ સુધી ચાલુ રાખ્યો. પુષ્પાએ રોમાંચ અનુભવ્યો, પણ એ ગમતો ભાવ હજી પવિત્રતાની છાપ પામ્યો નહોતો, એટલે સંયમમાં કેળવાયેલી પુષ્પાએ પોતાનો હાથ ખેંચી લીધો.

'રંજનગૌરી !' અરુણે ધીમું સંબોધન કર્યું.

પુષ્પાની ભ્રૂકુટિ વંકાઈ. તેની આંખ સ્થિર થઈ . મુખ ઉપર ચોરી કરી ફરતો આનંદ અલોપ થઈ ગયો, દેહનું પુલકિતપણું અદૃશ્ય થઈ ગયું. તે બોલવા મથી પણ પ્રથમ પ્રયત્ને તેનો ઘાંટો ઊઘડયો નહિ. ફરી મથન કર તેણે જવાબ આપ્યો :

'રંજન નથી.'

'કોણ ? પુષ્પાબહેન ?' ઓશિયાળા બનેલા અરુણે પૂછ્યું.

'હા.' બોલવાનું મન ન થયું તોય પુષ્પા બોલી.

અરુણે ઊંડો નિસાસો નાખ્યો; પુષ્પાને ચોખ્ખું ખોટું લાગ્યું.

'આટઆટલી સારવાર મેં કરી, અને ભાન આવ્યું ત્યારે રંજનનું નામ! તેમાંયે રંજન છે નહિ એનો આટલો ઊંડો નિસાસો !' તેના મનમાં વિચારો આવ્યા; બદલાની આશાથી જ બધાં સેવા કરે છે એમ માનવાની જરૂર નથી; પરંતુ બદલામાં નઃશ્વાસ સંભળાય ત્યારે તે ગમતો નથી એ તો સહુનો અનુભવ છે.

'રંજનગૌરી આવતાં નથી, ખરું ?'

'ના, આવીને તુર્ત જતી રહે છે - કોઈ કોઈ વખત.'

'ઠીક.'

અરુણ શાંત થયો. પુષ્પાએ પૂછ્યું :

'રંજનને બોલાવું ?'

'ના ના; મારે કામ નથી. એમની મરજી ન હોય તો શું કરવા ત્રાસ આપવો ?'

કંદર્પે અંદર આવીને ખબર પૂછી. પુષ્પા દૂર જઈ બેઠી. થોડી વારે અરુણે પૂછ્યું :

'પુષ્પાબહેન ગયાં ? એમને કેટલી બધી મહેનત પડે છે !'

પુષ્પા જવાના જ વિચારમાં હતી.

# ૩૯ પુષ્પાએ પાછી વાળેલી ઉદારતા

છો આવ્યા આવ્યા અવાય ત્યમ
મમ બહેન ! ભેટું વ્હાલથી,
લાડન્તી લડતી આવ્ય
ચાંપું હૃદયસરસી લાડથી.
તુજ જીવન કારણ બહેનડી !
મુજ જીવિત કારણ એક છે,
પરદેશવાસી પ્રાણનાથ
પ્રવાસી પંખી દેહ છે !

**ન્હાનાલાલ**

'અરે શું મિસ્ત્રી ! એક દાદર મૂકવો તેમાં કેટલી વાર ?' ધનસુખલાલ મિસ્ત્રીને ધમકાવતા હતા. એક મોટા દાદરને નીચે નાખી તેને રેતી-કાગળ ઘસતા બે-ત્રણ મદદનીશો ઉપર મિસ્ત્રી દેખરેખ રાખતા હતા.

'સાહેબ ! આજે તૈયાર. જ્યાં હું હોઉ ત્યાં વાર જ નહિ ને ! આપનું ક્યાં અજાણ્યું છે ?' સાથમાંની ચલમ સંતાડી ખૂણે મૂકી દેતા મિસ્ત્રીએ ધમકીનો જવાબ આપ્યો. સહુને કારીગરોને જરા પણ લેવાદેવા હોતી નથી.

'આજ સાંજ પહેલાં જો દાદર ગોઠવાઈ નહિ જાય તો હું એક પૈસો પણ આપવાનો નથી.' ધનસુખલાલે મિસ્ત્રીના સ્વપ્રમાણપત્રનો ઉત્તર આપ્યો.

'અરે સાહેબ ! મેં પૈસા માગ્યા ક્યારે ! આપનું કામ થાય એ જ મારે મન પૈસા !'

ધનસુખલાલ આગળ જઈ ઘરમાં ગયા. કૃષ્ણકાંત પણ સાથે હતો. કિસનને દર્શન કરવા માટે ગોઠવણ કરવાની છે તેનો ખ્યાલ આપવા તેઓ કૃષ્ણકાંતને દવાખાનેથી ખેંચી લાવ્યા હતા.

ધનસુખલાલે બારણામાં પ્રવેશ કર્યો તે સાથે જ મિસ્ત્રીએ ચલમ પાછી લીધી તે કૃષ્ણકાંતે જોઈ. તેને ધમકીના મિથ્યાત્વથી હસવું આવ્યું.

'તું કેમ હસતો હતો ?' અંદર જઈ કૃષ્ણકાંતને બેસાડી ધનસુખલાલે કહ્યું.

'કાંઈ ખાસ કારણ નહોતું.'

'તને આ વૃદ્ધ કાકો ઘેલા લાગતો હશે. ખરું ?'

'ના ના. એવું શું બોલો છો ! મારાથી કશો અવિનય થયો હોય તો હું માફી માગું છું.'

'મને આ જ નથી ગમતું તમારા સુધરેલાઓનું ચિપાસિયાપણું ! જેમાંતેમાં અવિનય થઈ જાય, અને જેમાંતેમાં માફી માગવી પડે એ શું ?'

કૃષ્ણકાંત આવ્યા જાણી સુશીલા અને પુષ્પા પણ આવ્યાં

અને એક બાજુએ બેઠાં. કૃષ્ણકાંતે કહ્યું :

'પણ કાકા ! હવે તો તમે પણ થોડાઘણા સુધરેલા થયા.'

'ના ભાઈ ! ના. મારે સુધારો જોઈએ જ નહિ. એ સ્વચ્છંદીપણું મને ન ગમે. જેનેતેને અડકવું, જેનુંતેનું ખાવું; ન નહાવું, ન ધોવું; ન પાઠપૂજા કરવાં, ફાવે તેમ ફરવું; સ્ત્રીપુરુષની મર્યાદા ન સાચવવી; પરણવું કરવું નહિ, ને આમ રઝળવું ને તેમ રઝળવું, એ સુધારો મને ન ખપે.'

'ત્યારે તો હુંયે સુધારાવાળો નથી, તમે કહી એ બધી શરતો આપણે કબૂલ છે. એક પૂજાપાઠ નથી કરતો.'

'તારી વાત જ રહેવા દે. તને તો શું પણ તારા બાપને પણ હું જાણું. બધી વાત સારી પણ એક આ સુધારો ભારે ! એમાં ને એમાં રંજન પરણ્યા વગર રહી ગઈ.'

'કાકા ? મેં એને માટે એક વર શોધી કાઢ્યો છે.'

'કોણ ?'

'એક છે, મોટો કવિ.' મજાક કરતાં કૃષ્ણકાંતે કહ્યું.

'એવા બહુ ચાંપલા ખોળીશ નહિ. શું નામ ?'

'વિમોચન.'

'ઠીક. રંજને હા પાડી ?'

'એ જ મુશ્કેલી છે. રંજનને તો પરણવું જ નથી.'

'આ મારે પણ એનું એ જ છે ને ! જેનું નામ દઈએ છીએ તેની પુષ્પાને તો ના ને ના જ. તમારી દેખાદેખીમાં એને ભણાવી. અને પરિણામ આ આવ્યું !'

બાર વર્ષમાં છોકરીનાં લગ્ન કરી નાખવા જોઈએ એમ માનનાર માતાપિતાઓ છોકરીને બાવીસ વર્ષે પણ પરણાવી શકતાં નથી. સમયને માથે દોષ નાખવો એ જ ઠીક છે.

'પુષ્પાના દેખતાં પરણવાની વાત કરશો તો એ જમીનમાં પેસી જશે.'

એમ કહીને કૃષ્ણકાંત પુષ્પા તરફ વળ્યા.

'કેમ પુષ્પા ! અત્યારે દવાખાને નથી ગઈ ?' કૃષ્ણકાંતે પૂછ્યું. પુષ્પા ઓરડામાંથી નાસી જતી હતી.

'ના.'

'કેમ ?'

'અમસ્તું જ. હવે મારી જરૂર નથી.' એમ કહેતાં પુષ્પાનું હૃદય ચિરાઈ ગયું. તે ત્યાંથી ચાલી ગઈ.

ઓરડામાં જઈ તેણે પોતે જ ફાડેલા ચિત્રના બે કટકા મેજમાંથી બહાર કાઢ્યા. કૃષ્ણનાં ઓવારણાં લેતી રાધા અને તેને હસતી એક સ્ત્રી એક કટકામાં હતાં, અને બીજા કટકા ઉપર કૃષ્ણની મોહક આકૃતિ હતી; થોડી વાર સુધી એ બંને કટકાને ભેગા મૂકી તે આખું ચિત્ર જોઈ રહી.

એક બાજુએથી પવન આવ્યો અને કૃષ્ણની છબી ઊડી ગઈ.

'રાધા એકલી પડી. એને બધાં હસે છે !' પુષ્પાના મનમાં વિચાર આવ્યો.

'કૃષ્ણ કેટલા નિર્દય ? ગોકુળમાંથી ગયા પછી રાધાને મળ્યા જ નહિ !'

ખરે, મહાભારત રચાવનાર, યાદવી ગોઠવનાર કૃષ્ણ અગ્નિ સરખો ક્રૂર હતો. કેટલો સુંદર ! પણ કેટલો દયાહીન !

'પણ પેલી રાધા ઓવારણાં લેતી અટલતી જ નથી. કૃષ્ણ તો છે નહિ! પછી લમણે શાની આંગળીઓ ફોડે છે ?'

સ્નેહીઓની ઘેલછાનો પાર નથી. તેમની સૃષ્ટિ જ જુદી રચાય છે. પુષ્પા કંઈક એવી જ વિચિત્ર સૃષ્ટિ રચતી હતી.

'એ પણ ઓછી અભિમાની હતી ? કૃષ્ણની પાછળ ગઈ જ નહિ ને! શાની જાય ? એમ સ્ત્રીઓ સોંઘી પડી હશે !'

પુષ્પાએ કોઈનો પગરવ સાંભળ્યો અને ચિત્ર ઢાંકી દીધું. ના ના, પેલો કૃષ્ણવાળો કટકો તો હજી બહાર પડયો જ હતો. એટલામાં રંજન આવી.

'તું ક્યાંથી ?' પુષ્પાએ પૂછયું.

'દવાખાનેથી. તને ન જોઈ એટલે અહીં આવી.' રંજન દરરોજ એક કે બે વખત દવાખાને જતી અને અરુણને ક્ષણભર જોઈ ન જોઈ, તેની ખબર બીજા કોઈને પૂછી, ચાલી આવતી હતી. હરહંમેશ પુષ્પા અરુણની પાસે હોય જ. એક માતા જેટલી કાળજીથી તેણે અરુણની સારવાર કરી હતી. સુરભિ

અને કૃષ્ણકાંતના સંબંધી તરીકે અરુણને સમજવાનો હોવાથી ધનસુખલાલના કુટુંબની પણ તેને પરાયો માની શકાય એમ ન હતું; તેમ જ સરઘસમાં ઘવાયા પછી થોડા દિવસ અરુણ તેમને જ ઘેર રહ્યો હતો, એટલે જે કંઈ પરાયાપણું હતું તે નીકળી જઈ, ધનસુખલાલને એ આશ્રમવાસીઓ પ્રત્યે મમતા ઉત્પન્ન થઈ હતી. સુરભિ કે કૃષ્ણકાંત ત્યાં સતત હાજર હોય જ, એટલે પુષ્પા ત્યાં મરજી પ્રમાણે રહે એમાં ધનસુખલાલને કાઈ વાંધો નહોતો. સુરભિ ત ખાસ કરીને પુષ્પાની સહાય માગી રહી હતી. કારણ કે રંજને ત્યાં જરા પણ બેસવાનું કે સારવાર કરવાનું માથે રાખ્યું જ નહોતું. રંજનની આ વિચિત્રતા, મોટાઈ કે દુઃખ સહન કરવાની અશક્તિ તરીકે લેખાતી. માત્ર પુષ્પા જ સમજતી હતી કે રંજન શા કારણે ત્યાં બરાબર આવતી નહિ.

વળી પુષ્પા હોય તે જ વખતે રંજન દવાખાને જતીલ. આજે પુષ્પાને દવાખાને ન જોઈ એટલે તે ઘેર ખોળવા આવી. અરુણ સારવાર વગરનો - પોતાની કે પુષ્પાની સારવાર વગરનો રહે એ રંજનથી વેઠાયું નહિ. તેણે પૂછ્યું :

'પણ તું આજે કેમ ગઈ નથી ?'

'પુષ્પા રંજન તરફ ધારીને જોતી હતી. તેણે જવાબ આપ્યો :

'નથી જ ગઈ.'

'કારણ ?'

'મારી ત્યાં જરૂર નથી.'

'તને એવું વળી કોણે કહ્યું ? જા જા, ઝડપ કર; તને

સાંભરે છે.'

'કોણ ?'

'અરુણકાંત.'

'તને કહ્યું હશે, ખરું ?'

'હું તો બોલું છું જ ક્યાં એમની સાથે ? આ તો કંદર્પે મને કહ્યું.'

'ઠીક, પણ રંજન ! તું બહુ સુકાઈ ગઈ.' રંજન સામે વારંવાર તાકીને જોયા કરતી પુષ્પા બોલી.

'તને ભલું એમ લાગે છે ! તારા કરતાં તો હું ભરેલી છું' કહી રંજને પોતાના હાથ તરફ નજર કરી. તેની બંગડી હાથ ઉપર સહજ ફરતી હતી. તે સાથે જ તેને લાગ્યું કે અંગે અંગે બેસતાં કપડાંમાં કોઈ કોઈ સ્થળે ખોળ પડી ગઈ છે.

'કેમ, હું ખરું કહું છું ને ?' પુષ્પાએ પૂછ્યું.

'કહ્યું તો ખરું ! આજ ક્યાંથી જીભ આટલી બધી ઊકલી છે ? પણ હવે પણે જવું છે કે વાતો કરવી છે ?'

'હું નથી જવાની.'

'તો પછી કોણ જશે ?'

'તું.'

'એટલે ? મારે તો જવું જ નથી. આમ કરીશ તો હું

આટલુંયે નહિ જાઉ; પછી ?'

'પછી શું ? આમ તો સુકાઈ ચાલી. બિલકુલ નહિ જાય તો વહેલી મરીશ.'

'વારુ વારુ ! હવે લવારો મૂક. મારા મરવાની તું જરાકે ચિંતા કરીશ નહિ.'

'ન જ કરત, પણ કો'કને લીધે ચિંતા કરવી પડે એમ છે.'

'કોને લીધે ?'

'અરુણકાંતને લીધે. તું મરી જાય તો એ પણ જીવે નહિ.'

'શું બકબક કર્યા કરે છે ? હજી ભાન તો ગઈ કાલે આવ્યું, એટલામાં તને બધી વાત કહી, ખરું ?'

'હા.'

'જા, જુઠ્ઠી ! ડૉક્ટર બોલવાની રજા આપે જ નહિ; અને આટલાં માણસો વચ્ચે અરુણકાંત કહે પણ નહિ કે એ રંજન વગર જીવશે નહિ.'

'હું ખરું કહું છું કે અરુણકાંતે એમ કહ્યું છે.'

'ન મનાય.' હું પૂછી જોઈશ બીજાને.'

'બીજાં કોઈને ખબર નથી.'

'ત્યારે હું અરુણકાંતને પૂછી જોઈ તને જુઠ્ઠી પાડીશ.'

'તને પણ નહિ કહે; એ તો બોલ વગરની વાત હતી.'

'તું સમજી કેવી રીતે ?'

'નાનું છોકરું પણ સમજે એમ છે. જો, પાસે ગઈ ત્યારે અરુણકાંતે જાણ્યું કે રંજન આવી. તેમણે રંજનને બોલાવી અને જવાબમાં હું નીકળી એટલે તેમણે એવો ઊંડો નિસાસો નાખ્યો કે મને જ મરવાનું મન થયું.'

'તારા મનમાં આ શું ભૂત ભરાયું છે ? કોણ જાણે ક્યાંથી આવી અદેખી બની ગઈ છે !'

'તને ફાવે તે કહે; હું હવે જવાની નથી.'

રંજન જરા બોલ્યા વગર બેઠી, તેને એક નવો વિચાર આવ્યો :

'પુષ્પાને ગમતો હતો તે આંખવાળો અરુણ; આંખ વગરનો અરુણ ન પણ ગમે !'

ખાટલાવશ અરુણને તે માત્ર છાનીમાની દૂરથી નિહાળતી હતી. તેની પાસે જઈ આંખ વગરના અરુણને નિહાળવાની રંજનની હિંમત ચાલી નહોતી. એકાએક તેના હૃદયમાં અનુકંપાનો ઊભરો આવી ગયો :

'શું આંખ જાય એટલે બધુંય જાય ? સ્નેહ પણ જાય ? માબાપ અને ભાઈબહેન એક ચક્ષુવિહીનને ગળે વળગાડીને ફરે, અને "સ્નેહ સ્નેહ"ની બાંગ પોકારતી ઘેલછાને આરે ફરતી પ્રેયસીનો પ્રેમ આંખ જતાં ઓસરી જાય ? બીજાના સ્નેહમાં આંખ વગર ચાલે, હાથ વગર ચાલે, પગ વગર ચાલે, અને પ્રેમને તો અખંડ સૌંદર્યપિપાસો ?'

'શા વિચારમાં પડી ?' પુષ્પાએ પૂછ્યું.

'કશાય નહિ. તારી વિચિત્રતા સમજાતી નથી.'

'ઉદાર થવાનો હક શું તને એકલીને જ છે ?'

'મેં એવું ક્યાં કહ્યું છે ? હું વળી ઉદાર ક્યારની ?'

'જો, અરુણકાંત મને સોંપ્યા ત્યારની. જેવા મને સોંપેલા તેવા હું તને પાછા સોંપું છું.'

'એક માત્ર આંખ સિવાય.' રંજને ફટકો માર્યો; પરંતુ પુષ્પાને તે વાગ્યો નહિ. તેના મનમાં જુદી જ કલ્પના ઉદ્ભવી :

'અરુણકાંતની આંખ બચી હોત તો જરૂર મારી સારવાર તેઓ દેખત. અને હુંયે રંજન કરતાં ક્યાં ઓછી દેખાવડી છું? એ તો એને પહેલી જોઈ માટે !' સ્ત્રીને તેનું દેખાવડાપણું ચિતા સુધી યાદ આવે છે.

'પણ હવે હું નહિ સોંપું, હજી વિચારવું હોય તો વિચાર.' રંજને પુષ્પાની કલ્પના અટકાવી.

'સારું, મેં વિચાર કરી લીધો છે.'

'ત્યારે મારી સાથે આવીને સોંપ.'

'ચાલ...પણ એક શરતે સોંપું.' પુષ્પા બોલી. તેણે રંજન સામે ન સમજાય એવા ભાવથી જોઈ કહ્યું.

'શી શરત ?'

'કાંઈ નહિ; કશું નહિ, એ તો અમસ્તી વાત. ચાલ.' કહી જરા હસી, આછી પ્રસન્નતા દર્શાવતી પુષ્પા રંજન સાથે જવા તૈયાર થઈ.

રંજનનું મન બોલી ઊઠ્યું :

'સ્વાર્થી !'

# ૪૦ સહુ સહુના માર્ગ

પધારો પંખીડાં પરદેશવાસી હો !
પધારો, મોકળી છે અમ અગાસી હો !
... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ...
પધારો આગળા ઊઘડે છે અંતરના !
વિરાજો દેવ સંગે દિવ્યવાસી હો !

**ન્હાનાલાલ**

પોલીસ-સ્ટેશને આગ લાગે જ કેમ ? એ પ્રશ્ન ભારે ચર્ચાનો વિષય થઈ પડયો. સરકાર પક્ષનાં વર્તમાનપત્રોએ લગભગ નક્કી જ કરી નાખ્યું કે એ ચળવળિયાઓનું જ કામ હતું. પ્રજાપક્ષનાં વર્તમાનપત્રોએ યુક્તિપુરઃસર એ વાતને એવો ઝોક આપ્યો કે જાણે ત્રણ મહાન કેદીઓનું કાસળ કાઢી નાખવા માટે સરકારે અને તેમ નહિ તો તેમના હિતસ્વી નોકરોએ આગનું બહાનું કાઢયું હતું. સરકારપક્ષ એમ બૂમ મારી ઊઠયો કે ચળવળિયાઓને મજબૂત હાથે દાબી દેવા જોઈએ, કારણ પોલીસ-થાણા જેવી સતત રક્ષાયેલી ઈમારત સલામત ન રહે તો બીજું શું સલામત રહે ? પ્રજાપક્ષની સભાઓમાં એમ પોકાર ઊઠતો કે કેદીઓની જિંદગી વિષે બેદરકાર રહેલી સરકાર પ્રજાનું રક્ષણ કરવાને જ નાલાયક છે.

પોલીસખાતામાં પણ ઊથલપાથલ થઈ રહી. છૂપી પોલીસના બાહોશ અમલદારો અને અનેક મદદનીશોનાં ટોળાંએ અનેક માણસોના જવાબો લઈ અનેક નોંધો લખી મહાભારત છપાય એટલા કાગળો ભરીને કેસ તૈયાર કર્યો. કેદીઓ વિરુદ્ધ આગ લગાડયાનો ગુનો સાબિત થઈ શકે એમ સરકારી વકીલની સુદ્ધાં ખાતરી થઈ ગઈ. કેદીઓ ચળવળિયા હતા, સરકારી હુકમનો તેમણે અનાદર કર્યો હતો અને લોકલાગણી ઉશ્કેરી મૂકી હતી. ખરી કે ખોટી રીતે તેઓ રૈયતના માનીતા હતા, તેમની જાળ બધે પથરાયલી હોવી જોઈએ. સારાં, પૈસાદાર અને પ્રતિષ્ઠિત કુટુંબોની તેમને સહાય હતી, એટલું જ નહિ; પરંતુ હલકી વર્ણના અંત્યજોની સાથે પણ તેઓ સંબંધ ધરાવતા હતા. તેથી તેમનાં કાવતરાં સર્વવ્યાપી બની ગયેલાં માનવાને હરકત નહોતી.

ત્રણે કેદીઓને સાથે રાખ્યા હતા; સારી જગ્યાએ રાખ્યા હતા; તેમને મળવા-હળવાની ઘણી છૂટ આપવામાં આવી હતી. આવી સગવડનો લાભ ન લે એવા તેઓ મૂર્ખ નહોતા. આગ લાગી તે પહેલાં થોડા કલાક ઉપર જ એક મોટરમાં કેદીઓની સાથે કામ કરતી રંજન મકાન પાસે આવી થોભી હતી, અણે પોલીસના માણસે સાદ કર્યો ત્યાં સુધી ત્યાંથી ખસી નહોતી. રંજને પોતે એક કથનને ટેકો આપ્યો હતો . કેદીઓના લાભાર્થે રાખવામાં આવેલી જાળી કેદીઓએ જ તોડી પાડી હતી એ તો કેદીઓ પોતે જ કબૂલ કરતા હતા. વળી તેમણે પ્રામાણિકપણે પેલા યુરોપિયન છોકરાને બચાવ્યો હતો એમ કહેવામાં આવે તો કંદર્પ શા માટે પોલીસને દેખીને નાસી ગયો ? પોલીસને આગની

ખબર આપી તેમની સહાય માગવી એ જ વધારે કુદરતી હતું - જો તેઓ ગુનેગાર ન હોય તો. પણ તેઓ ગુનેગાર હતા જ, એટલે પોલીસને દેખીને નાસવાનું કંદર્પને મન થયું; એ જ પ્રસંગ તેમનો ગુનો પુરવાર કરી આપે છે !

છૂપી પોલીસનો પંકાયેલો અધિકારી કે કસાયેલો સરકારી વકીલ આવી રીતે દલીલ કરતો, તેમાં એક જ મોટો વાંધો આવી રહ્યો હતો. મકાનમાં રહેતો ગોરો પોલીસ-અમલદાર ચાર્લી કેદીઓ વિરુદ્ધ કાંઈ પણ દલીલ સાંભળવા તૈયાર નહોતો. તે તો કહેતો જ કે :

‘જેમણે મારી પત્નીને બચાવી, બાળકોને બચાવ્યાં ને પોતાના જીવ જોખમમાં નાખ્યા, તેઓ આગ લગાડે એમ હું માનતો જ નથી.’

‘પણ તમે શા ઉપરથી કહો છો કે એ કેદીઓએ જ તમારા કુટુંબને બચાવ્યું ? તમે તો ઘરમાં જ નહોતા.’

‘તો પછી મારાં પત્નીને પૂછો.’

ઘરમાં જઈ ચાર્લીની પત્નીને ભયંકર અકસ્માતમાંથી બચી જવા માટે અભિનંદન આપી તપાસ કરનાર અમલદારે તેમને પૂછવા માંડયું :

‘આગ કેમ લાગી તે જાણો છો ?’

‘ના, મને સમજાતું નથી.’ જેને જવાબ આપ્યો. ચાર્લીની પત્નીનું નામ જેન હતું.

'આવી રક્ષિત જગાએ આગ લાગે એમાં કાંઈક કાવતરું હોય એમ તમને લાગતું નથી ?'

'એમ પણ હોય.'

અમલદાર ખુશ થયો. તેણે કહ્યું :

'એમ જ છે; માત્ર આપ બરાબર સમજીને હકીકત કહો તો આ ક્ષણે જ ગુનેગાર પકડાય એમ છે.'

'હું સમજીને જ જવાબ આપીશ.'

'એક ભયંકર રાજદ્રોહી ચળવળને દાબી દેવામાં તમે સહાયભૂત થઈ શકો તેમ છો.'

'તે હું જાણું છું.'

'અમારી પાસે એવો પુરાવો થયો છે કે જનાર્દન, અરુણ અને કંદર્પે રંજનની સહાયથી આગ લગાડી.'

'તે તમે જાણો. મને તેની ખબર નથી. હું તો આગ લાગ્યા પછીની હકીકત જાણું છું.'

'આગ લાગ્યા પછી તમે અરુણ અને કંદર્પને તમારા મકાનમાં જોયા હતા, ખરું ?'

'હા.'

'તેથી જ પૂછું છું કે આ લોકોએ આગ નથી લગાડી એમ તમે કેવી રીતે કહી શકો ?'

'ના, ના, ના ! એ લોકોએ આગ નથી લગાડી એમ હું ખાતરીથી કહું છું. ગૂંચવનારા સવાલો મને ન પૂછો.'

જેન ઉશ્કેરાઈ ગઈ; પરંતુ તપાસ કરનારાઓ એવી ઉશ્કેરણીનો સારો લાભ લે છે.

'પણ એ તમે ખાતરીથી શી રીતે કહી શકો ? આગ લાગ્યા પહેલાં તમે તેમને જોયા હોત તો તમારું કહેવું મનાય !'

'મારી અને મારાં બાળકોની જિંદગી બચાવનાર આગ લગાડે એવું હું કદી માની શકું નહિ.'

'એ તમારી માન્યતા છે; હકીકત નહીં.'

'એ જ હકીકત છે. જેણે આગમાંથી મારા છોકરાને ઉગાર્યો, બળતામાંથી મને બચાવી અને મારી છોકરીને છાતી નીચે રાખી પોતાની આંખને અગ્નિમાં સળગાવી દીધી, એ શૂરવીરોએ આગ લગાડી એમ તમારે મારી પાસે કહેવરાવવું છે ? શરમ ! શરમ !'

'એમ ઉશ્કેરાવાનું કારણ નથી ચાર્લી ! Look here. This is the feminine hero-worship complex.'

'અને ચાર્લી ! જો આ લોકો વિરુદ્ધ કામ ચાલશે તો હું તારી નોકરી છોડાવી દઈશ.'

'પણ એથી કામ ચાલતું કાંઈ અટકશે નહિ.' હસીને ચાર્લીએ જવાબ વાળ્યો.

'કચેરીમાં શું કહેવું તે મને બરાબર આવડશે. એવો જુલમ નહિ સંખાય.'

'અમે જુલમ કરવા માગતા જ નથી; અમે તો સત્ય ખોળવા માગીએ છીએ.' તપાસ કરનારે કહ્યું.

'તો મેં કહ્યું એ જ સત્ય છે. ખોટી તપાસો કરી સત્યનું નામ લજવાશો નહિ.'

'તમને બચાવ્યાં કે કદાચ અકસ્માત હોય તો ? તમે પહેલવહેલા એ બે જણને જોયા ત્યારે એમનાં મોં કેવાં દેખાતાં હતાં ?'

'ફિરસ્તા જેવાં.'

'એ તો આવા લોકોની પહેલેથી જ યુક્તિ છે : મુખ ઉપર નમનતાઈ, સાકર જેવી મિઠ્ઠી ભાષા અને નમસ્કારદર્શક હસ્તસંપુટ. જુઓ, એક બાબત ઉપર બરાબર ધ્યાન આપો. તમને બારીમાંથી કંદર્પે ધક્કો માર્યો એ તો ખરું ને ?'

'હા, મને બળતામાંથી બચાવવા માટે.'

'એ તમારી માન્યતા ભલે હોય, પણ ધક્કો માર્યો એ વાત સાચી. હવે આગળ વધીએ. જુઓ, નીચે પેલા સરકસવાળાઓએ જાળી રાખી હતી એ તમે જોઈ હતી ?'

'હા.'

'તમારા પડતા પહેલા ?'

'હા.'

'હવે એ જ પ્રમાણે કંદર્પે જાળી જોઈ હતી એમ તમે

ખાતરીથી કહી શકો છો ?'

'હા.'

'એણે તમને કહ્યું હતું કે જાળી દેખાય છે ?'

'ના.'

'ત્યારે તમે શા ઉપરથી કહી શકો છો કે એણે જાણીજોઈને જ તમને ધક્કો માર્યો?'

'વગરજોયે મને ધક્કો મારી નીચે પાડી મારી નાખવાની એણે કોશિશ કરી એમ તમારે પુરવાર કરવું છે ?' જેનની આંખ રાતી થઈ ગઈ.

'એમ પણ હોય. જુઓ, મારો પ્રશ્ન મહત્ત્વનો છે; તમે પડયાં તે જ વખતે એક બીજો પણ બનાવ બન્યો. કંદર્પને પણ તમે સાથે જ ઘસડયો. એ બતાવી આપે છે કે તમારી મરજી વિરુદ્ધ એણે ધક્કો માર્યો. અને તમે...'

'હું કાંઈ પણ જવાબ આપીશ નહિ. તમને જવાબ આપવા હું બંધાયેલી નથી; ન્યાયાધીશ પૂછશે તેને કહીશ. અને ચાલી ! આજ ને આજ નોકરીનું રાજીનામું આપી દે !'

જેન બોલી અને પાસે બેઠેલી પોતાની દીકરીને લઈ અંદર ચાલી ગઇ. એટલું જ નહિ પણ તત્કાળ દવાખાને અરુણને જોવા નીકળી પડી.

જેને છાપામાં પોતાની હકીકત પણ છપાવી, અને કંદર્પ તથા અરુણની બહાદુરી વિષે મુક્તકંઠે વખાણ કરી, એ બંનેને

એવી પ્રસિદ્ધિ આપી દીધી કે તેમનાં વીરકાવ્યો છાપામાં છપાવા માંડયાં. બંને પક્ષનાં છાપાંને જેનનો પત્ર તો છાપવો પડયો; પરંતુ દરેક પત્રે પોતપોતાના મત પ્રમાણે જેનના લખાણને અગ્રલેખોમાં ઘટાવ્યું. પ્રજાપક્ષનાં પત્રોએ જાણે અરુણ અને કંદર્પ હિંદની સામાન્ય જનતાના નમૂના હોય એમ મોટાઈ લીધી. સરકારપક્ષનાં પત્રોએ અરુણ અને કંદર્પના શૌર્યને અપવાદ સરખા બતાવી એકાદ લીટીમાં પતાવી દઈ, જેને સરખી અંગ્રેજ બાઈની નિખાલસતા એ જ આખા પ્રસંગનું રહસ્ય હોય એમ દર્શાવી અંગ્રેજોનો સંસર્ગ એટલે તેમનું ઉપરીપણું - લાંબા સમય સુધી કાયમ રાખવાની જરૂર ઉપર ભાર મૂક્યો.

પરંતુ આને લીધે ગૂંચવાડો વધી ગયો. જેન અને તેનાં બાળકોની સાક્ષી વિરુદ્ધ પડતી હતી એટલે બધી ઘટના ગોઠવ્યા છતાં તે કાચી રહી જતી. મૅજિસ્ટ્રેટ રહીમે આગના પ્રસંગ પછી વગરજામીને આરોપીઓને છૂટા કર્યા હતા; ઉપરાંત પોતે અરુણનો મિત્ર છે એમ સરકારમાં જાહેર કરી મુકદ્દમો આગળ ચલાવવાની પોતાની અશક્તિ તેણે જાહેર કરી; એટલું જ નહિ, પરંતુ જીવના જોખમે પરાયાં સ્ત્રી-બાળકોના જીવ બચાવનાર બહાદુરો વિરુદ્ધનું કામ પાછું ખેંચી લેવાનું સૌજન્ય બતાવવા સરકારને ભલામણ કરી. રહીમ પણ દરરોજ દવાખાને જઈ પોતાના બાળમિત્ર અરુણની સારવારમાં બનતો ફાળો આપતો હતો.

એક દિવસ સવારમાં જ તેને હુકમ મળ્યો કે કેટલાક સંજોગોનો વિચાર કરી સરકારે કૃપાવંત થઈ અરુણ, કંદર્પ અને જનાર્દન વિરુદ્ધના મુકદ્દમા આગળ ચલાવવાનું માંડી વાળ્યું છે. સરકારે જે કાંઈ કરે છે તે કૃપાવંત થઈને જ કરે છે. રહીમ બીજી

ટપાલ વાંચવી મૂકી તત્કાળ દવાખાને દોડયો. તે વખતે કેટલાક આશ્રમવાસીઓ પણ હાજર હતા. કૃષ્ણકાંત અને ધનસુખલાલ પણ ત્યાં જ હતા, અને જેન તથા તેની દીકરી ગરટુડ પણ આવી ગયાં હતાં. ગરટ્રુડની હાજરી હોય ત્યારે અરુણની માલિકી પોતાની જ હોય એમ તે વર્તન કરતી હતી; પુષ્પા પણ બહુ બેસે તે ગરટુડને ગમતું નહિ.

રહીમે અરુણ પાસે આવીને કહ્યું :

'તમારા વિરુદ્ધનાં કામો પાછાં ખેંચી લેવામાં આવ્યાં છે. આજથી તું છુટ્ટો છે.'

સહુ કોઈ આ સાંભળી આનંદ પામ્યાં; પરંતુ ગરટ્રુડ તો તાળીઓ પાડી કૂદવા માંડી.

'ગર્ટી, ગર્ટી ! શું કરે છે ?' તેની માએ તેને વારી.

'હવે મજા પડશે. કેમ, મેં કહ્યું તેની બધાંને કેવી બીક લાગી ?'

ગર્ટીએ પોતાનું મહત્ત્વ આગળ કર્યું. તેની ખાતરી થઈ કે તેને બીકે જ અરુણને છોડી દેવામાં આવ્યો છે.

'પણ એમાં તને શી મજા પડી ? શું સમજીને કૂદે છે ?' ચાર્લીએ હસતાં હસતાં પૂછયું.

'અરુણકાંતને આપણે ઘેર લઈ જઈશું. એમને શરબત હું બનાવી આપીશ. બીજા કોઈને આવડતું નથી; બધું ખરાબ કરી નાખે છે.'

ગર્ટીને અરુણે પાસે બોલાવી ખાટલામાં બેસાડી. જરા રહીને અરુણે ગર્ટીને ઉદ્દેશીને બધાંને કહ્યું :

'ગર્ટી ! હજી અમારી કેદ પૂરી થઈ નથી. અમારો આખો દેશ કેદખાનારૂપ બની ગયો છે.'

'તમારા દેશને છોડાવીશું. પછી કાંઈ ? તમારે જોઈએ તે મને કહેજો ને !'

સઘળાં હસી પડયાં; પરંતુ એ હાસ્યની નીચે ગંભીર સત્ય દેખાઈ આવતું હતું. રાગદ્વેષરહિત બાળકો રંગભેદથી પર હોય છે. બાળકોની ઉદારતા જો મોટેરાંમાં હોય તો સ્વરાજ માટે સત્યાગ્રહ કરવાની જરૂર રહે નહિ.

કૃષ્ણકાંત અને ધનસુખલાલ થોડી વાર રહી ત્યાંથી ચાલ્યા ગયા. સાજા થયેલા કિસનને ઠાકોરજીનાં દર્શન કરવાનું મુહૂર્ત આજે જ હતું; તેથી સીડીની ઉતાવળ કરવા અને બધી વ્યવસ્થામાં કૃષ્ણકાંતની સંમતિ મેળવવા ધનસુખલાલ વહેલા નીકળ્યા.

નિત્ય આવતી પુષ્પાને આજે દવાખાને આવેલી ન જોવાથી રંજન પુષ્પા પાસે ગઈ. આંખ વગરનો અરુણ પુષ્પાને ગમતો નથી એમ ધારી રંજને અરુણ પાસે જવાનો પુષ્પાનો આગ્રહ સ્વીકાર્યો અને બંને દવાખાને આવ્યાં.

ગર્ટી તેને જોઈને કંટાળી :

'આ લોકો કેમ નકામાં આવ્યાં કરે છે ! તેમાં આ એક સ્ત્રી તો તમને બહુ જ હેરાન કરે છે. ખરું ? કેટલી દવા પાય છે ? એને દયા જ આવતી નથી.'

અરુણે આંખ વિનાનું માથું હલાવી હા પાડી. તે સમજ્યો કે સુશીલા અને પુષ્પા આવ્યાં હશે. સુરભિ તો ત્યાં હતી જ. રંજન આવે એમ તે માનતો નહોતો - જેકે તેની ઝંખના તે ક્ષણે ક્ષણે કરતો હતો.

ગોરા ડૉક્ટરે આવી ખબર પૂછી. અરુણ કાયદાની ચુંગાલમાંથી છૂટયો એ ખબર સાંભળી તેણે અરુણને અભિનંદન આપ્યાં અને હસતાં હસતાં જણાવ્યું :

'તમે સરકારના મહેમાન મટી ગયા એટલે હું પણ તમને અહીં પૂરી રાખીશ નહિ. આજથી તમે છુટ્ટા છો. હવે પથારીવશ રહેવાની જરૂર નથી. તમે સુખેથી ઘેર જાઓ.

સહુએ ડૉક્ટરનો આભાર માન્યો. અરુણની આંખ બચાવવા માટે એ ગોરા ડૉક્ટર જમીન-આસમાન એક કરી નાખ્યાં હતાં. ભૂખ, તરસ અને થાકનો વિચાર સરખો કર્યા વગર ખડે પગે તેણે કરેલી મહેનત બરબાદ જશે અને આવો યુવક આંખવિહીન બની જશે એવી ખાતરી થતાં નિરાશા અને દુઃખથી એ ડૉક્ટરે પોતાનું કિંમતી ઓજાર જમીન પર પટકી તોડી નાખ્યું. અને પોતાની બુદ્ધિને જાણે સજા કરતો હોય તેમ તેણે જોરથી પોતાના ગાલ બે હાથે ત્રણ-ચાર ક્ષણ પકડી રાખ્યા. એ દૃશ્ય સહુની આંખ આગળ તરતું હતું.

'ડૉક્ટર !તમે મને જ જિવાડયો એ માટે હું આભારી છું; પણ આ આંખ વગરનું જીવન ન હોય તો ન ચાલે ?' અરુણે ઉપકાર માનતા કહ્યું.

'એ જ ભૂલ છે. આંખનું મહત્ત્વ ખરું, પણ આપણે તેને બહુ માનીતી બનાવી દીધી છે. જગત સાથેનાં સંસર્ગસ્થાનોમાંનું એ એક છે; આંખમાં જ સઘળું આવી ગયું એમ કહેવું એ બીજાં અંગોને અન્યાય કરવા સરખુંઇ છે. જગતનો સંસર્ગ તો આંખ વગર પણ રહી શકે છે.' ડૉક્ટર જવાબ આપ્યો.

અરુણના સમાધાન માટે ઉચ્ચારેલી સંભાવના અરુણને સંતોષી શકે કે નહિ તે કોણ જાણે ! પરંતુ તેને ક્યાં લઈ જવો તેની મીઠી તકરાર તે રસથી સાંભળી રહ્યો. સુરભિ તેને પોતાને ઘેર લઈ જવા માગતી હતી; પરંતુ જનાર્દને કહ્યું :

'એનું સ્થાન તો મારા આશ્રમમાં છે. એણે મારા આશ્રમને દીપાવ્યો છે.'

'પણ ભાઈની સારવાર ત્યાં કોણ કરશે ?' સુરભિએ શંકા બતાવી.

'અમે શું એટલા બધા નકામા છીએ ?' કંદર્પે પૂછ્યું.

રહીમે તોડ પાડયો :' હમણાં અરુણને સુરભિબહેન સાથે જવા દો. એના પિતા પણ ત્યાં જ છે. તે અને અરુણ એ બંનેને થોડા દિવસ સાથે રહેવા દો. પછી એ જરા ટેવાશે એટલે આશ્રમમાં આવશે.'

રંજનને તો કોઈ બોલવાય દેતું નહોતું - કે પછી તેનાથી બોલાતું જ નહોતું? સહુએ રહીમનો અભિપ્રાય માન્ય કર્યો. અને રંજનના મુખ ઉપર આનંદ પ્રગટી નીકળ્યો; પરંતુ પુષ્પાની વિચિત્ર માગણી સાંભળી તેને આશ્ચર્ય થયું. પુષ્પાએ કહ્યું :

'સુરભિબહેન ! પણ અરુણકાંતને ઘેર લઈ જાઓ તે પહેલાં મારે ત્યાં લાવવા પડશે.'

'કેમ ?'

'મેં બાધા રાખી છે કે એ અહીંથી ઊઠે એટલે પહેલાં મારા ઠાકોરજીનાં દર્શન કરે.'

રંજનને નવાઈ લાગી. પુષ્પાએ પણ રંજનની સામે જોયું. ચંદ્રને ભેટવા ધસતી બે વાદળીઓ જાણે ભેગી થઈ ગઈ !

સહુએ પુષ્પાની ઈચ્છા પ્રમાણે કરવા કબૂલ્યું અને પુષ્પા અરુણને મળ્યા વગર જ ચાલી ગઈ. બધાંને એક પ્રકારનો આનંદ થતો હતો. માત્ર અરુણની આંખ આંસુથી ભરાઈ ગઈ.

એક અંગ ઘટ્યું તેમાં આટલી પરવશતા ! બધાંય મારી દયા ખાય છે !...અને ઠાકોરજીનાં દર્શન હું કઈ આંખે કરવાનો ?

અરુણની આંખ ઉપર સુંવાળો રૂમાલ દબાયો. જરા રહીને અરુણે રૂમાલ ખસેડવા હાથ ઊંચક્યો, કોઈ સુંવાળો હાથ રૂમાલને પકડી રહ્યો હતો. અરુણે પોતાનો અંગૂઠો માત્ર એ હાથ ઉપર સહજ ફેરવ્યો. તેને લાગ્યું કે પોતે કોઈ પુષ્પાનો સ્પર્શ કરે છે. સુંવાળશ અનુભવવા માટે આંખની જરૂર અરુણને લાગી નહિ.

'એ તો હું છું.' રંજન ટહુકી.

'રંજનગૌરી !' ધીમેથી અરુણે પૂછ્યું; પરંતુ તેના પ્રશ્નમાં કોઈ સુખભર્યા આશ્ચર્યનો અર્ણવ રેલાતો હતો. ઉષામાંથી અપ્સરા ઊતરી કે પુષ્પમાંથી પરી પ્રગટી ?

'હા. કેમ ચમકો છો ?'

અરુણની આંખ જીવતી હોત તોય તે આ પ્રસંગે આંખ મીંચી જ દેત. કેટલાંક સૌંદર્ય આંખ મીંચીને જ અનુભવાય; કેટલાક રસ આંખ મીંચીને જ ઝિલાય.

તેમાંયે આપણાં સુખસ્વપ્નો તો આંખ મીંચીએ ત્યારે જ બરાબર દેખાય છે. અરુણે કાંઈ જવાબ આપ્યો નહિ. તેની આંખો રંજનને દેખતી નહોતી; તોય જાણે તેમાં દૃષ્ટિસામર્થ્ય રહ્યું છે એમ લાગવાથી અરુણે પોતાના હાથ વડે પોતાની અંધ આંખોને પણ ઢાંકી દીધી.

# ૪૧ દિવ્યચક્ષુ

વડાં પાથર્યાં આભનાં પત્ર કાળાં
લખી તેજના શબ્દથી મત્રમાત્રા;
દિશાકાલદોરે ગુંથ્યા સૌ ખગોળે,
મહા ગ્રન્થ બ્રહ્માંડનો બ્રહ્મ બોલે.

**ન્હાનાલાલ**

સૂર્ય પશ્ચિમ તરફ ઢળતો હતો; પરંતુ અરુણને કાંઈ તે હવે દેખવો હતો ? દેખતી દુનિયાએ સૂર્યને જોઈ, તેની ગતિ પારખી, ઘડી, પળ કે કલાકનાં માપ ગોઠવી કાઢ્યાં; અરુણે શું કરવું ?

સૂતે સૂતે તેને પણ સમય પારખવાની ટેવ પડી ગઈ હતી. તેણે પૂછ્યું :

‘છ થવા આવ્યા, ખરું ?’

‘હા.’ કહી રંજને તેનો હાથ પકડી તેને પલંગ ઉપરથી નીચે ઉતાર્યો. ગર્ટી દોડતી દોડતી આવી રંજનને ઠપકો આપવા લાગી :

‘કેમ તમે મને પૂછ્યા વગર ઉતારો છો ?’

‘માફ કરજે, ગર્ટી ! ચાલ, આપણે અરુણકાંતને ગાડીમાં બેસાડીએ.’ રંજને કહ્યું. બંને જણે અરુણના હાથ ઝાલ્યા અને

તેને દવાખાનાના ઓરડાની બહાર દોર્યો. નાનકડી ગર્ટીએ રંજનને ખસેડી નાખી.

અરુણની આખી દુનિયા બદલાઈ ગઈ હતી. એકતા ફેલાવતો અંધકાર તેની ચારે પાસથી ગળી જતો હતો. સપાટ જમીન ઉપર પણ તેને શ્રદ્ધા નહોતી. તેના પગ નિશ્ચલ રીતે મુકાતા જ નહિ; ડગલે ડગલે ઊંડા ખાડા કરી મૂક્યા હોય એમ તેને લાગતું હતું.

ઓરડાની બહાર નીકળતાં વળી પાછાં દવાખાનાનાં માણસો ભેગાં થઈ ગયાં. ડૉક્ટરો અને પરિચારિકાઓએ અરુણ સાથે હાથ મેળવ્યા. ગોરો સરજન તો તેની સાથે જ જવાનો હતો. રહીમ, ચાર્લી, જેન એ બધાં તેને ઘર સુધી પહોંચાડવા તૈયાર થયાં હતાં. કંદર્પ, સુરભિ અને કૃષ્ણકાંત તો હોય જ.

પગથિયાં ઊતરતાં અરુણને લાગ્યું કે તે પાતાળમાં ઊતરે છે. કેવી નિરાધાર સ્થિતિ ! એક બાળકી તેને દોરતી હતી! આંખ સરખું એક નાનું અંગ ગયું તેમાં કેટલો જીવનફેરફાર !

તેના જીવનનો ઉપયોગ શો ? તે વિપ્લવવાદી હતો; તેનાથી એક અક્ષર પણ લખી શકાશે ? તે હિસાવાદી હતો; તેનાથી એક શસ્ત્ર પણ વપરાશે ? હિંદને સ્વતંત્ર કરવાની તેની ધારણા હતી; એનું સ્થાન હવે ક્યાં રહ્યું ? દેશને ખાતર મરવાની લાયકાત પણ તેનામાં ન રહી. તે મરે કે જીવે તેથી હિંદની સ્વતંત્રતા ઉપર તલભાર પણ અસર થવાની નહોતી. શા માટે તેના જીવનને બચાવવા આટઆટલાં માનવીઓ મથી રહ્યાં હશે ?

ભારે હૃદયે તે મોટરમાં બેઠો - નહિ, તેને ગર્ટીએ બેસાડયો.

અને ધનસુખલાલના બંગલા આગળ આવતાં ગર્ટીએ તેનો હાથ ઝાલી તેને ઉતાર્યો ત્યારે તેના મનમાં ભારે આભારની લાગણી ચમકી ઊઠી.

'માનવી શું એકબીજાને મારવા માટે સરજાયેલાં છે ?'

દાદર ઉપર ચડતાં તેની માનસિક દૃષ્ટિ આગળ ધનસુખલાલની હવેલી પ્રત્યક્ષ થઈ ? તેણે ત્યાં વિતાવેલા દિવસો પાછા જોવા માંડયા. દાદર ચડી રહેતાં જ તેણે ઉપરથી ધના ભગતનો અવાજ સાંભળ્યો.

'એ નિરુપયોગી વૃદ્ધ અંધ હજી જીવે છે ! હું પણ એવો જ નિરુપયોગી અંધ જોતજોતામાં વૃદ્ધ થઈશ ! અમારી બંનેની શી જરૂર ? જરૂર વગરનાં માનવીઓને શા માટે જિવાડવાં ?'

તેને ભાન આવ્યું કે તેની આસપાસ ઘણાં માણસો ભેગાં થયાં હતાં. તેની આંખે સહુને જોવા મથન કર્યું. દેહમાંથી નીકળી ચૂકેલો જીવ દેહમાં પાછો આવે તો મરેલી આંખમાં દૃષ્ટિ આવે. અરુણને માથું પટકવાનું મન થયું.

'શું છે ? કેમ આવું મોં કરે છે ?' ગોરા ડૉક્ટરે અરુણને જરા ધમકાવીને પૂછયું.

'અમસ્તું જ.'

'આનંદમાં રહે. તારા સંબંધીઓ ભેગો તું જાય છે.'

અરુણે હસવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. રંજન ત્યાંથી દૂર ગઈ એટલે ગર્ટીએ પાછી ફરિયાદ કરી :

'આ બાઈ બહુ ખરાબ છે. શા માટે ખસતી નથી ?'

'કોણ ગર્ટી ?' અરુણે પૂછ્યું.

ગર્ટીએ રંજનનું વર્ણન આપ્યું. અરુણે નિશ્વાસ નાખ્યો. પળે પળે જેને ઝંખતો હતો તે યુવતી આજ છેલ્લે દિવસે આવી!

'દયા આવી હશે ?'

ટુકડો માગી ખાનાર ભિખારીમાં ને અરુણમાં શો ફેર હતો ?

ધનસુખલાલની બૂમ સંભળાઈ. તેઓ ભારે કારાભારમાં હતો. નાના કામમાં પણ તેમનાથી ધમાલ થઈ જ જતી તો પછી આજ તો ઘણા માણસોનું કામ હતું. તેમાંયે ઢેડને પ્રભુનાં દર્શન કરાવવાનાં હતાં. એક બાજુથી જૂના સંસ્કારો તેમના હૃદયમાં શૂળ ભોંકતા હતા, બીજી પાસથી ન્યાયની ભાવના તેમના હૃદયને વલોવી નાખતી હતી. એવી પરિસ્થિતિમાં માનવી પોતાની વ્યથાને બૂમ પાડીને જ સંતાડી શકે.

'હવે બધાંને બેસાડી દો. ઉત્થાપન ક્યારનાં થઈ ગયાં. હવે સાયં આરતી થશે...ડૉક્ટર સાહેબ ! માફ કરજો. ચાર્લી સાહેબ ! હું કોઈને મંદિરમાં ખુરશી આપી શકતો નથી...આપ અંદર બેસો તો આપને ઘણું ફાવશે.'

પરંતુ યુરોપીય મહેમાનો હિંદને સમજવાને આતુર હતા. મંદિરો અને ધર્મક્રિયાઓના ટુકડા રસથી જોઈ યુરોપિયનો તેમનાં વર્ણનો લખી હિંદના ભારે અભ્યાસી બની જાય છે. રમતાં અજ્ઞાન બાળકોની ગમ્મત સંબંધી વાતચીત કરી ખુશ થતા વડીલો સરખી કૃપાદૃષ્ટિ તેમના અભ્યાસમાં રહેલી હોય છે. પણ આ

યુરોપીય ટોળીને તો તેવો ખ્યાલ નહોતો. અરુણના આત્મભોગથી મુગ્ધ બનેલા આ યુરોપીય મંડળને અરુણ સાથે જઈને તેને ઘેર પહોંચાડવાનો વિવેક કરવાનો હતો; તેને દર્શન કરાવવાની ક્રિયા નિહાળવા તેમને સામાન્ય કુતૂહલ થયું હતું. તેમાં એક કરાવવાની ક્રિયા નિહાળવા તેમને સામાન્ય કુતૂહલ થયું હતું. તેમાં એક ધર્મનિષ્ઠ ચુસ્ત રૂઢિરક્ષક સનાતની હિંદુ અંત્યજને મંદિરપ્રવેશ કરાવવાનું અનધાર્યું પગલું લેતો હતો એ બનાવ તેમનું પણ લક્ષ ખેંચે એવો હતો. એટલે યુરોપિયનો તેમ જ મુસલમાન રહીમ પણ મંદિરના આગલા ભાગમાં આવી ગયા હતા. ધના ભગત અને કિસન એક બાજુ દૂર બેઠા હતા.

સહુને બેસાડવા માટે પુષ્પા પ્રયત્ન કરતી હતી. ધનસુખલાલ તેમાં પોતાની તરફથી ધમાલ વધારતા હતા. પ્રભુની સામે ખુરશીએ બેસવાનો કોઈનોપણ અધિકાર ધનસુખલાલ સ્વીકારી શકે એમ નહોતું, એટલે તેમણે વિધર્મી મહેમાનોને બીજે બેસાડવાનો વિવેક કર્યો; પરંતુ એ વિધર્મીઓ તો ખુરશીએ બેસવાની સગવડ જતી કરી પાથરણા ઉપર બેસી ધર્મક્રિયા જોવા જિજ્ઞાસા કરી રહ્યા હતા.

ધીમે રહીને મંદિરનાં કમાડ ઊઘડયાં.

‘ઊભાં થાઓ બધાં !’ કહી ધનસુખલાલે હિંદુ-અહિંદુ સર્વને ઊભાં કરી દીધાં.

મંદિરના બારણામાંથી અંદર ઝગમગ થતા દીવા સહુએ જોયા. શંખ, ચક્ર, ગદા અણે પદ્મ ધારણ કરેલી અલંકારવિભૂષિત શ્યામ કૃષ્ણમૂર્તિ સહુની નજરે પડી. કોની મૂર્તિ ? કયા યુગની ? કઈ ભાવના વ્યક્ત કરતી મુદ્રા ? વગેરે મૂર્તિવિધાન Iconographyના

બુદ્ધિજન્ય પ્રશ્નો સ્વધર્મીઓને થાય તો તેની ચર્ચા અત્રે શક્ય નહોતી. અંદર એક-બે પૂજારીઓ ઘંટનાદ કરી મોટેથી ગાતા હતા, અને સુશીલા ભાવપૂર્વક હસ્તના નાજુક હલનથી પ્રતિમાની આરતી ઉતારી રહી હતી. ધના ભગત, કિસન, પુષ્પા, જનાર્દન અને ધનસુખલાલ તાળીઓ પાડી ગવાતી આરતીને તાલ આપતાં હતાં. એ જોઈ ગર્ટી અને તેના ભાઈને મજા પડી એટલે તેમણે બે જણે સહુ કરતાં વધારે જોરથી તાળીઓ પાડવા માંડી. ડૉક્ટર, જેન, ચાર્લી અને રહીમ વિનોદને ખાતર અણઘડ રીતે અગર અતિ સફાઈથી આછી તાળી મેળવતાં હતાં.

કંદર્પ અને અરુણ માત્ર અદબ કરી ઊભા રહ્યા. પ્રભુને જ માનવાની જેમની તૈયારી નહોતી તે આવી બેડોળ પ્રભુભાવનાને કેમ નમે ?

પણ ના; એવી કડકાઈ અત્યારે એ બંનેના હૃદયમાં નહોતી. માનવી મોટો છે, શક્તિશાળી છે એ ખરું; પણ એથીયે મોટી અને એથીયે શક્તિશાળી કોઈ ઘટના છે જે માનવીને તેની મર્યાદા બતાવી દે છે. અગ્નિના વિરાટ સ્વરૂપે એ બંને વીરોને માનવદેહની લઘુતા દર્શાવી આપી હતી. તેમાં અરુણની તો આંખો લઈ અગ્નિએ તેને એક કાષ્ઠમૂર્તિ સરખો બનાવી દીધો હતો.

એ ઘટના પણ અંધ છે કે તેમાં કાંઈ તાત્પર્ય રહેલું છે? કોણ કહેશે ? માનવીના નમનથી રીઝે એવી પામરતા તેનામાં હોય તો તે નમનને યોગ્ય છે?

'કિસન ! લાગ પગે...અરુણકાંત ! હાથ જોડો.' ધનસુખલાલની આજ્ઞા થઈ. આજ્ઞા સહજ પળાઈ. આરતી બંધ થઈ. અગ્નિશિખાઓ

ઉપર હાથ ફેરવી મૂર્તિ તરફ સુશીલાએ હાથ લંબાવ્યો, અને આરતીની આસપાસ પાણી છાંટી આરતી તે બહાર લાવી.

'આ ક્રિયા બહુ સરસ અને રસભરી છે. ' જેને કહ્યું.

જેના પ્રત્યે ભાવ ઊપજે તેને આ દીપદર્શન આવી સુંદર રીતે જ કરાવવું જોઈએ.' ડૉક્ટરે કહ્યું.

'મુખ જોઈ માત્ર સંતોષ ન થાય, મુખને પ્રકાશથી ભરીભરીને નિહાળવું જોઈએ.' રહીમે કહ્યું.

'પણ હું કયા મુખને કયા પ્રકાશથી નિહાળું ?' અરુણે ધીમે રહીને રહીમને કહ્યું.

ડૉક્ટરે અરુણની સામે જોયું અને તેમના મુખ ઉપર જરા ચિંતા દેખાઈ.

બાજુએ બેઠેલા કિસનને આશકા કરાવતાં સુશીલાએ પોતે જ પોતાનો હાથ કિસનની આંખે અડકાડયો. સહુ વાતોમાં હતાં એટલે કોણે જોયું તે સમજાયું નહિ; પરંતુ કિસન તો સુશીલા સામે જોઈ જ રહ્યો.

જનાર્દને એક અવનવું ચિત્ર જોયું. તેણે અરુણને પૂછયું ;

'અરુણ !'

'જી !' કોઈ જુદી જ પૃથ્વી ઉપર વસનારને તે જવાબ દેતો હોય એમ અરુણ બોલ્યો.

'અહીં કોણ કોણ ભેગા થાય છે તે જાણે છે ને ?'

'હા જી, કોઈને દેખતો નથી પણ સાદથી ઓળખું છું.'

'એક વૈષ્ણવ - જૂની ઢબના વૈષ્ણવ - ને દેવમંદિરે આપણે સુધરેલા આસ્તિક કે સુધરેલા નાસ્તિક આવ્યા છીએ.'

'હા.'

'અંત્યજનો પણ અહીં સમાસ થયો.'

'રહીમ પણ છે એટલે કે એક મુસલમાન પણ ખરો ને ?' અરુણે કહ્યું.

'હું એ જ કહું છું. શુદ્ધ હિંદુ અને અસ્પૃશ્ય હિંદુ ઉપરાંત મુસલમાન પણ આપણી જોડે છે. એ કેટલું સૂચક ?'

'અમને ન ગણાવ્યાં ? ' જેને પૂછ્યું.

'તમને પણ ગણાવું છું. તારાં દુશ્મનો પણ અહીં છે, અરુણ !'

'મારાં દુશ્મનો કોણ ?'

'પહેલી તો ગર્ટી !'

'Nonsense !' ગર્ટી ચિડાઈ ઊઠી.

'બીજો ટૉમ.'

'એ ક્યાં મારાં દુશ્મન છે ?' અરુણે પૂછ્યું.

'અંગ્રેજ માત્રને જોતાં જ તું સળગી ઊઠતો. કંદર્પ તો કહેતો કે અંગ્રેજ જોતાં જ તેના હાથમાં વીજળી ફરતી. તમને પિસ્તોલ આપું તો તમે શું કરો ?'

'પિસ્તોલ ફેંકી દઉં.'

'હું બીજું કાંઈ કહેતો નથી; હિંસા-અહિંસાની ફિલસૂફીમાં પણ ઊતરતો નથી. માત્ર હું એટલું પૂછું છું કે તારી આંખ આપી તે ચાર અંગ્રેજોને તારાં બનાવ્યાં. તારા દ્વારા એ આખા હિંદના મિત્ર બની ગયાં. તેં એમને તે વખતે અગ્નિમાં હોમી દીધાં હોત તો ?'

'તે કેમ બને ? હું કાંઈ રાક્ષસ છું ?'

'તારે મન અંગ્રેજો તો રાક્ષસો છે ને ?'

'કેટલેક અંશે.'

'એમાંનાં ચારને તો તું માનવી બનાવી જ શક્યો. બધાય અંગ્રેજની માનવતા આપણે પ્રદીપ્ત ન કરી શકીએ ?'

અરુણ કાંઈ ઊંડું ઊંડું નિહાળવા લાગ્યો. કલ્પનાએ તેને એક જ્વલંત ચિત્ર બતાવ્યું. ઘડીભર એ ચિત્ર જોઈ રહી તે બોલ્યો :

'હા, એક રસ્તો છે.'

'શો ?'

'આપણે એક એવું દેવળ સ્થાપીએ કે જેમાં હિંદુ અને મુસલમાન, ખ્રિસ્તી કે યહૂદી, પુરુષ કે સ્ત્રી બધાંય ભેગાં થઈ શકીએ, તો એ બને.' અરુણે કહ્યું.

'બેટા; બેટા ! તારી આંખ ખૂલી ગઈ. પ્રભુએ તને દિવ્યચક્ષુ આપ્યાં. અરુણ ! એ જ દેવળ અને એમાં જ પ્રભુ વસે. મારો

વહાલો !' જરા ઉશ્કરાઈને ધના ભગત બોલી ઊઠ્યા.

વાતાવરણમાં અરુણે ઉત્પન્ન કરેલું ચિત્ર છવાઈ ગયું. સહુ કોઈ તેને જોતાં ઘડી શાંત બેઠાં. પ્રસાદ વહેંચતી રંજનને ડૉક્ટરે જરા બાજુએ લઈ જઈ પૂછ્યું.

'અરુણ તો આજે તમારી દેખરેખમાં છે ને ?'

'હા.'

'આજની રાત એને જોજો, સતત કોઈનું કોઈ પાસે જોઈશે !'

'કારણ ?'

'તમારે જાણવાની જરૂર નથી, દર્દીનું મુખ જોઈને મેં સૂચના આપી છે તે ભૂલશો નહિ.'

રંજન કાંઈ સમજી નહિ, છતાંય તેણે સૂચના મનમાં રાખી, વિમોચન દૂર એકલા બેઠા હતા. તેમને કોઈએ જોયા નહોતા. પ્રસાદી આપતાં રંજને કહ્યું :

'અરે ! તમે આવ્યા છો કે ? આમ પાછળ કેમ બેઠા ? આગળ આવો, સાક્ષર !'

'સાક્ષરોની કદર કોને છે !' વિમોચનનો ધીમો ઉદ્‌ગાર સંભળાયો. ગર્ટી, ટૉમ અને કિસનને રંજને ખૂબ પ્રસાદ આપ્યો. ધનસુખલાલે કહ્યું :

'બધાં વેરાઈએ તે પહેલાં ધના ભગતનું એક ભજન સાંભળીએ.'

'બાપા ! મારો તે કાંઈ કંઠ છે ! બે બેનડીઓ બેસે તો હું વળી સાથે કાંઈ સંભળાવું.'

રંજન અને પુષ્પાએ સ્વાભાવિક સંકોચ સહ ભગત સાથે ગાવાનું કબૂલ કર્યું અને ભગતની પાસે જઈ તેઓ બેઠી, સુશીલાએ એકતારો એન ઢોલક સંભાર્યાં. એક પૂજારી ઘરામાં જોઈને એકતારો, ઢોલક ઉપર હાથ સારો બેઠેલો હતો. પુષ્પાએ મંજીરાં શરમાતે શરમાતે લીધાં. અને, શાંત વાતાવરણમાં ભગતે એકતારાને ઝણઝણાવ્યો.ત્રણે દલિતોએ ગીત શરૂ કર્યું - સ્ત્રીઓ પણ દલિત જ ને ?

આતમ જ્યોત દેખી, જ્યોત દેખી;
હાં રે છતી આંખે હતી એ વણપેખી;
હો આતમ જ્યોત દેખી - જ્યોત દેખી.

હાં રે જ્યોત ઝળકે અગમગઢ ટોચે;
હાં રે જ્યાં ન તારા સૂરજ શશી પહોંચે;
હો આતમ જ્યોત દેખી - જ્યોત દેખી.

હાં રે ગંગ થંભી; જમના માર્ગ ચૂકી;

હાં રે મહેરામણે માઝા મૂકી;
હો આતમ જ્યોત દેખી - જ્યોત દેખી.

હાં રે પ્યારા પિંજરની જાળીઓ તૂટી;
હાં હંસ ઊડયો આ માળખેથી છૂટી;
હો આતમ જ્યોત દેખી - જ્યોત દેખી.

હાં રે કોણ મારું ને કોણ તારું ભૂલ્યા;
હાં રે સહુ એક બની એકતામાં ઝૂલ્યાં;
હો આતમ જ્યોત દેખી -જ્યોત દેખી.

હાં રે વાણી અટકી ને જ્ઞાન રહ્યું મોહી;
હાં રે એક ભણકારા વાગે તું હી તું હી;
હો આતમ જ્યોત દેખી - જ્યોત દેખી.

ઢોલકની ઢમક, મંજીરાંની કીણકીણી અને એકતારાના ઝણઝણાટને ગૂંથી એક બનાવી દેતો મનુષ્યસૂર અટક્યો. નાસ્તિકોએ પણ ભજન ગાવાની - ભજનમાં સામેલ થવાની

જરૂર છે. એમાં અવનવી લહેજત રહેલી છે : જાણે નાવમાં બેસી હેરિયાં ખાતાં ન હોઈએ ! જાણે નાવમાં ઝુલવતા હીંચકે ઝૂલતા ન હોઈએ ! પ્રભુને ખાતર નહિ, આપણા ઉદ્ધારને ખાતર નહિ, પણ હૃદયને કોઈ અવનવો રસ પાવા ખાતર પણ ભજન માણવાં જોઈએ.

સહુ વેરાવાની તૈયારી કરવા લાગ્યાં. અરુણે સહુને ખોળી ખોળી મળી લીધું. તે પ્રભિને જ નહિ પણ સહુને પગે લાગ્યો. ધના ભગતની પાસે તેને લાવ્યા એટલે ધના ભગતને તેણે નમસ્કાર કર્યાં. ધના ભગતે પોતાની પ્રતિકૃતિ અરુણમાં જોઈ. આંખ વગર રીઢા થઈ ગયેલા ભગતને પોતાના અંધત્વની શરૂઆત યાદ આવી. અનુકંપાભરી વાણીથી તેમણે કહ્યું :

'અરુણ, ભાઈ ! ગભરાતો નહિ, બાપુ !'

'ના, ભગત !'

'હવે કેમ લાગે છે ?'

'જુઓ ને, પીંજરાની એક જાળી તૂટી; પણ એટલાથી હંસ છુટ્ટો શે થાય ?'

ધના ભગત ઘડીભર બોલ્યા વગર ઊભા રહ્યા; પછી બોલ્યા :

'ભલા, દેહથીયે વેર ના બાંધશો.'

અરુણ હસ્યો અને ત્યાંથી પુષ્પાને નમવા માટે પુષ્પાને ખોળવા લાગ્યો. તે જ વખતે રંજનને ખભે હાથ નાખી વાત કરતી પુષ્પાનું મુખ રંજન પોતાના હાથ વડે બંધ કરી દેતી હતી.

'રંજન ! સવારે હું શરત કરતી હતી તે સાંભરે છે ?'

'હા.'

'એ શરતની વાતા તો મેં ત્યારે જ મૂકી દીધી. મને લાગ્યું કે તને શરતે બાંધવા કરતાં તારી પાસે માગી લેવું એ જ ઠીક પડશે.' રંજનના મુખ ઉપર અધીરાઈ ઊપસી આવી. પુષ્પાએ હસીને કહ્યું :

'ગભરાઈશ નહિ ! હું અરુણકાંતને પાછા નહિ માગું.'

'તો કહે ને, મૂરખ ! જોઈએ તે માગ. આપ્યું હતું તે તો સચવાયું નહિ !'

'કહું ! તારું પહેલું બાળક મને... આપી... દેજે.' પુષ્પાના મુખ ઉપર રંજને હાથ મૂક્યો તોયે એણે વાક્ય પૂરું જ કર્યું.

માનવી સજીવન રહેવા મથે છે. સ્વદેહે ચિરંજીવી થવાની કળા માનવીને હજી આવડતી નથી. કદાચ આવડશે પણ નહિ; પરંતુ માનવી તેથી હારતો નથી. તે સ્વદેહે નહિ તો પરદેહે પણ જીવતો રહે છે. એ જીવનજંખના જોડે માગે છે. એજ પ્રેમ ને ? પ્રેમ એ જ જીવન એમ કોઈ કહે તો તેમાં શું ખોટું ? સ્ત્રીની બાળકભૂખ એ પણ પ્રેમપિપાસા જ જીવનપિપાસા જ !

# ૪૨ ‘એ જ આકાશમાં સ્ત્રી ઊગી’

સ તસ્મિન્નૈવાકાશે સ્ત્રિયમાજગામ બહુશોભ-
માનામુમાંહૈમવતીંતાં હોબાચ કિમેતદ્યક્ષામતિ
**કેનોપનિષદ**

‘બહેન ! તું હવે સૂઈ જા.’ અરુણે સુરભિને કહ્યું. રાત વધતી હતી. અરુણના પિતા પણ પોતાની ઓરડીમાં ચાલ્યા ગયા હતા. આશ્રમવાસીઓ અને બીજા મિત્રો પણ ચાલ્યા ગયા હતા. ગર્ટીને રાત રહેવાનું ઘણું મન હતું અને સુરભિ તથા કૃષ્ણકાંતે તેને રાખવા માટે જણાવ્યું; પરંતુ તેના પિતાએ અડચણમાં વધારો કરવા ના પાડી. અરુણે પણ તેને પોતાની પાસે બેસાડી સમજાવી :

‘ગર્ટી ! હું આશ્રમમાં જઈશ તો તને સાથે રાખીશ. તારા વગર મને કોણ દોરશે ? ઘરમાં તો બધાં છે એટલે તારી જરૂર નહિ પડે.’

અણગમતે મને ગર્ટી ગઈ. અરુણ એક કલા પલંગ ઉપર મોટે તકિયે અઢેલીને વગરબોલ્યે બેસી રહ્યો; પરંતુ સુરભિ ત્યાં ને ત્યાં જ બેસી રહી હતી. એ અરુણના ધ્યાનમાં હતું, એટલે અરુણે બહેનને સૂઈ જવા વિનંતી કરી.

‘ત્યારે હું તમારી પાસે સૂઈશ.’ સુરભિને બદલે કૃષ્ણકાંતે

જવાબ આપ્યો.

'તમે હજી અહીં બેઠા છો ? શા માટે આટલી મહેનત કરો છો? અરેરે! સેવા કરવાને બદલે સેવા લેવાનો પ્રસંગ આવ્યો ? અરુણે કહ્યું.

'Now! no melodrama, you silly boy ! અમને શાની મહેનત પડે છે. સોફા ઉપર આરામથી બેસવું એનું નામ મહેનત ?'

કૃષ્ણકાંત હવે અંગ્રેજી બોલતા તે એમની લાગણી ઉશ્કેરાઈ હોય ત્યારે જ.

'ભાઈ ! કોઈકને તો પાસે સુવાડયા વગર ચાલશે જ નહિ.'

'એટલે મને બધાં કેદી બનાવશો ? મારી આંખ ગઈ એટલે ઉપર બધાંની આંખ રહેશે ?'

'અરુણ ! You goose ! તને એમ લાગતું હોય તો અમે જઈશું, ચાલ સુરભિ ! એને એકલો બેસવા દે... આ રંજન પણ સમજ વગરની છે. આટલી રાતે પાછી ગાવા બેઠી !' કૃષ્ણકાંત સુરભિને લઈ ઓરડાની બહાર ગયા.

બંને જણ ઓરડાની બહાર ખરેખર ગયાં ? અરુણને કાંઈ દેખાય એમ નહોતું. એણે બહાર નીકળતા પગનો ઘસારો સાંભળ્યો અને બારણું બંધ થતું સાંભળ્યું. તેની દુનિયામાં દશ્ય નહોતું. જગતના અંધારા કૂવામાં તેનું જીવન ટળવળતું બે પાસ બાથોડિયાં ભરતું હતું : એક પાસ સ્પર્શ અને બીજી પાસ શ્રવણ. એ બંનેને જીવંત બનાવતી આંખ હોલવાઈ ગઈ હતી. એ સ્પર્શના અને શ્રવણના ટેકા પર તેને નડતા હતા. રંજનનું

ગીત ન સંભળાતું હોત તો કેવું સારું !

વળી અરુણને સમજાયું નહિ કે રંજન આજે કેમ આટલું બધું ગાયા કરે છે. તેના ગીતમાં અત્યારે સ્થિરતા નહોતી. મીઠો, દર્દભર્યો સ્ત્રીરુદનને અનુકૂળ માઢ રંજને શરૂ કર્યો :

નયણાં મારાં નીતરે

કોઈ લ્યો નયણાંની ધાર !

સાગર મારા છીછરે

કોઈ લ્યો સાગરની સાર !

ગાન અને દિલરૂબા બંને એકાએક બંધ થઈ ગયાં. ગુજરાતી ભાષાના ગીતમાં જાણે ભાવ સમાઈ શકતો ન હોય તેમ તેણે હિંદી ચીજ શરૂ કરી :

મેરો મન નંદલાલ સોં

અટકો...

ગૌડસારંગના સૂર ઘુમાવતાં તેમાં મસ્તી વધારે લાગી. વિકળતાનો પૂરો પડઘો તેમાં પડયો નહિ એટલે એ ગીત છોડી દીધું; અણે દર્દને સૂર સાથે લહેંકાવતી બાગેસરીમાં તુલસીદાસની ચોપાઈ ગાવા માંડી :

જય જય જય ગિરિરાજ કિશોરી,

જય મહેશ મુખચંદ્ર ચકોરી.

જય જય જય ગિરારાજ કિશોરી.

અંબિકાનાં સ્મરણદર્શન તો સ્વયંવર પહેલાં રુક્મિણીએ કર્યાં હતાં એ યાદ આવતાં રંજન પાછી ભાવવાહી છતાં મર્યાદાશીલ ગૂર્જરીમાં ગરબીમાં ઊતરી આવી :

સૂના આ સરોવરે આવો,

ઓ રાજહંસ !

સૂના આ સરોવરે આવો.

હૈયાને સરોવરે આવો,

ઓ રાજહંસ !

હૈયાને સરોવરે આવો.

અને એકાએક અટકી ગઈ. અરુણે દૂરથી સુરભિનો બોલ સાંભળ્યો :

'રંજનબહેન ! આજે સૂવું નથી કે શું ?'

'લ્યો, હું ગાવું બંધ કરું છું, આજે ગવાતું પણ નથી.'

અરુણની શ્રવણસૃષ્ટિ પણ શૂન્ય બની ગઈ. તેને જીવંત રાખતા સૂર અટકી ગયા. માત્ર મધ્યરાત્રિનો અબોલ ઘોર તેની આસપાસ ફેલાયો. મૃત્યુ આવું જ સૂનકારભર્યું હશે ? તેણે મૃત્યુ અનુભવવા એ સૂનકારમાં ડૂબકી મારી. થોડી ક્ષણોમાં જ તેને

સમજાયું, કે તેનું હૃદય તો ધબકે છે.

'આવી શાંતિમાં હૃદયનો કેવો કોલાહલ ?'

તેને હૃદય ઉપર રીસ ચડી. હૃદયની ધડક ન સંભળાય એ માટે તેણે પડખું ફેરવ્યું. અને તે ચમકીને બેઠો થઈ ગયો. તેના દેહનો અણુએ અણુ જીવતો હતો; દેહનો અણુએ અણુ જાગતો હતો. તેના માથા નીચે તકિયો ખૂંચી આવ્યો; તેના હાથપગે પથારી ખૂંચી આવી. તેના દેહ ઉપર અચ્છાદન ખૂંચી આવ્યું. સ્પર્શનો દેવ તેના આખા શરીરમાં વ્યાપી ગયો હતો.

'ક્યાં છે શાંતિ ?' તેણે તકિયો લઈ ફેંક્યો.

પરંતુ સ્પર્શની માફક તેનો શ્રવણદેવ પણ જાગતો જ હતો. તેણે કહ્યું કે તાકિયો જમીન ઉપર પડયો.

અરુણને લાગ્યું કે તેનાં આ બે અંગ તેને ચીઢવે છે.

'આ શી મશ્કરી ? આંખ સાથે જીવ કેમ જતો નથી ? મારું સ્થાન ક્યાં? કામ શું ?'

તે પ્રશ્નોએ જાણે જવાબ માગ્યા હોય તેમ અરુણ વિચારમાં પડયો.

'મારું સ્થાન તો સેવાદળમાં...પણ ત્યાં કોણ લઈ જાય ? કદાચ ગર્ટી દોરવા આવે થોડા દિવસ...રંજન તો નહિ જ ને ? રંજનનો કંઠ પણ આટલે દિવસે આજે જ સાંભળ્યો, અને તેને જોયાં તો...'

અરુણે હાથ પટક્યો. તેણે ધારી જ લીધું હતું કે અંધની

સહુ દયા ખાય. અંધ ઉપર કોઈને પ્રેમ ન ઊપજે. તોય તેનાથી હાથ પટકાઈ ગયો.

'મારું સ્થાન ત ક્યાંય પણ નહિ. દયાને એક ખૂણે મારો નિવાસ!' જરા સ્થિરતાથી તે બેઠો. તણે બીજા પ્રશ્નનો પણ ઉત્તર શોધી આપ્યો.

'ત્યારે મારું કામે શું? હા, એક કામ હતું - દેશસેવામાં મરવાનું. પણ હવે એ કામ પણ કોણ કરવા દે ? બીજાનો દોર્યો હું કેમ મરી શકું ? અરે અરે, મરવાની પણ મારી લાયકાત રહી નહિ ?'

તેણે છાતી ઉપર હાથ નાખ્યો અને પહેરણને પકડી પીંખી નાખ્યું. વળી તેનામાં સ્થિરતા આવી; પરંતુ તે સ્થિરતામાં કોઈ ઉગ્ર ભયંકરતા હતી. તેનું અંધ મુખ જરા હસ્યું. ઓરડાને આંખ હોત તો એ હાસ્યને નિહાળી ઓરડો ધ્રૂજી ઊઠયો હોત. તેણે પથારીમાં આમતેમ હાથ ફેરવ્યો, અને ઓઢવાનું ઝીણું વસ્ત્ર રજાઈ નીચેથી ખેંચી કાઢયું. વસ્ત્ર ઉપર બે-ત્રણ વખત હાથ ફેરવી તેનો એક છેડો ગોઠવ્યો, અને ઓરડાની ચારે બાજુએ તેણે જોયું. કષ્ટપ્રદ ભાન તીવ્ર બળથી જાગૃત થયું કે તેનાથી કશું જ દેખી શકાતું નથી.

જરા રહી તેણે પૂછયું :

'બહેન ?'

ઓરડો અનુત્તર હતો.

'કૃષ્ણકાંત !'

'કોઈ આટલામાં છો ?'

ઓરડામાં ઘણીય ચીજો પડી હતી; પણ તે જીવ વગરની - કોઈ ખસેડે ત્યારે તે ખસે એવી નિરાધાર : અરુણ જેવી !

અરુણને ખાતરી થઈ કે ઓરડામાં કોઈ જ નથી. તેણે લૂગડાનો એક છેડો ગળાની આસપાસ વીંટાળ્યો. બંને છેડા હાથમાં રાખી એક વખત ફરી ચારે પાસ ડોકું ફેરવ્યું અને એકદમ તંગ મુખ કરી બે હાથ વડે સામસામા છેડા મહાબળથી ખેંચ્યા.

તેણે ધાર્યું હતું કે એક ક્ષણમાં નિરવધિ શાંતિ મળશે; પરંતુ તેના હાથ ખેંચ્યા ખેંચાયા નહિ ! કોઈ વણ-અનુભવ્યો સ્પર્શ તેના હાથને છૂટા પાડતો હતો. તે ચમકી ઊઠયો. તેણે બોલ પણ સાંભળ્યા :

'બહુ થયું હવે; બસ કરો ! ફાંસો ખાતાં તો આવડતું નથી !' રંજનનો રમતો હસતો કટાક્ષભર્યો કંઠ સંભળાયો.

'રંજનગૌરી ! તમે અહીં હતાં ?' અરુણે ભય પામીને પૂછયું.

'હું ગમે ત્યાં હતી, પણ મેં તમારી બહાદુરી જોઈ. છેવટે આવું જ કરવું હતું ને ?' રંજનના પ્રશ્નમાં ઊંડો ઠપકો હતો.

'બીજું શું કરી શકું ?' દુનિયા ઉપરથી મારો ભાર ઓછો કરું.'

'જોઉં તમારો કેટલો ભાર છે ?' કહી રંજને અરુણનો હાથ ઉપાડયો.

'ના હસશો મને, રંજનગૌરી ! મને મરવા ન દીધો તો

ભલે; પણ હું અંધ તો જીવતે મરેલો જ છું.'

'હું તમને આંખો આપું તો ?'

'જીવીશ તો કોઈની જ આંખે જોવાનું છે ને ?'

'તો પછી મારી જ આંખે જુઓ.'

'નહિ નહિ. રંજનગૌરી ! મારાથી ન જિવાય.'

'હું પાસે જ છું. મરવા દઈશ તો ને ?'

'પણ મને જીવતો રાખીને કરશો શું ? હું ઘરના કામનો નથી, કુટુંબના કામનો નથી અને દેશના કામનો નથી.'

'મારે કામના છો તો !'

અરુણ હાથ અત્યાર સુધી રંજનના હાથમાં જ હતો, તે અરુણ ભૂલી ગયો. રંજનનો બોલ સાંભળી તેણે હાથ ખેંચી લીધો અને રંજનની સામે જોયા કર્યું. રંજને પોતાની આંખ પાછી ખેંચી લીધી. અરુણ તેને વગરઆંખે નિહાળી રહ્યો હતો એ ભાન રંજનના મુખ ઉપર પણ રતાશ આણતું હતું.

'રંજનગૌરી ! આપણી કાંઈક ભૂલ થાય છે.' જરા રહી અરુણે કહ્યું.

'તમારી ભૂલ થતી હશે; મારી નહિ.'

'મારે આંખ નથી તે જાણો છો ?'

'ના. હમણાં જ મારી સામે જોયા કરતા હતા ને !'

'રંજનગૌરી ! આખી જિંદગી દયા નહિ પહોંચે.'

'માનવીના હ્રદયમાં દયા સિવાયના પણ બીજા ભાવ હોય છે.'

'હું ભારરૂપ છું હોં !'

'સારું. પછી કાંઈ કહેવું છે ?'

'તમને એવો વર ગમશે જે સદાય તમારે આશ્રયે રહ્યો હોય ?'

રંજન ખડખડ હસીને બોલી :

'હા, હા. મારે એવો જ વર જોઈએ. જગતની સ્ત્રીઓને પૂછી જુઓ. હવે અમે જ પુરુષને રક્ષણ આપવાનાં છીએ.'

'પણ હું એમ આશ્રિત બનીને કેમ રહી શકીશ ?'

'એમ કે ? સ્ત્રીઓને આશ્રિત બનાવતાં શરમ નથી આવતી, અને અમે તમને આશ્રિત બનાવીએ ત્યો તમારું પુરુષભિમાન ઘવાય. ખરું ?'

'ના ના, એમ નહિ. પણ...'

'જોજો, હવે ખસશો તો પડી જશો! પલંગની કોર આવી ગઈ છે.'

રંજનના વધતા જતા સ્પર્શસ્થાનોથી ઊગરવા મથતો અરુણ ધીમે ધીમે પલંગની એક પાસ પહોંચી ગયો. હવે તેનાથી જરા પણ આગળ ખસાય એમ નહોતું.

'રંજનગૌરી ! આખું જગત તમને મૂર્ખ કહેશે અને મને સ્વાર્થી કહેશે. તમે અહીં આવતાં પહેલાં ભાઈને પૂછ્યું હતું?' અરુણે રંજનની ઘેલછા ઘટાડવા બીજો માર્ગ લીધો.

'હું શું કરવા પૂછું ? ભાઈ મને કશી વાતની ના પાડે જ નહિ. અણે જગત શું કહેશે તેની મેં કે તમે ક્યારે ચિંતા રાખી છે ?'

'પણ સ્વાર્થનો કંટક મને તો જીવનભર વાગ્યા જ કરશે.'

'શા માટે ? તમને મારી મિલકતનો ડર છે ? એ મિલકત તો મેં ક્યારની આશ્રમમાં આપી દીધી.

અરુણ સ્તબ્ધ બની જરા શાંત બેઠો. રંજન પણ બોલ્યા વગર બેસીક રહી. અરુણને અઢેલીને શું તે બેઠી હતી ? અરુણ ફરી ચમક્યો; પણ તેનાથી ખસાય એમ નહોતું. શાંત પણ વીજળીભર્યા વાતાવરણમાં બે હૈયાં ધબક ધબક ધબકી રહ્યાં હતાં. ભાવ સર્વદા વાણીથી પર હોય છે; જેટલું મનમાં લાગે છે એટલું કદી કહી શકાતું નથી. મૂંઝવતા ભાવને ઢાંકતો અરુણ બોલ્યો :

'પણ હું જીવીને કરીશ શું ?'

'જે કરતા હતા તે.'

'એટલે ?'

'ધ્વજ લઈને આગળ દોડજો.'

'આંખ છતાં ધ્વજ ફરકાવી ન શક્યો તે હવે આંખ ગયે શું કરી શકીશ ? મારો તો ધ્વજ હવે પડી ગયો.'

'ના, જુઓ આ રહ્યો !' કહી રંજને પોતાના ઉરઢાંક્યાં વસ્ત્ર ઉપરથી એક નાનકડો ધ્વજ ખેંચી કાઢ્યો અને અરુણના હાથમાં મૂક્યો.

તે રમકડું હતું; ઘરેણું હતું; આંગળીથી ઊંચકાય એવું ધ્વજપ્રતીક હતું; પરંતુ તે પ્રતીકમાં હિંદના પ્રાચીન ગૌરવ, વર્તમાન તપશ્ચર્યા અને ભાવિ મુક્તિના સંભાર ભરેલા હતા. સર્વવ્યાપી પ્રભિ હૃદયમાં અંગુષ્ઠ જેવડો બની રહે છે ને ? હિંદમૈયા પણ ધ્વજ રૂપે નાનકડું સ્વરૂપ ધારી હિંદીઓના હૃદય ઉપર કેમ ન બિરાજે ?

અરુણના મુક ઉપર કોઈ તેજ ફેલાયું, બહુ જ ભક્તિભાવથી નાનકડા ધ્વજને હાથમાં પકડી રહ્યો. અકસ્માત તેના હાથમાંથી ધ્વજ નીચે પડયો. રંજન એકાએક બોલી ઊઠી :

'બીશો નહિ. ધ્વજ તો હું ઉપાડી પાછો રોપીશ.'

પુરુષથી ન રોપાયેલો ધ્વજ સ્ત્રી રોપશે ? રંજનનું કથન એ હિંદના અને જગતના ભાવિની આગાહી તો નહિ હોય ? આગાહી કેમ ? એ તો બનવા જ માંડયું છે ને !

'રંજનગૌરી ! તમે દેવી છો.' અરુણે કહ્યું.

'બહુ સારું ? એવું એવું બોલશો નહિ; આપણે નાટક નથી કરતાં !' રંજને આછો છણકો કર્યો.

'ત્યારે શું કહું ?'

'તમે વ્યાકરણ શીખ્યા છો ?' રંજને પૂછયું.

અરુણને સમજ પડી નહિ. તેણે જવાબ આપ્યો :

'શીખ્યો હોઈશ તો ભૂલી ગયો છું.' 'ત્યારે હું શિખવાડું. સર્વનામ શું તે ખબર છે ?'

'હા.'

'બીજો પુરુષ શું તે કહી શકાય છે ?'

'હા. તું અને તમે.'

'અને એક વચનનું ભાન છે ખરું કે ?'

'તું.'

'"તમે, તમે" કર્યા કરો છો તે હું તો મૂંઝાઈને મરી ગઈ.'

'એટલે ? હું તમને "તું" કહીને બોલાવું ?'

'હજી એટલીયે સમજ પડતી નથી કે '

'ના, ના. એકવચનમાં હું કદી તમને સંબોધી શકું નહિ. તમે તો પૂજ્ય...'

'જો હવે "તમે" કહીને વાત કરી તો ગળે ફાંસો જ દઈશ !'

'દ્યો.'

'એમ કે !' કહી રંજને અરુણના ગળાની આસપાસ બે હાથ જોરથી ભેરવી આશ્લેષ લીધો ! અરુણ ગભરાઈ ઊઠ્યો.

'અરે,અરે ! છોડી દ્યો.'

‘કોને કહે છે ? કોણે હાથ ભેરવ્યો છે ?’

‘તમે.’

‘તમે એટલે કોણ ?’

‘રંજન; તું.’

‘શા ઉપરથી કહો છો ?’

‘તને હવે દેખું છું તેથી.’

પ્રેમીઓને આંખ હોતી નથી. રાતમાં ભાઈની ખબર પૂછવા આવેલી સુરભિએ બારણું ઉઘાડયું તેની બેમાંથી કોઈને ખબર જ રહી નહિ. આખા ઓરડામાં...

‘એક ભણકારો વાગે તું હિ તું હિ ...’

○ ○ ○

# પ્રવેશક

**બલવંતરાય કલ્યાણરાય ઠાકોર**

પ્રિય વાચક,

પોતાની આ કૃતિ વાંચવાનો તું આરમ્ભ કરે તે પહેલાં તને બે પ્રાસંગિક બોલ કહેવાની જવાબદારી કર્તાએ મિત્રભાવે મારા ઉપર નાખી છે અને તે હું રાજીખુશીથી બજાવું છું. પણ એમણે આ માગ્યું અને મેં લખ્યું છે, તથાપિ તારે ના વાંચવું હોય, અગર નવલ જ શરૂ કરવાની તારી અધીરાઈને તું કાબૂમાં રાખી ન શકે, તો તું આ પળે જ તેમ કરી દેવાને પણ પૂરેપૂરો સ્વતંત્ર છે. મારું લખાણ કોઈ ઉભડક ધ્યાને વાંચે તેવું હું ઈચ્છતો પણ નથી.

રા. રા. ભાઈ શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ ગાયકવાડી અમલદાર અને પ્રકૃતિએ શાંત તેમ કુટુમ્બરત હોવાથી એમણે નથી કર્યાં ધાંધળ, નથી કર્યા પ્રકાશ-વર્તુલકેદ્રમાં ઊભી ‘જુવો રે મ્હારી તર્ફ !’ એમ લોકોને પોતા તર્ફ ખેંચવાના કશા જ યત્ન. એમણે પુસ્તક વેચાણ અને ફેલાવના ધંધામાં અનિવાર્ય છે એવી પ્રવૃત્તિઓ શી, તે જાણવાની પણ દરકાર નથી રાખી. પોતાની ચોપડીઓ કેવા કાગળ ઉપર, કેટલી અશુદ્ધ, કેવા અનાકર્ષક લેબાસમાં છપાય છે, શી કિંમતો રખાય છે, જાહેરખબરો અપાય છે કે કેમ, એવું એવું કશું જ એમણે જોયું નથી. એઓ તો

મગજ સળવળ્યું અને કલમ ચાલી તેમ લખતા ગયા છે, અને દરેક ચોપડીને પૂરી થતાં પહેલાં પણ એમના સ્નેહી, ‘શ્રી સયાજી વિજય’ના માલેક અને તંત્રી રા. રા. માણેકલાલ દાક્તર તર્ફે જ ફેંકતા ગયા છે. રા. રા. ભાઈશ્રી ‘કૌમુદીકાર’ વિજયરાય વૈદ્ય એમને શોધતા ગયા ત્યારે તેમને પણ એક નવલ આપવા ખુશીથી કબૂલ્યું; અને વાચન, મુશ્કેલીઓ વચ્ચે પણ પાળ્યું. અને આ પ્રકાશક એમને શૌધતા જઈને વળગ્યા. એટલે પોતાની નવલો અને નવલિકાઓની માલા કેટલી મુદત સુધી પ્રગટ કરવાનું ખટપટી કર્તવ્ય તેમને સોંપી દીધું. એ માલાનો આ પહેલો મણકો સુરેખ આકર્ષક રૂપમાં બહાર પાડે છે, તેનો જશ પ્રકાશકને છે; અને ગુજરાત આશા રાખે છે જે હવે પછીનો દરેક મણકો બાહ્ય ટાપટીપમાં આથી ઊતરતો તો નહિ નીકળે.

ભાઈ રમણલાલની કોઈ નવલ હાથમાં આવતાં લગભગ દરેક વાચકને રા.રા. કનૈયાલાલ માણેકલાલ મુનશીની નવલો સાથે તુલના કરવાનું મન થઈ આવે છે અને એમ બનવું કુદરતી પણ છે. ‘સયાજી વિજય’નું ભેટ-પુસ્તક તાજું હોય ત્યારે ભાઈ રમણલાલની એ છેલ્લી નવલ વાંચતા યુવકોને આગગાડીની મુસાફરીમાં પણ રમણલાલ અને કનૈયાલાલની કલાની તુલના વિષે લાંબી ચર્ચાઓ કરતા સાંભળ્યા છે. કનુ મુનશીના અભ્યાસ અને દૃષ્ટિક્ષેત્ર વધારે બહોળાં છે. તો એમની નવલો ઉપર અનુવાદ, અનુકરણ, અપહરણ, થીગડિયાં લખાણ, યુરોપીય પાત્રલેખન આદિ આક્ષેપો વારંવાર મુકાયા કરે છે. તે બધાય છેક વજુદ વગરના કહી શકાય એવા નથી જણાતા. વધારે મોટા તફાવત આ બે કર્તાઓની બુદ્ધિ અને જ્ઞાનસીમા કરતાં બંનેની શૈલી અને

પ્રકૃતિ વચ્ચેના છે.

શૈલી અણે પ્રકૃતિ બંનેને સાથે મૂકું છું. કેમ જે કોઈ પણ માણસની શૈલીમાં તેની પ્રકૃતિનું પ્રતિબિમ્બ ઊઠ્યા વગર નથી રહેતું એ જાણીતું છે; અને આગગાડી ઉપર અને જાહેર સ્થળોમાં બે કર્તાઓ વચ્ચે તુલના કરતા આપણા ભાવિ વિવેચકો, કર્તાઓને જાહેર માણસો અને જાહેર માતા જ ગણે છે. મહત્ત્વેષણા અને સેવાબુદ્ધિને અગર વિનમ્રતા, શરમાળપણું, સજ્ઞનતા અને નાહિંમતને ભેળવી દેતાં પણ લીલું-સૂકું જોતા નથી. રાજકીય વાતાવરણ અને વિચારણસરણીની અસર જેમ ગાઢ થતી આવશે તેમ આ પ્રમાણે ટીકા અને છૂટવાળી તુલનાઓ વધારે સંભળાશે, તથા એનાં લક્ષ્ય પુરુષ કર્તાઓને પણ ટેવ પાડી, તેમની ચામડીની કુમળાશ ઘટતી જશે, એમાં શક નથી. હા, પણ એ તો ભાવિની વાત. મારો આ પ્રવેશક તો લખાય છે વર્તમાનમાં, અને પુસ્તકના કર્તા જેમની ચોપડી સાથે આ છપાય (એટલે વાંચનાર એમાંના મુદ્દાઓથી કર્તા વિરોધી તો ના હોય એમ કદાચ માની જ લે) તે કર્તા પણ ભાવિના ગુજરાતી નથી, વર્તમાન ગુજરાતી છે, એટલું જ નહિ પણ સજ્ઞનતા વિનયાવિનય આદિ વિષે એમનાં કેટલાંક વલણ વર્તમાન ગુજરાતીઓ જેવા પણ નથી, પરમ્પરાપ્રાપ્ત ભાવનાઓને વળગી રહેનાર રૂઢિચુસ્ત ગુજરાતી જેવાં છે. એમનાં લખાણો, એમની શૈલી અને એમની પ્રકૃતિની બીજા કોઈનાંની સાથે થતી તુલનાઓ તો એ અટકાવી શકે નહિ; પરંતુ એવી તુલના એમને પોતાની ચોપડીમાં પ્રગટ થાય, એ તેઓને ભાગ્યે રુચે. તાત્પર્ય કે કલાવિવેચનમાં કેટલીક તુલના ગમે તેટલી કુદરતી, બલકે અનિવાર્ય, વળી કેટલેક સમયે કેટલીક તુલના ગમે તેટલી

પ્રાસંગિક, તથાપિ તે જતી કરીને જ આ ટેંકે પ્રવેશક લખવાનું પ્રાપ્ત થાય છે.

એટલે આ નવલનાં સ્ત્રીપાત્રોથી આરમ્ભ કરીએ : સુશીલા અને પુષ્પા એ બહેનો અને સુરભિ અને રંજન એ નણંદભાભીનાં જોડકાં વચ્ચે, તેમ એ ચારે વચ્ચે, કર્તાએ વિશિષ્ટતાની ઝીણી રેખાઓ પૂરતી વાપરીને ચારે યુવતીઓનેદ સજીવન આલેખવામાં - ગુજરાતી નવલોમાં વિરલ એવી ફતેહ મેળવી છે. ચારેને જુદા જુદા ગુણો અને વલણો વડે પૂરતી આકર્ષક પણ બનાવી શક્યા છે. સુશીલા અને સુરભિ જેવી જૂની ગુજરાતણોમાંથી અનુકૂળ સંજોગોમાં પુષ્પ અને રંજન જેવી નવી ગુજરાતણો ધીરે ધીરે કેવી પાકતી આવે છે એ ઐતિહાસિક સમુક્રાંતિનું દર્શન પણ આ નવલમાં થઈ શકે એમ છે. સુરભિ અને સુશીલાનાં ચિત્રો મુકાબલે ઓછી રેખાનાં છે તે યોગ્ય જ છે. પુષ્પાનું ચિત્ર પણ કેટલાક વાંચકોને વિગતો અને રેખાઓમાં ઓછા માપનું લાગે એ સંભવિત છે. રંજનની છાયામાં વિમોચનની હાસ્યાસ્પદ મૂર્તિ મૂકી છે; - ને હાલના 'સાક્ષર' ઉપનામ ઉપર વારી જતા લેખકોને બનાવ્યા છે. - તેમ પુષ્પાની આસપાસ ભમતો કોઈ બીજી રીતે હાસ્યાસ્પદ 'ત્રિલોચન' ભમરો કર્તાએ ગોઠવ્યો હોત, તો નવલના વૈવિધ્યમાં વધારો થાત; હાસ્યરસનું મિશ્રણ નવલમાં વધત એ પણ લાભ થાત; વૃદ્ધ 'કાક'ની એક બીજી બાજુ કર્તા આલેખી શકત, એ લાભ પણ નાનો ન થાત, અને વિમોચનને જેમ કેટલાક પ્રસંગો સાથે કર્તા સહેલાઈથી સાંકળી શક્યા છે, તેમ એના ભાઈ ત્રિલોચનને પણ ઉપયોગમાં લઈ લેતાં કર્તાને જરાયે મુશ્કેલી ન પડત, એવી આ નવલની વસ્તુસંકલના છે.

રંજનનો પ્રવેશ થાય છે ત્યારે તે દેખાય છે 'નૂતનાત્મા સ્ત્રી (The New Woman)'ના જેવી, પરંતુ એ માત્ર બાહ્ય દેખાવ છે. એનો આત્મા માત્ર ફૂલચુસણિયો વિલાસપરાયણ નથી, એને લક્ષ્મી, વૈભવ આદિનો મોહ નથી, સ્ત્રીમદ તો એનામાં છે જ નહિ, મુખે આકર્ષક સ્મિત અણે હૃદયમાં નર્યો સ્વાર્થ એવું કોઈ વર્ણન એને લાગુ જ પડે નહિ, વગેરે નવલમાં પ્રકરણે પ્રકરણે સ્પષ્ટ થતું આવે છે. અને 'તારા દિલમાં પણ અરુણ ઉપર પ્રેમ જનમ્યો છે, તો ભલે તું એને મેળવી જો, હું તારી ખાતર ખસી જાઉ છું,' એમ કરીને તો સમજણી કુમારિકા યુવતીના ઊંચામાં ઊંચા સ્વાર્થનો એ સખીધર્મની વેદી ઉપર ભોગ ધરી દે છે, અને માણસને શક્ય સર્વોત્કૃષ્ટ ઉદારતા આચરે છે. પછી રોમેરોમે અને ક્ષણે ક્ષણે એ અરુણ માટે તલસે છે અને રુવે છે, તથાપિ પોતે જે ડગલું ભર્યું તે ભર્યું, તેમાંથી પાછી હઠતી જ નથી; પરંતુ આ પછી પુષ્પા અરુણને જેટલી વાર મળે છે તેટલી વાર તેને રંજનને જ સંભારતો અને ઝંખતો જુએ છે અને ગંભીર માંદગીમાંથી - બેભાનમાંથી પાછો ભાનમાં આવે છે ને તુર્ત પુષ્પા તેને પાછો રંજનને સોંપી દે છે, અને 'તમારું પહેલું સંતાન મને આપજે' એટલી જ માગણી સગી બહેન જેવી સખીના હક્કથી કરે છે.

આ પ્રમાણે અવસાનની બાબતમાં પણ આ નવલ ગુજરાતી નવલોની સામાન્ય લઢણમાં ભાત પાડે છે. ભરત મુનિ ક્યારે થઈ ગયા તે હજી શોધકો શોધી શક્યા નથી; એમને નામે ચડેલા 'નાટયશાસ્ત્ર'ની પણ આદિથી અંત લગી શ્રદ્ધેય પ્રત હજી મળી શકી નથી; પરંતુ એ પાણિનિ પછી થયા અને કાલિદાસ પહેલાં

થઈ ગયા એટલું ચોક્કસ છે. અને કલાના એ મનુ મહારાજે જે મર્યાદાઓ દોરી, તેમાં રહીને જ આખા હિંદનો એકલો નાટકોનો નહિ પણ કાવ્યો, વાર્તાઓ, કથાનકો આદિ કલાકૃતિના અનેકવિધ સાહિત્યનો પણ પ્રવાહ પછીના સમયમાં સૈકાઓ લગી વહ્યો છે, મંગલમય અવસાન જ હોવું - આણવું - જોઈએ; એ ભરત મુનિની એક જાણીતી મર્યાદા હિન્દના સાહિત્યે સૌથી વધારે ચીવટથી પાળી છે. યુરોપીય કલાનો પરિચય થયા પછી જ પ્રથમ બંગાળી અને પછી બીજી ભાષાના સાહિત્યકારોએ આ મર્યાદાને કલાની ખાતર અવગણવાનો આરંભ કર્યો છે; પરંતુ કરુણ અવસાનની અનન્ય ભાવના હજીયે આપણા સંસ્કૃત સાહિત્યનું ધાવણ ધાવીને ઊછરતા કલાકારો દૂર દૂરથી જ જોયા કરે છે, અને તેની આછી પાતળી છાયાને જ પોતાના પ્રકાશછાયામિશ્રણમાં ભળવા દેવાનું સાહસ કરી શકે છે. વળી લોકની રસેદ્રિયોને ઘડવાની તાકાતવાળું સાહિત્ય પણ જે રસવૃત્તિથી સમજુ વાચકોની સહૃદયતાને જબરો આઘાત થાય, તેને એકદમ ઝાઝી પોષી શકે નહિ, એટલે એવી બાબતમાં પ્રગતિનો કુદરતી વેગ અતિશય ધીમો હોવાનો જ.

અરુણ, રંજન અને પુષ્પા. એમાંથી અરુણ આંધળો બને છે અને પુષ્પા કુમારિકાવસ્થામાં જ જીવન ગાળવાનો નિર્ણય કરે છે, એવું અવસાન આ વાર્તાનું આવે છે તે ભરત મુનિની મંગલાવસાનની મર્યાદામાં છે એમ તો ન જ કહી શકાય. આ અવસાનને કલાદષ્ટિએ પણ પૂરેપૂરું ઉચિત ગણાંતાં વાંધો આવે છે, કેમ કે અરુણ દષ્ટિ- ‘દેવ’ને ખુએ છે, બે જુદાં જુદાં કારનનો મિશ્રણને લીધે, - અને તેમાંથી જેલમાં આગ લાગે છે એ કારણ કેવલ અકસ્માત્ છે; એ આગમાંથી બને તેટલાંને બચાવવાં, ભલે

તેમ કરતાં પોતાનું ગમે તે થઈ જાય, એ અરુણનો નિશ્ચય જ અરુણના ચારિત્રમાંથી ઉદ્‌ભવતું કારણ છે. એ ગમે તેમ, - કિશોરોની ઉત્સાહભરી વીરતા, પ્રેમ, કરુણ, અને જનાર્દન તેમ ધના ભગતની ભક્તિ, એ ચાર રસનું આ નવલકથામાં આકર્ષક અને ફરીને તપાસવું રુચે એવું મિશ્રણ કર્તા પીરસી શક્યા છે, તથા ઉપર આવી ગયું તેમ એમાં હાસ્યની છાંટ પણ છે, એ એમની કલાનો સૌ સ્વીકારે એવો દેખીતો વિજય છે. બીજી રીતે જુઓ, કે આધુનિક અંત્યજ પ્રશ્ન અને રાજકીય પ્રશ્નને એમણે ચિત્રના મધ્ય ભાગે રાખ્યા છે, તેની સાથે વિધવાપ્રશ્ન એ કેવળ ઉચ્ચ હિંદુ નાતોનો કોયડો, અને ધના ભગત, જનાર્દન અને ધનસુખલાલ જેવા જુદા જુદા પ્રકારના આસ્તિક સામે કૃષ્ણકાંત, અરુણ અને કંદર્પ જેવા જુદા જુદા પ્રકારના નાસ્તિકોનો કે બેપરવાઓનો કોયડો, એ બંને પણ કર્તાએ પોતાના વસ્તુમાં વણી લીધા છે. અને આવા રસ અને વિષયના મિશ્રણમાં કર્તાની હાથોટી બે રૂપમાં ખાસ ભાર દઈને પૃથક્ દેખાડી આપવા જેવી હોવાથી, હવે એ બાબતને અનુક્રમે છેડીશ.

(૧) ભરત મુનિનો આદેશ છે નહિ. યુરોપીય કલાફિલસૂફીમાંય શાસન નથી, કે નવલોનું લખાણ (આખું, મોટા ભાગના કેટલેક ભાગે) ‘હળવું વાંચન’ ગણી શકાય એવું હોવું જોઈએ. તથાપિ શાળાકેળવણીની પ્રજાવ્યાપકતાનો યુગ જન્મતાં અને દર દાયકે વાચકોની સંખ્યામાં મોટા ઉછાળાની હકીકત બનતાં, જે જે દેશમાં એમ બનતું ગયું છે, તે તે દેશમાં નવલો અને નવલોપમ લખાણોનો વધતો જતો જથો ‘હળવું વાંચન’ ગણાય એવા જ વધતા જતા ટકાવાળો પેદા થતો ગયો છે, આગળથી ‘શિષ્ટ’નો

દરજ્જો મેળવી ચૂકી હોય એવી નવલો શાળાકેળવણીના પ્રજાવ્યાપક યુગની પ્રવૃત્તિઓ શરૂ થઈ ગયા પછી પણ લંબાયા કરે, તો તે ઓછી ઓછી જ વંચાવા પાસે નઃસંશય. હવે વાચકવર્ગની આ ફરી ગયેલી ગ્રહણશક્તિ કે રુચિ-કસોટીને લઈને કર્તાઓ ત્રણ ભાગમાં વહેંચાઈ જાય છે, એક નહિ લગભગ બધા જ દેશમાં. (ક) વિદ્વાન શિષ્ટ વ્યુત્પન્ન લેખકો, જેઓ ‘વિદ્યાપીઠ-ભોગ્ય (academic- ઍકડેમિક)’ સાહિત્ય અને વાઙ્મય પાછળ મચ્યા રહે છે, ફિલસૂફી અને શાસ્ત્રોને સજીવન રાખે છે અને ખેડે છે, અણે ખીલવી આગળ ધપાવવા બનતું કરે છે, અને નવા પ્રશ્નો ને નવી ગૂંચો ને નવા અનુભવોનું દોહન જૈના વિદ્વાનોને અનુરૂપ કરે છે, તો જૂના સિદ્ધાંતો આ નવિ કસોટીએ ચડાવીને નવા કે નવાં જેવાં રૂપ પણ આપે છે. આ વિદ્યાપીઠ-ભોગ્ય સાહિત્ય દેશસાહિત્યવાઙ્મયનો તે ઉચ્ચ ભાગ છે, જેને માટે દેશની આખી પ્રજા આખી દુનિયામાં અભિમાન ધરાવે છે અને જગત્સાહિત્યના પ્રદર્શનમાં છાતી કહાડીને આગળ ધરે છે. (ખ) શિષ્ટ વિદ્વાનો અને એ વર્ગમાંના કલાકારો; જે પોતાના સમયના બધા જ્ઞાન વારસાના વારસ છે તથાપિ પોતાની શક્તિઓ જ્ઞાનક્ષેત્રના આવશ્યક ઉપસાહિત્યો અને શાસ્ત્રોમાં ગાળવાને બદલે પ્રથમથી જ લાગી ગયેલી સૌંદર્ય અને સર્જનની મોહનીને લીધે તેઓ ખુદ સાહિત્યસર્જનના ક્ષેત્રમાં વિશેષ વિહરે છે. (ગ) અધકચરું ભણેલા, લઈ દોડેલા, વિદ્યા કરતાં શક્તિ વધારે એવા, બંને કરતાં ‘સાક્ષર’ બનવાનો લાભ વધારે એવા, અને બીજી સર્વ જાતના લેખકો, ઉચ્ચાશયી અને વિજયીથી માંડીને યેનકેન પ્રકારે પેટિયું મેળવી લેવાની વૃત્તિ જ પ્રધાન લક્ષણ ને પંક્તિ લગીના લેખકો.

પ્રજા દર દાયકે સાહિત્યવાઙ્મય પ્રીત્યર્થે જે દ્રવ્ય વેરે છે. તેનો મોટો ભાગ (ગ) વર્ગ ઉપાડી લે છે. (ક) અને (ખ) વર્ગને લક્ષ્મીનું એટલું મૂલ્ય હોતું નથી. અને (ખ) વર્ગમાં પણ દર પેઢીએ કેટલાક લેખકો લોકપ્રિય અને લેખણ પ્રભાવે જ સારું કમાનારા નીકળી આવે ખરા; પરંતુ (ખ) વર્ગના લેખકોની મોટી સંખ્યાની અને (ક) વર્ગના ઘણાખરા લેખકોની કમાણી (મુકાબલે ઘણી) જૂજ જ હોય.

આ પૃથક્કરણ અપ્રસ્તુત લાગશે, પણ તેને આપણા 'હળવું ગંભીર' એ કોયડો સાથે સંબંધ છે. (ખ) વર્ગના સારા લેખકો હળવા લખાણની શક્તિ પણ ખીલવી શકે છે અને તે ક્યાં કેટલા માપમાં કઈ રીતે વપરાય, તેનું એમનું રુચિતંત્ર અને એમની ઝીણવટ, (ગ) વર્ગમાંના પામરોના કરતાં ઘણા ઊંચા પ્રકારનાં હોય જ. રા. ભાઈશ્રી રમણલાલ હળવામાંથી ગંભીરમાં અને ગંભીરમાંથી પાછા હળી સપાટીએ યથેચ્છ વિહરે છે, એમની હળવીગંભીર શ્વેતઘેરી ગંગાજમની પાંખજોડીવાળું કલ્પનાપંખી ગંભીર જમીન ઉપર તેમ હળવા પાણીમાં મનમોજે ગતિ કરે છે અને નાચે છે, રમે છે, મજાક કરે છે, પાત્રને અગર વાચકને બનાવી જાય છે.

અમુક સંગીતઝરામાં નવરાવે છે, વારે વારે ચિન્તનની ખટમીઠી માત્રા પાઈ પણ દે છે, ક્યાંય હાંફતું નથી, ક્યાંય એને સંભાળ પણ રાખવી પડતી નથી. પોતાની પાંખજોડની સ્થિતિસ્થાપક સમતોલતામાં પૂરેપૂરી શ્રદ્ધાથી એ હળવીગંભીર બંને દુનિયામાં વાચકને યાત્રા કરાવે છે.

(૨) આધુનિક રાજકીય પ્રશ્નનાં જ ચિત્ર અને ચર્ચા, આકર્ષણો અને ખામીઓ, મુશ્કેલીઓ, અને સિદ્ધિસાધનો, આ નવલમાં કઈ રીતે રજૂ કરવામાં આવ્યાં છે, તેનું જ દર્શન - આપણી જૂની આરતીની પદ્ધતિએ, કેમ કે નવી પૃથક્કરણ પદ્ધતિ એથી ભિન્ન નથી - જરા શાંત એકાગ્ર માનસે કરી જુઓ. આ નવલમાં એ પ્રશ્નને કૃષ્ણકાંત એક દૃષ્ટિકોણથી જુએ છે, જનાર્દન બીજા, અરુણ ત્રીજા, કંદર્પ ચોથા, કંદર્પના પિતા નૃસિંહલાલ પાંચમા, રહીમખાન છઠ્ઠા અને ધનો ભગત સાતમા દૃષ્ટિકોણથી જુએ છે. અને વિમોચન, અને 'કાકા' ધનસુખલાલ, અને રંજન, અને અંગ્રેજો ? આ છ કે બાર મુદ્દે જ ભિન્ન દૃષ્ટિકોણોમાંથી કર્તાનો પોતાનો કયો વારુ ? રા. રા. રમણલાલ લેખે એમને પોતાના રાજકીય સિદ્ધાંતો અને વલણો હશે જ; પરંતુ તે સાથે અહીં આપણે લેવાદેવા નથી. અહીં નવલમાં કર્તાનો સ્વકીય દૃષ્ટિકોણ અને તજ્જન્ય પક્ષપાત કોઈ ઠેકાણે રજૂ થાય છે ખરો કે નથી જ થતો, એ આપણે તપાસવાનું છે. કર્તા તો એ દરેક પાત્ર કે પાત્રસસૂહના ઈતિહાસમાં તેને માથે જે ગઈગુજરી, તેમાંથી તેના ચારિત્રનું ઘડતર દેખાડે છે, અને તેનો દૃષ્ટિકોણ એ ચારિત્રને અનુરૂપ લાગે એવો જ આદિથી અંત લગી કલાકારની સાવધાનતાએ આલેખે છે. આનું નામ જ કલા : કલાની અહીંસા કહો, તટસ્થતા કહો,, હૃદયહીનતા કહો, સર્વ સહાનુભૂતિ કહો, વર્તમાન કર્તવ્ય છાંડી સ્વપ્નસૃષ્ટિમાં રમવાની પાગલતા કહો, નિરુપયોગીતા કહો જે એને કહેવી હોય તે તમારા દૃષ્ટિકોણ પ્રમાણે કહો, પણ તે આ

'આરિયાં લ્યો રે, આરિયાં ! લીલાં છમ ! મીઠાં મધ ! કાચાં

કરડો, કચુમ્બર કરો, શાક કરો, આથો, છૂંદો કરો, એકલાં ખાવ. ગમે તે સાથે ભેળવીને જમો : બધી જ રીતે મીઠાં આરિયાં લ્યો રે, આરિયાં !' શાકબજારના આવા લલકાર ગમે તેવા બુલન્દાકર્ષક કંઠે લલકારાય, પણ તેને સંગીત કયો લમ્બકર્ણ કહેશે વારુ ? અને જે કાછિયા-કાછિયણનો કંઠ મોટાની સાથે આકર્ષક, તેમ જે કાછિયો-કાછિયાણ ગપ્પીદાસ લેખે વધુ હાજરજવાબી, તે સવારના ત્રણચાર કલાકમાં વધારે આરિયાં વેચી શકશે. બેશક ! પરંતુ શું એ એનો ઈષ્ટ વિજય સંગીતકલાનો વિજય ? દીવાનો માણસ પણ આ દશ્યનો એવો અર્થ નહિ કરે.

તેમ જ પ્રચારક ભાષણ, ચોપાનિયું; પ્રોટેસ્ટંટ પન્થના વિજયનો ફ્રેન્ચ રેવોલ્યૂશનનો કે અહીંના કોઈ તાજા બનાવનો વર્ણણવિષયક કેવળ એકતર્ફી 'ઈતિહાસ', વાર્તા, નવલિકા કે સમ્વાદ, 'નાટક કે નિબન્ધિકા' - ગમે તેવી અસરકારક પરીતે લખાયાં હોય, લેખનું ભાષાપ્રભુત્વ અને સૂક્ષ્મસ્થૂલ અલંકારપાટવ એમાંથી ચૂઈ પડતું હોય, તથાપિ એ અલંકારિક અને સચોટ સુસમ્બદ્ધ શુદ્ધ લખાણ એકતર્ફી છે, હકીકતોમાંથી અમુક ફાવતો જથો પસંદ કરીને, અરે તેમને પણ ખોટી બનાવી ખોટા ઓપમાં મૂકીને, તેનો અમુક વ્યવહારોપયોગી ક્ષણભોગ્ય ક્ષણજીવી ઘાટ જ ઘડવા ઈચ્છે છે અને તેમાં વિજય મેળવે છે. અર્થાત્ એ પ્રચારક વાઙ્મય ગમે તેટલું ફેલાય, ગમે તેટલું વખાણાય અને ગવાય, તેના કર્તા-કર્તાઓને ગમે તે લક્ષ્મી અને ઉપપદો અપાય, તેમને જ ખેડૂતો અને મૂરોના હૃદય લગી સોંસરા ઊતરવાની શક્તિવાળા સાચા સાહિત્યકાર અને કલાસર્જક ભલે ને કહેવામાં આવતા; પરંતુ નથિ એ કર્તાઓ કલાકારો, નથી એ વાઙ્મય કલાસાહિત્ય. પોતાના

પક્ષને ટેકો દેવાની અને વધારાવાની તેની નિર્બલતામાં બળ રેડવાની અગર તેનાં બલ અને પ્રતિષ્ઠા અણે સત્તા વધારવાની એ હોશિયારી માત્ર છે. સદ્યોપયોગી કારીગરી લેખે ઊંચી, પણ કારીગરી તે કલા નથી. એમ તો રસોઈમાં, શીવણકામમાં, કપડાં-ઘરેણાં સજવાની ટાપટીપમાં અણે ઘણી ઘણી ઉપયોગી અને નિત્ય જરૂરી વસ્તુઓમાં ને ક્રિયાઓમાં ‘કલા’ છે, પણ તગે આ સાહિત્ય-સંગીત-કલાની ત્રિપુટીમાંની કલા નહિ.

લોકપ્રિય લખાણ અપક્ષ શાસ્ત્રીયતાથી પણ લખી શકાય છે અને સાચો પ્રજાવ્યાપક જ્ઞાનપ્રચાર આવાં અસરકારક, સંગીન, દીર્ઘાયુ પુસ્તકો વડે જ ધીરે ધીરે થઈ શકે છે. સત્યકામી વ્યુત્પન્ન અને ભાષાપ્રભુ લેખકોને હાથે લખાતાં આવાં પુસ્તકો કોઈ પણ દેશના વાઙ્મયનું ઘણું કીમતી ધન છે; પરંતુ એ પણ હોશિયાર, સમર્થ, નીડર સેવાધર્મી જ્ઞાનપ્રચાર માત્ર છે, કલાકૃતિઓના વર્ગનાં નથી.

માનવીને હાથે ઊપજતા અને માનવી ઉપર આવી બનતા બનાવોના પ્રત્યાઘાત રૂપે, કુદરતી લાગણીઓ થઈ આવે અને ચારિત્ર-સ્ફટિક કુદરતી રીતે પરંતુ જુદી જુદી ઉછેરવાળી વ્યક્તિઓ અને વ્યક્તિટોળીઓમાં જુદી જુદી રીતે જામતા આવે તે દેખાડતાં દેખાડતાં તેમના અનેકવિધ સંયોગ તેમ સંઘટ્ટનમાં સૌંદર્ય પણ જુએ અને દેખાડે, અમુક સંઘમાં ચારિત્રભિન્નતા પ્રમાણે અમુક બનાવજૂથ અમુક અવસાન જ આણે એ જેટલું કુદરતી છે તેટલું મનનીય અને સુંદર પણ છે, એ અનેકાનેક વિગતોનું એકીકરણ જે આબાદ જુએ અને દેખાડે તે જ કલા : તે જ માનવપ્રતિભાનું અપ્સરાતીર્થ, ટૂંકામાં શુદ્ધ વાર્તામય સર્જનની કલામયતા - ચરિત્ર

અને વસ્તુપ્રવાહના કુદરતી સુશ્લિષ્ટ સુંદર સમન્વયે (અન્યોન્યાશ્રયે) કૃતિની વૈયક્તિક એકતા.

હવે આ વસ્તુસંકલનાના અવસાનને ઉપર કરુણ-મંગલ મંગલકરુણ કહી ગયો તેનું પણ સમાપ્તિમાં જરા વિશેષ પૃથક્કરણ કરી લઈએ. નવલનાયક અરુણ આંખ ખોઈ દયાપાત્ર સ્થિતિમાં આવી પડયો એ સ્થૂલ વિગતે કરુણ છે ખરી, પણ નવલના અવસાનને કરુણ ગણવાનું કારણ આ સ્થૂલક વિગત નથી. અરુણનું ચરિત્ર એ ક્ષણ લગીમાં એવું ઘડાયું હતું કે અગ્નિમાંથી ગમે તેના જાન બચાવવાનો સંભવ જ્યાં લગી જણાય ત્યાં લગી એ જુવાન ત્યાંથી ખસે જ નહિ; પોતે છેલ્લો જ જાતનું સંરક્ષણ શોધે, અને બેભાન થઈ જતાં લગી તેણે એ શોધ્યું જ નહિ, એ જ વર્તન એના ચારિત્રને માટે કુદરતી હતું. હવે જુઓ કે એમાંથી પરિણામ નીપજે છે - તદ્દન કુદરતી રીતે, - અંધાપાનું. અને આ એનું ચારિત્ર, એ જે આ નવી દયાપાત્ર સ્વાશ્રયી જીવન ગાળવાને છેક જ અશક્ત હાલતમાં આવી પડયો, તે હાલત સામે મુખે ભેટો દેવાને, છાતી બહાર અને ગરદન સુદઢ રાખી જીવન જીવવાને. એ જ અરુણને બિલકુલ તૈયાર કરી શક્યું નહોતું, એ જીવતો રહ્યો; પણ આ નવી હાલત - આફત - ના પ્રથમ આઘાતમાં એનું દિલ થીજી ગયું, મરી જ ગયું, ‘જિંદગી ઝિંદાદીલીનું નામ છે : જીતવું દિલ જીતવાનું કામ છે :’

બીજાઓનાં દિલને જિતાય પણ વિશેષ તો પોતાનાંને જિતાય અને વશ રખાય તે જિંદગી અને આ આપણા વીર પણ માત્ર નવજુવાનીના પહેલા તરંગ લગીના જ અનુભવવાળા નાયકનું દિલ આ જબરા આઘાતથી એટલું થીજી ગયું, એટલું તો આભું

બની ગયું, કે તે લગભગ મરી જ ગયું, અને એ એકાંત મળ્યું છે એવી ખાતરી થતાં અગ્નિએ પણ ન કર્યું તે પૂરું કરવા ફાંસો ખાઈ આપઘાત કરવાની ખટપટમાં પણ પડી ગયો. નવલના અવસાનની કલાઘટના લેખે કરુણતા અહીં છે. ઉપલી સ્થૂલ હકીકતમાં તેને સમાયલી જોનાર દૃષ્ટિ પામર છે. કલાક્ષેત્રમાં હજી ઊઘડેલી નથી.

અવસાનના આ કરુણ તંતુ સાતે કલાકારે એક મંગળ તંતુ વણ્યો છે, તે પણ સૂક્ષ્મ દૃષ્ટિએ પારખવાનો છે. નવલનાયિકા રંજન અરુણને અકસ્માત પહેલાં ચાહતી હતી તેટલી જ અકસ્માત પછીયે ચાહ્યા કરે છે, એ તો સ્થૂલ હકીકત માત્ર છે; પુષ્પા અરુણનો પ્રેમ રંજન ઉપર જ જામી ગયેલો જોતાં પોતાની ઠરેલ પ્રકૃતિ પ્રમાણે તેને પાછો રંજનને સોંપી દે છે, અને અરુણ-રંજન બેનાં એક બને છે, એ હકીકત પણ મુકાબલે સ્થૂલ છે. એ હકીકતની મંગલમયતા રંજનના સદાનંદી સાદલહેરી પતંગ સુંદર અત્પરંગી બહારથી ભભકભરી મોહકતાવાળાં પણ અંદરથી સુદઢ સ્ત્રી ત્વના હેતે છલોછલ ભરેલા ચારિત્રમાં છે. કર્તાએ આ નવલમાં જે નાનામોટા વિજયો સર કર્યા છે તેમાં આવા ચારિત્રની યુવતીને તેને છાજે અને ખિલાવે એવી પરિસ્થિતિમાં એઓ ચીતરી શક્યા છે, તે કદાચ એમનો મોટામાં મોટો વિજય છે. અને જેલમાં આગ લાગી એ જેમ એક જાતનો અકસ્માતદ તેમ અરુણની બહેન સુરભિને આવા ચારિત્રવાળી નણંદ હોવી તે બીજી કોટિનો અકસ્માત છે. પણ કર્તાએ રંજનને પહેલી ક્ષણથી આવી ચીતરી છે તે બતાવી આપે છે કે નાયક-નાયિકા અમુક તેમ અવસાને અમુક જ, એવો દઢ નિર્ણય કરીને જ કર્તાએ

વાર્તા લખવી આરંભેલી; કેમ કે અરુણના થીજી લગભગ મરી ગયેલા દિલને પાછું સજીવન કરવાને માટે આવા ચારિત્રવાળી સ્ત્રીનો અખૂટ પ્રેમ, એ જ ઉત્તમોત્તમ સાધન છે, નઃસંશય. એક બુદ્ધિ, બે હાથ અને બે પગને આંખની ખોટ જેટલી સાલે, તેટલી બે બુદ્ધિ, ચાર હાથ અને ચાર પગને (બે જોડામાંથી એક જોડ) આંખની ખોટ ન જ સાલે, નઃસંશય. તો અરુણના ચારિત્રને થયેલા ભારે મરણતોલ આઘાતનો સાચો ઉતાર એની પત્ની અને સહધર્મચારિણી બનવામાં જ જીવનને સાર્થક માનતી રંજનનું ચારિત્ર છે, એ જ આ અવસાનનો સાચો મંગલમય તન્તુ છે.

આ ક્રાંતિનો અર્થાત્ વધતી જતી આંધીનો યુગ ચાલી રહ્યો છે - હિંદના બીજા ભાગો કરતાં ગુજરાતમાં વિશેષ - તેમાં બીજા વિષયોમાં તેમ કલા સાહિત્ય વિશે અનેકાનેક નાનાંમોટાં ટોળાં, નાનીમોટી વ્યાસપીઠો ઉપરથી અનેસારી નબળી ચોપડીઓ, ચર્ચા આદિ રૂપે યદ્વા તદ્વા ફેંકાફેંકી કરી રહ્યાં છે. અને પોતાના ઈષ્ટ પ્રચારકાર્યમાં કલા અને સાહિત્યને પણ દડો બનાવી લઈ, તેને ટોલ્લા લગાવી રહ્યા છે; એવા આ કોલાહલી સમયમાં એક જ રસિક નવલને વળગીને સ્પષ્ટ દાખલાઓ વડે કલા અને સાહિત્યના સ્વરૂપ વિષે બે મુદ્દા શાંત શાસ્ત્રીય સુશ્લિષ્ટતાએ અહીં ચર્ચ્યા છે, તે કોઈ કોઈ સત્યકામી એકાગ્ર વાચકની બુદ્ધિમાં તો પેસી શકશે ખરા, એવી આશા છે.

વડોદરા

તા. ૨૯-૧૨-૧૯૩

**બળવંતરાય કલ્યાણરાય ઠાકોર**